આત્મામાં રહેલા અગણિતદોષોને
સૂક્ષ્મદૃષ્ટિથી નિહાળવા-પકડવા એટલે જ

# આત્મ-સંપ્રેક્ષણ

: આધાર :

સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

યોગશતકગ્રન્થ

: પ્રેરક :

પં. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ

: પ્રકાશક :

(શ્રીશ્રમણપ્રધાન જૈનસંઘ)

કમલ પ્રકાશન ટ્રસ્ટ

**પ્રકાશક :**

**(શ્રીશ્રમણપ્રધાન જૈનસંઘ)**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન

૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ, રીલિફ રોડ, અમદાવાદ-૧

ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**લેખક :**

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,

સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય

પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય

**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજીના શિષ્ય.**

**મુનિ ગુણહંસવિજય**

**આવૃત્તિ :**

પ્રથમ સંસ્કરણ : નકલ : ૨૦૦૦

વિ.સં. ૨૦૬૬ શ્રાવણ વદ ૭, તા. ૧-૯-૨૦૧૦

મૂલ્ય રૂ. ૧૦૦/-

**ટાઈપસેટિંગ :**

**અરિહંત ગ્રાફિક્સ**

ખાડિયા ચાર રસ્તા, ખાડિયા, અમદાવાદ.

**મુદ્રક :**

**ભગવતી ઓફસેટ**

બારડોલપુરા, અમદાવાદ.

णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स ॥ णमो त्थु णं समणस्स भगवओ महावीरस्स

नमोऽस्तु तस्मै जिनशासनाय

# અનુક્રમણિકા


| નં. | વિષય | પાન નંબર |
|---|---|---|
| ૧ | નિહાળીએ ઓરડો આતમનો | ૧ થી ૭ |
| ૨ | દોષ નં.-૧ - સ્વાર્થ | ૮ થી ૧૫ |
| ૩ | દોષ નં.-૨ - ઈર્ષ્યા | ૧૬ થી ૨૭ |
| ૪ | દોષ નં.-૩ - આળસ-કામચોરી | ૨૮ થી ૩૮ |
| ૫ | દોષ નં.-૪ - આસક્તિ | ૩૯ થી ૪૬ |
| ૬ | દોષ નં.-૫ - દૃષ્ટિદોષ | ૪૭ થી ૫૬ |
| ૭ | દોષ નં.-૬ - અહંકાર | ૫૭ થી ૯૬ |
| ૮ | દોષ નં.-૭ - મજાક-મશ્કરી | ૯૭ થી ૧૦૩ |
| ૯ | દોષ નં.-૮ - સ્વદોષબચાવ | ૧૦૪ થી ૧૧૩ |
| ૧૦ | દોષ નં.-૯ - અપેક્ષા | ૧૧૪ થી ૧૨૪ |
| ૧૧ | દોષ નં.-૧૦ - જીદ | ૧૨૫ થી ૧૩૪ |
| ૧૨ | દોષ નં.-૧૧ - કદાગ્રહ | ૧૩૫ થી ૧૪૪ |
| ૧૩ | ઉપસંહાર | ૧૪૫ થી ૧૪૮ |


आत्म संप्रेक्षण

# પ્રસ્તાવના

સૂરિપુરંદર શ્રીહરિભદ્રસૂરિજી મહારાજાનો એક અદ્ભુત ગ્રન્થ **યોગશતક !** એમાં ટુંકાણમાં દર્શાવાયેલો એક પદાર્થ "આત્મસંપ્રેક્ષણ કરવું. અર્થાત્ આત્મામાં રહેલા દોષોને બરાબર જોવા, શોધવા."

વિષમકાળના આપણે સંયમીઓ ! કુનિમિત્તો - કુસંસ્કારો - કુકર્મો - કુકાળ વગેરેથી ચારેબાજુથી ઘેરાયેલા આપણે સંયમીઓ ! એટલે આપણા આત્મામાં તો ચિક્કાર દોષો હોવાની શક્યતા છે જ. જ્યાં સુધી એનું બારીકાઈથી નિરીક્ષણ નહિ કરવામાં આવે, ત્યાં સુધી એ દોષો ઘટશે નહિ, દોષો ઘટાડવાની બુદ્ધિ જ ઉત્પન્ન નહિ થાય.

માટે જ મને લાગ્યું કે આપણા બધા જ માટે આ સ્વદોષદર્શન રૂપ આત્મ-સંપ્રેક્ષણ અતિ-અતિ આવશ્યક છે. એમાં ય મારા માટે તો મારા હિત ખાતર ઘણું ઘણું ઘણું આવશ્યક !

આ કારણસર શરુ કર્યું આ લખાણ !

માત્ર એક ખુલાસો !

આમાં બધું મેં એ રીતે લખ્યું છે કે "બધા પ્રસંગો મારા જીવનના જ હોય" એમ લાગે. પણ હકીકત એ છે કે -

(A) કેટલુંક મારા જીવનમાં અનુભવેલું છે.

(B) કેટલુંક બીજાઓના જીવનમાં જોયેલું છે, છતાં મેં 'મારા જીવનનું હોય' એમ વર્ણવ્યું છે.

(C) કેટલુંક કલ્પના દ્વારા લખેલું છે કે જે કલ્પનાઓ કોઈકના ને કોઈકના જીવનમાં જીવંત પણ બની હોય એ શક્ય છે.

મારી સાથે અનેક જીવોને આ વિવેચન ઉપયોગી થાય એ માટે મેં આ રીતે લખ્યું છે.

યોગશતક ગ્રન્થના આધારે જ આ વિસ્તૃત વિવેચન કરેલું છે, એ સૂત્ર પર વૃત્તિરૂપ આ વિવેચન સમજવું.

અંતે

બેભાન માણસનું પેટ ચીરી નાંખવામાં આવે તો પણ ત્યારે તેને કશી વેદના ન

થાય. એમ જો આપણે ભારેકર્મી-અભવી-મહા મિથ્યાત્વી હોઈશું તો ગમે એટલા દોષોરૂપી શસ્ત્રો આપણા આત્મામાં પ્રવેશેલા હશે, તો ય આપણને એની કોઈ જ વેદના નહિ થાય, કોઈ પશ્ચાત્તાપ નહિ થાય.

પણ જાગતા માણસને તો નાનકડો કાંટો પણ વાગે તો એ ચીસ પાડી ઉઠે, એમ આપણામાં જો સમ્યક્ત્વ-વિરતિ વગેરે શુભપરિણામો પ્રગટેલા હશે, એટલે કે આપણો આત્મા જાગતો હશે તો એનામાં નાનકડો પણ દોષ-કાંટો ઘુસતાની સાથે એ ચીસ પાડી ઉઠશે, એ પશ્ચાત્તાપ કરી ઉઠશે.

આપણે આવા જ બનવું છે.

મારા ભવોદધિતારક ગુરુદેવશ્રી સ્વદોષદર્શન નામના મહાન ગુણ માટે જગપ્રસિદ્ધ છે, તેઓશ્રીએ અમને પણ વાચનાઓ દ્વારા એ ગુણ કેળવવાની સતત પ્રેરણાઓ કરી છે. આ પ્રેરણાઓ પ્રસ્તુત પુસ્તક દ્વારા મારા જીવનમાં સફળ થાય એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

આ આખા ય લખાણમાં જિનાજ્ઞાવિપરીત કંઈપણ લખાયું હોય તો મન-વચન-કાયાથી મિચ્છા મિ દુક્કડં માંગું છું.

**ગુણહંસવિજય**
વાવ (સતલાસણા)
દ્વિતીય વૈશાખ વદ-૧૦
વિક્રમસંવત - ૨૦૬૬.

## પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ
## લિખિત-પ્રેરિત-અનુવાદિત અધ્યયનોપયોગી સાહિત્ય...

(૧) ન્યાયસિદ્ધાંત મુક્તાવલિ ભાગ-૧,૨
(૨) વ્યાપ્તિપંચક (માથુરી ટીકા)
(૩) સિદ્ધાન્તલક્ષણ ભાગ-૧,૨
(૪) સામાન્યનિરુક્તિ
(૫) ઓઘનિર્યુક્તિ ભાગ-૧,૨
(૬) ઓઘનિર્યુક્તિ સારોદ્ધાર ભાગ-૧,૨
(૭) સામાચારી પ્રકરણ ભાગ-૧,૨
(૮) જૈન શાસ્ત્રોના ચૂંટેલા શ્લોકો ભાગ-૧,૨
(૯) દશવૈકાલિક સૂત્ર - (હારિભદ્રી ટીકા) સભાષાંતર ભાગ-૧ થી ૪

## સંયમજીવનોપયોગી - ઉપદેશાત્મક સાહિત્ય...

(૧) ગુરુમાતા
(૨) હવે તો માત્ર ને માત્ર સર્વવિરતિ !
(૩) સંવિગ્ન સંયમીઓની નિયમાવલિ
(૪) મુનિજીવનની બાલપોથી ભાગ-૧,૨,૩
(૫) અષ્ટપ્રવચનમાતા
(૬) વિશ્વની આધ્યાત્મિક અજાયબી : આપણાં સાધુ-સાધ્વીજી ભગવંતો ભાગ-૧,૨
(૭) શૂન્ય બનીને પૂર્ણ બનું
(૮) ક્યારે બનીશ હું સાચો રે સંત !
(૯) દશવૈકાલિક ચૂલિકા

नमोऽस्तु तस्मै जिनशासनाय
नमोऽस्तु तस्मै जिनशासनाय

# ૧. નિહાળીએ ઓરડો આતમનો...

આપણે માનીએ છીએ કે સિદ્ધશિલાની ઉપર જઈને આપણો આત્મા કાયમ માટે સ્થિર થઈ જાય એ મોક્ષ ! આ વાત જો કે સાચી જ છે, પણ આવો મોક્ષ કોણ લાવી આપે ? તમે કહેશો કે આઠ કર્મોનો ક્ષય આવો મોક્ષ લાવી આપે... આ વાત પણ સાચી છે.

પણ ખબર છે ખરી ? કે સિદ્ધશિલામાં સ્થિરતા અને અષ્ટકર્મક્ષય આ બધું જ દ્રવ્યમોક્ષ છે, ભાવમોક્ષ તો છે, રત્નત્રયી ! રત્નત્રયીમય આત્મા !

જુઓ ને, અધ્યાત્મસારમાં મહોપાધ્યાયજીએ કહ્યું જ છે ને ? કે

द्रव्यमोक्षः क्षयः कर्मद्रव्याणां नात्मलक्षणम् । भावमोक्षस्तु तद्धेतुरात्मा रत्नत्रयान्वयी ।

ભાવમોક્ષ આવી જાય એટલે દ્રવ્યમોક્ષ આપમેળે આવી જ જવાનો.

એટલે આપણો બધો પુરુષાર્થ છે, ભાવમોક્ષ મેળવવા માટેનો ! રત્નત્રયી મેળવવાનો !

રત્નત્રયી એટલે અનંતજ્ઞાન-અનંતદર્શન-અનંતચારિત્ર !

એમાં અજ્ઞાન નામનો દોષ જેમ જેમ ઓછો થતો જાય તેમ તેમ જ્ઞાનગુણ પ્રગટતો જાય.

મિથ્યાત્વ નામનો દોષ જેમ જેમ ઓછો થતો જાય તેમ તેમ સમ્યક્ત્વગુણ પ્રગટતો જાય.

રાગ-દ્વેષ નામનો દોષ જેમ જેમ ઓછો થતો જાય તેમ તેમ ચારિત્રગુણ પ્રગટતો જાય.

એટલે રત્નત્રયીની પ્રાપ્તિ માટે આપણે દોષનાશની આરાધના કરવાની છે. એમાંય મુખ્યત્વે રાગ-દ્વેષ નામના બે દોષોનો નાશ કરવાની આરાધના કરવાની છે.

આ બે દોષોના પેટા ભેદો અનેક છે.

રાગ : સ્ત્રીરાગ - ભોજનરાગ - શરીર રાગ - પદવીરાગ - શિષ્યરાગ - યશરાગ - સત્તારાગ - ભક્તરાગ - સ્વચિંતનરાગ - સ્વપુસ્તકરાગ - સ્વસ્થાપિતતીર્થરાગ - ઉપકરણ રાગ - ક્ષેત્રરાગ - સ્વમતરાગ...વગેરે.

દ્વેષ : વ્યક્તિદ્વેષ - આંબિલદ્વેષ - ચારિત્રદ્વેષ - સ્વાધ્યાયદ્વેષ - સહવર્તીમુનિદ્વેષ - ગુરુદ્વેષ - અંતર્મુખતાદ્વેષ - મૌનદ્વેષ - પરગચ્છદ્વેષ - પરરાષ્ટ્રદ્વેષ - શત્રુદ્વેષ -

વગેરે...

આ બધા ય રાગ અને બધાય દ્વેષ વેગળા થાય તો ભાવમોક્ષ પ્રગટ થાય. આ બધા જ દોષોમાંથી દરેકમાં જુદા જુદા પ્રકારના દોષો રહેલા હોય છે એટલે દરેકે પોત-પોતાના દોષોને શોધી કાઢીને એનું નિરાકરણ કરવાનું છે.

પણ એ દોષો શોધવા માટે આત્મા રૂપી ઓરડાનો ખૂણે-ખૂણો ફેંદી કાઢવો પડશે. ક્યાંય કચરાનો નાનકડો કણ પણ રહી ન જાય એ માટેની સતત - સખત કાળજી લેવી પડશે.

લો શ્રુતજ્ઞાનરૂપી બેટરી હાથમાં,
એના પ્રકાશમાં આતમ-ઓરડો ખૂણે-ખાંચરે ચકાસી લો.
જે કોઈ દોષો-કચરો દેખાય...એને દૂર કરો.
એટલે આતમ-ઓરડો ચોક્ખો-ચટ ! રત્નત્રયીની ઝાકઝમાળ સર્વત્ર !

આ અંતરના ઓરડાને નિહાળવાનું ભગીરથ કાર્ય કરવાની ખૂબ જ સુંદર વિધિ શ્રી યોગશતકસૂત્રમાં ગા. ૫૨-૫૩ વગેરેમાં દર્શાવી છે.

મન અને આતમ આ બે વચ્ચે ચાલતી પ્રશ્નોત્તારીરૂપે આપણે આ આત્મસંપ્રેક્ષણના પદાર્થને સ્પષ્ટપણે સમજશું.

<u>આત્મા :</u> **(૧) ભાવનાશ્રુત પાઠ :** મન ! તારે રાગાદિ દોષોને ખતમ કરવાના છે. એ માટે તારે રાગાદિ દોષોના શત્રુઓની સહાય લેવી પડશે. દુશ્મનનો દુશ્મન એ મિત્ર ! એ ન્યાયે રાગાદિ તારા દુશ્મન છે. એના દુશ્મન જે હોય તે તારા મિત્ર ગણાય, એનો સતત સંપર્ક તારે રાખવાનો છે.

**મન :** કોણ છે, રાગાદિના કટ્ટરશત્રુઓ ?

**આતમ :** રાગાદિના શત્રુઓનું વિસ્તૃતવર્ણન તે તે શાસ્ત્રોમાં આપેલું છે, એ શાસ્ત્રો પણ અપેક્ષાએ તો રાગાદિના શત્રુ જ ગણાય.

તારે સૌ પ્રથમ આ કામ કરવાનું છે કે રાગાદિના શત્રુઓનું સ્પષ્ટ વર્ણન કરનારા જે જે શાસ્ત્રો છે, એ શાસ્ત્રો તારે ગોખી લેવા જોઈએ, કંઠસ્થ કરી લેવા જોઈએ.

**મન :** એ શાસ્ત્રો કયા છે ?

**આતમ :** આમ તો કોઈપણ શાસ્ત્ર હોય, એ રાગાદિનો નાશ કરનારા ઉપાયો દર્શાવે છે છતાં જે શાસ્ત્રો વિશેષથી આ માટે ઉપયોગી છે, તે નીચે પ્રમાણે છે.

(૧) વૈરાગ્યશતક ૧૦૪ ગાથા, (૨) ઇન્દ્રિયપરાજયશતક ૯૯ ગાથા, (૩)

શાંતસુધારસ ૨૩૦ ગાથા, (૪) અધ્યાત્મકલ્પદ્રુમ ૩૦૦ ગાથા, (૫) ઉપદેશમાલા ૫૪૪ ગાથા, (૬) હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા ૩૬ ગાથા.

મુખ્યત્વે આ છ ગ્રન્થો કંઠસ્થ કરી લેવા.

આ ગ્રન્થોમાં એ દર્શાવ્યું છે કે

(૧) રાગાદિદોષોને ઉત્પન્ન કરનારા નિમિત્તો કયા છે ?

(૨) રાગાદિ દોષોનું સ્વરૂપ શું ?

(૩) રાગાદિ દોષોનું ફળ શું ?

**મન :** આ શ્લોકો વાંચી જવાના ? ગોખી જવાના ?

**આતમ :** ના, માત્ર વાંચવાના કે ગોખવાના નથી. પણ એનો વિધિસર પાઠ કરવાનો. શક્ય હોય તો રોજ, છેવટે અઠવાડિયામાં ક્રમ પ્રમાણે ચોક્કસ રીતે આ બધાનો પાઠ કરવો.

**મન :** એ શ્લોકોનો પાઠ કરવાની વિધિ શું ?

**આતમ :** (૧) મંદ સ્વરે, છતાં સ્પષ્ટ ઉચ્ચારપૂર્વક ધીમેધીમે એ શ્લોકો બોલવા.

(૨) શાંત સ્થળે, અવરજવર વિનાના સ્થળે બેસીને શ્લોકો બોલવા.

(૩) પદ્માસનમાં કે પલાઠી વાળીને બેસવું અને આંખો બંધ રાખવી.

(૪) ભીંત વગેરેનો ટેકો ન લેવો.

(૫) એના જે સામાન્ય અર્થ હોય, એમાં ઉપયોગપૂર્વક પાઠ કરવો.

(૬) એ ચોક્કસ સમય દરમ્યાન વચ્ચે કોઈની સાથે વાતચીત ન કરવી, પાઠની ધારા અખંડિત રાખવી.

આ રીતે ખૂબ પાઠ કરવા દ્વારા એ શ્લોકો આત્મસાત્ કરવા એનું નામ **ભાવનાશ્રુતપાઠ.**

**(૨) અનેકશઃ તીર્થશ્રવણ :** તીર્થની પાસે આ શ્લોકોનો અર્થ સાંભળવો, એ પણ એકવાર નહિ, પણ અનેકવાર સાંભળવો.

**મન :** તીર્થની પાસે એટલે ? પાલિતાણા-ગિરનાર વગેરે તીર્થોની નજીકમાં જઈને આ અર્થ સાંભળવો એમ ?

**આતમ :** ના, ના, तीर्थम् = अधिकृतश्रुतार्थोभयविद् अभ्यस्तभावनामार्गः आचार्यः,

જે મહાત્મા, (૧) ઉપરોક્ત શ્રુતના અને એના અર્થના જ્ઞાતા હોય.

(૨) સ્વયં આ બધી ભાવનાઓને વારંવાર ભાવીને જે ભાવિત બનેલા હોય,

(૩) એવા આચાર્ય કે અન્ય ગીતાર્થ સુયોગ્ય સાધુ... એ તીર્થ કહેવાય.

એમની પાસે જઈ એમના મુખે આ શ્રુતનો અર્થ ધ્યાનપૂર્વક સાંભળવો.

**મન :** પણ આવા જ મહાત્માનો આગ્રહ શા માટે ? કોઈપણ મહાત્મા પાસે સાંભળીએ તો શું વાંધો ?

**આતમ :** ના. જે મહાત્મા સ્વયં શ્રુત + અર્થના જ્ઞાતા ન હોય, કદાચ જ્ઞાતા હોય તો પણ એની નિરંતર ભાવનાથી ભાવિત ન થયેલા હોય તે મહાત્મા પાસે અર્થ સાંભળશો તો તમને સમ્યગ્જ્ઞાન નહિ થાય.

એમાં જો એ મહાત્માને પ્રસ્તુત શ્રુત જ આવડતું ન હોય તો એનો અર્થ કહેશે શી રીતે ? શ્રુત આવડતું હોય તો પણ એનો વ્યવસ્થિત અર્થ જ ન આવડતો હોય તો ય શું કામનું ? એ અર્થ કહેશે, તો પણ ગમે તેમ કહેશે, ખોટો કહેશે, ઉંધો કહેશે... એનાથી તમને સમ્યગ્જ્ઞાન તો કેમ થશે ? અને એના વિના દોષનાશનું તમારું લક્ષ્ય કેમ વીંધાશે ? માટે એ મહાત્મા પ્રસ્તુત શ્રુતના અને અર્થના જ્ઞાતા હોવા જરૂરી છે.

ધારો કે એ જ્ઞાતા હોય, પણ જો એમણે આ ભાવનામાર્ગનો અભ્યાસ નહિ કર્યો હોય, તો એમનો આત્મા આ ભાવોથી ભીનો ભીનો નહિ બનેલો હોય, તો એમનો આત્મા સ્વયં જ તે તે દોષોથી ખદબદતો હોય, એમની તમારું હિત કરવાની ભાવના પણ સ્પષ્ટ નહિ હોય... એમાં ય ઘણી મલિનતા હોઈ શકે... હવે આવા જ્ઞાતા પાસેથી ગમે એટલું સાંભળીએ તો પણ હૃદયને સ્પર્શે, સાડા ત્રણ કરોડ રૂંવાડે વ્યાપે... એવું સમ્યગ્જ્ઞાન તો કેમ થાય ?

નિયમ છે કે 'प्रायो भावाद् भावप्रसूतिः' મોટા ભાગે ભાવમાંથી ભાવની ઉત્પત્તિ થાય છે. જો એ જ્ઞાતા સ્વયં ભાવહીન હશે, તો એમના મોટા મોટા પ્રવચનોથી પણ તમારામાં ભાવની ઉત્પત્તિ નહિ થાય.

એટલે જ પ્રસ્તુત શ્રુત + અર્થના જ્ઞાતા એવા તથા એ શ્રુતની વારંવાર ભાવના કરવા દ્વારા ભાવિત બનેલા, વૈરાગી બનેલા, શાંત-પ્રશાંત-ઉપશાંત બનેલા, નિઃસ્પૃહી બનેલા મહાત્મા પાસે જ પ્રસ્તુત શ્રુતોનો અર્થ સાંભળવો.

**મન :** પણ તમે આ શ્રવણ અનેકવાર કરવાનું કહ્યું, એ શા માટે ? એક - બે વાર શ્રવણ કરીએ તો ન ચાલે ?

**આતમ :** ના, કેમકે તારો ક્ષયોપશમ ઓછો-વત્તો હોય, ક્યારેક સમજફેરના કારણે

ઉંધુ સમજાઈ જાય, અને એ રીતે જો વિપરીતજ્ઞાન થાય તો તો એના આધારે તારી પ્રવૃત્તિ પણ વિપરીત થાય... કદાચ એના કારણે દુર્ગતિઓની પરંપરા પણ ઉભી થાય.

પણ જો અનેકવાર શ્રવણ કરો, તો બધાનો અર્થ વારંવાર સાંભળવાના કારણે પૂર્વે જો કંઈક ઉંધુ સમજાયું હોય, તો તેનું સમાધાન મળી રહે. ભ્રમણાઓ દૂર થઈ જાય અને સાચું જ્ઞાન પ્રાપ્ત થાય.

એટલે જ આ શ્રવણ એકવાર નહિ, પણ વારંવાર કરવું.

બસ,

આ રીતે કરવાથી તને રાગાદિ દોષોના કારણો + સ્વરૂપ + ફળ આ ત્રણ પદાર્થનું એકદમ સચોટ-સ્વસ્થ-સ્પષ્ટ જ્ઞાન પ્રાપ્ત થશે.

આ આવી ગઈ તારી પાસે સમ્યગ્જ્ઞાનરૂપી બેટરી !

હવે શરૂ કરવાનું છે મુખ્યકામ ! આતમ ઓરડાને ચકાસવાનું !

ધ્યાન દઈને સાંભળજે આ તત્ત્વ !

(૩) **આત્મસંપ્રેક્ષણ :** (અ) સૌ પ્રથમ એકાન્તસ્થાન શોધો. એમાં જ આ આત્મસંપ્રેક્ષણ કરવું. હા ! બંધ બારણે ન કરવું, પણ ઉપાશ્રયના વિશાળ હોલમાં, તીર્થભૂમિના પવિત્ર વાતાવરણમાં... આ કામ કરવું.

**મન :** એકાન્તમાં શું કામ ? જાહેરમાં કેમ નહિ ?

**આતમ :** જયાં ઘણા બધાની અવરજવર હોય, આજુબાજુ બધા વાતો કરતા હોય... ત્યાં જો આ આત્મસંપ્રેક્ષણ કરવા બેસીશ, તો તારું મન એમાં લીન નહિ બને. ઘડીકમાં આજુબાજુથી સંભળાતી વાતોમાં કાન જશે, ઘડીકમાં આવતા જતા લોકોને જોવામાં દૃષ્ટિ જશે... આવી ચંચળતા વચ્ચે તારું ઈષ્ટ કાર્ય સિદ્ધ નહિ થાય.

ખરેખર તો એકાદ માણસ પણ જયાં ન ફરકે, એવા શૂન્યસ્થાનમાં આ કામ કરવું.

આમાં જો રાતના બે-ત્રણ વાગ્યાના સમયે ઉઠીને આત્મસંપ્રેક્ષણ કરીશ, તો તને વધુ સફળતા મળશે. ઝડપી સફળતા મળશે, કેમકે આ સમયે લગભગ બધા જ ઉંઘતા હોવાથી ન તો કોઈની આવ-જા થાય કે ન તો કોઈની વાતોના શબ્દો સંભળાય... એકદમ નીરવ શાંતિ હોય.

વળી ચાર-પાંચ કલાકનો આરામ થઈ ગયો હોવાથી મન અને શરીર બંને એકદમ સ્વસ્થ-પ્રસન્ન હોય, એના કારણે ધ્યાનમાં સરળતા તરત જ મળે.

એ વખતે ક્યાંય એકાન્ત શોધવા જવું ન પડે, ઉપાશ્રયમાં જ એકાન્ત મળી રહે...

એટલે આ સમય આત્મસંપ્રેક્ષણ માટે ખૂબ જ ઉપયોગી છે.

તું સાધુ છે, એટલે જો આ સમયે કાર્ય કરે, તો છેક ભરહેસરની સજઝાય સુધી ક્રિયા કરીને પછી એ શાંતસ્થાનમાં આસન પાથરીને કરજે.

આસન ઉપર પદ્માસન વગેરે ઉચિત આસને બેસવું.

(૩) **ગુરુદેવતાપ્રણામ :** શરૂઆતમાં ખૂબ ભાવપૂર્વક ગુરુને અને દેવને પ્રણામ-વંદન કરવા. એમની સ્તુતિ કરવી, એમના ગુણો યાદ કરવા, એમણે કરેલો ઉપકાર યાદ કરવો, એમના પ્રત્યે વધુ ને વધુ બહુમાનભાવ જગાડવો. એમની પાસે પ્રાર્થના કરવી કે ''ઓ ગુરુવર ! ઓ પરમેશ્વર ! આ આત્મસંપ્રેક્ષણના કાર્યમાં મને સફળતા મળો, મને શીઘ્ર આ કાર્યમાં સિદ્ધિ મળો... આપની અસીમ કૃપાના બળે જ હું સફળ થઈ શકીશ, જો આપનો અનુગ્રહ નહિ હોય, તો મને સફળતા નહિ મળે.''

**મન :** શું આ રીતે કરવાથી કંઈ લાભ ખરો ? આપણે આવું કરીએ છીએ એવી તો ગુરુને કે દેવને ખબર જ ક્યાં છે ? અને ખબર હોય તો ય તેઓ શું કરી શકવાના ?

**આતમ :** આવો વિચાર ન કરીશ. મન્ત્ર વગેરેને યાદ કરીએ, તો મન્ત્ર વગેરેનું ફળ મળે જ છે. એમ દેવ-ગુરુને ભાવથી યાદ કરીએ, તો એનું ફળ પણ મળે જ.

ખરી વાત તો એ કે તારા મનનો દેવ-ગુરુ પ્રત્યેનો બહુમાન ભાવ, 'એમના અનુગ્રહ વિના મને સફળતા નહિ મળે...' એવો વિશ્વાસભાવ એ જ મહાન શુભભાવ છે એ જ તને આ કાર્યમાં સફળતા અપાવવામાં અગત્યનો ભાગ ભજવશે.

(૪) **સ્થાન :** ભીંત વગેરેનો ટેકો દઈને કે આડા પડીને કે પગ પર પગ ચડાવીને આત્મસંપ્રેક્ષણ ન કરવું. પણ પદ્માસન વગેરે ઉચિત આસનમાં બેસીને કરવું.

**મન :** એનો શું લાભ ?

**આતમ :** એ રીતે બેસવાથી શરીર એકદમ સ્થિર રહે, મન પણ સચેત-સજાગ રહે. વળી જ્યારે આવા શુભ આસનમાં બેસીએ ત્યારે વિચાર આવે કે ''આપણા પ્રાચીનપુરુષો પણ આ જ રીતે પદ્માસનાદિમાં બેસીને ધ્યાન ધરતા હશે, તેઓ કેવી ઉત્તમ સાધના કરતા હશે ? એમની કૃપાથી આજે એમની જેમ મને પણ સાધના કરવાની તક મળી.''

વળી એ વખતે નિશ્ચય કરવો કે 'ડાંસ-મચ્છર ગમે તે કરડે, મારે એ તરફ ધ્યાન જ નથી આપવું. મારે તો આત્મધ્યાનમાં જ તલ્લીન બની જવું છે.'

(છતાં એવું સત્વ વર્તમાનમાં તારી પાસે ન હોય, તો છેવટે ડાંસ-મચ્છરાદિ

વિનાના સ્થાનમાં બેસવું. એવું સ્થાન ન મળે તો ગીતાર્થસંવિગ્ન ગુરુને પૂછીને એનો નિરવદ્ય ઉપાય વિચારી શકાય...'વર્તમાનમાં ગીતાર્થસંવિગ્ન પુરુષો એ માટે મચ્છરદાનીનો ઉપયોગ સૂચવે છે' એમ જાણ્યું છે.)

બસ,

આ બધી પૂર્વભૂમિકા થઈ ગઈ.

હવે શરૂ થાય છે તારી સાધના, આત્મસંપ્રેક્ષણની !

જો જે ! એકદમ એકાગ્ર બની જજે. મનને ક્યાંય ભટકવા દેતો નહિ. સિદ્ધિ તારા હાથમાં જ છે, જો તું આ વિધિનું પાલન કરીશ તો.

**મન :** આ આત્મસંપ્રેક્ષણમાં શું ચિંતવવાનું છે ?

**આતમ :** પહેલા એ ચિંતવવાનું છે કે 'મને કયો દોષ સતાવે છે ?'

પછી (૧) એ દોષના હેતુઓ કોણ છે ? એટલે કે વિષય કોણ છે ? (૨) એ દોષનું સ્વરૂપ શું છે ? દોષના વિષયનું સ્વરૂપ શું છે ? (૩) એ દોષનું ફળ શું ? દોષના વિષયનું ફળ શું ?

હવે એક - 'એક દોષને લઈને આ આખી ચિંતનધારા જોઈશું.

## ૨. દોષ નં. ૧ – સ્વાર્થ

**(૧) સ્વાર્થ :** ઉપધિ, શિષ્યો, અભ્યાસ, શરીર, સ્થાન વગેરે સંબંધમાં હું મારો સ્વાર્થ સાધું છું. આમ સ્વાર્થના વિષયો ઉપધિ વગેરે બને છે.

મારો સ્વભાવ એવો સ્વાર્થી છે કે શિયાળામાં ઠંડીથી બચવા માટે ધાબડાઓની જરૂર પડે અને સંઘનો માણસ કબાટમાંથી ૧૦-૧૫ ધાબડા કાઢીને મૂકે, તો હું તરત મારા માટે બે ધાબડા લઈ લઉં છું. મને એ વિચાર નથી આવતો કે મારા સહવર્તીઓ કેટલા છે ? જો કુલ સંયમીઓ ૧૫-૨૦ હોય, તો બધાના ભાગે માંડ એક-એક આવે, મારે શી રીતે બે લઈ લેવાય ?... પણ હું ભાન ભૂલી જાઉં છું અને બીજાનો વિચાર કર્યા વિના બે ધાબડા લઈ લઉં છું.

વળી મારો સ્વાર્થ તો કેટલો દુર્ગંધી ! હું મારા જ બે ધાબડા પડિલેહણ કરું. બીજા બધા માટે પડિલેહણ કરવાનો મને ઉલ્લાસ નથી થતો. ''જેને જેને જોઈશે, એ બધા જાતે જ પડિલેહણ કરશે...' એવો સ્વાર્થ મને સતાવે છે. બધા મહાત્માઓની ભક્તિ કરવાનો વિચાર મને નથી આવતો.

શિયાળાના દિવસો હોય, સંઘના ઉપાશ્રયમાં કે ચાલુ વિહારમાં તો સ્કુલ વગેરેમાં ય ઘણીવાર ઉતરવું પડે છે. ઠંડી કંઈ મને એકલાને નથી લાગતી, બધાને લાગે છે... પણ મને કદી મારા સાધર્મિક સંયમીઓની ચિંતા નથી થઈ. હું તરત બંધિયાર રૂમ શોધી એમાં મારું સ્થાન જમાવી દઉં છું. ત્યાં ઠંડી ઓછી લાગે, હોલ વગેરેમાં વધારે લાગે... પણ બીજા સંયમીઓએ હોલમાં સંથારો કરવો પડે, એનું શું ? શું એમને ઠંડી ન લાગે ? રે ! કેટલીકવાર એવું બન્યું પણ છે કે સંથારાના સમયે મારો સાધર્મિક સંયમી ઠંડીથી બચવા કોઈક બંધિયાર સ્થાન શોધતો હોય, મેં એને જોયો છે, '' આ રૂમમાં જગ્યા છે ?'' એવો પ્રશ્ન પણ એણે મને પૂછ્યો છે... પણ મારી સ્વાર્થાન્ધતા તો બાપ રે બાપ ! મેં ચોકખી ના પાડી દીધી કે 'અહીં જગ્યા નથી.'

હાય ! મને વિચાર ન આવ્યો કે 'લાવ, થોડાક સંકોચાઈ જઈને મારા સાધર્મિક સંયમીને જગ્યા કરી આપું... લાવ, હું સહનશક્તિ કેળવીને બહાર હોલમાં જતો રહું, મારા સાધર્મિકને અંદર આવવા દઉં, એની ચિંતા દૂર કરું...' રે ! આવું કંઈ તો ન જ થયું. પણ બે મીઠા-મધૂરા શબ્દો બોલવા જેટલી સજ્જનતા ય મેં અધમ બનીને ગુમાવી. 'મહાત્મન ! ખરેખર બિલકુલ જગ્યા નથી. બાકી તો ગમે તે કરીને આપને

અંદર સ્થાન આપી દેત... પણ... ક્ષમા કરજો, મહાત્મન ! આપની સેવા નથી કરી શકતો...' આવા લાગણીસભર શબ્દોને બદલે ઉદ્ધતાઈપૂર્વક મેં ના પાડી દીધી. હા ! કેવી સ્વાર્થાન્ધતા !

વિહાર કરીને હું વહેલો પહોંચું, મારી પૂર્વે પહોંચેલા સંયમીએ દોરી બાંધી હોય, એમાં જગ્યા ખાલી હોય તો હું એના પર મારા કપડા સુકવી દઈ મારો સ્વાર્થ તો સાધી લઉં. પણ મને પાછળ આવી રહેલા ૧૦-૧૫ સંયમીઓનો વિચાર નથી આવતો,'લાવ, મારી પાસેની દોરી પણ બાંધી દઉં, પાછળના સાધુઓને કામ આવશે. મને જેમ બીજાની દોરી મળી, તો સંતોષ થયો, તો મારી દોરીથી પાછળ આવતા સાધુઓને પણ સંતોષ થશે. એમાં ય પેલા ઘરડા સાધુ, પેલા ગ્લાન સાધુ... એ બધા મુશ્કેલીથી વિહાર કરે છે. ખૂબ થાકી જાય છે, ઉપાશ્રયે આવ્યા બાદ દોરી બાંધવાની પણ એમને હિંમત નથી હોતી. જો હું નહિ બાંધુ તો એ બધાએ ઉપાશ્રયે આવીને દોરી બાંધવી જ પડવાની. તેઓ ત્રાસ પામવાના....શું મારી ફરજ નથી કે એમને શાતા આપવી ?-પણ હું સ્વાર્થી છું. મારા કપડા સુકવવા માટે દોરી પર જગ્યા મળી ગઈ એટલે બસ ! દુનિયાની મારે શું ફિકર !

ગોચરી માંડલીમાં ય મારો સ્વાર્થ કેવો વકર્યો છે ! મને પાત્રામાં મનગમતી વસ્તુઓ મળી ગઈ એટલે હું ખુશ ! પણ 'પેલા હમણા જ મોટી ઓળીનું પારણું કરી ચૂકેલા મહાત્માને અનુકૂળ વસ્તુઓ મળી કે નહિ ? પેલા પિત્તના પ્રકોપવાળાને ઠંડકવાળી વસ્તુ મળી કે નહિ ? આ મારી પાસે એ આમળા-ગુલકંદ આવ્યા જ છે. લાવ, એમને પૂછું તો ખરો ! મારા પુણ્ય-પર્યાય વધુ છે, એટલે ગોચરી વહેંચનારો મારી બધી કાળજી કરે, પણ પેલા અલ્પપુણ્યવાળા, નાના સાધુઓની કાળજી કોણ કરે ? લાવ, હું એમની કાળજી કરું...' એવો પરાર્થભાવ મને જાગ્યો નહિ.

તપસ્વીને પારણા બરાબર ન થાય તો ય મારે શું ? પેલા પિત્તવાળા મહાત્મા ઠંડક કરનારી વસ્તુ ન મળવાથી ગરમીથી પીડાય તો ય મારે શું ? નવા- નાના સાધુઓ મનની નબળાઈના કારણે જ ઈષ્ટ વસ્તુ ન મળવાથી મનમાં પીડાય, આર્તધ્યાન પામે, ઉદ્વેગગ્રસ્ત બને તો ય મારે શું ?

ઓ અધમાધમ જીવડા ! તું કેવો સ્વાર્થી ! પરમાધામી જેવો નિષ્ઠુર ! આ પંચમહાવ્રતધારી અનંતા ભવે પણ દુર્લભ, ઉત્તમોત્તમ સંયમી મહાત્માઓ મળ્યા પછી પણ એમના માટે તને કશી જ લાગણી નહિ ? હાય ! મારા જીવ ! ધિક્કાર હો તને ! તારે બનવાનું હતું માખણ ! તું બની ગયો છે, પત્થર ! સ્વાર્થભાવે તારી હત્યા કરી છે.

મોટી માંડલીમાં નાના મહાત્માઓ પાસે બે-ત્રણ-ચાર પાત્રા-તરપણીઓ ધોવા માટે પડ્યા હોય, મારી પાસે એકેય ન હોય, માત્ર મારે મારું વાપરવાનું પાત્રુ ધોવાનું હોય... છતાં મને એ ઈચ્છા નથી થતી કે 'પેલા મહાત્મા પાસેથી એક-બે પાત્રા ધોવા લઈ લઉં... એ કેટલા ધોશે ? ગોચરી કંઈ એ એકલા જ વાપરે છે ? ગોચરી કઈ એમના એકલા જ માટે આવે છે ? ના. ગોચરી મારા માટે પણ આવે છે, હું પણ વાપરું છું. તો પાત્રાઓ ધોવાની મારી ફરજ છે. હું કંઈ આચાર્ય થોડો છું....

પણ મારી વૃત્તિ ખરાબ છે. ખરેખર તો મને આ વિચાર જ નથી આવ્યો, 'નાના સાધુઓ પાસે ઘણા બધા પાત્રા ધોવાના પડ્યા છે' એ તરફ મારી નજર જ નથી ગઈ, અને જો કદાચ નજર ગઈ છે, ઘણા પાત્રા ધોવાના દેખાયા છે, તો પણ મારે ધોવા ન પડે એ માટે મેં એની ઉપેક્ષા જ કરી છે.

કેવું આશ્ચર્ય ! બીજા સાધુ ત્રણ-ચાર પાત્રા ધુએ, તો મને વાંધો નહિ. પણ કોઈક દિવસ ભૂલેચૂકે મારી પાસે બે પાત્રા ધોવા માટે આવી ગયા હોય અને બીજા પાસે એકપણ પાત્રુ ધોવા માટે ન હોય... તો હું એને એક પાત્રુ ધોવા આપ્યા વિના રહી જ શક્તો નથી. મને મારી સાથે અન્યાય થતો લાગે છે કે 'મારે બે ધોવાના, એણે એકપણ નહિ ? એ ન ચાલી શકે.'

મારા ગ્રુપમાં ત્રણ-ચાર કલાક માટે પંડિતજી પાઠ આપવા આવવાના હતા. સાધુઓ ઘણા બધા, બધાને જુદા જુદા વિષયો ભણવા ગમે... એ બધું ત્રણ-ચાર કલાકમાં જ ગોઠવી દેવાનું હતું. એમાં અમુકના પાઠ ન પણ ગોઠવાય. આ વખતે મેં મારો વિચાર પહેલા કર્યો. ગુરુ મારી વાત માને, એટલે એમને બરાબર સમજાવી દઈને બે કલાક પાઠ તો એવો જ ગોઠવી દીધો, કે જે વિષયો મને ઈષ્ટ હતા. બસ, મારો સ્વાર્થ સધાઈ ગયો. બીજા કેટલાકોના પાઠ રહી ગયા, તેઓને દુઃખ પણ થયું, પણ હું તો મસ્ત હતો મારી ગોઠવણમાં ! કેમકે મારી અપેક્ષા પૂરી થઈ ગઈ હતી.

મારા શિષ્યો મારું પ્રતિલેખનાદિ બધું કામ કરી જાય એટલે ભયો ભયો ! પછી ગચ્છના વૃદ્ધ સાધુઓ - શિષ્ય વિનાના વડીલ સાધુઓ ભલેને સીદાતા રહે, મારે શું ?

મારા શિષ્યો વિહારમાં મારી ઉપધિ ઉંચકી લે, મારી સાથે ચાલે....એટલે હું પ્રસન્ન !પણ ઘરડાઓની, માંદાઓની, તપસ્વીઓની, અશક્તોની ઉપધિ કોણ ઉંચકશે ? એની કોઈ વ્યવસ્થા ગોઠવાઈ કે નહિ ? એમની ચિંતાઓને કોઈકે દૂર કરી કે નહિ ? એ વિચારો મેં નથી કર્યા, કદી નથી કર્યા.

ગોચરી માંડલીમાં મારી સત્તાના જોરે, કપટના જોરે મારા શિષ્યોને, મારા માનીતાઓને બધા જ પ્રકારની અનુકૂળ વસ્તુઓ હું આપી દઉં, અપાવડાવી દઉં... ભલે ને બીજાના શિષ્યોને, નિષ્પુણ્યક સાધુઓને કશું ન મળે, તેઓ મનમાં ને મનમાં રીબાય... મારે તો 'હું અને મારું' એ મંત્ર જ જપવાનો હતો, એ મેં જપ્યો.

અમારે ત્રણ-ચાર જણને લોચ કરવાના હતા, લોચ કરનારા બે જણ હતા. લોચ અઘરો છે, મને અઘરો પડે છે, પણ મારા કરતા પણ બીજાઓને તો વધારે અઘરો પડે છે એ મને ખબર હતી. કેમકે એ બીજા સાધુઓ હજી નવા હતા. મારી ફરજ હતી કે સારો લોચ કરનાર પાસે એ નવાઓને કરવા દેવો. મારે બીજા પાસે લોચ કરાવવો. પણ હાય ! સ્વાર્થ કોનું નામ ! 'મારો લોચ સૌથી પહેલા ! મારો લોચ આ જ વ્યક્તિ પાસે !' મેં જીદ પકડી લીધી અને એમ જ કરાવ્યું. મારી સામે કોઈનું ન ચાલે. મારા શિષ્યોની ય મેં તો પરવા ન કરી.

કાપ કાઢતી વખતે ય હું તો માત્ર મારા જ વસ્ત્રોનો કાપ કાઢું, મારા ગુરુના ય બે-ત્રણ વસ્ત્રો કાઢવાનો મને જો કંટાળો આવે, તો બાકીના વૃદ્ધો-ગ્લાનોનો કાપ કાઢવાનો તો સવાલ જ ક્યાં ઉભો થાય ? મારા ગુરુના વસ્ત્રોનો કાપ બીજાઓ જ કાઢે, ત્યારે હું તો ક્યાંય ભાગી જાઉં-છટકી જાઉં...હાય ! જેમણે મારા આત્માનો કાપ કાઢી આપ્યો, એમના વસ્ત્રોનો કાપ કાઢવા જેટલી નાનકડી કૃતજ્ઞતા પણ મારામાં નથી. એમાં ય જો કારણસર મારે ગુર્વાદિના કાપમાં બેસવું જ પડે, તો મને આનંદ ન થાય, એ કાપમાં વેઠ ઉતારું, ઉતાવળ કરું, વસ્ત્રો મેલા રહી જાય તો ય ચલાવી લઉં... મારા વસ્ત્રોમાં આવું કશું જ ન ચલાવું, પણ 'આ ક્યાં મારા વસ્ત્રો છે' એ વિચારથી સાવ-સાવ ઉપેક્ષા કરું...મને જો ગુરુતત્ત્વ પ્રત્યે પણ કૃતજ્ઞતાભાવ નથી, તો બીજાઓ પ્રત્યે તો ક્યાંથી હોય ?

વળી આ પણ કેવું ? કે બીજા સાધુઓ - શિષ્યો મારો કાપ કાઢી જાય, એ મને ખૂબ ગમે, ખૂબ આનંદિત બનાવે... પણ મારે બીજાઓનો - ખુદ ગુરુનો કાપ કાઢવો પડે, ત્યારે ખૂબ દુઃખે, કંટાળો આવે... હદ છે કંઈ મારા સ્વાર્થની !

મારી ઝડપ સારી, એટલે વિહાર કરીને ઉપાશ્રયમાં પહેલો પહોંચું. વડીલો બધા ધીમે ધીમે પાછળ આવે. હું તો ઉપાશ્રયમાં હવાવાળી, ઉજાશવાળી જગ્યા પર મારો જાણે કે હક જમાવી દઉં. ઉપાશ્રયમાં ટેબલો ઓછા હોય તો ય હું મારા માટે, મારા ભગવાન મુકવા, મારા પુસ્તકો મુકવા, લખવા માટે બે ટેબલ તો મારા કબજામાં લઈ

લઉં... પાછળ આવતા વડીલોને ખૂણામાં બેસવું પડે, અંધારાવાળા કે હવા વિનાના સ્થાનમાં બેસવું પડે, ટેબલાદિ વિના મુશ્કેલી પડે... પણ મારે શું લેવાદેવા ! 'એ બધી જવાબદારી મારી થોડી જ છે !' મારું મન બોલતું. રે ! વડીલોને મારી આ વિચિત્રતા ન ગમે, ખૂંચે, ક્યારેક ટકોર પણ કરે... પણ હું ન સુધર્યો, ન જ સુધર્યો.

અહાહા ! શું હું સાધુ ખરો ? પરોપકારી, પરહિતવત્સલ તીર્થંકરદેવોના શાસનમાં મારા જેવા સ્વાર્થીને રહેવાનો ય અધિકાર ખરો ? હું તો માણસ નહિ, પશુ છું. પેલી કુતરી પોતાની ભૂખ સંતોષવા પોતાના બાળકને ય ખાઈ જાય, એવો અધમ છું હું !

મારું નામ હોવું જોઈતું'તું 'સ્વાર્થસિન્ધુવિજય'. સ્વાર્થનો દરિયો ! ના ના ! સ્વાર્થના દરિયાને પણ જીતી જનારો એવો હું !

ઓ મારા આતમ ! શું નથી સુધરવું ?

તારા આરાધ્યતત્ત્વો અરિહંતો અને સદ્ગુરુઓ પરાર્થી ! તું સ્વાર્થી ! કેમ ચાલે ?

વળી આમાં નુકસાન કેટલું !

બધા લોકો મારા માટે બોલશે કે 'આ નકરો સ્વાર્થી છે, સ્વાર્થ સાધવા ગમે તે કરી બેસે એવો છે'

કોઈ પણ મારો આત્મીય-મારો સ્વજન નહિ બને. બધા મારા સ્વભાવને જાણ્યા બાદ મારાથી વેગળા જ રહેશે, શિષ્યો પણ સમજશે કે 'આપણા ગુરુ ખૂબ ખૂબ સ્વાર્થી છે...' એમનો પણ મારા પ્રત્યેનો અહોભાવ તૂટી જશે. કદાચ મારી સાથે રહેશે, બોલશે તો ય મન મારીને !

'લોભીયા હોય ત્યાં ધૂતરાઓ ભૂખે ન મરે' એમ મને અત્યંત સ્વાર્થી જાણીને કેટલાય ધૂતારાઓ મારા સ્વાર્થો પોષી આપવાના પ્રલોભનો મને આપશે. હું છેતરાઈશ અને એ બધા મારા દ્વારા પોતાના સ્વાર્થો કઢાવી લેશે. આ રીતે મારે પુષ્કળ પરેશાન થવું પડશે.

સ્વાર્થીનું પુણ્ય ઘટતું જાય, પાપ વધતું જાય... વળી જો હું બીજાને માટે કશું જ ન કરું તો ભવિષ્યમાં કોઈપણ મારા માટે કશું જ નહિ કરે... માત્ર આ જ ભવમાં નહિ, આવતા ભવોમાં પણ મારે બીજાની સહાયની ખૂબ જરૂર હશે. પણ કોઈ મને સહાય કરવા તૈયાર જ નહિ થાય, કેમકે મેં બાંધેલું પાપકર્મ જ એમને અટકાવશે, મારા સહાયક બનતા !

તુચ્છ સ્વાર્થમાં લંપટ જીવોનો મોક્ષ ત્રિકાળમાં શક્ય નથી. મારા લમણે ઝીંકાશે,

મોટી દુર્ગતિઓ !

આતમ !

બસ...બસ...બસ...

હવે તું સુધરી જા. તારા મનને અને તારી પ્રવૃત્તિને બદલી નાંખ. બીજાનો વિચાર કરતા શીખ. દરેકે દરેક વાતમાં તારા સહવર્તીઓનો, તારા સાધર્મિકોનો વિચાર કર. એમને માટે ભોગ આપતા શીખ. એમને માટે ઘસાઈ છુટવાનું શીખ એમને તારા માટે ભોગ આપતા, ઘસાઈ છુટતા અટકાવ. તું સ્વયં સ્વાવલંબી બનતો જા, બીજાઓને તારું દૃઢ આલંબન આપતો જા.

આવતીકાલનો સૂર્યોદય તારા માટે ગુણોદય બની રહેવો જોઈએ. હવે તું જગતમાં તીર્થંકરોનો વારસદાર ઓળખાવો જોઈએ. લોકો તારી પરોપકારિતાને બે મોઢે વખાણતા થાય, તેવો તારો સ્વભાવ બનવો જોઈએ.

મારા પ્યારા આતમ !

તું બની જા ચંદન ! જાતે કપાઈ જઈને - ઘસાઈ જઈને પણ બીજાને સુગંધ આપનાર પરોપકારી ચંદન !

તું બની જા પુષ્પ ! સુંઘનારાના ગરમાગરમ શ્વાસો સહન કરીને પણ એને સુગંધ બક્ષનાર પરોપકારી પુષ્પ !

તું બની જા પ્રતિમા ! શિલ્પીઓએ મારેલા મારની બિલકુલ ફરિયાદ ન કરતી, હસતી અને જોનારાને હસાવતી પ્રતિમા !

તું બની જા વાદળ ! દરિયાના ખારા પાણી પી-પીને એમાંથી જગતને મીઠાજલની બક્ષિસ આપતું વાદળ !

તું બની જા ધૂપસળી ! 'સળગવું અને સુગંધ ફેલાવવી' એ એક જ કર્તવ્ય હસતે મોઢે નિભાવતી ધૂપસળી !

તું બની જા ગાય ! ઘાસ ખાવા આપનારા ઉપકારીને દૂધની ભેટ આપીને સદૈવ કૃતજ્ઞતા પ્રગટ કરતી ગાય !

તું બની જા ધરતી ! કોદાળીના ઘા કરીને પોતાને ખોદી નાંખનારાઓને ય પાણી-ખનીજ-રત્નોનું દાન દેતી ધરતી !

તું બની જા ભોજન ! દાંતોરૂપી કરવત વડે પોતાના ટુકડેટુકડા કરી નાંખનારાને ય અજબગજબની શક્તિ દેતું ભોજન !

કો'ક કવિએ ગાયેલી એ પંક્તિઓને હૃદયમાં જડી દે....

हम न सोचे हमें क्या मिला है, हम ये सोचे किया क्या है अर्पण ।

फुल खुशीयों के बांटे सभी को, सब का जीवन बन जाए मधुबन ॥

મારે એ નથી વિચારવું કે,''આખી જીંદગીમાં મને શું મળ્યું છે ? બધાએ મને શું આપ્યું છે ?'' મારે તો એ જ વિચારવું છે કે ''મેં બીજાઓને શું આપ્યું ?'' મારે તો બધાને આનંદના પુષ્પોની પ્રભાવના કરવી છે, જેની સુગંધથી બધાયનું જીવન મધુવન બની જાય.

'ગુરુએ મને શું આપ્યું ? મને પાઠ આપ્યો ? મને શિષ્યો બનાવી આપ્યા ? મને વાત્સલ્ય આપ્યું ?' આ બધું મારે નથી વિચારવું. ભલે એમણે મને ન આપ્યું, ઓછું આપ્યું પણ મારે એનો વિચાર નથી કરવો.

મારે તો એ જ જોવાનું છે કે 'મેં ગુરુને શું આપ્યું ? મેં ગુરુની સેવા કરી ? એમની આજ્ઞાઓ અક્ષરશઃ પાળીને એમને પ્રસન્ન કર્યા ? એમના ઉપકારો બદલ એમની ઉપબૃંહણા કરી ? મુક્ત કંઠે એમના શાસનકાર્યોની - આરાધનાની પ્રશંસા કરી ? મારા નિમિત્તે એકાદ ક્ષણ પણ એમને ચિંતા કરવી જ ન પડે એ માટેના પ્રયત્નો મેં કર્યા ?'

મારે એ વિચારવું જ નથી કે 'મારા સહવર્તી સંયમીઓ મને સહાયક બને છે કે નહિ ? મારા પ્રત્યે લાગણી દર્શાવે છે કે નહિં ? મારા વિકાસમાં ખુશ છે કે નહિ ? મારા સુકૃતોની પ્રશંસા કરે છે કે નહિ ? મારા તપમાં, મારી માંદગીમાં, મારી અશક્તિમાં, મારી મુંઝવણોમાં મને અનેકાનેક પ્રકારની સહાય કરે છે કે નહિ ?

મારે તો માત્ર એટલું જ વિચારવું છે કે,''હું મારા આ સાધર્મિક સંયમીઓને કેટલી સહાય કરું છું ? મને એમના પ્રત્યે લાગણી છે કે નહિ ? એમના વિકાસમાં મને આનંદ છે કે ખેદ ? એમના શિષ્યો થાય, એમના વ્યાખ્યાનો વખણાય, એ તપ-સ્વાધ્યાયાદિમાં આગળ વધે એમાં મને હર્ષ ખરો કે નહિ ? હું એમના સુકૃતોની અનુમોદના કરું છું ? એમની નાની નાની ભૂલોને ભૂલી જઉં છું ખરો ? એમના તપ, માંદગી, અશક્તિમાં ખડે પગે સેવા કરવા તત્પર રહું છું ખરો ?''

મારે એ વિચારવાનું જ નથી કે 'મારા શિષ્યો મારી આજ્ઞા માને છે ? મારી સેવા કરે છે ? મારી આમન્યા જાળવે છે ? મારા પ્રત્યે સદ્ભાવવાળા છે ? અંદરોઅંદર મારા માટે સારી વાત કરે છે ?'

મારે તો એ જ વિચારવું છે કે 'મે એમના હિત માટે શું કર્યું ? ભક્તોને-શ્રાવકોને

ગૌણ રાખીને મારા શિષ્યોને મેં પાઠો આપ્યા ? કલાકો આપ્યા ? એમને વાત્સલ્ય આપ્યું ? એમની માંદગીમાં મેં એમની ઝીણવટભરી કાળજી કરી ? એમની માનસિક મુંઝવણો વખતે મેં એમને ભરપૂર આશ્વાસન આપ્યું ? એમને બળ પૂરું પાડ્યું ? એમને સંયમમાં દઢ કરવા માટે સ્વયં સંયમદઢ બન્યો ?'

મારે એ વિચારવું જ નથી કે,'શ્રીસંઘ એના આરાધકો, ટ્રસ્ટીઓ મારી વાત માને છે કે નહિ ? તેઓ મેં મુકેલી યોજનાઓમાં પૈસા લખાવે છે કે નહિ ? મેં સુચવેલા સુધારાઓ ઝટપટ કરે છે કે નહિ ? રોજ વંદન કરવા માટે આવે છે કે નહિ ? ગોચરી-પાણીમાં મારી કાળજી કરે છે કે નહિ ? ભક્તિભાવ દર્શાવે છે કે નહિ ?'

મારે તો એ જ વિચારવું છે કે,'૨૫માં તીર્થંકર સમાન શ્રીસંઘ માટે મેં શું ભોગ આપ્યો ? શ્રીસંઘ મને તમામ પ્રકારની સુવિધા મફતમાં આપે છે, તો એવા શ્રીસંઘ પ્રત્યે મારા મનમાં ઉછળતો બહુમાનભાવ છે ? ભરચક પાપોના કાદવ વચ્ચે પણ નાના-મોટા ધર્માનુષ્ઠાનોરૂપી કમળો એ સંઘસભ્યોમાં જોઈને મને અહોભાવ થાય છે ? કરી છે મેં એમની અનુમોદના ? કે પછી પેલા કાદવને જ જોઈ જોઈને ગાળો જ દીધી છે, મેં એમને ? એમના હિત માટેના સાચા પ્રયત્નો કર્યા છે મેં ? કે પછી દરેક જગ્યાએ એમના દ્વારા માત્ર મારો સ્વાર્થ સાધવાના જ પ્રયત્નો કર્યા છે ?''

આ થયું સ્વાર્થ દોષને લઈને આત્મસંપ્રેક્ષણ !

આનાથી આત્મા બની જશે ભીનોભચ ! એની સ્વાર્થપ્રધાન વાસનાઓ વૈશાખની ગરમીમાં હિમાલયનો બરફ ઓગળે... એમ ઓગળવા માંડશે. સ્વચ્છ-સ્પષ્ટ પરોપકાર વાસના એના રૂંવાડે રૂંવાડે પ્રગટેલી અનુભવવા મળશે.

આનો આનંદ કેવો ! કેટલો ! એ તો જે અનુભવશે, તે જ કહેશે. ના, ના. એ ય નહિ કહી શકે. કેમકે શબ્દો એનું વર્ણન કરવા ધરાર અસમર્થ જ છે, અસમર્થ જ રહેશે. ભૌતિક સુખો તો આ આનંદની સામે વિષ્ટા કરતા ય ભૂંડા લાગશે, જોવાય ન ગમે - સુંઘવા ય ન ગમે - યાદ કરવા ય ન ગમે - અડવા તો બિલકુલ ન ગમે... એવા લાગશે.

## ૩. દોષ નં. ૨ – ઈર્ષ્યા

નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય

(૨) ઈર્ષ્યા : મારામાં ઈર્ષ્યા છે ? परगुणसुखासहिष्णुत्वं इर्ष्या.. આવી મૌલિક વ્યાખ્યા છે, ઈર્ષ્યાની ! બીજાના ગુણોને, બીજાના સુખોને જોઈને ત્રાસ થવો... એને ગુણો-સુખો ન મળે તો સારું. એને મળેલા ગુણો-સુખો દૂર થાય તો સારું, એને દુઃખો-દોષો ખૂબ પરેશાન કરે તો સારું, એનામાં રહેલા દુઃખો-દોષો દૂર ન થાય તો સારું... આ છે ઈર્ષ્યાનું સામાન્ય સ્વરૂપ !

મને ઈર્ષ્યા દોષ કોના પ્રત્યે સતાવે છે ? હા ! જે નજીકમાં હોય, જે મારા પ્રતિસ્પર્ધી લાગ્યા હોય... બસ, એવા પ્રત્યે મારો ઈર્ષ્યા દોષ પ્રજ્વલિત બને છે. જે દૂર થઈ જાય છે, કે જે મારા પ્રતિસ્પર્ધી મટી જાય છે... ત્યાં મારો ઈર્ષ્યાદોષ પ્રજ્વલિત બનતો નથી.

મેં દીક્ષા લીધી, મારી સાથે જ બીજી ત્રણ-ચાર દીક્ષાઓ પણ થઈ. એ ઉપરાંત આગળ-પાછળ એકાદ વર્ષમાં બીજી પણ દીક્ષાઓ થઈ. અમે ૮-૧૦ સાધુઓ લગભગ સરખેસરખા જેવા ભેગા થયા. ગુરુએ અમને ગાથાઓ ગોખાવવાનું શરૂ કર્યું. મારો ક્ષયોપશમ સારો, કલાકની દસ ગાથા તો ગોખી જ લઉં, બીજા બધા કરતા હું આગળ હતો. પણ એક-બે સાધુ મારા કરતા ય વધુ સક્ષમ નીકળ્યા. તેઓ કલાકની ૧૫-૨૦ ગાથા ગોખતા, ગોખી શકતા, એકાદ મહિના બાદ રાત્રે ગુરુએ બધાને સ્વાધ્યાય અંગે પૃચ્છા કરી, હું છ સાધુ કરતા આગળ પડતો હતો. પણ બે સાધુ કરતા પાછળ હતો. ગુરુએ મારી પણ ઉપબૃંહણા કરી, પણ પેલા બે સાધુની પ્રશંસા તો બેહદ કરી. ''આ બે મારા વારસદાર બનશે, જોરદાર પ્રભાવક બનશે...'' અને મારા આત્મામાં ઈર્ષ્યાના બી રોપાયા. ૬ સાધુથી આગળ હોવાનો આનંદ તો દૂરની વાત, પણ બે સાધુથી પાછળ હોવાનો ગુરુના હૃદયમાં અગ્રેસર ન બની શકવાનો ખેદ મને હચમચાવી ગયો. એ બે મુનિ પ્રત્યે મારી ભાવનામાં ઈર્ષ્યા-દ્વેષ-અરુચિ ભળી ગઈ.

અમે સવારે સાથે ગાથા ગોખવા બેસીએ, પણ એમના ગોખવાના શબ્દો સાંભળીને પણ મારો આત્મા સળગી ઉઠતો. મારો ગોખવાનો આનંદ હણાઈ જતો. એમાં ય મારા કરતા જલ્દી જલ્દી ગાથાઓ ગોખીને કડકડાટ સંભળાવી દેતા. એમને જોઈને મારી વેદના વધી જતી, હું પણ એમ કરવા જતો, પણ મારી ગાથા કાચી ગોખાતી, ભૂલો પડતી, ગુરુનો ઠપકો મળતો... આ બધુ બળતામાં ઘી હોમાતું.

આત્મ સંપ્રેક્ષણ

બસ, એ ઈર્ષ્યા વધતી જ ગઈ. બહાર તો કોઈને ખબર ન પડી, પણ અંદર ને અંદર મારી એ ઈર્ષ્યા વૈરભાવનું સ્વરૂપ પકડવા લાગી. ક્યારેક એ બે સાધુ માંદા પડી જાય, ગાથાઓ ગોખી ન શકે તો મને આનંદ થાય. ક્યારેક તેઓની પણ ગાથા કાચી ગોખાય અને ગુરુ ઠપકો આપે તો હું હર્ષ પામું, ક્યારેક પ્રમાદ-થાકના લીધે એ બે સાધુઓ ઉંઘી જાય, પાઠ ન કરે તો હું નાચી ઉઠું, ક્યારેક તેઓ વિકથાદિમાં સમય ગુમાવે તો હું રાજી રાજી થઉં... ટુંકમાં તેઓનો ગાથા ગોખવાનો યોગ જે જે રીતે હીન થાય, તે તે તમામ રીતમાં હું ખૂબ રાજી થતો. હાય ! પેલા અધમાધમને પણ ઉત્તમ કહેવડાવનારો અતિ-અધમાધમ હું પાક્યો ! શું મુનિ તરીકે મને આ વિચારો શોભે ખરા ? હું સમ્યક્ત્વી પણ હોઈશ ખરો ? રે ! सुकृतानुमोदनस्य चारित्रप्राणत्वात् એમ શાસ્ત્રો કહે છે. મારી પાસે સુકૃતોની અનુમોદના નથી. એટલે કે ચારિત્ર તો નથી જ. ઉલ્ટું એ સુકૃતો પ્રત્યે ભારોભાર ધિક્કાર છે, માટે જ તો એ સુકૃતો ખતમ થાય, એમાં જ હું પ્રસન્ન બનું છું. ઓ પ્રભો ! શું થશે મારું ?

હજી આગળ....

અમે બધા સંસ્કૃત-કાવ્યો-ન્યાય, આગમો વગેરે બધું ભણ્યા. પણ દરેકમાં આ જ મુશ્કેલી ઉભી થઈ. છ કરતા હું આગળ, પણ બે કરતા હું પાછળ... પાઠમાં અમારા વિદ્યાગુરુ કોઈ પ્રશ્ન પૂછે તો પેલા છ તો લગભગ જવાબ ન જ આપી શકે, અમે ત્રણ જ જણ જવાબ દેતા. પણ એમાં મારા કરતા એ બેના વિચારો વધુ સચોટ-સ્પષ્ટ રહેતા. વિદ્યાગુરુ એમના ઉત્તરોને વધુ વખાણતા, હું પાછો પડતો, ક્યારેક તો હું રીતસર ખોટો પડતો, વિદ્યાગુરુ મારા જવાબથી ક્યારેક તો હસી પડતા, કેમકે મારા જવાબમાં એમને મોટી મૂર્ખતા ક્યારેક દેખાઈ જતી. આમ બધાની વચ્ચે હું ભોંઠો પડી જતો, બધા મારા જવાબ પર મશ્કરી કરતા... એ વખતે મારી અંદરની આગ ભડકે બળતી. પણ હું કશું કરી ન શકતો, રે ! કોઈક પ્રશ્ન અંગે ચર્ચા ઉપડતી અને અંતે મારે હારવાનું આવતું, મારી દલીલો બુઠ્ઠી પડવા લાગતી ત્યારે મારો ગુસ્સો વધી જતો, મારા શબ્દોમાં આવેશ ભળી જતો... સાધુઓ સમજી જતા કે,'આ ભાઈને હાર અસહ્ય બની રહી છે' કોઈક તો વળી હિંમત કરીને કહી દેતું કે 'જુઓ, ખોટા પડીએ એટલે ગુસ્સો કરવો એ કંઈ વ્યાજબી નથી. ગુસ્સાથી જૂઠને સત્ય બનાવી શકાતું નથી...' અને એ શબ્દો મને મુંઝવી નાંખતા.

બસ, એ ઈર્ષ્યાએ જ મારામાં નિંદાનો આવિષ્કાર કરી દીધો. હવે વાતે વાતે હું એ બેને તોડી નાંખવા, એમને ખોટા પાડવા, એમને ખરાબ ચીતરવા પ્રયત્ન

કરતો...બસ, મારા આ વર્તનને લીધે મારો અંદરનો ઈર્ષ્યાદોષ જગતમાં જાહેર થઈ ગયો. ચતુર લોકો સમજી ગયા કે,'આ મુનિ ઈર્ષ્યાથી સળગે છે...'

મારામાં માત્ર આ બે પ્રત્યે જ ઈર્ષ્યા હતી. એવું નહિ, વિષય બદલાતો, એમ ઈર્ષ્યાના પાત્રો પણ બદલાતા. સ્વાધ્યાયક્ષેત્રે મને એમના પ્રત્યે ઈર્ષ્યા હતી. પણ તપક્ષેત્રે મને વળી બીજાઓ પ્રત્યે ઈર્ષ્યા હતી. એ બે જણ એકાસણા જ કરતા, હું અવારનવાર વર્ધમાનતપની ઓળીઓ કરતો, પણ એ તપમાં મારાથી ચડિયાતા સાધુઓ પણ હતા. મારી ઓળીનો આંકડો નાનકડો ! મારી સાથેનો તપસ્વી સાધુ મારા કરતા જરાક આગળ ! એ આંકડા અંગેની સ્પર્ધા અને ઈર્ષ્યા મને થયા કરતી. મારે આગળ વધવું હતું. પણ એ માત્ર આંકડાથી ! અનાસક્તિથી નહિ ! હું આંકડામાં જ મોક્ષ સમજી બેઠો. એટલે જ એ મહાત્માની ઓળી તૂટે, એ માંદા પડે અને ઓળી છોડી દે, એવા વિચારો મને આવતા. એમનું પારણું થાય એટલે હું ખુશ !

'ગુરુજી ! આ સાધુને બરાબર પારણા કરાવો. એમનું શરીર નબળું છે. વધુ ઓળી કરશે, તો ભવિષ્યમાં ખલાસ થઈ જશે...' એમ હું ગુરુને કહેતો, બહાર એમ લાગે કે 'મને એમના પ્રત્યે લાગણી છે' પણ મારી જાતને પૂછું તો મને ચોક્ખું ધ્યાનમાં છે કે 'એ સાધુને તપમાં આગળ વધતો અટકાવવાની મારી મેલી મુરાદ જ આમાં કામ કરતી હતી. લાગણી નહિ, પણ ક્રૂરતા જ આમાં ભાગ ભજવતી હતી.'

પારણામાં એ આસક્ત બને, ખૂબ મીઠાઈ ખાય, મંગાવે એ મને ગમે. પણ એ જો પારણામાં પણ ત્યાગી બને તો મને ખૂંચે. એમને વપરાવવાનો પ્રયત્ન ભક્તિના બહાને હું કરું, અંદરખાને તો એમનો વૈરાગ્ય તોડવાનો, એમની ત્યાગી તરીકેની છાપ ભાંગવાનો જ અધ્યવસાય !

આ મારી મનોવૃત્તિ કેવી હલકી ! દેખાવ ભક્તિનો, ભાવ એમને પતિત કરવાનો !

આ રીતે ઈર્ષ્યાના પાપોથી ખદબદતા મન સાથે મેં ઘણી ઓળીઓ કરી, શું એ મારું હિત કરશે ? ઓ ભગવાન ! મારી બધી મહેનત પાણીમાં જશે ?

અત્યારે પણ મારી ઓળીઓ ચાલુ છે, એ સાધુ માંદા પડવાથી ઓળીઓ કરી શકતા નથી, હું હવે આગળ છું... એટલે જ એ મારા પ્રતિસ્પર્ધી મટી ગયા છે. એટલે એમના તરફની ઈર્ષ્યા ખતમ થઈ ગઈ છે. મને લાગ્યું કે,'મારો દોષ ઘટ્યો છે, ઈર્ષ્યા ઘટી છે.' પણ આ ય મારી ભ્રમણા જ તો નથી ને ? કારણ ? એ જ ઈર્ષ્યા મને

એકબીજા નૂતન તપસ્વી પ્રત્યે જાગ્રત થઈ છે.

પેલો નૂતન દીક્ષિત ઢગલાબંધ ઓળીઓ કરે છે, જો કે મારી ઓળીઓ કરતા તો એ ઘણો પાછળ છે. પણ તોય મને એના પ્રત્યે ઈર્ષ્યા થાય છે. કેમકે હું આંબિલખાતાનું વાપરું છું. મિશ્રાદિદોષવાળું વાપરું છું. ઢોકળા-ઢોકળી વગેરે પણ લઉં છું. જ્યારે એ મહાત્મા આંબિલખાતાનું કશું જ લેતા નથી, માત્ર બે દ્રવ્યના આંબિલો કરે છે. ગચ્છના સાધુઓ એમની ખૂબ ખૂબ અનુમોદના કરે છે. મારી ઓળીના મોટા આંક સામે એમની નાની ઓળીનો પણ ઉત્તમત્યાગ બધાની નજરે વળગ્યો છે... બસ ! એ બની ગયા મારા પ્રતિસ્પર્ધી ! હવે એમના પતનની ઈચ્છા, એમના પતનમાં આનંદ, એમના વિકાસમાં બળાપો... એ જ મારા અધ્યવસાયો ચાલે છે.

ચોક્ખું લાગે છે કે 'ઈર્ષ્યા મરી નથી, માત્ર એનું ઘર જ બદલાયું છે એ તો ઘર બદલીને વધુ તગડી બનીને જીવે છે.'

એમાં વળી બળતામાં ઘી હોમાયું. મારા કરતા ઘણા નાના એ નૂતન સાધુના સંસારી પરિચિત મિત્રોમાંથી બે જણ એના શિષ્ય બનવા તૈયાર થયા, ત્રીજો એનો જ નાનો ભાઈ તૈયાર થયો. એક સાથે ત્રણેક શિષ્યોની ગુરુપદવી એને મળે એવી વાતો - તૈયારીઓ થવા માંડી.

મારો માત્ર એક જ શિષ્ય ! એ પણ બધી રીતે નબળો ! ન તપસ્વી, ન વૈયાવચ્ચી, ન સ્વાધ્યાયી ! જ્યારે નાના સાધુના થનારા ત્રણેય શિષ્યો તેજસ્વી લાગતા હતા, ભરયુવાન હતા, આ બધું મને કેમ ગમે ?

એ સાધુ પાસે દીક્ષાપ્રસંગ નિમિત્તે અનેક શ્રાવકો આવે, એના ભક્તો બને, એની જ વાહ વાહ ગચ્છમાં ચાલે, ઉપાશ્રયમાં જે આવે, એ એમની જ પાસે જાય... આ બધું હું જોઈ ન શક્યો પણ શું કરું ? શું કરી શકું ? મનથી મેં ઘોર-અતિઘોર પાપો બાંધ્યા. '' એ ત્રણની દીક્ષા રદ થાય તો સારું. એક્સીડન્ટ વગેરેમાં કોઈક મરી જાય તો સારું. ગમે તે રીતે એ ત્રણ જણનો પેલા સાધુ પ્રત્યેનો ભાવ ખતમ થઈ જાય તો સારું...''

ઓ અરિહંત ! હું શેતાન બન્યો. મારી જાતને ચારિત્રરાગી કહેવડાવતો હું બીજાઓ ચારિત્ર જ ન લે એવા હલકટ વિચારો કરી બેઠો. કેવું ઘોરાતિઘોર ચારિત્રમોહનીય બાંધ્યું મેં !

અને એ દીક્ષાપ્રસંગનો દિવસ ! બધા આનંદમાં, ઉલ્લાસમાં ! હું ભારે

ખેદમાં ! એકેએક પ્રસંગ મને શરીરમાં અપાતા ડામ જેવો અસહ્ય દુઃખ દેનારો બન્યો. ત્રણેય મુમુક્ષુઓનું અપ્રતિમ તેજ ! ૮-૧૦ હજારની માનવમેદની ! શ્રીમંતાઈને લીધે લાખો રૂપિયામાં જતા એક-એક ચડાવાઓ ! ખુદ ગુરુ દ્વારા એ નાના સાધુની ભરપેટ પ્રશંસા ! જાહેરમાં પ્રશંસા ! મારા જેવાના અસ્તિત્વની તો નોંધ સુદ્ધા પણ નહિ. એ બધું મેં કેમ સહ્યું ? મને જ ખબર નથી.

ત્રણ પ્રદક્ષિણાઓ વખતે મેં પણ મુમુક્ષુઓ નૂતન દીક્ષિતો ઉપર વાસક્ષેપ નાંખ્યો, મોઢેથી બોલ્યો,'ઉત્તમ સંયમી બનજો, શાસનપ્રભાવક બનજો...' પણ હૈયાના ભાવ ! જો કોઈને કહું તો કોઈપણ મને ધિક્કાર્યા વિના ન રહે.

થોડાક દિવસો બાદ ત્રણમાંથી એકને મેલેરિયા થયો. નવકારશી - આધાકર્મી - હોસ્પીટલાદિ દોષોમાં એ લપેટાયો, હું ખુશ ! ચાર-પાંચ દિવસમાં સાજો થઈ ફરી એકાસણા પર એ ચડી ગયો, હું દુઃખી ! બીજો સાધુ એના ગુરુની સામે એકવાર ઉંચા અવાજે બોલતો સંભળાયો, મને ખબર પડી કે એ ગુરુ-શિષ્ય વચ્ચે કોઈક અણબનાવ બન્યો છે, અને મારું માનસિક સ્વાસ્થ્ય એકદમ સુધરી ગયું. સાંજે વંદન કરવા આવેલા શિષ્યને મેં કહી દીધું કે 'તારા ગુરુનો સ્વભાવ થોડો વિચિત્ર જ છે. અમારે તો વર્ષોનો અનુભવ છે. પણ તું ચિંતા ન કરીશ. કંઈપણ તકલીફ પડે, તો મને કહેજે...' એમ ગુરુની વિરુદ્ધમાં એના કાન ભંભેરી પણ નાંખ્યા.

પણ મારી ઈચ્છા ફળી નહિ. બે જ દિવસ બાદ એ શિષ્ય એના ગુરુના ખોળામાં માથું મૂકીને ધ્રૂસકે ધ્રૂસકે રડતો દેખાયો, એને પશ્ચાત્તાપ થયો, એ પાછો ગુરુને સંપૂર્ણ સમર્પિત થયો. બીજા જ દિવસથી એ પોતાના ગુરુનો વધુ સારો શિષ્ય બની ગયેલો દેખાવા લાગ્યો. એ બંને વચ્ચે તિરાડ પડે, એવી મારી મનોકામના અધૂરી રહી, મારું દુર્ભાગ્ય (!) !

ઓ આત્મન્ !

તું આટલો બધો અધમ કેમ ? આટલો બધો નીચ કેમ ?

છે કોઈ બાકી ? કે જે તારા સંપર્કમાં આવ્યો હોય અને તને એના તરફ ઈર્ષ્યા ન થઈ હોય.

સાધુઓને પાઠ આપવાની બાબત આવી, તો પણ બીજા પાઠકોની તને ઈર્ષ્યા થઈ જ. એ પાઠકોની પ્રશંસા તું સાંભળી ન શકતો, એમની ભૂલો જોયા કરવાનું તને ખૂબ મન થતું. તને કંઈ ન સમજાય તો પણ બીજા પાઠકોને પૂછીને એ શંકા દૂર કરવાનો

નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય આત્મ સંપ્રેક્ષણ

તને વિચાર ન આવ્યો, પ્રવૃત્તિ પણ ન થઈ.

વ્યાખ્યાનક્ષેત્રે પણ મારી આ જ દશા ! મારા વ્યાખ્યાનો કરતા મારા સહવર્તીના વ્યાખ્યાનો વખણાયા. લોકો એના વ્યાખ્યાનની માંગણી કરે. ખૂબ પ્રશંસા કરે, ગુરુ પણ લોકોની માંગણી જોઈ એને વધુ વ્યાખ્યાન સોંપે. હું મોટો હોવા છતાં ખૂણામાં બેસી રહું... વ્યાખ્યાન બાદ દિવસ દરમ્યાન ઘણા ગૃહસ્થો એ સાધુ પાસે આવે, એને પ્રશ્નો પૂછે, ઉત્તરો પામી પ્રસન્ન થાય. મારી પાસે કોઈ ન આવે, કોઈ આવે ! બેસે તો ય વાતવાતમાં પેલા સાધુના વ્યાખ્યાનની પ્રશંસા કરી બેસે અને હું સળગી ઉઠું.

હું કોઈ સંઘમાં જાઉં, અને ત્યાંના ટ્રસ્ટીઓ - ગૃહસ્થો બીજા ગચ્છના સાધુના વ્યાખ્યાનોની પ્રશંસા કરે, એના તત્ત્વજ્ઞાનાદિને અનુમોદે તો એ પણ મને ક્યારે ગમ્યું છે ? એ બધાને ઝાંખા પાડી દેવાના અભરખા ઘણા થયા છે, ''મારા ગુરુભાઈઓ કરતા પણ મારું વ્યાખ્યાન શ્રેષ્ઠ બની રહે, બધા મારા વ્યાખ્યાનમાં દોડે-હોલ ભરચક બની જાય - મારા ગુરુભાઈઓ મોઢામાં આંગળા નાંખતા થઈ જાય, ગુરુના મારા પર બાર હાથ થઈ જાય, સંઘમાં મારું પ્રભુત્વ સ્થપાઈ જાય - મારો પડઘો બોલ ઝીલાય...' વગેરે વગેરે શેખચલ્લીના વિચારો મેં ઘણા કર્યા છે, ઈર્ષ્યાથી પ્રેરાઈને કર્યા છે.

પણ પુણ્ય વિના આ બધું કંઈ બને ! ઉલ્ટું બધું ઉંધું જ બન્યું. મારી આ બધી અપેક્ષાઓ ધરતી પર ઉતરી ખરી, પણ મારા જીવનમાં નહિ, મારા ગુરુભાઈઓના જીવનમાં ! નાના-મોટા ઘણા ગુરુભાઈઓ મારા કરતા ઘણા આગળ નીકળી ગયા, ઘણી બાબતમાં આગળ નીકળી ગયા.

મારી અલ્પપુણ્યાઈ પર મને ખૂબ ગુસ્સો આવતો. બીજાની બહુપુણ્યાઈનું દર્શન મારા એ ગુસ્સાને બમણો બનાવી દેતું. પણ ગુસ્સો સફળ કરવા માટે ય પુણ્ય જોઈએ ને ?

''એ ગુરુભાઈઓના વ્યાખ્યાન નિષ્ફળ જાય, એમના વ્યાખ્યાનમાં ઘણી ઓછી સંખ્યા થાય, લોકો એમના વ્યાખ્યાનમાં કંટાળે, એમનું વ્યાખ્યાન શરૂ કરવા ભાઈઓ ભેગા કરવા પડે, નક્કી કરેલા સમય કરતા ૧૫ મિનિટ બાદ શ્રાવકો આવે, એ પણ પાંચ-દસ જ આવે અને માંડ વ્યાખ્યાન શરૂ થાય. બે-પાંચ શ્રાવકો એમના વ્યાખ્યાનની નિંદા કરે, ભૂલો કાઢે, એ ગુરુભાઈઓ પણ વ્યાખ્યાનમાં બફાટ કરી બેસે - ગુસ્સો કરી બેસે. પૈસાદિની બાબતમાં અપ્રિય બની જાય... આ બધું થાય તો ખૂબ-ખૂબ સારું'' આવા મારા અધમાધમ ચિંતનો સફળ ન થયા. ક્યારેક સફળ થયા તો હું ખૂબ હસ્યો.

ક્યારેક મારા આ સ્વપ્નો આખા ઉંધા પડતા દેખાયા, ત્યારે હું ખૂબ રડ્યો, ખૂબ સળગ્યો, ખૂબ ત્રાસ્યો.

વૈયાવચ્ચક્ષેત્રે વિચારું તો ય આ જ હાલત ! હું મારા ગુરુની વૈયાવચ્ચ કરું ખરો, પણ મારા ગુરુભાઈ વધુ સારી વૈયાવચ્ચ કરે, ગુરુને પણ એમની વૈયાવચ્ચ ફાવે, ગુરુ એ એક-બે વૈયાવચ્ચીની પ્રશંસા પણ કરે, મારી વૈયાવચ્ચની ખાસ નોંધ ન લેવાય, એમાં વળી ગુરુએ મને એકાદવાર ઠપકો આપ્યો કે,''ગુરુની વૈયાવચ્ચ કેવી રીતે કરવી, એ આ બે પાસે શીખ. તને વૈયાવચ્ચ કરતા નથી આવડતી.'' ગુરુ તો સહજ રીતે બોલ્યા, પણ મારામાં ઈર્ષ્યાનો અંકુરો ફૂટી ગયો. બસ, મારું મન એ વૈયાવચ્ચીઓની વૈયાવચ્ચના દોષો શોધતું થઈ ગયું, મારી વાણી એ મન વડે શોધાયેલા દોષોનો પ્રચાર કરતી થઈ ગઈ.

'' એ વૈયાવચ્ચીઓ ભલે ગમે એટલી વૈયાવચ્ચ કરે, પણ એમના ભાવો કેવા છે, એ તો મને ખબર છે. આ રીતે ગુરુને ખુશ કરીને પોતાના બધા સ્વાર્થ સાધવાનું કામ કરે છે. ગુરુ પ્રશંસા કરે, એટલે ગુરુના ભક્તો એમના ભક્ત બની જાય. ગુરુ પાસે આવેલા મુમુક્ષુઓ એમના મુમુક્ષુ બની જાય, આ છે એ કહેવાતા વૈયાવચ્ચીઓની ચાલબાજી !'' આવા આવા વિચારો-વચનો દ્વારા મેં જ મારી જાતને ખૂબ મલિન કરી.

ક્યારેક ગુરુ એ વૈયાવચ્ચીઓની ભૂલ બદલ ગુસ્સે થયા, વૈયાવચ્ચીને સખત ઠપકો આપ્યો. 'તને વૈયાવચ્ચ સોંપાય જ નહિ, તદ્દન જડ છે' એમ પણ બોલ્યા. આ બધું મેં જોયું, સાંભળ્યું. હું તો રાજી રાજી થઈ ગયો. પણ માયા કરતા મને ઘણી આવડે. હું તરત ગુરુ પાસે ગયો, 'શું થયું ? શું થયું ?' અને ગુરુએ ગુસ્સામાં જ એ વૈયાવચ્ચીની ભૂલો મારી આગળ રજુ કરી. હું તો અંદરખાને મસ્તી માણવા લાગ્યો, પણ બહારથી મેં કહ્યું,'એ તો ભૂલ થઈ જાય. આપ ક્ષમાશીલ છો, માફી આપી દો, ફરી ભૂલ નહિ કરે...' બહારથી તો મેં એમની તરફેણમાં હોવાનો દેખાવ કર્યો, પણ મને પાકી ખબર છે કે 'મારા મનમાં શું હતું ?' એ દિવસે મેં દોઢી ગોચરી વાપરી, ખૂબ પ્રસન્નતાથી વાપરી. જે મળ્યા, એ બધાને પેલો પ્રસંગ ઠાવકાઈપૂર્વક કહ્યો અને 'એ વૈયાવચ્ચીની વૈયાવચ્ચ ભૂલોથી ભરપૂર છે. ગુરુને પણ નથી ગમતી.' એ વાત ઉપસાવવાનો મેં મારી શક્તિ ઉલ્લંઘીને ય પ્રયત્ન કર્યો.

બસ...બસ...બસ...

ભગવાન ! ઓ મારા તારક પરમેશ્વર ! વધુ શું કહું તને ? એક પણ જીવને માર્યા-

વિના માત્ર મલિનભાવોથી સાતમી નારકમાં જનમ થાય, એ આનું નામ !

જયાં પ્રમોદભાવ નથી, બીજાના ગુણો-સુખો-વિકાસો બદલ હર્ષ નથી, ત્યાં બાહ્યચારિત્ર ભલે ને ગમે એટલું મહાન હોય, ભલે ને હું ૧૦૦ ઓળીઓ પૂર્ણ કરીને 'વર્ધમાનતપોનિધિ' બની ગયો હોઉં, ભલે ને હું ૪૫ આગમોનો અભ્યાસ કરીને 'આગમજ્ઞાતા' બની ગયો હોઉં, ભલે ને હું શ્રેષ્ઠતમ, વ્યાખ્યાનો કરીને, 'પ્રવચનપ્રભાવક' બની ગયો હોઉં, ભલે ને હું ૨૫-૫૦નો ગુરુ બનીને 'અનંતાનંતોપકારી' બની ગયો હોઉં, ભલે ને હું નવ વાડોનું અણિશુદ્ધ પાલન કરીને 'વિશુદ્ધ બ્રહ્મચર્યનો સ્વામી' બની ગયો હોઉં....

પણ શું કરવાના આ અબજો રૂપિયાની કિંમતના ઘરેણાઓને ? કે જયારે આ ચારિત્રશરીરનો પ્રાણ જ ખતમ થઈ ગયો હોય.

ભલા કંઈ મડદાને અબજો રૂપિયાના ઘરેણાઓનો શણગાર કરાતો હશે ? એ કરીએ તોય એ શોભતો હશે ?

તો બીજાના સુકૃતો બદલ હર્ષ, એની ખૂબ પ્રશંસા, બીજાના વિકાસ માટેની આંતરિક ઈચ્છા... આ બધું તો ચારિત્રનો પ્રાણ છે. એ જ મારામાં મરી પરવારેલો છે, માટે જ મારા ચારિત્રશરીરમાંથી ઈર્ષ્યાની દુર્ગંધ આવે છે. આવા દુર્ગંધી બાહ્યચારિત્રદેહ પર વર્ધમાનતપોનિધિ - આગમજ્ઞાતા - પ્રવચનપ્રભાવક - અનંતાનંતોપકારી - વિશુદ્ધબ્રહ્મચર્યધારક વગેરે વગેરે અમૂલ્ય ઘરેણાઓ ચડાવાતા હશે ? એ ચડાવીએ તોય શોભતા હશે ?

મને આ ઈર્ષ્યાના કારણે કેટલું બધું નુકસાન થશે !

→ ઈર્ષ્યા કરનારાનું માત્ર મન જ બળે છે, એટલું નહિ, પણ પુણ્ય પણ બળી જાય. નિષ્પુણ્યક બનેલા મને પછી તમામ ક્ષેત્રોમાં નિષ્ફળતા - નિષ્ફળતા જ મળશે.

→ ઈર્ષ્યાના કારણે મન સતત બળાપો અનુભવે. એવા મનની અસર શરીર પર થાય. લોહી બળી જાય, ખાધેલાની શક્તિ બને નહિ, શરીર નબળું પડવા લાગે.

→ બીજાની ઈર્ષ્યા કરવાથી એનું તો કશું બગડવાનું નથી, ઉલ્ટું એ ઈર્ષ્યાના કારણે મારું જ દુઃખ વધવાનું છે. મારી જ પ્રસન્નતા ખંડિત થવાની છે, મારો જ આનંદ લુંટાઈ જવાનો છે.

→ આ બધા નુકસાનો કરતા ય મોટું નુકસાન એ છે કે આમાં મારો આત્મા ગુણસમૃદ્ધિ સાધી નહિ શકે. કેમકે ગુણપ્રાપ્તિનો એક અનિવાર્ય ઉપાય છે ગુણાનુરાગ !

ગુણાનુમોદના ! ગુણપ્રશંસા ! પણ મારી પાસે એ નથી, કેમકે મારામાં ઈર્ષ્યા છે. હવે જો ઉપાય જ ન હોય, તો ગુણપ્રાપ્તિ કેમ થશે ? અને એ વિના મોક્ષ તો ન જ થાય. જો મોક્ષ નહિ, તો બાકી રહ્યો માત્ર સંસાર ! દુર્ગતિઓથી ભરચક સંસાર !

મારે કોઈપણ ભોગે આ ઈર્ષ્યાદોષને કાઢવો જ પડશે. ખતમ કરવો જ પડશે.

એ માટેના જે જે ઉપાયો હોય, તે મારે આચરવા જ પડશે.

એમાં સૌથી પ્રથમ ઉપાય છે 'જેઓને આવી ઈર્ષ્યા સતાવતી નથી, તેવા ગુણાનુરાગીઓના એ ગુણાનુરાગ નામના ગુણની ભરપૂર અનુમોદના ! હાર્દિક અનુમોદના !'

આજે મારી સ્થિતિ એવી છે કે 'જો મારા કરતા નાનો સાધુ આગળ વધે, તો હું ખમી ન શકું, એમાં ય જો ગુરુ મને એ નાના સાધુ પાસે ભણવાનું કહે તો તો મારી હાલત જ બગડી જાય.' એની સામે પેલા આર્યસિંહગિરિના શિષ્યો કેટલા મહાન ! તેઓ દીર્ઘ પર્યાયવાળા હતા. ત્યાગી - તપસ્વી - સંયમી - જ્ઞાની હતા... છતાં ગુરુએ એમને જ્યારે કહ્યું કે,'હવે વજ્રમુનિ તમને વાચના આપશે' તો એક જ પળમાં એ વાત સ્વીકારી લીધી.

હવે વજ્રમુનિ તો ઉંમરમાં સાવ નાના, દીક્ષાપર્યાયમાં પણ નાના ! એમની પાસે કોણ તૈયાર થાય પાઠ લેવા ? હું હોઉં તો મને મારા ગુરુ ઉપર જ ગુસ્સો આવે. 'ગુરુનું મગજ ઠેકાણે નથી...' એવા વિચારો આવે. પણ એ મુનિઓએ કોઈ જ વિચાર ન કર્યો. 'વજ્રમુનિ મારા કરતા આગળ નીકળી ગયા' એવી ઈર્ષ્યા ન કરી, એમની નિંદા - મશ્કરી પણ ન કરી.

માટે જ તો શાસ્ત્રકારોએ એ મુનિઓની અનુમોદના કરી છે. ઉપદેશમાલામાં કહ્યું છે કે,'सिंहगिरिसुसीसाणं भद्दं गुरुवयणं सद्दहंताणं । वयरो किर दाहि वायणत्ति नवि कोविअं वयणं'

પ્રભુવીરે સમવસરણમાં કરોડો દેવો - માનવોની સમક્ષ ધન્ના અણગારની પ્રશંસા કરી,''મારા ૧૪ હજાર સાધુઓમાં ઉત્તમોત્તમ સાધુ આ ધન્નો છે. એના અધ્યવસાય રોજ વર્ધમાન જ રહે છે.'' આવું સાંભળવા છતાં ગણધર મહારાજાઓને કે હજારો સાધુઓને ધન્ના પ્રત્યે ઈર્ષ્યા ન થઈ. 'પ્રભુ ખોટેખોટી પ્રશંસા કરે છે, એના કરતા તો અમારો તપ-વૈયાવચ્ચ જોરદાર છે..' એવા વિચાર નથી આવ્યા. ઉલ્ટું બધાએ પ્રભુના વચનોને સહર્ષ સ્વીકાર્યા. ધન્ના અણગારની ભરપેટ પ્રશંસા કરી.

મારી હાલત તો સાવ ખરાબ છે. ગુરુ જો ઘણા સાધુઓની વચ્ચે કે ઘણા શ્રાવકોની વચ્ચે બીજા કોઈ સાધુની પ્રસંસા કરે, મારા સહવર્તીની પ્રશંસા કરે, એને ખૂબ ખૂબ મહાન તરીકે વર્ણવે તો હું તો ઈર્ષ્યાથી સળગી જ ઉઠું. એ મહાત્માની પ્રશંસા તો દૂરની વાત, પણ ઉલ્ટું ગુરુને માટે ય ગમે તેવા વિચારો કરી બેસું. 'ગુરુ પક્ષપાતી છે...ગુરુ ભોળા છે. એ માત્ર પેલા સાધુના બાહ્ય આડંબરમાં અંજાઈ જાય છે, અંદરની કશી ખબર નથી... એ સાધુએ વૈયાવચ્ચ કરી કરીને ગુરુને આવર્જિત કરી લીધા છે...' આવા આવા કેટલાય વિચારો મને આવી જાય.

રે ! પ્રભુવીરના શિષ્યો તો જવા દો, પણ મારા વૃંદમાં પણ કેટલા ઉત્તમ મુનિઓ છે. તેઓ કદી ઈર્ષ્યા નથી કરતા, ગુરુના મુખે બીજા સાધુની પ્રશંસા સાંભળીને તેઓ હર્ષ પામે છે, પ્રમોદ ધારણ કરે છે... હું ક્યારે બનીશ આવો ?

બસ, મારે મુખ્યત્વે આ જ કામ કરવું છે.

જો ક્ષમાગુણ મેળવવો હોય, તો મારે ક્ષમાશીલ મહાત્માઓની હાર્દિક અનુમોદના કરવી જ પડે.

જો બ્રહ્મચર્યગુણ મેળવવો હોય, તો મારે નિર્મળશીલ પાલકોની હાર્દિક અનુમોદના કરવી જ પડે.

તો એ જ રીતે મારે ગુણાનુરાગ નામનો ગુણ મેળવવો છે, તો મારે ગુણાનુરાગીઓની, ઈર્ષ્યાદોષ વિનાનાઓની હાર્દિક અનુમોદના કરવી જ રહી.

આ શાસ્ત્રીય ઉપાય છે. શાંતસુધારસમાં કહ્યું છે કે प्रमोदमासाद्य गुणैः परेषां येषां मतिर्मज्जति साम्यसिन्धौ । देदीप्यते तेषु मनःप्रसादो, गुणास्तथैते विशदीभवन्ति ।

આ એક સૌથી અગત્યનો, સૌથી મહત્ત્વનો ઉપાય છે.

આ સિવાય બીજા પણ ઘણા ઉપાયો છે, એ મારે અજમાવવાના છે.

જે મહાત્મા પ્રત્યે મને ઈર્ષ્યા હોય, એ મહાત્માના કાર્યો મારે હોંશે હોંશે કરવા, એમની સેવા કરવી, ભક્તિ કરવી, ભલે મનમાં ઈર્ષ્યા ચાલે, પણ એના નાશની સમ્યક્ ભાવના સાથે મારે એ મહાત્માના કાર્યો કરતા રહેવું. એ મહાત્માના વસ્ત્રોનું પ્રતિલેખનાદિ કરવું, ગોચરીમાં મારી પાસે આવેલી અનુકૂળ વસ્તુ એ મહાત્માને વપરાવવી, અવસરે અવસરે એમની અનુમોદના કરવી, પ્રશંસા કરવી, એમના દોષો દેખાય તો પણ એ અંગે કશું ન બોલવું. એમની સાથે મીઠાશ ભરપૂર વાતો કરવી... હા ! હજી મનમાં એમના પ્રત્યે ઈર્ષ્યા છે જ, છતાં આ બધું જ મારે એ દોષના નાશ

માટે મન મનાવીને કરવાનું જ છે. એ કપટ નહિ જ ગણાય, કેમકે હું સારા આશયથી આ કામ કરું છું.

આમ કરવાથી એમના પ્રત્યેની મારી ઈર્ષ્યા ઘટશે-મટશે.

આ ઉપાય પણ શાસ્ત્રોમાં જ દર્શાવેલો છે ને ? મેં ષોડશકપ્રકરણમાં સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિજીનું વચન વાંચ્યું જ છે કે 'दाक्षिण्यं परकृत्येष्वपि योगः परो शुभो ज्ञेयः । गाम्भीर्यधैर्यसचिवो मात्सर्यविघातकृत्परमः' દાક્ષિણ્યગુણ માત્સર્યનો = ઈર્ષ્યાનો ઘાત કરનારો કહ્યો છે. દાક્ષિણ્યનો અર્થ સ્પષ્ટ જ છે કે મારે મારા કામો છોડીને ગૌણ કરીને બીજાના કામો કરવા, સાડા ત્રણસો ગાથાના સ્તવનમાં ઉપાધ્યાયજીએ કહ્યું જ છે કે **'નિજ કાર્ય છાંડી કરી, કરે અન્ય ઉપકાર, સુદક્ખિણ જન સર્વને ઉપાદેય વ્યવહાર.'**

એક વાત સો ટચના સોના જેવી છે કે જ્યાં મૈત્રીભાવ સાચો હોય, ત્યાં ઈર્ષ્યા હોઈ જ ન શકે. મને મારા શિષ્યો પ્રત્યે મૈત્રીભાવ છે, એમના હિતની ભાવના છે તો મને એમના વિકાસમાં આનંદ જ થાય છે. પણ જ્યાં મૈત્રીભાવ કાચો હોય, ત્યાં જ ઈર્ષ્યા ઉત્પન્ન થાય.

એટલે જેના તરફ મને ઈર્ષ્યા થાય છે, એના તરફ મારો મૈત્રીભાવ નબળો છે, એ હકીકત મારે માનવી જ રહી. મારે મૈત્રીભાવ વધારવો જ રહ્યો, જો મૈત્રીભાવ વધશે નહિ તો ઈર્ષ્યા દોષ ઘટશે નહિ જ.

મૈત્રી એટલે ? परहितचिन्ता ! જેના તરફ મને ઈર્ષ્યા છે, એના હિતની મારે ચિંતા કરવાની છે, ભલે શરૂઆતમાં એ પરહિતચિંતા હાર્દિક નહિ પણ થાય, એકબાજુ એ પરહિત ચિંતા અને બીજી બાજુ ઈર્ષ્યા એ બંને સાથે પણ ચાલે... પણ એ રીતે જ ધીમે ધીમે ઈર્ષ્યા નબળી પડશે.

પેલો સાધુ ખૂબ ભણે છે, એની મને ઈર્ષ્યા થાય છે...તો રોજ રાત્રે સૂતી વખતે મારે આવું ચિંતન કરવું જ છે કે 'અરિહંતદેવ ! એ સાધુ ખૂબ વિદ્વાન બનો, મહાગીતાર્થ બનો, મારા કરતા હજારગણો આગળ વધો. એનાથી શાસનને જ લાભ થવાનો છે ને ? અને મારી આ ભાવના હાર્દિક બનવા લાગો.'

પેલા નાના સાધુના વ્યાખ્યાનો વખણાય છે, શિષ્યો ધમધમાટ કરતા વધી રહ્યા છે... હું સળગું છું, આ બધું જોઈને ! તો મારે રોજ રાત્રે આવું ચિંતન કરવું જ છે કે ''એ સાધુ જોરદાર પ્રભાવક બનો. પાંચ હજાર માણસો એના વ્યાખ્યાનમાં એકઠા થાઓ. લોકો એના વ્યાખ્યાનને ખૂબ જ વખાણે એવું બનો. પચાસ - સો - બસો

શિષ્યો એ મહાત્માના ચરણે સમર્પિત બને... તો ખૂબ સરસ ! ભલે આ બધું મને ન મળ્યું. પણ એ મહાત્મા થકી આ કામ થશે તો પણ સારું જ છે ને ? વળી અનુમોદના દ્વારા મને પણ એટલો જ ફાયદો થશે...'

પેલો સાધુ ગુરુને માનીતો બની ગયો છે, ગુરુ વાતે વાતે એને બોલાવે છે, એની સલાહ લે છે, એની પ્રશંસા કરે છે, એને પોતાની સાથે જ રાખે છે... જ્યારે હું ગુરુને માનીતો નથી, એ મને ક્યારેક જ બોલાવે, મને ઠપકો પણ આપે... આ બધાના કારણે પેલો સાધુ મારી ઈર્ષ્યાનો વિષય બનેલો છે, તો રોજ મારે રાત્રે ચિંતન કરવું જ છે કે,'એ સાધુ ગુરુની ચિંતા દૂર કરનારો બનો. ગુરુ પછી ગુરુનું પદ એ જ સંભાળો. મારું પુણ્ય ઓછું, લાયકાત ઓછી... માટે હું ગુરુનો લાડીલો ન બની શક્યો. પણ એમાં શું ? પેલો સાધુ મારો ગુરુભાઈ જ છે ને ? એ આગળ વધે એ તો મારો જ વિકાસ ગણાય.''

આવી ચિંતનધારા મારે મારા ઈર્ષ્યાદોષનો વિષય બનેલા પ્રત્યેક વ્યક્તિ તરફ વહાવવી છે: આ મૈત્રીભાવના એ એવું પાણી છે કે જે ઈર્ષ્યામેલને ધોઈને સાફ કર્યા વિના નહિ જ રહે. હા ! મારે રાહ જોવી પડે, ઉતાવળે આંબા ન પાકે.

આ ત્રણ ઉપાયો એ જ હવે મારી સાધના બનાવી દઈશ.

આ થયું ઈર્ષ્યાદોષને લઈને આત્મસંપ્રેક્ષણ !

## ૪. દોષ નં. ૩ – આળસ - કામચોરી

<u>(૩) આળસ-કામચોરી :</u> મા-બાપનો લાડીલો હતો હું ! એટલે જ ઘરમાં નાના-મોટા કોઈ કામ કરતો ન હતો. આ સંસ્કારો મને ભારે નડતરરૂપ બન્યા નથી ને ? સંસારીપણામાં જ હું થોડોક મોટો થયો તે પછી બા મને ઘરના નાના-મોટા કામો ભળાવતી, ત્યારે મારું મોઢું ચડી જતું, બા ગુસ્સો કરતી ત્યારે ક-મને હું કામ કરતો, પણ મનમાં તો બાને ય જેમ તેમ સંભળાવતો.

ગમે તેમ તો ય એ મારી બા હતી, મારા પિતા હતા... એમણે તો મારા આ દોષને નભાવી લીધો, પણ એનું પરિણામ એ આવ્યું કે એ દોષ મજબૂત બન્યો.

ગુરુનો સંગ થયો, વૈરાગ્ય જાગ્યો અને રંગેચંગે દીક્ષા થઈ. વેષ પલટાયો, પણ સ્વભાવ પલટાયો નહિ, હું પણ એ વખતે સાવ અબુઝ હતો, 'દીક્ષા એટલે સ્વભાવપરિવર્તન કરવાની પ્રક્રિયા !' આ સત્ય હકીકતને હું જાણતો ન હતો, હું તો રાજી રાજી થઈ ગયો, મને સાધુવેષ મળવા બદલ !

ત્યારે હું નૂતનદીક્ષિત હતો, એટલે થોડા દિવસ તો મને ફૂલની જેમ સાચવવામાં આવ્યો, ગોચરી-પાણીમાં પણ મારી અંગત કાળજી કરવામાં આવી, સ્થંડિલ-માત્રુ-પડિલેહણાદિમાં મને ભરપૂર સહાય કરવામાં આવી. મારો કાપ પણ કાઢી આપવામાં આવતો. સંસારીપણામાં ભોગવેલી શેઠાઈ થોડાક દિવસ તો અહીં પણ ચાલી.

પણ આખરે મહેમાન જ્યારે ઘરનો જ માણસ બની જાય, પછી એની મહેમાનગીરી રોજ ન જ હોય ને ? મહેમાન આવે, ત્યારે ઘરે મીઠાઈ બને. પણ ઘરના માણસો માટે રોજેરોજ મીઠાઈ ન હોય. આનો અર્થ એ નથી કે 'મહેમાન વધુ વહાલા લાગ્યા છે...' પણ આનો અર્થ એટલો જ છે કે મહેમાન ક્યારેક જ આવે, એટલે એમને મીઠાઈ ખવડાવાય. ઘરનો માણસ તો કાયમનો હોય, એટલે હવે એને મીઠાઈ ખવડાવવાની ન હોય.

હું મહેમાન હતો, થોડાક દિવસ માટે ! હવે બની ગયો ઘરનો માણસ ! દીક્ષાને ૭-૮ દિવસ થયા, અને એક દિવસ ગુરુએ મને કહ્યું કે, 'તારું પડિલેહણ કોણ કરે છે ? ઓઘો કોણ બાંધી આપે છે ?' મેં કહ્યું કે, 'સાધુઓ કરે છે...' ગુરુએ કહ્યું કે, 'એ તારે જાતે કરવાનું. બધા સાધુઓ તારા કરતા વડીલ છે, એમની પાસે કામ કરાવાય ?' મેં કહ્યું કે, 'મને ઓઘો બાંધતા નથી આવડતો' અને ગુરુએ તરત એક સાધુને મને ઓઘો

બાંધતા શીખવાડવાનું કહ્યું.. અને એ દિવસથી મારો પરિશ્રમ વધી ગયો. ઓઘો બાંધવામાં રોજ અડધો કલાક થતો, મને એ સમય બગડતો લાગતો, મારે તો ભણવું હતું, આ બધો સમય મને અભ્યાસમાં વિઘ્નરૂપ લાગતો. ખરી વાત એ કે મને શેઠાઈ ગમતી હતી. સંસારમાં તો બા મારા કપડાને ઈસ્ત્રી કરતી, ગડી કરતી અને મને પહેરવા આપતી... હવે બા ન હતી, સાધુઓ પાસે કરાવવાનું ન હતું, ઈસ્ત્રી બંધ થઈ, કપડા મારે જ પડિલેહણ કરવાના, ગડી કરવાના.

સંસારમાં તો રાત્રે પલંગ તૈયાર જ હોય, ક્યારેક પથારીમાં ઉંઘવું પડે તો પણ બા જ પથારી પાથરી આપતી, પણ હવે ગમે એટલી ઉંઘ આવતી હોય તો પણ મારો સંથારો મારે જ પાથરવો પડતો. આ બધું થોડાક દિવસ આકરું લાગ્યું, પછી ટેવાઈ ગયો.

મારા શરૂઆતના બે-ત્રણ કાપ તો સાધુઓએ કાઢી આપ્યા, પણ એ પછી ગુરુએ પાછું મને કહ્યું કે,'આ રીતે તારા કપડા વડીલો ધૂએ, એ કેટલું ખરાબ લાગે...હવે તારે એ શીખી લેવાનું...' અને જીંદગીમાં પહેલીવાર કપડા ધોવાનું કામ મેં કર્યું, સાધુઓ મને શીખવાડતા હતા, પણ મને મનમાં અજંપો થયો...'હું સાધુ છું કે ધોબી !' એવા વિચારો આવ્યા. હું ન સમજી શક્યો કે,'શાસ્ત્રાજ્ઞાપૂર્વક વસ્ત્રો ધોવા એ પણ સંયમ છે.'

આમ કરતા કરતા મારા કામો તો હું મને કમને જાતે કરતો થઈ ગયો. પણ મારી ખરી કસોટી હવે થઈ. મારી વડીદીક્ષા થઈ ગઈ. જોડો પૂરા થઈ ગયા... એટલે એક દિવસ વ્યવસ્થાપકે મને બોલાવીને સમજાવ્યો કે,'અહીં માંડલીના કાર્યોની વ્યવસ્થા ગોઠવવામાં આવે છે, કોઈ પાણી લાવે, કાજો કાઢે - લુણા કાઢે - ગોચરી લાવે...વગેરે બોલો તમને શું ફાવશે ?'' સવારે પાણી લાવવું ફાવશે ? ચાર ઘડા લાવવાના...'

હવે મારો કામચોરી દોષ બરાબર કામ કરવા લાગ્યો. 'મારે તો ભણવાનું છે. મને આ બધું નહિ ફાવે.' મેં તરત ના પાડી દીધી. વ્યવસ્થાપકે જરાક કડકાઈ સાથે કહ્યું કે 'આમ ન ચાલે. બીજા સાધુઓ તમારા માટે ગોચરી લાવશે. તમારો કાજો-લુણાં કાઢશે, તો તમારે એમના માટે કંઈક તો કરવું જ જોઈએ. નહિ તો તેઓ પણ તમારું કોઈ કામ નહિ કરે, તમારે તમારા બધા કામ કરવા પડશે. પાણી-ગોચરી-કાજો-લુણા...બધું જ. બોલો, છે મંજુર !'

ત્યારે મને ભાન થયું કે,'અહીં મારી બા નથી, અહીં મારા કરતા વડીલ મુનિઓ છે' અણગમા સાથે મેં સવારે પાણી લાવવાનું સ્વીકાર્યું.

બીજા દિવસથી જ મારી અગ્નિપરીક્ષા શરૂ થઈ ગઈ, સાત વાગ્યાનો સૂર્યોદય હતો અને હું તો પોણાસાતે ઘડાઓ તૈયાર કરવા લાગ્યો. વડીલે કહ્યું કે,'સૂર્યોદય બાદ જ ઘડા પડિલહેણ કરાય...' અને પંદર મિનિટ મારે નકામી (!) પસાર કરવી પડી, સાત વાગ્યા બાદ ઘડાઓ તૈયાર કરી પાણી લેવા ગયો, ત્યાં પાંચ મિનિટની વાર હતી. એટલે ત્યાં રાહ જોવી પડી. ઘડાઓ લાવીને મેં તો મૂકી દીધા અને મારી જગ્યાએ બેસી ગયો. તરત વડીલ મારી પાસે આવ્યા. 'આવું ધગધગતું પાણી કોણ પીએ ? આ બધું પાણી પરાતમાં ઠારવાનું, ઠરી જાય પછી ગાળવાનું, ગુરુને પહોંચાડવાનું...'

હું અકળાઈ ગયો, મોઢું મચકોડીને ઉભો થયો, ધડાધડ પરાતો ગોઠવવા માંડ્યો, ત્યાં વળી બીજા સાધુ આવ્યા,'મહાત્મન્ ! આ પરાતોને પુંજણીથી પૂંજી લેવી પડે. નહિ તો એમાં જો નાના-મોટા જીવો હોય તો ગરમપાણીથી મરી જાય. અને નીચેની જમીન પણ બરાબર પૂંજી લેવાની. ઉતાવળ કરો એ ન ચાલે.'

મનમાં તો મને ગુસ્સો આવ્યો, સામે બોલવાનું મન થઈ ગયું. પણ હું નાનો-નવો હતો. સામેની વ્યક્તિ સાચી વાત કરતી હતી, એટલે મહામહેનતે મેં ગુસ્સો દબાવી રાખ્યો. આર્તધ્યાન સાથે પરાતો પૂંજીને એમાં પાણી ઠાર્યું.

અડધો કલાક બાદ ત્રીજા મહાત્મા મારી પાસે આવ્યા,'મહાત્મન્ ! પાણી ગાળવાનું છે...' હું કંઈ ન બોલ્યો, ભારે અજંપા સાથે મેં પાણી ગાળ્યું...આમ ગચ્છભક્તિનું સૌ પ્રથમ કામ આર્તધ્યાન-અસદ્ભાવ-અરુચિ-અણગમા સાથે મેં પૂર્ણ કર્યું.

મને એવા વિચારો ન આવ્યા કે ''પંચમહાવ્રતધારી, રત્નાધિક તમામ મહાત્માઓને ઠંડુ પાણી પીવડાવવાનો આ મોંઘો અવસર અનંતભવોમાં ક્યારેય મળે એમ નથી. આ તો અણમોલ લ્હાવો છે, જેટલો લુંટાય એટલો લુંટવાનો છે.'

મને એવા વિચારો ન આવ્યા કે,''એ જ મહાત્માઓ દિવસ દરમ્યાન મને પણ ઘણી સહાય કરે જ છે. બીજા કાળનું પાણી તેઓ લાવે છે, હું વાપરું છું. બપોરની ગોચરી તેઓ લાવે છે, હું વાપરું છું. ગોચરીમાં ઢોળાયેલો મારો કાજો તેઓ કાઢે છે, હું નહિ. મારા પાત્રા લુંછવાના લુણા તેઓ ધૂએ છે, હું નહિ...તો એમને સવારે શીતલજલ વપરાવવાનું એક ભક્તિકૃત્ય મારે ન કરવું જોઈએ ?'

મને એ વિચારો ન આવ્યા કે,'મહાત્માઓને શીતલજલ વપરાવવાને બદલે એમને ગમે તેવું પાણી વપરાવનારા મારે કદાચ આવતા ભવોમાં કોઈક રણપ્રદેશમાં•

તરસ્યા મરવાનો વારો આવે તો નવાઈ નહિ. વૈશાખની ગરમીમાં બપોરે બે વાગે પાણીની તરસ લાગી હોવા છતાં ધગધગતું પાણી જ મારે ના-છુટકે પીવું પડે...એવી દશા મારી થાય તો નવાઈ નહિ.

પણ આળસ-કામચોરીએ મને મૂઢ-નિર્લજ્જ બનાવી દીધો અને રાત્રે વ્યવસ્થાપક પાસે જઈને મેં ચોકખી ના પાડી દીધી કે 'હું પાણી નહિ લાવું, મને બીજું કામ સોંપો...' વ્યવસ્થાપક મુનિ હસી પડ્યા. 'તમને જે ગમે તે કામ સોંપું...'

મેં વિચાર કર્યો કે,'બપોરે કાજો લેવાનું કામ સહેલું છે, જલદી પતી જાય...' અને મેં મારો પ્રસ્તાવ મૂકી જ દીધો, એ તરત પસાર થઈ ગયો.

પણ આળસ-કામચોરી એ એવો દોષ છે કે જે દોષ કોઈપણ કામમાં ઉતાવળ કરાવે, કામને ખંતપૂર્વક સંપૂર્ણ અને યોગ્ય રીતે પાર પાડવાને બદલે લોચાઓ વાળવા તરફ પ્રેરે. 'કામ બગડે તો ય ચાલે' એવી મનોવૃત્તિ મનમાં ઉભી કરી દે.

એટલે જ કાજો કાઢવાના કામમાં પણ મારી અગ્નિપરીક્ષા થઈ. બન્યું એવું કે મારી ગોચરી તો જલ્દી પતી ગઈ, પણ વિશાળ ગોચરી માંડલી પૂર્ણ થતા બીજો અડધો કલાક લાગ્યો. મારે રાહ જોવી પડી. એ પછી હું ઝટઝટ દંડાસનથી બધો કાજો ભેગો કરવા લાગ્યો. પણ મારી ઉતાવળ જોઈને તરત એક સૂચના ઉચ્ચારાઈ 'મહાત્મા ! આ રીતે તો કાજો ભેગો થવાને બદલે ચારેબાજુ વેરાઈ જશે. જરાક ધીમે કરો. અને દંડાસન બરાબર ફેરવો, વચ્ચે ઘણી જગ્યામાં તો દંડાસન ફરતું જ નથી. ત્યાંનો કાજો રહી જશે...કીડીઓ થશે... સંમૂર્ચ્છિમ થશે...' અને વળી મનના ખેદ સાથે મારે મારી લાપરવાઈને અટકાવવી પડી.

કાજો સુપડીમાં લીધા બાદ લુંછણિયાથી ધડાધડ માંડલીની જગ્યાના સુપ વગેરેના ડાઘાઓ લુંછવા લાગ્યો. પણ ખોરાકની સુગંધને લીધે ઘણી કીડીઓ આમતેમ ફરવા લાગી હતી. એટલે પાછી સૂચના થઈ કે,'ધીમે કરો, જુઓ, કીડી મરી ગઈ. બધી કીડી દૂર કરો, પછી આ લુંછણિયું ફેરવો...' અને કીડીઓ દૂર કરવામાં જ ખાસ્સી મહેનત પડી, ખાસ્સો સમય લાગ્યો...ક્યાંક તો જીવદયાના એ કામમાં ઉપેક્ષાના ભાવો ય જાગી ગયા. કીડીને બચાવવાને બદલે સમય બચાવવો, પરિશ્રમ બચાવવો એ મારું લક્ષ્ય બની ગયું. એટલે જ ઉતાવળ કરી, એટલે જ બે-ચાર કીડી મરી ગઈ, મારો સંયમપરિણામ મરી ગયો કે મરવા પડ્યો... પણ છતાં મારો સ્વભાવ ન સુધર્યો. કામચોરીના એક દોષથી મારું ચારિત્ર ખતમ થયું. હું ઘણી મોટી કિંમત ચૂકવી રહ્યો

હતો, મારા એક દોષના કારણે... એ ભાન મને ન આવ્યું.

કાજો કાઢ્યા બાદ, કાજો પરઠવીને પાછો આવ્યો ત્યાં તો વળી નવી ફરિયાદ ! 'મહાત્મા ! માંડલીમાં નાના કણિયાઓ રહી ગયા છે, કાજો બરાબર લો. ફરીથી એકવાર વ્યવસ્થિત દંડાસનથી કાજો ભેગો કરો...' અને દીવેલ પીધેલા મોંઢે મેં ફરી કાજો લીધો, ઘણા કણિયા નીકળ્યા, છતાં મને મારો દોષ ન દેખાયો.

ત્યાં વળી એક પરીક્ષક હાજર થયા,'અરે ! અહીં તો સુપના ડાઘા રહી ગયા છે, બરાબર સાફ કરવું પડશે, નહિ તો કીડીઓ થશે. મહાત્મા ! એકવાર બરાબર લુંછણિયું કરી લો... ઉપાશ્રયની જગ્યા આવી બગડેલી હોય એ કેમ ચાલે ?.....'

હું ત્રાસી ગયો, બધા મને ટોકટોક કરતા હતા, પણ શું કરું ? નાનો અને નવો ! મુંગે મોંઢે એ અસહ્ય વેદનાને સહન કરી રહ્યો. ફરી લુંછણિયું કર્યું....

બે-ચાર દિવસ આવી જાતજાતની મુશ્કેલીઓ કાજો કાઢવામાં આવી... છેવટે હું કંટાળ્યો અને વ્યવસ્થાપકને પરખાવી દીધું કે,'હું કાજો નહિ કાઢું...લુણા કાઢીશ.'

અને આ ત્રીજા કાર્ય માટે મારો અભિષેક થયો.

પણ મારું દુર્ભાગ્ય ! કે હું એમાં ય પ્રસન્ન રહી ન શક્યો. ગોચરી પતે, ત્યાં સુધી રાહ જોવી પડી, બધા લુણા સર્ફમાં પલાડી દીધા બાદ હું એ ધોવા બેઠો. પણ મેં જોયું કે લુણા ઘણા વધારે હતા. સાધુઓ હતા ૨૦-૨૫, અને લુણા હતા ૩૦ ઉપર ! મેં તરત જ ફરિયાદ કરી કે,'જેટલા સાધુ એટલા જ લુણા હોય, વધારે નહિ. હું વધારાનો કાપ નહિ કાઢું... અને મેં વધારાના પલડી ગયેલા લુણા વ્યવસ્થાપકને આપી દીધા, મારા આ ઉદ્ધતાઈ ભરેલા વર્તનનો એમણે કોઈ જવાબ ન વાળ્યો. એટલા લુણાની એમણે અલગ વ્યવસ્થા કરી. પણ એ ૨૦-૨૫ લુણા કાઢવામાં ય મને કંટાળો આવ્યો, સર્ફ-સાબુ બે પાણી.... એ પછી બધા લુણા સુકવ્યા, એ મેલા પાણીમાં ગોચરીનું લુંછણિયું ઘસી ઘસીને ધોવું પડ્યું, એ પાણી પરઠવવા બે માળ ઉતરવા પડ્યા, એ ડોલ નીતરવા મૂકી, પરાત પણ નીતરવા મૂકી, પણ અડધો કલાક બાદ એ ડોલ પરાત ઉંચકીને, નીતરેલું પાણી લુંછવાની જવાબદારી તો ઉભી જ રહી. સુકાયેલું લુંછણિયું અને સુકવેલા લુણા નીચે ઉતારી લેવાનું કામ તો બાકી જ રહ્યું... આ બધું કરવા છતાં ફરિયાદો આવી કે,'લુણા બરાબર નીકળ્યા નથી, લુંછણિયામાં પણ ડાઘા રહી ગયા છે...' વગેરે. એમાં ક્યારેક નીતરેલું પાણી લુંછવાનું રહી ગયું અને સંમૂર્ચ્છિમની વિરાધના થઈ એનો ઠપકો ય મને મળ્યો.

ત્રણ-ચાર દિવસમાં મેં આ લુણા કાઢવાની નોકરી (!) પણ છોડી દીધી, અને ગોચરી જવાનું કામ સ્વીકાર્યું.

પણ પેલી કહેવત છે ને ! કે 'આપ ભલા તો જગ ભલા' એ કહેવત મારામાં ઉંધી રીતે લાગુ પડી. 'આપ બૂરા તો જગ બૂરા.'

હું જ કામચોર ! આળસુ ! એટલે નાના-મોટા કોઈપણ કામ મને કંટાળો જન્માવે, ઉતાવળ કરાવે,ઠપકો મળે તો ગુસ્સો પ્રગટાવે, અરુચિ-દ્વેષની આગ સળગાવે... સંયમની મસ્તી તો જવા દો, પણ આ આર્તધ્યાન-ક્રોધ-અરુચિ-અણગમાની હોળી જ મને દુઃખી દુઃખી દુઃખી કરી મૂકે.

અડધો પોણો કિ.મી. દૂર ગોચરી લેવા જવું - ઘરો ન મળે તો આમતેમ ફરવું - ગોચરી ન મળે તો કલાક સુધી બધે ફરવું - વજનના કારણે હાથ રહી જાય - પરસેવાના ટીપાઓ પડે - તડકો માથાને અને પગને બેયને તપાવે... એમ કરતા ઉપાશ્રયે પહોંચું અને ત્યાં ય શાતા ન મળે. 'આટલો મોડો કેમ આવ્યો ? બધી ઝોળી આવી ગઈ. તું પંદર મિનિટ મોડો છે. આમ ન ચાલે, સમયસર આવી જવાનું' ગુરુએ ઠપકો આપ્યો.

મને ગુસ્સો આવ્યો,'મારા પરિશ્રમની પ્રશંસા તો દૂરની વાત ! અહીં તો ગાળો જ ખાવી પડે છે...' પણ હું ચૂપ રહ્યો. મારા કપડા સુકવી હું વાપરવા આવ્યો તો મારી ગોચરી ઓછી હતી. એ વધઘટમાં લાવવા માટે મહાત્મા ગયા, મારે રાહ જોવી પડી...

એક દિ' ગોચરી ઘણી વધી, સાધુઓ હેરાન થયા. મને ઠપકો મળ્યો કે 'ગણીને લાવો છો ? કે જેમ તેમ ? આ બિલકુલ નહિ ચાલે...'

બે-ચાર દિ' ગોચરી ઘણી ઘટી, તો વળી એનો ય ઠપકો વ્યવસ્થાપકે મને આપ્યો કે,'જેટલું કહ્યું હોય, એટલું લાવવું પડે. તમે ૫૦-૬૦% ઉંચકીને ચાલી આવો એ ન ચાલે. વધઘટમાં કેટલું મંગાવાય ?...'

હું ખરેખર કંટાળી ગયો. આટલા સખત પુરુષાર્થથી તો કંટાળ્યો જ, સાથે અપયશ જ માથે પડવાથી પણ કંટાળ્યો.

અને મેં ગોચરીની પણ ના પાડી દીધી.

બસ, હવે બાકી શું રહ્યું ? મારા વર્ષોના વર્ષો આ રીતે કામબદલી કરવામાં જ વીત્યા. હું આર્તધ્યાનાદિમાં જ પીડાતો રહ્યો. આજે મને ખ્યાલ આવે છે કે દોષ એ

કાર્યોનો નથી, દોષ મારી આળસનો છે, આળસ ન હોય, 'કોઈપણ કામ એ સંયમ છે, એ મારે આદરવું છે. ઉમંગભેર આદરવું છે' એવો અદમ્ય ઉત્સાહ હોય તો એમાં કદી કંટાળો ન જ આવે.

આત્મન ! મારા પ્યારા આતમ ! બોલ, તને વડીલોના વસ્ત્રોનું પ્રતિલેખન કરવા જવું ગમે છે ? ના-છૂટકે કરવું પડે ત્યારે એક-બે વસ્ત્ર કરીને જ તું જતો રહે છે ? 'વડીલોએ સ્વાવલંબી બનવું જોઈએ, નાનાઓ પાસે કામ ન કરાવવું જોઈએ' એવા વિકલ્પો તને જાગે છે ?

આત્મન ! ગુરુ માત્રુ કરવા જાય, ત્યારે પ્યાલો પરઠવવાનો લાભ લેવા તું જલ્દી ત્યાં પહોંચી જાય છે ? કે ત્યાં જ તું ઉભો હોય તો ય ત્યાંથી દૂર જતો રહે છે ?

આત્મન ! કોઈ અશક્ત, કોઈ વડીલ, કોઈ ઘરડા સાધુ કાપ કાઢવા બેસે ત્યારે તું બધું પડતું મૂકી એમને સહાય કરવા ધસી જાય છે ? કે દૂર બેઠો બેઠો જોયા કરે છે ? વસ્ત્રો સુકવવા માટે પણ ઉભો થતો નથી ? 'સામે જ બેસીશ, તો શરમના કારણે પણ મારે એમનું કામ કરવા જવું પડશે' એવું વિચારી એ જગ્યા છોડીને બીજી જગ્યાએ જતો રહે છે ?

આત્મન ! અચાનક કેટલાક સાધુઓ વિહાર કરીને આવે, તો એમના માટે ગોચરી-પાણી લાવવાનો, કાજો કાઢવાનો, દોરી બાંધવાનો તને ઉલ્લાસ થાય છે ? કે પછી સાધુઓ આવતા દેખાય તો ય તું ઉભો પણ નથી થતો ? ગોચરી-પાણી લેવા જવું ન પડે, ગુરુ આદેશ ન કરી બેસે એ માટે ગુરુની નજર સામેથી દૂર થઈ જાય છે ?

ગચ્છમાં ક્યારેક બે-ત્રણ સાધુ માંદા પડે, ક્યારેક બે-ચાર જણને ઉપવાસ-છઠ્ઠ વગેરે હોય... એ વખતે માંડલીનું કામ વધી પડે, તને એનો ખ્યાલ પણ આવે, છતાં શું તું ક્યારેય પણ સામેથી વ્યવસ્થાપક પાસે ગયો છે ? તેં કહ્યું છે ? કે 'મને બે-ત્રણ કામ સોંપજો, ચિંતા ન કરતા, આવા પ્રસંગે મને લાભ આપજો.' રે ! વ્યવસ્થાપક ખુદ સામેથી તને બે કામ સોંપે, માંદગી-તપ વગેરેના કારણ દર્શાવે ત્યારે શું તેં ઉલ્લાસપૂર્વક બે કામ સ્વીકાર્યા છે ? કે મોઢું બગાડી દીધું છે ? કે વેપારી જેમ ભાવતાલ કરે, એમ કામ ઓછું કરાવ્યું છે ? કે પછી નિર્લજ્જ બનીને ચોકખીચટ ના જ પાડી દીધી છે ? કે 'હું મારું એક કામ કરીશ. વધારાના કામ બીજાને સોંપો, હું એકલો જ દેખાઉં છું તમને ?'

હા ! મને પ્રતિક્રમણ બાદ તરત સુઈ જવું ગમે, આઠ કલાક ઘોર્યા કરવું ગમે,

નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય

બપોરે પણ ગોચરી બાદ અડધો કલાક ઉંઘવું ગમે. ઘરે ઘરે ગોચરી ફરવાને બદલે રસોડામાંથી - વિહારધામોમાંથી - એકસાથે બધી ગોચરી લાવવી ગમે, મને કશું કામ ન સોંપાય એ ગમે, મારું કામ બીજા કરી જાય એ ગમે, વિહારો કરવા ન પડે - કરવા પડે તો ય ઉપધિ ઉંચકવી ન પડે એ ગમે....

ન ગમે મને, જો કોઈ પોતાનું કામ મને સોંપે તો !

ન ગમે મને, જો વિહારમાં મારે મારી ઉપધિ પણ ઉંચકવી પડે તો !

ન ગમે મને, વૃદ્ધોને - ગ્લાનોને સાચવવામાં ઘસાઈ છુટવાનું !

ન ગમે મને, ગુર્વાદિના કાપાદિ કાર્યો કરવાનું !

આ બધું શું બરાબર છે ?

આના નુકસાનો કેટલા ?

→ બધા મને 'આળસુનો પીર, કામચોર, શેઠ' વગેરે વગેરે બિરુદોથી નવાજે છે, મારો અપયશ ફેલાય છે.

→ જેમ હું બીજાના કાર્યોમાં, માંડલીના કાર્યોમાં ઉપેક્ષા કરું છું. એમ બીજાઓ પણ મારી કાળજી નથી કરતા, મારા કાર્યોમાં ઉપેક્ષા કરે છે, મને જરૂર હોય ત્યારે પણ કોઈ મને સહાય નથી કરતું, ઓછી કરે છે.

→ મારા આ સ્વભાવને લીધે કોઈ મારી સાથે રહેવા તૈયાર નથી થતું. કેમકે હું કામ ન કરું...ઓછું કરું... એટલે બધો બોજો સાથેના સાધુ પર આવે, એ એને ન ગમે એ સ્વાભાવિક છે. એટલે જો હું મારો સ્વભાવ નહિ બદલું તો ભવિષ્યમાં સાવ એકલો પડી જઈશ. કોઈ મને ચાહશે નહિ, સાથે રહેશે નહિ.

→ આળસના નુકસાન ઓછા નથી, ગુરુ વગેરે વડીલો આવતા હશે તો પણ હું આળસના કારણે ઉભો નહિ થાઉં. આ અવિનય ચારિત્રને મલિન કરશે, મારા આ અવિનય બદલ ગુરુ મને અપાત્ર જાણી શ્રુત વિદ્યા પદવી વગેરે કશું જ નહિ આપે. મારા બંને લોક બગડશે.

→ વિહારમાં ઘણા બધા તીર્થો આવશે, પ્રાચીન જિનાલયો આવશે, પણ એના દર્શન કરવા માટે ૧-૨-૪ કિ.મી. વધુ ચાલવું પડે એવું ઘણીવાર બને. હવે મારામાં આળસ છે, એટલે અડધો કિ.મી. વધતું હશે, તો ય હું દર્શન કરવા નહિ જાઉં... ઓછામાં ઓછો વિહાર કરવાનું જ ગણિત રાખીશ.

આના કારણે એ પ્રાચીન તીર્થો, એ પ્રાચીન પ્રતિમાઓ... એ બધાનું દર્શન,

આત્મ સંપ્રેક્ષણ

એનાથી જાગનારા ભાવો, એથી થનારી સમ્યક્ત્વ વિશુદ્ધિ.... આ બધું જ હું ગુમાવીશ.

→ આળસ દોષ મને દોષિત ગોચરી વહોરવા પ્રેરશે. ૧ કિ.મી. દૂર સ્થંડિલ જવાને બદલે વાડામાં જઈ આવવા પ્રેરશે, માસ થયા બાદ સ્થાન છોડી દેવાને બદલે એક જ સ્થાને લાંબો સમય રહેવા માટે મને પ્રેરશે, ગ્લાન-વૃદ્ધની સેવા કરવાને બદલે એ બધાની ઉપેક્ષા અને માટે જ એમનો ત્યાગ કરવા મને પ્રેરશે.

→ મને સત્તર સંડાસાપૂર્વક વિધિસર ક્રિયા કરાવવાને બદલે બેઠા-બેઠા, અવિધિવાળી ક્રિયા કરવા માટે પ્રેરશે. આ રીતે મારા ચારિત્રાચારમાં પુષ્કળ પુષ્કળ મલિનતા ઉભી થશે.

હાય ! માત્ર એક આળસદોષ મારી રત્નત્રયીને ખતમ કરી નાંખે, અને મારે જોયા કરવાનું ?

હું હવે સંકલ્પ કરું છું કે મારે કામચોર બનવું નથી, આળસું બનવું નથી.

એ મેઘકુમારે બે આંખ સિવાય આખું શરીર વૈયાવચ્ચમાં આપી દીધું. મારે તો રોજના વધુમાં વધુ માત્ર બે-ત્રણ કલાક જ ગચ્છની - સાધુઓની વૈયાવચ્ચ માટે ફાળવવાના છે. એ મને કેમ ન ફાવે ?

પેલા સંસારીઓ પરિવારને સાચવવા રોજની ૮-૧૦ કલાકની મજુરી હોંશે-હોંશે કરે છે... છતાં તેઓ પરિવારને પોષીને પણ અંતે તો પાપ જ બાંધે છે. જ્યારે આ આખો ગચ્છ સંયમી મુનિવરો મારો પરિવાર છે. એમની ભક્તિ માટે દિવસમાં મારે માંડ એકાદ કલાક કે વધીને દોઢ-બે કલાક માંડલી વગેરેના કાર્યો કરવાના છે. એમાં વળી ભક્તિભાવને કારણે એકાન્તે કર્મક્ષય, અપાર પુણ્યબંધ... આ જ મને મળવાનું છે. તો મારે એ કામમાં શીદને આળસ કરવી ?

પેલા બાહુ-સુબાહુએ ખૂબ ભક્તિ કરી, તો ગુરુની ભરપૂર પ્રશંસા પામ્યા, કાળધર્મ પામીને અંતે ભરત અને બાહુબલી બન્યા. એ છે તાકાત ગચ્છભક્તિની ! મારું શરીર સારું છે. સક્ષમ છે... હું પણ દિવસના બે કલાક આ કામમાં શા માટે ન ફાળવું ?

અને એ તો હકીકત છે કે જે આળસું ન હોય, ઉદ્યમશીલ હોય એને જ સફળતાઓ મળે. લોકો એને જ ઝંખે, એને પૂજે. એને પ્રશંસે, એને ચાહે... ભલે મારે એ ભૌતિકતા નથી જોઈતી. પણ આ ગુણની વિશિષ્ટતા તો આનાથી સાબિત થાય જ છે ને ?

હવે હું મારો સ્વભાવ બદલું છું.

કોઈપણ કામ મને સોંપાય, તરત હા પાડીશ. બમણા ઉલ્લાસ સાથે હા પાડીશ. કામ પતાવવા નહિ, પણ ખૂબ સરસ કરવા ઉદ્યમ કરીશ, ઉતાવળ છોડી ચીવટ રાખનારો બનીશ, વ્યવસ્થાપકને નિશ્ચિંત બનાવી દઈશ. જરૂર પડે ત્યારે બે-ચાર કામો કરવા સદાય તત્પર રહીશ. આળસને કાયમ માટે ખંખેરી નાંખીશ. મારું નામ **<u>'કામચોર'</u>**ને બદલે **<u>'કામજોર'</u>** બનાવી દઈશ. અર્થાત્ દરેક કામો જોરથી-ઉલ્લાસથી કરીશ.

વળી મહત્વની વાત એ છે કે મેં મારા સ્વભાવમાં કામચોરી તો અનુભવી છે જ, પણ એ ઉપરાંત 'બીજા સાધુઓ મારા કરતા ઓછું કામ કરે અને મારે વધારે કામ કરવું પડે...' એ મને વધારે ખૂંચે છે. બીજાનું ચાર ઘડા પાણી લાવવાનું કામ ૨૦ મિનિટમાં પતી જતું હોય અને મને ગોચરીમાં પોણો - એક કલાક થતો હોય એટલે તરત મારું મન બળવો કરે,'મારે પોણો કલાક કામ કરવાનું અને એને ૨૦ જ મિનિટ ! આ અન્યાય કહેવાય, આવું ન ચાલે.'

એમ મને પહેલીનું પાણી લાવવાનું કહ્યું હોય, એમાં ઠારવા-ગાળવા વગેરેમાં પોણો કલાક થતો હોય અને બીજીનું ઠંડુ પાણી લાવનારને એ કામ ૨૦ મિનિટમાં પતી જતું હોય, તો ત્યાં ય મારું મન બળવો કરે કે, 'એને તો પાણી ઠારવાનું - ગાળવાનું કશું જ નહિ... મારે બધું કરવું પડે. આ કંઈ વ્યવસ્થા છે ?'

આવું બધા જ કામ અંગે બને છે. મારા સહવર્તીઓ જેટલું કામ કરે એના કરતા વધુ, દોઢગણું, બમણું કામ જો મારે કરવું પડે તો મારું મન કુવિચારોમાં ચડી જાય છે.

પણ જો બીજીનું પાણી લાવનારે ૪ના બદલે ૬ ઘડા લાવવાના હોય, એ પણ ગરમ પાણી આવવાથી એને પણ ઠારવા-ગાળવાના હોય અને એટલે એને પાકો કલાક થતો હોય, મારા કરતા એનું કામ મોટું થતું હોય, તો હું કદી ફરિયાદ નથી કરતો કે 'મને કેમ મોટું કામ ?'

આ પણ મનની એક વિચિત્રતા જ છે ને ? મને પોણો કલાક કામ કરવાનો વાંધો નથી. પણ એ ત્યારે જ કે મારા સહવર્તીઓ પણ પોણો-એક કલાક મારા જેટલું કે મારા કરતા વધારે કામ કરતા હોય. પણ જો એમનું કામ મારા કરતા પોણા ભાગનું - અડધા ભાગનું હોય તો મને એ જ પોણો કલાક કામ કરવામાં મોટો વાંધો છે.

હું એ ભૂલી ગયો કે જિનશાસનમાં તો સહન કરવું એ જ ન્યાય છે.

વ્યવસ્થાપકની ફરજ ભલે એ હોય કે બધાને સરખું કામ સોંપવું, પણ મારી = એક સંયમીની ફરજ તો એ જ હોય કે મારે પ્રતીકાર ન કરવો. વધુ કામને સહર્ષ સ્વીકારવું.

ઘરમાં બા આખો દિવસ કેટલું કામ કરે છે ? એના બાળકો તો કશું કામ કરતા નથી, ઉલ્ટું બાળકો કામ વધારે છે, છતાં બા હોંશે હોંશે આખો દિ' કામ કરે જ છે ને ? કેમકે એને બાળકો અત્યંત પ્યારા છે. બા નથી વિચારતી કે 'મારે જ રોટલી-રોટલા બનાવવાના ? ત્રણ ટાઈમ મારે જ રસોડાની ગરમી સહન કરવાની ? ઝાડું-પોતા મારે જ કરવાના ? કપડા મારે જ ધોવાના ? આ બાળકોએ કશું નહિ કરવાનું ? એ ન ચાલે. બાળકોએ પણ કામ કરવું જ પડશે. ઘરના બધા સભ્યોએ સરખે ભાગે કામ કરવાનું...'

બા બાળકો પાસે આવી કોઈ અપેક્ષા રાખતી નથી. બધા કામ ખૂબ ઉલ્લાસથી કરે છે, કારણ ? કારણ કે એ બા છે, બાળકો એને અત્યંત પ્યારા છે.

આ તમામ સાધુઓ શું માને પ્યારા નથી ? અતિપ્યારા નથી ? એમના પ્રત્યે મારું વાત્સલ્ય ઓછું છે ? સાધર્મિકવાત્સલ્ય નામનો સમ્યક્ત્વનો આચાર મારામાં નબળો છે ? એ ચાલી શકે ખરું કે ? મારે તો એ સ્નેહભાવથી ઉભરાઈ જઈને એ મુનિવરો માટેના કાર્યો હોંશે હોંશે કરવા જોઈએ. એમાં વળી સરખે સરખા કામ વહેંચવાની વાત જ કેમ ઉભી થાય ?

બાળકો તોફાની પણ હોય, જીદ્દી પણ હોય. અવળચંડા પણ હોય... છતાં બાને મન બધા સરખા ! એમ કોઈક સાધુ આળસુ-પ્રમાદી ! કોઈક સાધુ ક્રોધી ! કોઈક સાધુ મારા તરફ જ અરુચિવાળો... છતાં મારે મન બધા સરખા ! કેમકે એ નાના-નાના દોષો હોવા છતાં તેઓ સાધુ છે - મહાત્મા છે.

એક માતાનું વાત્સલ્ય, એક મોટાભાઈનું વાત્સલ્ય મારે મારામાં પ્રગટાવવાનું છે. બસ, પછી 'મને કેમ વધારે કામ ? પેલાને કેમ ઓછું કામ ?' એવી તુચ્છ ફરિયાદો મારા મનમાં નહિ પ્રગટે.

પ્રભો ! મને આ કાર્યમાં સહાયક બનજે !

આ થયું આળસ-કામચોરી દોષની અપેક્ષાથી આત્મસંપ્રેક્ષણ !

## ૫. દોષ નં. ૪ – આસક્તિ



(૪) આસક્તિ : સંસારીપણામાં જ્યારે વૈરાગ્ય પામ્યો ન હતો. ત્યારે તો મને જીભના ચટાકા ભારે હતા. અમુક શાક ખૂબ ભાવે, અમુક શાક બિલકુલ ન ભાવે, અમુક દાળ બે વાટકી પી જઉં, અમુક દાળ મોઢે પણ ન અડાડું, સાંજની રસોઈમાં ફરસાણ ખાવા જોઈએ, ભાખરી-ખીચડી-ઢોકળી બનાવી હોય તો મને ગુસ્સો આવે. બાને બે-ચાર સંભળાવી દેતો, જમવાનું છોડી દેતો. ના-છુટકે મારી બાને મારા માટે રોજ કંઈ ને કંઈ ફરસાણ બનાવવું પડતું.

હોટલોના જલસા - ઠંડા પીણા - લારી પર મળતી ચટાકેદાર આઈટમો-આઈસ્ક્રીમો... છપ્પનીયા દુકાળમાંથી આવેલો ભૂખ્યો ડાંસ માણસ ન હોઉં એમ હું ખૂબ ખાતો-પીતો. પણ સંસારમાં તો આવું ઘણા કરતા હોય એટલે 'આ દોષ છે' એવું કોઈને ન લાગે, મને પણ ન લાગ્યું.

પણ, ગુરુનો સંપર્ક થયો, વૈરાગ્ય પામ્યો, અભક્ષ્ય ત્યાગ્યા, એકાસણા-બેસણા-આંબિલાદિ કરતો થયો, મને લાગતું કે 'મારી આસક્તિ ઘણી ઘટી ગઈ છે. એ વિના હું આટલો બધો ત્યાગ કેમ કરી શકું ?' પણ શું એ મારી ભ્રમણા હતી ? જાતને ઓળખવામાં મેં કંઈ થાપ ખાધી છે ?

દીક્ષા થઈ, એકાસણા શરૂ થયા, હવે સ્વજનોનો પરિચય બંધ થયો, મિત્રોની મૈત્રી બંધ થઈ, ટી.વી-સિનેમાનો સંપર્ક બંધ થયો, છાપાના વાંચન બંધ થયા, મસ્તીભરી નિંદ્રા બંધ થઈ, ગરમાગરમ રસોઈ બંધ થઈ, ઈચ્છા પ્રમાણે બા પાસેથી માંગી લેવાનું બંધ થયું. હોંશે-હોંશે મને મનભાવતી આઈટમ ખવડાવતી બા હવે અલોપ થઈ ગઈ...

મનને પ્રસન્ન કરનારી અનેક ભૌતિક વસ્તુઓ સાથેનો સંપર્ક તૂટ્યો. જાણે કે સાવ નીરસ જીવન શરૂ થયું. મને ખ્યાલ છે કે મને હવે ખાવામાં વધારે રસ પડતો હતો. મારું દરેક વસ્તુનું પ્રમાણ વધતું જતું હતું. ગોચરી માંડલીમાં કંઈપણ સારી વસ્તુ આવેલી દેખાય એટલે 'એ મને મળે તો સારું' એવા વિચારો ઝટપટ ઉભા થવા લાગ્યા.

સંસારીપણામાં તો ઘરે કોઈપણ સારી વસ્તુ બનતી ત્યારે તરત સાધુભગવંતોનો લાભ લેવાનો વિચાર આવતો, વિનંતિ કરીને સાધુઓને ઘરે બોલાવતો. સાધુઓ 'બસ, બસ' કરતા, અને હું પાત્રા-તરપણી છલકાવી દેતો. એ સુપાત્રદાનનો અનેરો

આનંદ અનુભવતો.

પણ આજે ? એ જ સાધુઓ મારી સામે છે, એ જ તપસ્વીઓ-જ્ઞાનીઓ-સ્વાધ્યાયીઓ-વૃદ્ધો-ગુરુજનો-વડીલો મારી સામે છે. છતાં મને કેમ એવો વિચાર નથી આવતો કે 'લાવ, આજે મારા પાત્રામાં સારી વસ્તુ આવી છે, હું એ મહાત્માને વપરાવું.'

શું એ મહાત્માઓ સુપાત્ર મટી ગયા છે ? શું મારો એમના પ્રત્યેનો સદ્‌ભાવ ઘટી ગયો છે ? ના, ના, એવું તો નથી લાગતું. તો પછી આમ કેમ ?

મને આમાં બે તથ્યો દેખાય છે.

એક તથ્ય એ કે ગૃહસ્થપણામાં તો મનને સંતોષ આપનારી ઘણી વસ્તુઓ મારી પાસે હતી. મિત્રો-સ્વજનો-બે-ત્રણ ટાઈમ ભોજન-છાપાઓ-મસ્તી ભરેલી ઉંઘ... વગેરે. જ્યારે મનને આટલો બધો ખોરાક મળતો હોય, ત્યારે મન બીજી કોઈ અપેક્ષા ન રાખે.. એકાદ વસ્તુ ઘટે તો એની ફિકર ન કરે, કેમકે મનનું પેટ બાકીના ખોરાક દ્વારા ભરાઈ જવાનું છે. એટલે હું મહાત્માઓને બધું જ વહોરાવી શકતો, ત્યાગીને પણ પ્રસન્ન રહી શકતો.

કરોડપતિઓ લાખ રૂપિયા દાનમાં આપે, તો ય તે ખુશ જ હોય, કેમકે બીજા કરોડો રૂપિયા એમની પાસે છે, એટલે એમને લાખ રૂપિયા દાનમાં આપવામાં કશું દુઃખ ન થાય... એવી જ હાલત મારી સંસારમાં હતી.

પણ દીક્ષા બાદ ? અંદર આધ્યાત્મિક આનંદ હજી એવો પ્રગટ્યો ન હતો, સંયમયોગોની અનેરી મસ્તી માણી ન હતી, ક્રિયાઓ બધી થતી, પણ એમાં આનંદ માણવા મળ્યો ન હતો. બીજા બાજુ ભૌતિક પ્રસન્નતા બક્ષનારા તમામ નિમિત્તો છિનવાઈ ગયા હતા. ન સ્વજનો, ન મિત્રો, ન છાપાઓ, ન ગપ્પા-સપ્પા, ન સ્નાન, ન હરવા-ફરવાનું...બાકી હતું માત્ર ભોજન ! એમાં ય રોજેરોજ તો કંઈ જીભડી સંતોષાતી ન હતી. વળી એક જ વાર વાપરવાનું હતું. હવે આવી પરિસ્થિતિમાં મને કોઈક દિવસ સુંદર મઝાની વસ્તુ મળી જાય તો એ બીજાને આપવાનું મન કેમ થાય ? 'હું જ ખાઉં. મને જ મળે' એવા જ વિચારો જાગે ને ?

ગરીબ માણસ, આર્થિક તંગીમાં મુંઝાતો માણસ શી રીતે પાંચ રૂપિયા પણ દાનમાં આપે ? એમ જ્યારે મારું મન જ સુખ માટે ભૂખ્યું હોય, ત્યારે હું શી રીતે સુખની સામગ્રીને ત્યાગી શકું ?

શ્રીમંત માણસ હજારો ગરીબોને જમાડે એ શક્ય છે કેમકે એની પાસે ખાવાનું ઘણું છે. પણ ગરીબો તો લાઈનમાં ઉભા રહી ભોજન લેવા માટે પડાપડી જ કરવાના, બીજાને આપવાની વાત તો દૂરની, પણ બીજાનું છિનવી લેવાય તો ય આનંદ માણવાના.

એમ અનેક ભૌતિક સુખો વચ્ચે મહાલતું મારું મન એકાદ ભૌતિક સુખને ત્યાગી દે, એ શક્ય છે. કેમકે એની પાસે બીજું ઘણું હતું. પણ અત્યારે તો મારું મન જ ભિખારી છે, એટલે એ તો લેવાની-ઝૂંટવાની જ તમન્નામાં રાચે ને ?

આનો અર્થ એટલો જ કે ત્યારે કે આજે મારી આહારસંજ્ઞા તો તીવ્ર જ હતી. ફરક માત્ર એટલો કે તે વખતે બીજી બધી સંજ્ઞાઓ પોષાઈ જવાથી આહારસંજ્ઞા તીવ્ર દેખાતી ન હતી. સાધુપણામાં બીજી ઘણી સંજ્ઞાઓ ઉપર સંપૂર્ણ કાબુ આવી જવાથી એકમાત્ર આહારસંજ્ઞા જ તીવ્ર સ્વરૂપે દેખાવા લાગી.

સ્ત્રીને ત્રણ દિકરા હોય, તો એનો સ્નેહ ત્રણમાં વહેંચાઈ જાય, પણ એક જ દિકરો હોય તો એ બધો જ સ્નેહ એકમાં જ પરોવાઈ જાય ને ? એક માણસને ઘણા મિત્રો હોય, તો વારાફરતી બધાને મળવા જાય, પણ એક જ મિત્ર હોય તો એને જ વારંવાર મળવાનું થાય ને ? રાજાને અનેક પત્ની હોય તો એ વારાફરતી બધી પત્ની પાસે જાય, પણ એક જ પત્ની હોય તો ? એમ સંસારમાં મનને પ્રસન્નતા મેળવવા માટેના સાધનો ઢગલાબંધ હતા. એટલે તે મન વારાફરતી બધા સાધનોમાં જતું, કાયમ માટે આહારમાં જ ચોંટીને ન રહેતું. પરંતુ બીજે બધે પણ ફરી આવતું. પણ દીક્ષા બાદ ઘણા બધા સાધનો ઘટી ગયા. મનને માટે એક જ દીકરો-એક જ મિત્ર - એક જ સ્ત્રી જે ગણો તે મુખ્યત્વે એક જ ભોજન નામની વસ્તુ ભૌતિક પ્રસન્નતા મેળવવા બચી રહી. એટલે જ મન એમાં ચોંટી જાય, એમાં તલ્લીન બની જાય એ બનવાનું જ.

આમ મને આસક્તિ થવાનું એક કારણ આ છે કે બીજા બધા સાધનો ઘટી ગયા છે. માટે જ હું સારી વસ્તુ બીજાને આપવા તૈયાર થતો નથી.

બીજું કારણ એ કે ગૃહસ્થપણામાં મારે જે વસ્તુ સાધુઓને આપી દઈને ત્યાગવાની હતી, એ કંઈ સંપૂર્ણ તો ત્યાગવાની ન જ હતી ને ? એનો ભોગવટો તો મારે કરવાનો જ હતો. કેમકે ઘરમાં તો એ વસ્તુ મોટા પ્રમાણમાં હતી જ. દૂધીનો હલવો વહોરાવું, તો મને હલવો ખાવા ન મળે એવું તો હતું જ નહિ. એટલે મારું સુખ અકબંધ રહેતું હતું, એટલે ત્યારે ત્યાગવામાં કશી મુશ્કેલી ન હતી.

પણ આજે ? મને જે મળ્યું હોય, એટલું ય મને ઓછું પડતું હોય... તો જો બીજાને આપું તો મારું સુખ છિનવાઈ જ જતું હતું. બે ટુકડા મને મળ્યા, એ આપી દઉં એટલે મારી પાસે પછી કશું જ રહેતું ન હતું. એટલે હું એને ત્યાગી શકતો નથી.

પણ આ બધું વિચારતા એક વાત ચોક્કસ લાગે છે કે આધ્યાત્મિક આનંદ હજી જોઈએ તેવો, તૃપ્તિ આપે તેવો પ્રગટ્યો નથી, એટલે જ આ ખાવાની આસક્તિ રોજ મને સતાવે છે. મારી નજર માંડલીમાં ફર્યા કરે છે, સારી વસ્તુ જોવા તલસ્યા કરે છે, એ દેખાઈ જાય તો એ મેળવવા મન તડપ્યા કરે છે. એ મળી જાય તો હજી વધુ મળે - બીજાને અપાઈ ન જાય એવા વિચારોમાં મન અટવાયા કરે છે.

પૂર્વભવોની વાત તો દૂર રહી, માત્ર આ જ ભવની વિચારણા કરું તો આ સાધુજીવનમાં જ કેટલી રોટલી મેં ખાધી ? મારો પર્યાય થયો ૧૦ વર્ષ, એના ૩૬૦૦ દિવસ, રોજની ૧૦ રોટલી ! ૩૬૦૦૦ તો રોટલી ખાધી. એમ દાળ-શાક-ભાત-દૂધ-ફ્રૂટ-મીઠાઈઓ-ફરસાણો... કેટલું બધું ખાધું ! છતાં હજી એ જ વસ્તુઓ માટે આસક્તિ ! એના જ વિચારો ! એનું જ આર્તધ્યાન !

અને એ માટે મેં કેટલી માયા કરી !

વહેંચનારાના હાથમાં જાડી રોટલી જોઈ મેં ના પાડી કે 'ના, મારે આહાર આવી ગયો' અને પાછળથી પતળી રોટલી આવી તો લઈ લીધી, માંડલીમાં વેડમી આવેલી જોઈને આહાર ન લીધો, ઓછો લીધો. વેડમીની રાહ જોતો રહ્યો... જોયું કે ૩-૪ ટોકસીઓમાં ગુર્વાદિ માટે અનુકૂળ વ્યંજન આવેલું છે, ગુરુ વાપરશે પછી બે-ત્રણ ટોક્સી વધશે... એ મેળવવા માટે પહેલા જાણી જોઈને વ્યંજન ઓછું લીધું. જેથી સામાન્ય વ્યંજન બધાને અપાઈ જાય અને છેલ્લે અનુકૂળ વ્યંજન મારા ભાગે આવે.

એવું જ કર્યું તક્રપાક માટે ! તક્રપાક આવેલો જોઈ સુપ ઓછું લીધું. 'બીજાને આપો, મારે તો મોડેથી ચાલશે...' એમ ઉદાર હોવાનો દેખાવ કર્યો અને છેલ્લે મારી માયા સફળ થઈ. તક્રપાક મને મળ્યો.

મને જે મીષ્ટ ભાવતું ન હતું, એને માટે મેં બહાના કાઢ્યા કે,'આ મારા શરીરને પ્રતિકૂળ છે. આ નહિ ચાલે.' અને એ રીતે બીજું અનુકૂળ મીષ્ટ વ્યવસ્થાપકે મને આપવું જ પડે એવી ફરજ પાડી. રે ! કબજીયાત-અજીર્ણના બહાના કાઢીને રોટલી બિલકુલ ન લીધી, પણ એમાં ય અનુકૂળ મીષ્ટ-ફરસાણ વાપર્યા... કોઈપણ સમજી શકે કે જો અજીર્ણમાં રોટલી ન ખવાય, તો એનાથી પણ ભારે મીષ્ટ તો ન જ ખવાય...પણ

મેં મૂઢ બનીને આવી માયાઓ કરી.

ક્યારેક મેં ગોચરી વહેંચી, પણ ત્યારે મારા માટેની અનુકૂળ વસ્તુઓ મેં જુદી કાઢી લીધી, કોઈને ન આપી... છેલ્લે મેં જ વાપરી. ગોચરી વહેંચવામાં આવી તો કેટલીય રમતો હું રમ્યો. માત્ર ને માત્ર આસક્તિના પાપે !

બપોરે પયસ આવ્યું તો ગરમ પયસ બધું લઈ લીધું. ઠંડા પયસની ચોક્ખી ના પાડી. પયપાક આવ્યો તો મંગાવેલું પયસ પણ ન લીધું...

જ્યારે પણ ગોચરી વધી પડતી, ત્યારે હું ખપાવવા લેતો ખરો, પણ સારી સારી વસ્તુ જ ! જે મને પસંદ ન હોય, એ ખપાવવા ન લેતો. કોઈ બળજબરી આપી દે તો પરઠવી દેતો.

મારી આસક્તિ એટલી હદે વકરી કે જો મને મારી ઈષ્ટ વસ્તુ ન મળે, તો હું વહેંચનાર પર આક્ષેપ કરી દેતો કે,'આ પક્ષપાતી છે, મને આપતો નથી. મારા પર એને વૈરભાવ છે.' ગુરુ મને સારી વસ્તુ ન વપરાવે તો એમના પર મને અસદ્ભાવ થતો કે,'એમને બધી વાતે જલસા છે, એમને અમારી કાળજી કરવાની કોઈ જ પડી નથી.''

ગુરુ કે વડીલો જ્યારે કડકાઈ કરતા, અમુક વસ્તુઓ લાવવા પર પ્રતિબંધ મૂકતા, ત્યારે મને બિલકુલ ન ગમતું. પણ શું કરું ? રે ! આઠમ-ચૌદશાદિ તિથિના દિવસે જ ક્યાંક સ્વામિવાત્સલ્ય હોય, અને પાંચ તિથિ ગુરુના આદેશથી માંડલીમાં મીષ્ટ લાવવાનું ન હોય, ત્યારે મને ખૂબ સંક્લેશ થતો. 'આ જમણવાર તિથિ સિવાયના દિવસે હોત, તો સારું થાત.' એવા વિચારો આવ્યા.

છ'રી પાલિત સંઘોમાં જવાનું મને ખૂબ ગમતું, કેમકે ત્યાં રોજ જાતજાતનું અને ભાતભાતનું વાપરવા મળતું. એમ ઉપધાનોમાં, શિબિરોમાં, નવ્વાણુના રસોડાઓમાં પણ હું ખૂબ ખૂબ આસક્તિ પોષતો. એ પવિત્રતમ ધર્માનુષ્ઠાનોને મેં મારા માટે તો પાપાનુષ્ઠાનો બનાવી દીધા.

આ લેશ્યા એવી બગડી કે હું શ્રીમંતો-સુખીઓના ઘરે જ ગોચરી જાઉં. ગરીબો કે મધ્યમવર્ગને ત્યાં ગોચરી ન જાઉં. ગામડાઓ મેં કાયમ માટે ત્યાગી દીધા અને શહેરોમાં રહેવાનું શરૂ કર્યું, કેમકે મારી જીભ અહીં જ પ્રસન્ન રહી શકે છે.

ઓ ભગવાન ! મને માટે જ ગચ્છવાસ ન ગમ્યો. ગચ્છમાં તો વિશાળ માંડલીમાં સારી વસ્તુ વાપરનારા ઘણા હોય, એટલે આવેલી વસ્તુના ભાગીદાર ઘણા થવાથી મને

તો ઓછું જ મળે ને ? શરમ પણ નડે ને ? પણ સરખે સરખા બે-ત્રણ જણ હોઈએ તો તો મજા આવી જાય. કોઈ ભાગ પડાવનાર નહિ, કોઈ રોકનાર નહિ, કોઈની શરમ નડે નહિ... અહાહા ! મહાન ગચ્છવાસને પણ મેં મારી આસક્તિઓ પોષવા જાતજાતના બહાનાઓ હેઠળ કેટલી બધી વાર ત્યાગ્યો ! ચોમાસું અલગ કરવાના બહાને, કોઈક પ્રસંગો સાચવવાના બહાને, કોઈકની વૈયાવચ્ચના બહાને કે જાતની માંદગીના બહાને હું ગુરુથી અને ગચ્છથી અલગ પડતો જ રહ્યો અને અલગ પડીને મારી આશક્તિઓ પોષતો જ રહ્યો. મેં જે મર્યાદાઓ ભાંગી છે, જે માપ વિનાનું ખાધું છે... એ બધું તો યાદ કરતા ય મને શરમ આવે છે.

મને ગમતો હતો શિયાળો ! કેમકે એમાં ઘણું ઘણું મળી રહે.

મને ઉનાળો પણ ગમતો હતો, કેમકે એમાં ય ધરતીનું અમૃત કેરી મળે.

મને ચોમાસું પણ ગમતું કેમકે એમાં સંઘમાં ભાત-ભાતના તપ થાય અને એ દ્વારા મને તો મજા જ પડે... આમ તો હું એકાસણા કરું, પણ ક્યાંક સવારની નવકારશી હોય તો એની મનભાવતી આઈટમો મારા માટે લઈ આવું કે બીજા સાધુ પાસે મંગાવી લઉં...પછી બપોરે એકાસણામાં વાપરું. પણ મારી આસક્તિનો ભોગ ન આપી શકું.

હદ તો એ વખતે આવી કે આસક્તિને પરાધીન બનીને મેં આધાકર્મી પણ વાપર્યું. ચોક્ખી ખબર હતી કે 'આ તો મારા માટે માંસ બરાબર કહેવાય' પણ એ બધી સમજણને દબાવી દઈને મેં ઘોર પાપ કર્યું. તિથિઓના દિવસે આંબિલ કર્યા, એ ય આસક્તિ પોષવા ! કેમકે આંબિલખાતાના ઢોકળા-ઢોસા વગેરે ફરસાણો મને ખૂબ જ ભાવતા. એટલે જ એ આંબિલો તો અપેક્ષાએ મારે માટે વિગઈ કરતા પણ ભૂંડા નીવડ્યા. મેં વિગઈઓ ત્યાગી નવપદની ઓળીઓ કરી. એ વૈરાગ્યથી નહિ, પણ ભોજનના ગાઢરાગથી જ !

ગોચરી વહોરવામાં પણ વિવેક ચૂક્યો. 'વહોરાવનારા અધર્મ પામશે' એનો પણ મેં વિચાર ન કર્યો. ન વહોર્યા મેં રોટલી-શાક-દાળ-ભાત ! વહોર્યું માત્ર મીષ્ટ ! એ પણ ઘણા મોટા પ્રમાણમાં ! વહોરાવનારાના હાથ પણ વચ્ચે વચ્ચે થંભી ગયા, છતાં મને ભાન ન આવ્યું. છેક છેડા સુધી તરપણીઓ ભરાવી દીધી...આવું તો કેટલીયવાર બન્યું હશે ને ? કેટલાય લોકો અધર્મ પામ્યા હશે ને ? બીજાને અધર્મ પમાડીને હું દુર્લભબોધિ જ બનીશ. આવતા ભવમાં હવે સાધુપણું તો નહિ જ, પણ જૈનધર્મ પણ

નહિ મળે.

યાદ આવે છે એ દિવસ ! હું વહોરવા નીકળેલો. વહોરાવનારા વિનંતિ કરતા હતા. 'સાહેબ ! રોટલી લઉં.' 'ના...' 'શાક ?' 'ના.' 'ભાત.' 'ના.' 'માલપુઆ.' 'હા, લો.' અને આઠેક માલપુઆ વહોરી લીધા.

'દૂધ લઉં ?' 'ના.' 'દૂધપાક છે, લઉં ?' 'લો.' અને બે ચેતના દૂધપાક વહોરી લીધો...'ધર્મલાભ !' બોલીને નીકળી ગયો. હજી તો દસેક ડગલા જ દૂર ગયો અને ગૃહસ્થોની વાતચીતના શબ્દો સંભળાયા. 'સાધુઓને તો ભાઈ ! જલસા કરવા છે. એમને સાદું ન ચાલે...'

મારા હૈયે ઘણો આઘાત લાગ્યો. આ સાધુનિંદા-સંઘનિંદાનું નિમિત્ત હું બનતો હતો. મારી આસક્તિએ જ મને આ રીતે નિષ્ઠુર બનવા પ્રેર્યો હતો.

દસ વર્ષના પર્યાયમાં આહારસંજ્ઞાને લીધે મેં આ જે અનેકાનેક દોષો સેવ્યા છે, એ બધાનું વિસ્તૃત વર્ણન કરું, તો પ્રાયઃ ૨૦૦ પાના ભરીને લખવું પડે, તો ય પૂરું ન થાય.

જો હું હજી પણ નહિ સુધરું તો...

→ સહવર્તીઓ, જાણકારો મને 'આસક્ત, લંપટ...' કહ્યા વિના નહિ રહે.

→ મારું શરીર બગડશે, આસક્તિ અધિકોદરી કરાવે, એનાથી પ્રાયઃ રોગો થવાના જ.

→ આ આસક્તિમાં જ આયુષ્ય બંધાયુ, તો કોઈક મીઠાઈમાં કીડા તરીકે મારો જન્મ થશે.

→ આસક્તિને પોષવા માયાઓ કરીશ, તો આર્યમંગુની જેમ ક્યાંક કોઈક ગટરનો ભૂત થઈશ.

→ અનેકોને અધર્મ પમાડનાર હું કદાચ અનંતકાળ માટે જૈનધર્મ ગુમાવી બેસીશ.

બસ, આજથી મારે મારી આ પ્રવૃત્તિમાં ધરખમ ફેરફાર કરવો છે. ભલે હું એક જ ધડાકે મારી આસક્તિને દફનાવી નહિ શકું પણ એને મર્યાદિત તો બનાવી જ શકીશ. તે માટે મારે આટલા સંકલ્પ કરવા જ છે કે

+ ઘરોમાં કે રસોડામાં હું ક્યાંય એકલી મીઠાઈ-એકલા ફ્રૂટ્સ-એકલું ફરસાણ નહિ વહોરું. સાથે રોટલી-શાકાદિ પણ વહોરીશ. એ માટે મીઠાઈ વગેરે ઓછી

નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય
આત્મ સંપ્રેક્ષણ

વાપરવી પડે, તો પણ એટલું તો મનને કેળવીશ જ. ટુંકમાં કોઈને અધર્મની પ્રભાવના કરનારી પ્રવૃત્તિ તો નહિ જ કરું.

+ મીઠાઈ વગેરે પણ અલ્પપ્રમાણમાં વહોરીશ. ગચ્છને માટે વધુ પ્રમાણમાં મીઠાઈ વહોરવી જરૂરી હોય તો પણ વહોરાવનારા અધર્મ ન પામે, આ માટેની ઉચિત કાળજી અવશ્ય કરીશ.

+ આસક્તિકારક વસ્તુઓ પણ જો આધાકર્માદિ દોષવાળી હોય તો તો નહિ જ વાપરું. નિર્દોષ મળે, તો તે વાપરવાની જયણા રાખું છું.

+ આસક્તિ પોષવા માયા-કપટ નહિ કરું, ભલે કદાચ મારી જાત આસક્ત દેખાશે, પણ દંભ કરીને અનાસક્ત દેખાવાનો પ્રયત્ન નહિ કરું.

+ મારા પાત્રામાં જે જે અનુકૂળ વસ્તુઓ આવે, એમાંથી કમસેકમ એકાદ નાનામાં નાના ટુકડો હું બીજા સાધુને વપરાવીશ. એ રીતે વાત્સલ્યગુણ વિકસાવવા પ્રયત્ન કરીશ.

+ ગુર્વાદિ કે વહેંચનાર પ્રત્યે કોઈપણ આક્ષેપ નહિ કરું, અસદ્ભાવ નહિ કરું. મારા લાભાંતરાયનો, ભોગાન્તરાયનો જ વિચાર કરીશ.

+ મોટા જમણવારાદિમાં ત્રણ-ચાર મીઠાઈ હોય, તો એમાંથી કોઈપણ એક જ વાપરીને, બાકીની મીઠાઈનો ત્યાગ કરીશ. એવું જ ફરસાણ - ફ્રૂટ વગેરેમાં કરીશ. એવું સત્ત્વ ન ઉછળે તો કુલ મીઠાઈમાંથી એકાદનો તો ત્યાગ કરીશ જ. ચાર હશે, તો કોઈપણ ત્રણ જ લઈશ, એક ત્યાગીશ...

પ્રભો ! આસક્તિવિજયની મારી આ સાધનામાં મને સફળતા બક્ષજે એ જ પ્રાર્થના !

આ છે આસક્તિદોષને લઈને આત્મસંપ્રેક્ષણ !

## ૬. દોષ નં. ૫ – દષ્ટિદોષ

(૫) દષ્ટિદોષ : અનાદિકાળની મૈથુનસંજ્ઞામાંથી પ્રગટ થતો આ દોષ મારામાં નાનપણમાં તો ન હતો, કેમકે એ દોષની ઉત્પત્તિ માટે યૌવનવય જરૂરી છે. હું સ્કુલમાં ભણતો હતો, લગભગ આઠમા ધોરણમાં હતો અને મારામાં આ દોષ જાગ્રત થયો. સ્કુલમાં ખરાબ છોકરાઓની સોબતે પણ આ દોષને ઉત્પન્ન કરવામાં ભાગ ભજવ્યો. રસ્તે જતી છોકરીઓને જોવી, મશ્કરી કરવી, અંદરોઅંદર ખરાબ વાતો કરવી... એક જૈન તો શું, પણ કુળવાન અજૈનને ય ન શોભે એવા આચાર-વિચાર-ઉચ્ચારમાં હું લપેટાયો. એમાં ય વળી 'આ ખરાબ કહેવાય, આવું ન કરાય' એવું કહેનાર કોઈ ન મળ્યું. ઉલ્ટું આવું ખરાબ કરનારા અને કરાવનારાઓ જ ઘણા મળ્યા. એટલે આ દોષ મને ત્યારે ખરાબ લાગ્યો જ ન હતો.

ઉંમર વધતી ગઈ, નિમિત્તો વધતા ગયા, નિષ્ઠુરતા વધતી ગઈ, વિકારો વકરતા ગયા, એમાં વળી મને ટી.વી.નો, પિક્ચરોનો શોખ ! એમાં તો કેટલું ખરાબ બતાવે ? મને રોકનાર કોઈ ન હતું... કેટલા કલાકો-દિવસો-મહિનાઓ-વર્ષો આ દોષના સેવનમાં મેં વેડફી નાંખ્યા. કાયિક પાપની તો હિંમત ન હતી, સમાજ નડતો હતો...પણ માનસિક-વાચિક પાપોમાં ચકચૂર બન્યો જ. કાયાનું પાપ મુખ્યત્વે એક જ સેવાતું 'દષ્ટિદોષ !'

ટી.વી.માં કે સિનેમામાં કે છાપાઓની પૂર્તિમાં કે દેરાસરમાં કે સ્વામિવાત્સલ્યમાં કે પવિત્ર તીર્થસ્થાનોમાં કે રસ્તે જતા-આવતા કે સ્કુલોમાં કે પડોશમાં કે...બધે નિમિત્તો મળતા. અને આંખ તરત એ રૂપ જોવા ખેંચાઈ જતી. જાણે કે મારી આંખો આકર્ષણી વિદ્યાનો ભોગ બની ન હોય ! વ્યવહારમાં એકપણ સ્ત્રી મારી ન હતી, પણ મનથી...?

મારું સદ્‌ભાગ્ય જાગ્યું અને એક દિવસ સદ્‌ગુરુનો સંપર્ક થયો. એમના પ્રવચનો સાંભળ્યા. બ્રહ્મચર્યનો મહિમા સાંભળ્યો. અબ્રહ્મના નુકસાનો જાણ્યા...મને યાદ છે કે એ પ્રવચનો સાંભળતી વખતે હું ખૂબ રડેલો. બે હાથમાં મોઢું છુપાવીને, આજુબાજુ બેસેલાઓ સાંભળી ન જાય એ રીતે રૂદનના ડુસકાઓને દબાવીને, ચોધાર આંસુએ રડેલો. મેં કરેલા પાપો મને ખૂબ પશ્ચાત્તાપ કરાવતા હતા. મારી બહેન સમાન સ્ત્રીઓ માટે મેં કેવા વિચારો કર્યા ? મેં એમના તરફ કઈ દષ્ટિએ જોયું ? શું જોયું ?

અનંતાનંત ઉપકાર એ ગુરુભગવંતોનો ! કે જેમણે દેશના દ્વારા મને પલાળ્યો,

રડાવ્યો, મને મારા દોષ જોવાની આંખો આપી. મેં સંકલ્પ કર્યો કે 'મારે હવે પવિત્ર રહેવું છે. સ્ત્રી સામે નજર જ કરવી નથી. કેમકે એ જ બધા પાપોનું ઉદ્ગમસ્થાન છે.'

પણ મારા જેવા નબળા મનના માનવીના સંકલ્પો પણ નબળા જ ને ! પત્તાના મહેલની માફક એ સંકલ્પોને તૂટતા શી વાર ? ગુરુનો વિરહ થયો, દિવસો પસાર થયા અને પેલા સંકલ્પો બધા ધરતીમાં દટાઈ ગયા. ફરી આંખો ફરકવા લાગી, રૂપ જોવા લાગી, વિકૃતિનો ભોગ બનવા લાગી... પણ એક ફાયદો થયો કે હવે આ પાપો થતા, છતાં એમાં ઉંડે ઉંડે ડંખ પણ રહેતો. 'હું ખોટું કરું છું.' એવો ભાવ પણ રહેતો. રે ! ઘણીવાર દેરાસરમાં સ્તુતિઓ બોલતી વખતે હું ધ્રુસકે ધ્રુસકે રડી પડતો. આ શુભભાવો જ મારા સહાયક બન્યા અને એ દોષ આગળ વધતો અટક્યો. એમાં ફરી ગુરુભગવંત પધાર્યા, ફરી પ્રવચનો...ફરી સંકલ્પ....આ વખતે ગુરુવરનો અંગત પરિચય થયો. એમની પ્રેરણાથી મેં ભવાલોચના કરી. ૨૦૦ પાના ભરીને મેં મારા અપરાધો લખી નાંખ્યા. હા ! ખરેખર લખીને નાંખી જ દીધા, આત્મામાંથી દૂર ફેંકી દીધા. અનરાધાર આંસુઓ વહેતા અને હું અસ્ખલિતગતિએ મારી બોલપેન ચલાવતો... ચોક્કસ અનંતાનંત પાપો મારા એ અશ્રુધોધમાં ધોવાઈ ગયા હશે.

ગુરુવરે આલોચના વાંચીને મને બોલાવ્યો, મારી પીઠ થાબડી. ખૂબ ધન્યવાદ આપ્યા. મારા આત્માની ઉત્તમતાને વખાણી, મોક્ષમાર્ગે આગળ વધવા પ્રેરણા કરી. સંયમજીવનની મહત્તા-નિર્દોષતા દર્શાવી... અને મારા પ્રચંડતમ પુણ્યોદયે આ જીવનમાં સૌ પ્રથમવાર મને એક ભાવ જાગ્યો કે 'હું સાધુ બનું, સંસારત્યાગી શ્રમણ બનું, પતિતપાવન અણગાર બનું, સ્થૂલભદ્રજીનો વારસદાર બનું...'

એ પછી તો સ્વજનો સાથે ઝઘડીને મુમુક્ષુપણામાં રહ્યો, તાલીમ લીધી, પેલો દૃષ્ટિદોષ લગભગ હવે સતાવતો ન હતો. મને લાગ્યું કે 'મારો એ દોષ ખતમ થઈ ગયો હશે...' પણ મને ઘણા વખત બાદ ખબર પડી કે 'એ મારો ભ્રમ હતો.'

મારી દીક્ષા થઈ, સાવ અંતર્મુખતાનું જીવન શરૂ થયું. પણ કોણ જાણે કેમ ? મને કંઈક અધુરતા અનુભવાતી હતી. મનમાં કંઈક બેચેની, કંઈક અજંપો, કંઈક તડપ અનુભવાતી હતી. મને ઘણીવાર વિચાર આવતો કે,'મારે જે જોઈતું હતું, એ તો મને મળી ગયું છે છતાં મન એકદમ પ્રસન્ન કેમ નથી ? કેમ મારું મન બેચેન બની જાય છે ?'

અને દીક્ષા બાદ એક દિવસ રસ્તામાં અચાનક કોઈક સ્ત્રી પર દૃષ્ટિ પડી ગઈ,

મેં જાણી જોઈને જોયું ન હતું પણ અચાનક જ દૃષ્ટિ પડી, પણ એ અતિઆકર્ષક રૂપ પળભર જોઈને મારું મન ચકડોળે ચડ્યું. મેં આંખ તો ખેંચી લીધી, પણ મન પાછું ખેંચી ન શક્યો. ઉંડે ઉંડે કંઈક વિચિત્ર પ્રકારનું સંવેદન થયું. એ રૂપદર્શન મને ગમ્યું, એ રૂપ ફરી જોવા મળે તો સારું... એવું કંઈક મને અનુભવાયું. એ દિવસે વારંવાર એ વિચારોએ મને પરેશાન કર્યો, રૂપનું સ્મરણ થતું જ રહ્યું.

બીજા દિવસે ફરી રસ્તા પર બીજા રૂપનું દર્શન થયું. આ વખતે મેં જ જાણી જોઈને નજર ઉંચી કરેલી, જાણી જોઈને પાપ કરેલું પણ આત્માની ખાનદાની ખરી કે જેથી તરત જ પાછી આંખ ખેંચી લીધી.

પણ આ પ્રસંગો મારા માટે આધ્યાત્મિક પતનના બીજરૂપ બની ગયા. ધીરે ધીરે એ છૂટ વધતી ગઈ. મારો મન પરનો અને નેત્રો પરનો કાબુ ઘટી ગયો, અલબત્ત એવા કોઈપણ ખરાબ પાપો તો મેં ન કર્યા, પણ આ એક કલંક હું મીટાવી ન શક્યો. સંસારીપણાનો એ દોષ ફરી જાગ્રત થયો. રૂપ જોતો અને મન તૃપ્ત (!) થતું. પણ એ તૃપ્તિ કંઈ સાચી હોઈ શકે ?

ઓ મારા આત્મન ! દેવલોકના અનંતા ભવો તેં કર્યા છે, અનંતી દેવીઓ સાથે અનંતવાર સંસાર તેં ભોગવ્યો છે. તૃપ્તિના ઝાંઝવાજળમાં તું કેટલું દોડ્યો, કેટલું તડપ્યો... તને મળી છે માત્ર ને માત્ર વિષયતૃષ્ણા ! તારી તૃષ્ણા વધી છે, આ દોડધામથી ! એ ઝાંઝવાજળ તૃપ્તિ શી રીતે આપે તને ? ઉલ્ટું એ દોડધામ જ તૃષ્ણા વધારી દે ને !

એટલે જ આ મુનિભવમાં રૂપ જોઈ જોઈને સુખી થવાની તારી આ હલકટાઈ અત્યંત નિંદનીય છે.

ઓ ભગવાન ! મારી ભ્રમણાઓ ભાંગી ગઈ છે. આત્મિક આનંદ કેટલો કેટલો કેટલો બધો દુર્લભ છે, એ મને હવે કંઈક સમજાય છે. મારી પાસે સ્વાધ્યાય છે, પ્રભુભક્તિ છે, ગુરુની સેવા છે, પ્રતિક્રમણ-પ્રતિલેખનાદિ સંયમયોગોનો ભંડાર છે. છતાં રૂપદર્શન વિના હું ન રહી શકું, એનો અર્થ શું ? દૂધપાક છોડીને વિષ્ટા ચાટનારા ભૂંડ જેવી ભૂંડી દશા મારી ન ગણાય ? જો આ સ્વાધ્યાયાદિમાં મારો આત્મિક આનંદ પ્રગટી ચૂક્યો હોત, તો આ વિષ્ટા જેવા રૂપદર્શનાદિમાં મને આકર્ષણ થાય જ કેમ ? વિષ્ટા જોઈને ચીતરી ચડે, વિષ્ટાથી દૂર ભાગી જવાનું મન થાય... એવું મને આ સ્ત્રીરૂપ માટે કેમ નથી થતું ? કેમ બધી સમજ હોવા છતાં જાણી જોઈને એ રૂપ તરફ હું દૃષ્ટિ

પાડી જ દઉં છું ?

નક્કી મારા આત્મામાં ઉંડે ઉંડે મોટી ગરબડ છે. જેમ ક્ષય વગેરે રોગો અંદરથી શરીરને ખતમ કરતા જાય, પણ બહાર કશી ખબર ન પડે... એમ બહારથી તો હું સ્વાધ્યાયી-સંયમી-તપસ્વી-વૈયાવચ્ચી - પ્રભુભક્ત છું જ, પણ આત્માના ઉંડાણમાં કોણ જાણે શું પડ્યું છે ? એ રોગ કેવો છુપાયેલો છે ? એ ક્યારે ઉથલો મારશે ?

મને તો એમ લાગે છે કે મારા યોગ બધા આત્માનંદ માટેના ! પણ મારો ઉપયોગ તો ભોગાનંદનો જ છે. મને ખાવા-પીવામાં કેટલો રસ પડે છે ? મને વાતોચીતોમાં કેટલો રસ પડે છે ? મને ઉપદેશ દેવામાં કેવી મજા પડે છે ? મને વંદન લેવામાં કેવી અનુભૂતિ થાય છે ? હું મારી પ્રશંસા સાંભળવામાં કેવો એકાગ્ર બની જાઉં છું ? મને આ રૂપદર્શનાદિમાં કેટલી મસ્તી અનુભવાય છે ?

એની સામે ક્રિયાઓમાં મારું મન ભટકે, વૈયાવચ્ચમાં મારું શરીર થાકે, સ્વાધ્યાયમાં મારા ગળે શોષ પડે, પ્રભુદર્શનમાં મારી આંખો કંટાળે, વાચનાશ્રવણમાં મારી આંખો ઘેરાવા લાગે...આ બધું શું ?

એ બહેનો મારા પ્રત્યે કેટલો બધો પવિત્રભાવ ધરાવે છે ?

રસ્તામાં એ બહેનો માથું નમાવી - હાથ જોડી મને 'મત્થએણ.વંદામિ' કરે, ત્યારે હું... ?

દેરાસરમાં એ બહેનો અજોડ શ્રદ્ધા સાથે મારી પાસે નાના-મોટા પચ્ચક્ખાણો માંગે, એ બધા જાતે પચ્ચક્ખાણ લઈ શકતા હોવા છતાં 'આ સાધુઓ પવિત્રતમ છે, એમના મુખે પચ્ચક્ખાણ લઈએ, તો આપણી આરાધના ઘણી સારી થાય' એવી પૂજ્યતમ ભાવનાથી મારા મુખે પચ્ચક્ખાણ સાંભળવા મને વિનંતિ કરે, ત્યારે હું ?

ઉપાશ્રયમાં હોંશે હોંશે વંદન કરવા આવે, ખૂબ ભાવ સાથે મને વંદન કરે, 'શાતામાં છો ? કંઈ કામકાજ છે ?' એ કેટલા બધા નિર્દોષભાવથી મને પૂછે,''સાધુભગવંતોના વાસક્ષેપથી આપણું કલ્યાણ થાય'' એવી અલૌકિક શ્રદ્ધાથી મને વિનંતિ કરે કે,''સાહેબજી ! વાસક્ષેપ નાંખી આપશો ?'' અને મસ્તક નમાવી દે, મારા તરફ નાનકડી પણ શંકા એમના મનમાં ક્યાંય ન જાગે. મારા પ્રત્યેનો અગાધ વિશ્વાસ ! અવિચળ શ્રદ્ધા ! અખંડ સદ્ભાવ ! શું એ બહેનોની પવિત્રતમ ભાવના, એ વખતની ! પણ ત્યારે હું...?

હું ગોચરી વહોરવા શ્રાવકોના ઘરે જાઉં, ત્યારે પરપુરુષને - અજાણ્યા પુરુષને

માટે જે ઘરનો દરવાજો કદી ન ખૂલે, એ જ ઘરની શ્રાવિકાઓ માત્ર મારા 'ધર્મલાભ' શબ્દને સાંભળી, મારા વેષને જોઈને નિઃશંક બનીને દરવાજો ખોલી દે. એટલું જ નહિ, પણ 'પધારો, પધારો' એમ મધુર આવકાર આપે. છેક રસોડા સુધી જવાની મને બેરોકટોક છૂટ ! મારી કોઈ તપાસ કરવામાં ન આવે. ''સાધુવેષ પહેરીને કોઈ ચોર-લુંટારો તો નથી આવ્યો ને ?'' એવો વિચાર પણ કરવામાં ન આવે. કેટલા બધા હર્ષ સાથે, કેટલા બધા સુપાત્રદાનના ઉછળતા ભાવ સાથે એ બહેનો મને વિનંતિ કરે. મોંઘી વસ્તુઓ પણ મને નિઃસંકોચ બનીને વહોરાવે. સ્ત્રીઓ પરપુરુષ તરફથી જે આશંકા, અવિશ્વાસ, ભય રાખે....એમાંનુ કશું જ અહીં જોવા ન મળે. જાણે કે હું એમના સગા બાપ, સગા ભાઈ, સગા દીકરા કરતા પણ એમને માટે વધુ શ્રદ્ધેય, વધુ વિશ્વસનીય બની રહું છું. પણ ત્યારે હું...?

એ બહેનો મને ગુરુ માને, તો મારી એમના પ્રત્યેની ફરજ શું ? શું એમના તરફ વિકારદષ્ટિ કરવી એ મને શોભે ખરું ?

એ બહેનોને મારામાં પૂજ્યતાના દર્શન થાય, તો મારે તેઓમાં શેના દર્શન કરવા ?

તેઓ મારામાં અગાધ વિશ્વાસ રાખે, તો શું એ વિશ્વાસનો ઘાત કરવો એ મારી ખાનદાની છે ? એ મારી સાધુતા છે ?

તેઓ ગોચરી-પાણી વગેરે દ્વારા મારા પર કેટલો બધો ઉપકાર કરે છે, એની સામે આવા દોષો સેવીને શું કૃતઘ્ન બનવું છે ? એ ઉપકારનો બદલો વાળવાને બદલે ઉપકારોની જ હત્યા કરવી છે મારે ?

પેલા સ્થૂલભદ્રજી તો વેશ્યા સામે ય વિકારદષ્ટિ ન કરે, કે જે વેશ્યા એમને એવા જ મલિનભાવથી જોતી-ઝંખતી હતી. જ્યારે હું ? વ્રતધારી-શીલસંપન્ન-કુલવાન સ્ત્રીઓ સામે વિકારથી દૃષ્ટિ કરું ? વાતો કરવાના બહાને મારી સંજ્ઞાનું પોષણ કરું ? ઓ અરિહંત ! બચાવ, બચાવ તું મને !

મારા કરતા તો પેલા ચંબલખીણના ડાકુઓ, લુંટારાઓ, ખૂનીઓ પણ સારા કે જેઓ શત્રુની સ્ત્રી પર પણ કદી ખરાબ દૃષ્ટિ ન રાખતા. જો પોતાના સાગરીતો એવી કોઈ હરકત કરે, તો શત્રુ સ્ત્રીના શીલની રક્ષા માટે એ સાગરીતોને મોતને ઘાટ ઉતારી દેતા વાર ન લગાડતા. એની સામે હું કોની સામે નજર બગાડું છું ? તીર્થંકરોને પણ પૂજનીય એવા શ્રીસંઘના જ એક ઘટક રૂપ શ્રાવિકાઓ ઉપર ? આ તો સંઘની ઘોર

આશાતના છે.

મને તો તેઓમાં માતૃત્વના - ભગિનીત્વના દર્શન થવા જોઈએ, સંઘ તરીકે પૂજ્યતાના દર્શન થવા જોઈએ. એને બદલે...?

મને કોણ બચાવશે ? હું સામેથી જ મરવા પડ્યો છું, પછી કોણ મને બચાવી શકે ?

વળી આ દોષના નુકસાનો કેટલા !

→ મારી આ ખરાબદષ્ટિ જો એ બહેનોને ખ્યાલ આવે તો ? અત્યારે તો ઘણા બધા લોકો ચતુર હોય છે. એટલે માત્ર મારી આંખ ઉપરથી મારી મલિનવૃત્તિ સ્પષ્ટપણે પકડાઈ પણ જાય. અને જો એમ થાય તો તેઓ શું વિચારે ? સાધુસંસ્થાને ધિક્કારે ને ? સાધુઓ પ્રત્યેનો સદ્ભાવ હારી બેસે ને ? સેંકડો લોકોને તેઓ કહેશે ને ? કે 'સાધુઓ પાસે જવા જેવું નથી. એમની નજર ખરાબ છે, એમની પાસે ધર્મ પામવા જતાં મોટા અધર્મો ખડકાઈ જશે.' અને આ રીતે કેટલાય લોકો દુર્લભબોધિ બને. દીક્ષાની ભાવનાવાળાઓ દીક્ષા લેતા અટકી જાય. મારી ભૂલના કારણે પવિત્રતમ આખી ય સાધુસંસ્થાની વગોવણી થાય. સાંભળ્યું છે કે છાપાઓમાં એવું લખાણ આવેલું કે,"આ સાધુઓ દીક્ષા બાદ સેંકડો સ્ત્રીઓ પર નજર બગાડે, એના કરતા સંસારમાં જ રહીને એક સ્ત્રી સાથે પરણીને રહ્યા હોત તો શું ખોટું હતું ?" આવા લખાણોની પાછળ મારા જેવાની અધમતા જ નિમિત્ત બની ગઈ હશે ને ?

→ કહેવત છે કે 'અબ્રહ્મચારીનું ચિંતવ્યું કદીય સફળ ન થાય' ભલે હું કાયાથી પવિત્ર હોઉં, પણ મનથી તો...? અને તો પછી કોઈપણ ક્ષેત્રમાં મને મળશે માત્ર નિષ્ફળતા ! મારું પુણ્ય બળી જશે. કદાચ પાપાનુબંધી પુણ્યના જોરે કોઈક સફળતાઓ મળતી દેખાય, તો ય એની પાછળનું ભવિષ્ય તો ભયાનક જ હશે.

→ આ દૃષ્ટિદોષ આવતીકાલે આગળ વધે એવી શક્યતા પાકી ! ભાન ભૂલીને કો'ક ગોઝારીપળે હું કાયિક દોષ પણ સેવી બેસીશ તો ? એમાં જો પકડાઈ જઈશ તો લોકોમાં મારી ઘોરાતિઘોર નિંદા થશે. લોકો મને મારશે, મારા કપડા કાઢી નાંખીને ઘર ભેગો કરશે. શું આવી હાલતમાં મારા મા-બાપ-ભાઈ-બહેન પણ મને રાખશે ખરા ? ના રે ના ! આવા પતિતને તો તેઓ પણ ધિક્કારશે. કદાચ મને રાખશે તો ય મારા તરફ એમની દૃષ્ટિમાં અણગમો સ્પષ્ટ હશે. એ પછીની મારી જીંદગી પશુ કરતાય બદતર બની રહેશે. ઢોર મજુરી કરવી પડશે મારે, મારું પેટ ભરવા ! કોઈ સ્ત્રી મારા જેવા પતિતને પરણવા તૈયાર નહિ થાય. જે તૈયાર થશે, તે એવી જ વિચિત્ર

-હશે કે જે મારા સંસારને સળગાવશે. અને આ રીતની જીંદગી જીવ્યા પછી અંતે ? અનંતસંસાર જ ને ? દુર્ગતિઓ જ ને ?

→ ધારો કે મારું પાપ ન પકડાય, તો ય હું ખાનગીમાં ગુરુ પાસે આલોચના કરું, તો પણ મને છેદાદિનું પ્રાયશ્ચિત્ત આવશે. સાધુઓ પરસ્પર વાતો કરશે કે,''આણે કંઈ ગરબડ કરી લાગે છે એને છેદપ્રાયશ્ચિત્ત અપાયું છે...'' આમ બધાની નજરમાં મારી તરફ શંકાનો કીડો સળવળતો દેખાશે. નાના સાધુઓ પણ મારી અવહેલના કરશે. શી રીતે જીરવી શકીશ આવી જીંદગીને ! જેમાં ડગલે ને પગલે અપમાનના કડવા ઘુંટડા પીવા પડે...

→ ધારો કે હું સાધુતાનું ખૂન કરીને, સરળતાને સળગાવી દઈને, આલોચનાને અટકાવી દઈને, નિષ્ઠુર બનીને મારા પાપો છુપાવી દઉં, ન કહું ગુરુને કે ન કહું પ્રાયશ્ચિત્તદાતાને ! તો શું હું બચી જઈશ ? ના, ના, ના. આ તો આત્મામાં ઉત્પન્ન થયેલો ભયાનક રોગ છે. જો ગુરુને એની જાણ ન કરાય, તો એ રોગ વકરે જ, જાન લઈને જ જંપે. અર્થાત્ જો હું દોષનું નિવેદન નહિ કરું તો કંઈ એ દોષ શાંત નહિ પડે, એ તો વધુ જોરથી જાગંશે. મને ફરી એ જ પાપો કરવા પ્રેરશે... છેવટે ક્યાંક તો હું ઉઘાડો પડી જ જઈશ. આખરે ક્યાં સુધી આ પાપો ઢંકાયેલા રહે ? એ તો છાપરે ચડીને પોકાર કરવાના જ.

પછી ? ગચ્છ, ગુરુ, સહવર્તીઓ કોઈ મને બચાવી નહિ શકે.

મારે આ વાત બરાબર સમજી લેવી જોઈએ કે જો રોગી ઓપરેશન-ઈંજકેશન-દવા વગેરેના ભયથી ડોકટરને પોતાનો રોગ ન જણાવે, છુપાવી રાખે તો એ છુપાડાયેલો રોગ મટી ન જાય. થોડોક સમય ભલે એ છાનો રહે, પણ એક દિવસ તો એ વકરવાનો જ, એ વકરેલો રોગ બધાને દેખાવાનો...પણ પછી એનો કોઈ જ ઈલાજ નથી હોતો. પછી તો ડોકટરોએ પણ મૃત્યુના દિવસો જ ગણવાના હોય છે.

એમ હું કદાચ મારા કાયિકાદિ પાપોને છુપાવી પણ દઉં ને ? તો ય એ લાંબા સમય સુધી છુપા નહિ જ રહે. એ પાપો વકરશે, વધશે અને દુનિયાને નરી આંખે એ દેખાશે. પછી તો ગુરુ પણ મને બચાવી નહિ શકે. કદાચ છાપાઓમાં મારા ફોટા છપાશે. મારા પાપો પ્રગટ થશે, સર્વત્ર 'ધિક્ ધિક્' નો ધ્વનિ મારા કાનોને પીડા આપનારો ઉભો થવાનો જ.

→ અતિભયંકર પાપાનુબંધી પુણ્યના પ્રતાપે કદાચ અનેકાનેક વાર પાપો કરવા

નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય

છતાંય હું ન પકડાઉં એવું ય હજી કદાચ બને, પણ મર્યા પછી ? હું તો શાસ્ત્રો ભણ્યો છું. કર્મના ગણિત જાણું છું, મરણ પછીની દુનિયા માટેની મારી લાચારી મને ખબર છે. દુર્ગતિઓની ભયાનકતા મેં સાંભળી છે - વાંચી છે. નજરોનજર નિહાળી છે. પુરુષભાવનો દુરુપયોગ કરનારાઓને અનંતકાળ માટે નપુંસક બનીને તિર્યંચોમાં જીવવું પડે એ વિપાક પણ શક્ય જ છે. હા ! 'એ બધી વાતો ખોટી છે' એમ માની લઉં, તો પણ માત્ર મારી માન્યતાથી કંઈ વાસ્તવિકતામાં થોડો જ ફેરફાર થવાનો છે ?

એટલે જ જો આ ભયાવહ નુકસાનોમાંથી મારે બચવું હોય તો કોઈપણ ભોગે મારે મારા બ્રહ્મચર્યની રક્ષા કરવી જ રહી. એ માટે મારે સૌ પ્રથમ દૃષ્ટિદોષ ટાળવો જ રહ્યો. કેમકે અબ્રહ્મની ઉત્પતિનું મૂળ કારણ આ દૃષ્ટિદોષ છે. જે રૂપાદિ આંખમાં પ્રવેશતા નથી. તે રૂપાદિ મનમાં ય પ્રવેશતા નથી. એ ઉપરાંત બીજી પણ ઘણી બાબતોમાં મારે સજાગ બનવું જ પડશે.

+ વૃદ્ધા કે યુવાન કોઈપણ સ્ત્રી સામે મારે નજર ન નાંખવી. નજર ભૂલથી પડી જાય તો તરત જ નજર પાછી ખેંચી લેવી. એ વખતે અશુચિભાવના ભાવવી અથવા તો એમાં માતાનો કે બહેનનો જ સંકલ્પ કરી ખરાબ વિચારો અટકાવી દેવા.

+ સૂર્યોદય પૂર્વે અને સૂર્યાસ્ત બાદ ઉપાશ્રયમાં કોઈપણ સ્ત્રીનો પ્રવેશ થવા ન દેવો. સગી બા મળવા આવે તો પણ સવિનય એને ના કહેવી.

+ દિવસ દરમ્યાન પણ એકલા બહેનોને ઉપાશ્રયમાં ન આવવા દેવા. વંદન માટે એકલા આવતા બહેનોને સાધ્વીજી ભગવંત પાસે પચ્ચક્ખાણ વંદન માટે જવાનું જણાવવું.

+ ભાઈઓ સાથે બહેનો આવે તો પણ તેઓ મર્યાદાસભર વસ્ત્રો પહેરીને આવે, એ માટે શક્ય હોય તો ઉપાશ્રયના દરવાજા પાસે બોર્ડ મુકાવવું કે 'બહેનોએ મર્યાદાસભર વસ્ત્રો પહેરીને આવવું...'

+ સાધ્વીજીઓ અને બહેનો સાથે પત્રવ્યવહાર બિલકુલ ન કરવો.

+ છાપાઓ, મેગેઝીનો વાંચવા જ નહિ, કે જેમાં ખરાબ ફોટા-ખરાબ લખાણ આવે છે.

+ વિગઈઓ ઉપર કાબુ રાખવો. અર્થાત્ ભલે હું આંબિલ ન કરી શકું, પણ શક્ય એટલો વિગઈત્યાગ કરું. દૂધ-ઘી-મીઠાઈ આ બધું બ્રહ્મચર્યનો ઘાત કરનાર છે. તો મારે એ ન લેવું - શરીરને જરૂર પડે તો મર્યાદિત પ્રમાણમાં લેવું. રોજેરોજ લેવાને બદલે

આત્મ સંપ્રેક્ષણ

૩-૬-૧૦ દિવસના અંતરે લેવું.

+ રોજ સ્થૂલભદ્રજી વગેરે મહાપુરુષોને યાદ કરીને ભાવથી વંદન કરવા. એમની પાસે નિર્મળ બ્રહ્મચર્યની પ્રાર્થના કરવી. વર્તમાનમાં પણ મારા ગુરુ, મારા સહવર્તી વગેરેમાં જેઓમાં મને નિર્મળ બ્રહ્મચર્ય સ્પષ્ટ જણાય, એમના પ્રત્યે વિશેષથી બહુમાન ધારવું. એમની વિશેષથી સેવા કરવી.

+ રોજ દેરાસરમાં ચૈત્યવંદન બાદ પ્રભુ પાસે ખૂબ ભાવથી પ્રાર્થના કરવી કે,'પ્રભો ! મારા બ્રહ્મચર્યની રક્ષા કરજે. મારી આંખોમા ય વિકાર ન પ્રગટે એવી પવિત્રતાનું દાન કરજે. તારી અને સદ્ગુરુની કૃપા વિના આ ગુણની પ્રાપ્તિ અશક્ય છે. તારી અને સદ્ગુરુથી કૃપા ઉતરે, તો મારા માટે આ ગુણ મેળવવો રમત વાત છે. પણ પ્રભો ! તું કૃપા કરજે, તારા બાળની રક્ષા કરજે...'

+ દિવસ દરમ્યાન જે કોઈ ખરાબ વિચાર આવ્યા હોય, જે કોઈ દૃષ્ટિદોષ જાગ્યા હોય, એ બધાને રાત્રે યાદ કરી કરીને હાથ જોડીને એ પાપો બદલ હૃદયથી ક્ષમાપના માંગવી. મિચ્છા મિ દુક્કડંની આગ એ પાપો રૂપી ઘાસ પર સળગાવવી. અને અવસર મળે ત્યારે સદ્ગુરુ પાસે નિર્દંભભાવે, નિર્લજ્જ બનીને એ પાપોની આલોચના કરવી.

+ સૌથી અગત્યનો ઉપાય છે **સતત સ્વાધ્યાયાદિ યોગોમાં લીન રહેવું.** મનને એક પળ પણ નવરું ન પડવા દેવું. એના પર સખત બોજો મૂકી દેવો. વિકારોનું ઉદ્ભવસ્થાન તો છેવટે મન જ છે ને ? બાકી બધા એના નિમિત્તકારણો છે. અને મનને કાબુમાં રાખવાનો અતિ મહત્ત્વનો ઉપાય છે સ્વાધ્યાય ! અધ્યયન અને એનાથી ય વધુ ચડિયાતું અધ્યાપન ! બસ, મારે આ બેને મારા જીવનમાં આત્મસાત કરી લેવા છે. હા ! હું પ્રતિક્રમણ-પ્રતિલેખન-વૈયાવચ્ચ વગેરે યોગો તો બરાબર સાચવીશ જ. સ્વાધ્યાય માટે એ બધા આવશ્યક યોગોમાં હું ગરબડ નહિ જ કરું. પણ એ આવશ્યક યોગો તો આખા દિવસમાં ચાર-પાંચ કલાકના જ હોય છે. આખા દિવસમાં ઓછામાં ઓછા દસ-બાર કલાક તો મારી પાસે બચે જ છે. એ બધો જ સમય હું હવે સ્વાધ્યાયમાં જ લાગી જઈશ. એક મિનિટ તો નહિ, પણ એક સેકંડ પણ નહિ બગાડું. હું હવે બરાબર ભણીશ, બીજાઓને ભણાવીશ. કદાચ કોઈક અઘરા ગ્રન્થો મને નહિ આવડે તો ય શું ? હવે તો ગુજરાતી પુસ્તકો પણ ઘણા મળે છે, જે ખૂબ જ સરસ હોય છે. એનાથી પણ એ અઘરા ગ્રન્થો બેસી જાય.

રાત્રે ઉંઘતી વખતે પણ મારા મન પર સ્વાધ્યાયનો બોજો હોય,'હજી આટલું બાકી

છે...' એમ રોજ ઉધારખાતું જ ચાલતું હોય, એટલો સખત સ્વાધ્યાય મારે કરવો છે.

મન તો ખરેખર ડાહ્યું છે, કહ્યાગરું છે. જેમ કોઈ સારા માણસને ભૂખ લાગે, તો એ ભોજન માંગે જ. એને સાદુ-શુદ્ધ ભોજન મળે તો એ ખાઈ લે, પેટ ભરી લે, માંસ-અભક્ષ્ય પણ ખાવા ન જાય. પણ ભૂખ લાગવા છતાં ભોજન ન મળે, તો છેવટે 'नत्थि छुहासमा वेयणा' એ ન્યાયે એ માંસ-અભક્ષ્ય પણ ખાઈ બેસે. દોષ એનો નથી, દોષ એને ભોજન ન આપી શકનારાઓને છે.

એમ મારું મન પણ સુખ-સંતોષ-તૃપ્તિની ભૂખ ધરાવે છે. એની એ ભૂખ દૂર કરવી એ મારી ફરજ છે. હું એને જો અધ્યયન-અધ્યાપનાદિ શુદ્ધ ભોજન ખાવા આપી દઉં, તો એ બધું ખાઈને મન શાંત થઈ જાય છે, પછી એ કંઈ માંગતું નથી, તોફાન કરતું નથી. પણ હું એને ભૂખ્યું રાખું, તો તો એ બિચારું શું કરે ? પછી એ ભૂખને લીધે જે મળે એ ખાવા લાગે. એ કામવિકારોમાં લપેટાય, દૃષ્ટિદોષમાં લપેટાય...બધું જ બને. પણ એમાં દોષ એનો નથી, દોષ મારો છે. મારી ફરજ છે કે મારે મારા બાળક સમાન મનને પૂરતું ભોજન-શુદ્ધ ભોજન આપવું.

બસ, આટલા ઉપાયો હું હવે અજમાવીશ.

પછી ?

હું બની જઈશ સર્વથા નિર્વિકારી !

હું બની જઈશ વિશુદ્ધ બ્રહ્મચારી !

હું બની જઈશ હજારો લોકોને પવિત્રતાની ભેટ આપનાર પવિત્ર ઉર્જાનો માલિક !

જો પેલા નારદો ઝઘડા કરાવનાર, યુદ્ધોના રસિક, સંન્યાસી બનીને ફરનાર હોવા છતાં માત્ર એક બ્રહ્મચર્યના પ્રતાપે મોક્ષ પામે, તો હું તો ઝઘડાખોર-યુદ્ધરસિક નથી, હું તો હવે બ્રહ્મચારી બની જ રહેવાનો. મારામાં તો બીજા પણ અનેક ગુણો છે, મારો મોક્ષ તો એ નારદો કરતા ય વધુ ઝડપી થવો જોઈએ, અને થશે જ.

હવે કોઈપણ બહેનોના વિશ્વાસનો ઘાત નહિ કરું હું !

હવે કોઈની શ્રદ્ધા પર તલવાર ફેરવવાનું પાપ નહિ કરું હું !

હવે કોઈને પણ દુર્લભબોધિ બનાવી દેનાર વિકારદૃષ્ટિનો ભોગ નહિ બનું હું !

દેવાધિદેવો - શાસનદેવો - સંયમરાગી દેવો મારા સહાયક બનો.

આ થયું દૃષ્ટિદોષને લઈને આત્મસંપ્રેક્ષણ !

## ૭. દોષ નં. ૬ – અહંકાર



(૬) અહંકાર : મારામાં અહંકાર છે કે નહિ ? એની ખબર શી રીતે પડે ? આ બધા દોષોને કંઈ શરીર નથી કે એ નરી આંખે દેખાઈ જાય. આ તો આત્મપ્રદેશોમાં સંસ્કારરૂપે અવગુણરૂપે પડેલા દોષો છે.

મને આમ તો મારી જાત નિરહંકારી લાગે છે, કેમકે અહંકારી માણસ તો કોઈને ન નમે, એ પોતાના ગુરુને ય ન નમે. હું કંઈ એવો નથી. હું તો ગુરુ પાસે ખૂબ જ નમ્ર બનીને રહું છું. ગુરુને રોજ બેવાર વંદન અવશ્ય કરું છું. મારા વડીલજનોને પણ રોજ વંદન કરું જ છું ને ? એ પણ અંધારામાં કે જેમતેમ નહિ, પરંતુ વિધિપૂર્વક વંદન કરું છું.

હું કંઈ ખભા ઉંચા કરીને કે છાતી બહાર કાઢીને ફરતો નથી. અરે, કોઈ મારી પ્રશંસા કરે, તો પણ હું એક જ વાત કહું છું કે 'બધું દેવગુરુની કૃપાથી છે. મારું કશું નથી. મારી કોઈ જ કિંમત નથી. આ તો દેવગુરુની અનહદ કૃપા મને મળી છે... એટલે આ શક્તિઓ વિકસી છે.' શું અહંકારી માણસ આવું બોલે ખરો ? એ શું કામ બીજાની કૃપાની વાત કરે ? એ પોતાના પુરુષાર્થને અને પોતાની બુદ્ધિને જ યશ ન આપે ? એ તો એમ જ બોલે ને ? કે 'આ સફળતાઓ એમને એમ નથી મળતી. મેં મારું તન નિચોવી નાંખ્યું છે, રાતના બાર-બાર વાગ્યા સુધી ચિંતનો કર્યા છે. ત્યારે મને આ બધી સફળતાઓ સ્વાધ્યાયાદિ ક્ષેત્રે મળી છે.' પણ આવું તો મેં ક્યારેય કોઈને કીધું નથી. એટલે મારામાં અહંકાર નહિ હોય.

– કોઈ મને કહે છે કે, 'સાહેબ ! આપનો રાગ ખૂબ જ મધુર છે. આપ જે અજિતશાંતિ બોલો છો, જે સ્તવનો બોલો છો... અમે તો ડોલવા લાગીએ છીએ. અમારી જીંદગીમાં અમે આવો રાગ સાંભળ્યો નથી.' પણ એ વખતે હું એક જ વાત કરું છું કે, 'દેવ-ગુરૂ પસાય !'

– કોઈ મને કહે છે કે, ''સાહેબ ! આપના પ્રવચનો એટલા બધા ધારદાર છે કે જેમ અર્જુનનું એક પણ બાણ નિષ્ફળ ન જાય, એમ આપના એકપણ પ્રવચન નિષ્ફળ ન જાય. એક પણ વાક્યો નિષ્ફળ ન જાય. મારા જેવાના તો હૃદય વીંધાઈ જાય છે. સાહેબ ! ખરું કહું છું કે મને તો આપના પ્રવચનો સાંભળતા ધ્રુસકે ધ્રુસકે રડવું આવે છે. અરે, માત્ર હું નહિ, ઘણીવાર આખી સભા રડતી હોય છે, મને તો લાગે છે કે અમે જાણે તીર્થંકરની દેશના જ સાંભળી રહ્યા છીએ.'' અને આવી બેહદ પ્રશંસા બાદ

પણ મેં કદી મારા વખાણ કર્યા નથી, મેં માત્ર એટલું જ કહ્યું છે કે, **'દેવગુરુપસાય !'**

– કોઈ મને કહે છે કે,''સાહેબ ! આપ તો ગજબનો સ્વાધ્યાય કરો છો. આપના ગુરુજી પણ આપની ખૂબ પ્રશંસા કરે છે. ઘણીવાર બોલે છે કે આ સાધુ તો મારો હીરો છે, મારા ગ્રુપનો પ્રાણ છે.' આપે ૧૦ હજાર ગાથા ગોખી છે ? સાચી વાત ને ? ભારે કહેવાય. પાછી બધી મોઢે આવડે. બાપ રે બાપ ! અને હું તો છેલ્લા મહિનાથી જોઉં છું કે આપ આખા દિવસમાં કદી એક મિનિટ પણ બગાડતા નથી. સવારે પાંચ વાગ્યાથી રાત્રે અગ્યાર વાગ્યા સુધી આપ અપ્રમતભાવે સ્વાધ્યાય કરતા દેખાઓ છો. આવી ધગશવાળા સાધુઓ મેં તો પહેલીવાર જોયા. આપની અંતર્મુખતા જબરી છે ! હું જો દીક્ષા લઉં ને ? તો આપની પાસે જ લઉં. મને તો આપના જેવા ગુરુ ગમે.'' પણ એ વખતે ય મારો જવાબ એક જ હોય છે **'દેવગુરુપસાય !'**

– કોઈ મને કહે છે કે,''સાહેબ ! આપને પંદર વર્ષથી અખંડ એકાસણા ચાલે છે ? એ વાત સાચી ? અને એમાં ય વર્ષમાં દસ મહિના તો આંબિલ જ કરો છો ? અત્યારે આપને ૯૮મી ઓળી ચાલે છે ? અહોહો ! સાહેબ ! ઉપવાસના પારણે પણ એકાસણું કરો છો ? અને પાછું આંબિલ ખાતાનું લેવાનું નહિ, ઢોકળા વગેરે બધું બંધ ! માત્ર રોટલી-દાળ-શાક-ભાત ઉપર જ આ બધી ઓળીઓ કરો છો ? ઓ ભગવાન ! આપનો વૈરાગ્ય તો ભયંકર છે. અમને તો સાંભળતા જ ચક્કર આવે છે. આપની પ્રશંસા ચારે બાજુ ખૂબ સાંભળી છે. વળી, વિહારમાં નિર્દોષ ગોચરી ન મળે તો એકલી રોટલી, એકલા ભાત વાપરીને પણ ચલાવી લેવાનું આપનું સત્ત્વ તો ચોથા આરાના સાધુઓમાં જ જોવા મળે. અમને તો આપના દર્શન મળ્યા, બસ ! ધન્ના અણગારના દર્શન મળ્યા. સાહેબ ! અમને ય આશિષ આપજો કે અમે ય આપના તપના કરોડમાં ભાગ જેટલો તપ કરીએ તો ય ઘણું.''

અને એમ બોલતા બોલતા એ અનુમોદકો રીતસર રડી પડે, મારા ચરણે માથું ઢાળી દે... પણ ત્યારે ય મારો જવાબ એક જ **'દેવગુરુપસાય !'**

– કોઈ મને કહે છે કે,'સાહેબ ! આપ આ બે ઘરડા સાધુઓને જે રીતે સાચવો છો ને ? એ જોઈને તો અમને શાસન પ્રત્યે અનહદ રાગ પ્રગટે છે. સંસારમાં સગો દીકરો પોતાના બાપને ન સાચવે, એટલી બધી કાળજી આપ આ બેની કરો છો. આશ્ચર્ય તો એ છે કે નથી આ બે ઘરડાઓ આપના શિષ્ય ! નથી કોઈ સંસારી સગા ! છતાં માત્ર ગુરુએ આપને એકવાર સૂચના કરી કે 'આ ઘરડાઓને કોણ સાચવશે ?' અને આપે

એક પળમાં એ વાત સ્વીકારી લીધી.

અમે તો નજરોનજર આપની વૈયાવચ્ચ નિહાળીએ છીએ. ઘરડા સાધુને સ્થંડિલ થઈ જાય, ઝાડા થઈ જાય અને આપ બિલકુલ દુગંછા કર્યા વિના બધું જાતે સાફ કરો છો. અઠવાડિયા પહેલા જ મેં જોયેલું કે મેલેરીયામાં એ ઘરડા સાધુને ઉલટી થઈ, પ્યાલો નજીકમાં ન હતો. તો આપે તો આપનો હાથ જ ધરી દીધો, એ ઉલટી લઈ લેવા ! સાહેબ ! હું તો એ દશ્ય જોઈ પણ નથી શકતો, જ્યારે આપ તો સાક્ષાત આચરો છો...કમાલ ! કમાલ !

જો આપના જેવા ૧૦-૨૦ વૈયાવચ્ચી પણ આ શાસનમાં હોય ને ? તો ઘરડાઓ કદી અસમાધિ ન પામે. આપના શિષ્યો હોવા છતાં આપ સ્વયં ઘસાઈ છૂટો છો. શિષ્યો ઉપર બધું કામ ઢોળી દેતા નથી.

વળી આવા પ્રભાવક હોવા છતાં, ભક્તો કેટલાય મળવા આવતા હોવા છતાં એ ઘરડાઓ પાસે જઈને અડધો-અડધો કલાક બેસો છો, એમને આશ્વાસન આપો છો, હસાવો છો, આપ તો આ મર્ત્યલોક ઉપર સ્વર્ગમાંથી ઉતરેલા મસીહા છો, દેવ છો.''

આવી સર્વોત્તમ પ્રશંસા સાંભળવા મળી, છતાં મેં ક્યાં મારી પ્રશંસા કરી છે ? હું તો માત્ર એટલું જ બોલ્યો છું કે, <u>'દેવગુરુપસાય !'</u>

– કોઈ મને કહે છે કે,'સાહેબ ! આપની પ્રભુભક્તિ તો આંખે ઉડીને વળગે એવી છે. આજે જ દેરાસરમાં મેં આપને રડતા જોયા. આમે ય ઘણીવાર મેં આપને દેરાસરમાં ઝૂમતા જોયા છે. આપ બે હાથ ઊંચા કરી, માથું ડોલાવી જે રીતે પ્રભુ સાથે વાત કરો છો, એ જોતા તો એમ જ લાગે કે આપની સામે જાણે કે સાક્ષાત ભગવાન જ બિરાજમાન હોય.

વળી અમારે તો અષ્ટપ્રકારી પૂજા કરવાની હોય, એટલે કલાક સહેજે થઈ જાય. જ્યારે આપ તો માત્ર સ્તુતિ, ચૈત્યવંદનમાં જ રોજ કલાક-બે કલાક મસ્તીથી બેસો છો... એ તો આશ્ચર્ય જ લાગે.

સાહેબ ! વિદ્વાનો - પ્રભાવકો - તપસ્વીઓ - વૈયાવચ્ચીઓ ઘણા જોયા, પણ એ બધામાં પ્રભુભક્તિ દેખાઈ ન હતી. એટલે જ એ બધામાં મને ઘણીવાર એમની શક્તિ બદ્દલનો અહંકાર દેખાયો હતો. અમે પણ અનુભવી છીએ, ભલે બોલીએ કશું નહિ, પણ બધું સમજી લઈએ. પ્રભુભક્તિ વિના કંઈ અહંકાર જતો હશે ?

આપ પહેલા મને એવા મળ્યા છો કે જેમનામાં આટલી બધી શક્તિ છે. છતાં

અહંકાર મને દેખાયો નથી. એનું એકમાત્ર કારણ આપની પ્રભુભક્તિ છે. આ મારું તારણ છે અને મારો અનુભવ કદી ખોટો પડતો નથી.'

અને મારી પ્રભુભક્તિના વખાણ સાંભળતા સાંભળતા પણ મેં કદી મારી વિશેષતા દર્શાવી નથી. બોલ્યો છું, માત્ર એક જ વચન ! 'દેવગુરુપસાય !'

– કોઈ મને કહે છે કે,''ગઈકાલે આપના બા-બહેન મળવા આવેલા ને ? છતાં આપે તો મળવાની જ ના પાડી દીધી. જબરું કહેવાય. આપે નમ્રતા સાથે પણ કેટલું સ્પષ્ટ કહી દીધું કે,'તમે એકલા કેમ આવ્યા ? સાથે કોઈ ભાઈ નથી ? હું તમારી સાથે વાત ન કરી શકું' અરે, સાહેબ ! હું તો આ જોઈ ચોંકી ગયો. આપનો પર્યાય પંદર વર્ષ ! આપ જાહેરમાં - હોલમાં જ બેઠેલા. આપની સગી બા અને સગા બહેન ! છતાં આપની આ કટ્ટરતા !

એ બા-બહેને આજીજી કરી, ત્યારે છેવટે આપે મારા જેવાને ત્યાં બેસાડીને પંદરેક મિનિટ વાતો કરી. પણ સાહેબ ! મેં જોયું કે પંદર મિનિટ દરમ્યાન આપે એકાદવાર પણ બા-બહેન સામે જોયું નથી. મારી સામે મોઢું રાખીને જ વાત કરતા હતા.

સાહેબ ! આવી બ્રહ્મચર્યની કડકાઈ મેં ખરેખર પહેલીવાર જોઈ. અમારા સંસારીઓની વાત જવા દો, પણ શ્રમણસંસ્થામાં પણ જ્યારે કાળા કલંકો લાગી રહ્યા હોય, ત્યારે આપ જેવા મુનિ તો મને કલિકાલના સ્થૂલભદ્રજી જ લાગો છો. ગઈકાલના પ્રસંગ બાદ આજથી હું આપને મારા ગુરુપદે સ્થાપું છું. બસ, મને પણ આપના જેવો બ્રહ્મચારી બનાવજો.''

આવા હર્ષદાયક શબ્દો સાંભળ્યા પછી પણ મેં એટલું જ કહેલું કે, 'દેવગુરુપસાય ! આ તો દેવ-ગુરુની કૃપાનું ફળ છે... બાકી મારા જેવા આવા બ્રહ્મચારી ન બની શકે.'

– કોઈ મને કહે છે કે,'સાહેબ ! આપને નરી આંખે પ્રથમવાર જોઉં છું. છતાં પરોક્ષ રીતે આપને સેંકડોવાર મળી ચૂક્યો છું. આપનો મારા પર અનહદ ઉપકાર થઈ ચૂક્યો છે. વર્ષોથી મારી ઈચ્છા હતી, આપને મળવાની ! પણ છેક આજે મારી એ ભાવના સફળ થઈ.

સાહેબ ! હું પાપોમાં ચકચૂર હતો. મોઢેથી બોલી ન શકાય, હાથેથી લખી ન શકાય એવા બદતર પાપોમાં હું ખૂંપેલો હતો. અધઃપતન શબ્દ પણ મારા અધઃપતન સામે સાવ વામણો લાગે એવી મારી દુર્દશા હતી. શું કહું આપને ? સાહેબ ! આ

આજના સંસારમાં જે રીતના પાપો વકરેલા છે, એનું વર્ણન થઈ શકે એમ નથી. આપ તો બધું સમજતા જ હશો.

સાહેબ ! સાતમી નારક પણ મારા માટે ઓછી પડત, એવા પાપો...! પણ સાહેબ ! એક દિવસ મારા ઘરે અચાનક આપનું પૂર્વે પપ્પાએ ખરીદેલું પુસ્તક હાથમાં આવ્યું. કુતૂહલથી એક પાનું વાંચ્યું. કંઈક રસ પડ્યો અને ખુરશી પર બેસી વાંચવાનું શરૂ કર્યું.

સાહેબ ! શું આપની કલમનો કસબ ! શું આપની સંવેદનશીલતા ! શું આપની પદાર્થોને રજુ કરવાની કળા ! શું આપની શબ્દે શબ્દે જોવા મળતી સરળતા - નિખાલસતા ! ૩૦૦ પાનાનું એ પુસ્તક સળંગ ૬-૭ કલાક એક જ બેઠકે હું વાંચી ગયો. ખૂબ ખૂબ રડ્યો. કોઈ મને જોઈ ન જાય, એ માટે બારણા બંધ કરીને રડ્યો. મારો રૂમાલ ભીનોભચ થઈ ગયો, પણ આંસુઓ રોકાવાનું નામ ન લે...સાહેબ ! બીજા જ દિવસથી મેં મારા પાપો લખવાના શરૂ કરી દીધા. એક જ સપ્તાહમાં ૨૦૦ પાના લખી નાંખ્યા. એક આચાર્ય ભગવંત પાસે બધી આલોચના લીધી, શુદ્ધ થયો. પ્રાયશ્ચિત્ત વહન કરી રહ્યો છું.

પણ તે પછી મારા જીવનના તમામ પાપો દૂર ફેંકાઈ ગયા. આજે લોકો મને ધર્મિષ્ઠ કહે છે.. એ માત્ર ને માત્ર આપના પુસ્તકનો પ્રભાવ છે. એ પછી તો આપના ઢગલાબંધ પુસ્તકો વાંચ્યા. આપના પુસ્તકોનો એક કબાટ મેં મારા ઘરે રાખ્યો છે. મિત્રોને વાંચવા આપું છું.

સાહેબ ! નવા પુસ્તકો લખો, વિતરણ કરો તો એમાં પાંચેક લાખ રૂપિયાનો લાભ લેવાની મારી ભાવના છે, મને લાભ આપજો....''

અને મારા પુસ્તકો પર આફરીન પોકારી જનારા એ યુવાનની દર્દનાક કથની સાંભળ્યા બાદ, મારી ભરપૂર પ્રશંસા સાંભળ્યા બાદ પણ મારા મોઢેથી તો એ જ વાક્ય નીકળ્યું કે ''દેવગુરુપસાય ! આ બધું મારા દેવ-ગુરુની કૃપાનું ફળ છે.''

જો આ બધું વિચારું છું તો એમ લાગે છે કે મેં એક જબરદસ્ત કોટિની સિદ્ધિ મેળવી છે, અહંકાર નાશની સર્વોત્તમ સાધનામાં ! વડીલો અને ગુરુજનોના મુખે સાંભળ્યું છે કે,''દોષોનો રાજા અહંકાર છે, રાજા મરે તો બાકીનું સૈન્ય ભાગાભાગી કરવા માંડે.'' અને ખરેખર મારો અહંકાર લગભગ ખતમ થઈ ગયો લાગે છે, હું ધન્ય બની ગયો. ધન્યાતિધન્ય બની ગયો.

પણ, પણ, પણ... એક મિનિટ ! મારે કોઈપણ નિર્ણય કરવામાં ઉતાવળ નથી કરવી. જો ભૂલથી ય હું ભ્રમણાનો ભોગ બનીશ, તો તો મારું આત્મોત્થાન કદી નહિ થાય. ગઈકાલે જ મેં પેલું પુસ્તક વાંચેલું, જેમાં એ વાત લખેલી કે,''આપણામાં અહંકાર છે કે નહિ, એ જાણવાના ઉપાયો...' મેં એ બધું ધ્યાનથી વાંચેલું. લાવ, એ ઉપાયો ફરી યાદ કરું, મારા જીવનમાં એ બાબતો છે કે નહિ, એ ચકાસી લઉં. બસ, એ પછી જ મારે નિર્ણય કરવો છે કે,'મારામાં અહંકાર છે કે નહિ.'

એ પુસ્તકમાં લખેલું કે

+ તમે કોઈ સારા કામ કરો, નાની-મોટી સફળતાઓ મેળવો, જાતને ઘસી નાંખો... છતાં એ વખતે કોઈ તમારા માટે થોડું પણ સારું ન બોલે, તમારા એ સારા કામની-સફળતાની-ઘસારાની કોઈ નોંધ ન લે... તો તમને અકળામણ થાય છે ખરી ? તમને ઉંડે ઉંડે કોઈકના તમારા માટેના સારા શબ્દો સાંભળવાની અપેક્ષા રહે છે ખરી ?

+ કોઈ તમારા સારા કામની પ્રશંસા તો કરે, પણ એમાં વચ્ચે વચ્ચે બે-ત્રણ ભૂલો દેખાડે, એ સુધારવાનું કહે, તો એ વખતે આનંદ થાય છે ? કે પ્રશંસા સાંભળવાથી ઉત્પન્ન થયેલ આનંદ રૂપી મીઠાઈમાં કડક કાંકરા જેવી એ હિતશિક્ષા લાગે છે ? અર્થાત્ એ હિતશિક્ષા ખૂંચે છે ? એ હિતશિક્ષા ન અપાઈ હોત તો વધારે આનંદ અને એ હિતશિક્ષા અપાઈ એટલે હર્ષમાં ઘટાડો... એવો અનુભવ થાય છે ?

+ કોઈ તમારી ભરચક પ્રશંસા કરે. તમારી મહાનતા વર્ણવે, કોઈ હિતશિક્ષા ન આપે... પણ એ પછી તમારા સિવાય બીજા કોઈની પણ એ જ વિષયમાં પ્રશંસા કરે, એમની પણ મહાનતા વર્ણવે... ત્યારે તમને આનંદ થાય છે ? તમારી જેમ એ બીજી વ્યક્તિ દ્વારા પણ અનેકોનો ઉદ્ધાર થયો, એ બમણા હર્ષની વાત હોવા છતાં એ વખતે ખેદ-પશ્ચાત્તાપ તો નથી થતો ને ? તમારી પ્રશંસાના શ્રવણથી ઉભો થયેલો હર્ષ ઘટી તો નથી જતો ને ? એ બીજી વ્યક્તિના કાર્યોમાં દોષો શોધવાની ઈચ્છા તો નથી થતી ને ? એ બીજી વ્યક્તિના કાર્યોમાં દોષો મળી જાય તો એને પ્રગટ કરીને એ વ્યક્તિને હલકી ચીતરવાની મલિનપ્રવૃત્તિ તો નથી થતી ને ?

+ એવું તો નથી ને ? કે તમારી જાત અહંકાર વિનાની છે, એ દેખાડવા અને મિથ્યા આત્મસંતોષ મેળવવા માટે જ તમે ખૂબ નમ્ર બનો છો, તમે તમારી પ્રશંસા નથી કરતા, તમારા નામ આગળ વિશેષણો નથી લગાડતા, તમારા સામૈયા નથી કઢાવતા, પાટ છોડી નીચે જ બેસો છો, બધાને મધુરતાથી આવકારો છો, નાનાને પણ

સન્માન આપો છો...

આ બધા પાછળ નિરહંકારી દેખાવાનો, એ રીતની પ્રશંસા મેળવવાનો તો ઉંડે ઉંડે આશય નથી ને ?

અર્થાત્ તમારી નિરહંકારિતાનો જ તમને અહંકાર નથી ને ? કોઈ તમને કહે કે 'તમે અહંકારી છો' તો ખોટું લાગે છે ? ગુસ્સો આવે છે ? તમારી નમ્રતા સાબિત કરવા માટેની યુક્તિઓ આપવાનું મન થાય છે ? જો એવું હોય તો નિરહંકારિતાનો અહંકાર હોવાની શક્યતા ખરી.

+ સ્વપ્રશંસા કરવી ગમે, સાંભળવી ગમે, ફેલાવવી ગમે, કોઈ ફેલાવો કરે તે ગમે...

+ પરપ્રશંસા કરવી ન ગમે, સાંભળવી ન ગમે, ફેલાવવી ન ગમે, કોઈ ફેલાવો કરે તો ન ગમે...

+ પરનિંદા કરવી ગમે, સાંભળવી ગમે, ફેલાવવી ગમે, કોઈ ફેલાવો કરે તો ગમે...

+ સ્વનિંદા કરવી ન ગમે, સાંભળવી ન ગમે, ફેલાવવી ન ગમે, કોઈ ફેલાવો કરે તે ન ગમે...

હા ! આવા આવા ઉપાયો એ પુસ્તકમાં લખેલા હતા, અહંકારદોષની શોધખોળ કરવા ! નાનકડા સૂત્ર રૂપે લખાયેલા એ ઉપાયો ઉપર મારે ચિંતન કરવું પડશે, એ ચિંતન દ્વારા મને ખબર પડશે કે મારામાં અહંકાર દોષ છે કે નહિ ?

→ મારો રાગ ઘણો સારો છે, એમ હું માનું છું. જ્યારે જ્યારે હું ગાઉં છું. ત્યારે ત્યારે લગભગ બધા પ્રશંસા કરે છે. આમ જ્યાં પ્રશંસા થઈ છે, ત્યાં તો મેં 'દેવગુરુપસાય' કહ્યું છે પણ મને એ ચોમાસું યાદ આવે છે કે એ ચોમાસા દરમ્યાન હું ઘણા સ્તવનો બોલ્યો, અજિતશાંતિ બોલ્યો. પણ કોઈ મારી પાસે આવી પ્રશંસા કરતું નહિ. પ્રતિક્રમણ બાદ હું રાહ જોતો કે 'શ્રાવકો ત્રિકાળવંદના કરવા આવે અને મારા સ્તવન-અજિતશાંતિના વખાણ કરે મને રીતસર યાદ આવે છે કે હું ત્રિકાળવંદના કરવા આવનાર શ્રાવકના મોઢે કંઈક સારા શબ્દો સાંભળવા તડપતો હતો. પણ બે-ચાર શ્રાવકો તો માત્ર વંદના કરીને નીકળી ગયા, કંઈ જ બોલ્યા નહિ. અંતે મારી ધીરજ ખૂટી ગયેલી, અને મેં એ પછી વંદના માટે આવેલા શ્રાવકોને પૂછી લીધું કે, 'આજની અજિતશાંતિના રાગો તો બરાબર હતા ને ? કંઈક સુધારો કરવા જેવું હોય તો

કહેજો...'

આ શબ્દોમાં ય કપટગર્ભિત અહંકાર જ હતો ને ? જો હું એમ પૂછું કે 'તમને મારો રાગ કેવો લાગ્યો ?' તો હું મારા રાગનો માશુક છું, અહંકારી છું એમ જાહેર થઈ જાય. મારે મારી જાત એવી દેખાવા દેવી ન હતી, એટલે જ 'સુધારો કરવા જેવો હોય તો...' એવી ઉંધી ભાષા મેં વાપરી. પણ એ વખતે મારું મન શું ઝંખતું હતું ? 'કોઈ મને સુધારો સૂચવે અને હું એ રીતે ફેરફાર કરું' એવી શું મારી ભાવના હતી ? ના, ના. ખરેખર તો આ પ્રશ્ન દ્વારા એ શ્રાવકોના મોઢામાંથી પ્રશંસાના શબ્દો ઉભા કરાવવાની, મારા સ્વર વિશે તેઓના મધુર અભિપ્રાય જાણવાની લાલસા હતી.

માટે જ તો જ્યારે આ પ્રશ્નના ઉત્તરમાં એ શ્રાવકો બોલ્યા કે 'રાગ સારો હતો, ગમે તેવો હતો...' પણ એ પછી વિશેષ કોઈ શબ્દો ન બોલ્યા, ઉભા થઈને જતા રહ્યા. ત્યારે મને અંદર ખેદ થયેલો જ ને ? ભલે એમણે રાગમાં ભૂલો ન કાઢી, પણ એવો ઉમળકો પણ ક્યાં બતાવ્યો ? હું તો એવું ઝંખતો હતો કે તેઓ મારા પર વરસી પડે 'અરે, સાહેબ ! અદ્ભૂત ! અદ્ભૂત ! એક અવર્ણનીય આનંદ અમને થયો છે, આ અજિતશાંતિ સાંભળતા !...' પણ એવું કશું ન થયું, એટલે જ મારો ઉત્સાહ મંદ પડી ગયો ને ?

એમના ગયા બાદ બીજા બે-ત્રણ શ્રાવકો ત્રિકાળવંદના કરવા આવ્યા. એ સામેથી બોલ્યા કે "આજે આપ અજિતશાંતિ સારી બોલ્યા, જુદા જુદા રાગ બેસાડવાની મહેનત સારી કરી છે, આપે..." અને મારો આનંદ એ શબ્દો સાંભળતી વખતે કેટલો બધો વધવા માંડેલો, પણ મને એક પળ બાદ જ ખબર પડી કે એ હોંશિયાર શ્રાવક પાણી પહેલા પાળ બાંધી રહ્યો હતો. કોઈને એની ભૂલો દેખાડવી હોય તો થોડીક પ્રશંસા કરીને, આવર્જિત કરીને ભૂલો દેખાડીએ તો એ આઘાત વધારે ન લાગે. આ તો કડવી ગોળી મને કડવી ન લાગે, એ માટે Suger cotted કરીને એ શ્રાવક મને આપી રહ્યા હતા. તરત જ એમણે કહ્યું કે, "પણ, સાહેબ ! આમાં ઘણા રાગો તૂટી જાય છે. ક્યાંક મારી-મચડીને બેસાડેલા હોય એવું લાગે છે. ક્યાંક એકદમ ઝડપથી બોલવું પડે, ક્યાંક શબ્દોમાં અધવચ્ચે તોડફોડ કરવી પડે... પ્રાસ બરાબર બેસતો નથી. અને સાહેબ ! આપ જ્યારે ઉંચે અવાજે બોલવા જાઓ છો, ત્યારે આપનો અવાજ નાકમાંથી નીકળતો હોય એવું લાગે છે..."

અને એ પ્રત્યેક શબ્દે મારો ચડેલો પારો ઉતરવા લાગ્યો હતો, એટલું જ નહિ

પણ એ શ્રાવક પ્રત્યે અરુચિની લાગણી પણ પ્રગટવા લાગી હતી. હજી પાંચ જ મિનિટ પહેલા 'રાગમાં સુધારો કરવા જેવો હોય તો...' એવું પૂછનારા મને ખરેખર કોઈએ સુધારો સૂચવ્યો, ત્યારે એને સહર્ષ સ્વીકારી લેવાને બદલે હું કેવો મિજાજ ગુમાવી બેઠો હતો. મેં મારો બચાવ કરવા કહેલું કે 'ભલે રાગ થોડો ઘણો તૂટે, પણ આ જુદા જુદા રાગો જ લોકોને પ્રિય બને છે. તમે જો પ્રાસ પ્રમાણે ગાવા જાઓ, તો એક સરખો રાગ જ બોલવો પડે, એમાં કંઈ મજા ન આવે. અને નાકમાંથી અવાજ આવે છે, એ તો હું જાણી જોઈને મારો રાગ તીણો કરું છું. મને તો એવો ખ્યાલ છે કે એવો તીણો રોગ લોકોને ખૂબ જ ગમે છે. છતાં એમાં સુધારો કરી લઈશું...'

આમ બચાવ કર્યા બાદ વળી મારી નમ્રતા દેખાડવા મેં કહેલું કે 'તમે સૂચન કર્યું, એ સારું કર્યું. બીજું પણ કોઈ સૂચન હોય તો કહેજો હોં !' પણ મને સ્પષ્ટ લાગે છે કે પહેલું સૂચન પણ જો મને આગ લગાડી ગયું, તો મારી બીજા સૂચનની માંગણી માત્ર નમ્રતાનો દેખાવ કરવા કરતા વધારે કંઈ જ ન હતી.

ત્યાં વળી એક શ્રાવક આવ્યો, અમારી અજિતશાંતિ અંગેની વાતો સાંભળીને એણે પોતાનો અનુભવ રજુ કર્યો કે 'સાહેબ ! ફલાણા મહાત્માની અજિતશાંતિ તો આખા જૈનસંઘમાં વખણાય છે. એમનું અહીં ચોમાસું હતું, તો ચૌદશના દિવસે એમની અજિતશાંતિ સાંભળવા માટે ઘણા લોકો પ્રતિક્રમણ કરવા આવતા. અમારી સંખ્યા સામાન્ય ચૌદશો કરતા દોઢી થઈ જતી. અને શું એમનો લહેકો ! શું એમનો બુલંદ સ્વર ! શું એમની ગાવાની પદ્ધતિ ! અમે તો સાહેબ ! ભાન ભૂલી જતા. દર ચૌદશે એમની પાસે જ અજિતશાંતિ બોલાવડાવતા.'

બિચારા એ શ્રાવકને ક્યાં ખબર હતી કે એ અજાણતા મારા બળતા હૈયામાં ઘી હોમવાનું કામ કરી રહ્યો હતો. અને એ વખતે એ પરપ્રશંસા સહન ન થવાથી હું કેવો નિંદાના કસુંબા ઘુંટવા લાગી પડ્યો હતો.

મેં કહ્યું હતું એ વખતે કે 'જો ભાઈ ! એમનો રાગ સારો, એ વાત સાચી ! પણ એ પ્રશંસવા જેવો નથી. કેમકે એ મહારાજ પીક્ચરના ગીતોના આધારે જ બધા રાગો બેસાડે છે. એ ગીતોય પ્રાચીન હોત તો હજી સમજ્યા. પણ બિભત્સ શબ્દોવાળા નવા ગીતોના આધારે એ અજિતશાંતિ બોલે છે. મને ઘણાએ ફરિયાદ કરી છે કે એ મહારાજની અજિતશાંતિ સાંભળતા અમને એ નવા ગીતો, એના દૃશ્યો યાદ આવે છે, મન વિકૃત બની જાય છે. હવે તમે જ કહો ! શ્રોતાઓને પાપો ઉભા કરાવતી આવી અજિતશાંતિની પ્રશંસા કેમ કરાય ?

વળી તમને ખબર છે કે પોતાનો રાગ એકદમ સારો રાખવા એ મહારાજ રોજ હળદર-મીઠુંવાળું ગરમાગરમ દૂધ સ્પેશ્યલ કરાવે છે. આ રીતે સંયમમાં દોષો લગાડીને ગળું સારું રાખવું અને લોકોને ખુશ કરવા એ મોક્ષમાર્ગ નથી. હું તો કદી આવું ન કરાવું. રાગ થોડોક ખરાબ હોય, આડો-અવળો હોય તો ચાલે... પણ આપણું સંયમ સારું હોવું જોઈએ... પરલોકમાં સંયમ જ સાથે આવશે, રાગ નહિ...'

મારું આ પ્રવચન (!) સાંભળીને શ્રાવકો ચૂપ થઈ ગયા હતા. પણ મને આજે સ્પષ્ટ લાગે છે કે ભલે કદાચ મારી વાત સાચી જ હશે, પણ એ સાચી વાત બોલવા પાછળનો મારો આશય તો ચોક્કસ મલિન જ હતો.

ઓ મારા માલિક ! આ બધું યાદ આવે છે, ત્યારે પેલી મારી ભ્રમણા ભાંગી જાય છે કે 'મને અહંકાર નથી.' કેમકે અહંકારનું સૂચન કરી જનારી, પુસ્તકમાં લખેલી બાબતો મારામાં મને સ્પષ્ટ દેખાય છે.

આનો અર્થ એ છે કે જ્યારે જ્યારે મને મારા રાગ માટે બેહદ પ્રશંસા સાંભળવા મળેલી, ત્યારે ત્યારે હું માત્ર 'દેવગુરુપસાય !' બોલતો હતો, પણ એ શબ્દો હૈયાના નહિ, માત્ર હોઠના હતા. જમવા બેઠેલા માણસને પુષ્કળ ભોજન પીરસવામાં આવે, પેલો ખૂબ ખાઈ ખાઈને ધરાઈ જાય, અને પછી એને ફરી મીઠાઈ પીરસવામાં આવે, તો એ ના પાડી દે, સારામાં સારી મીઠાઈ પણ ન લે... પણ એનો અર્થ એ નથી જ કે 'એ માણસ અનાસક્ત છે.' ભરપેટ ખાધા બાદ ભોજનની ના પાડનારો અનાસક્ત ન માની શકાય, એમ પુષ્કળ પ્રશંસા સાંભળીને ધરાઈ ગયેલો હું પછી માત્ર 'દેવગુરુપસાય !' બોલીને અટકી જાઉં, એટલા માત્રથી 'મને મારી પ્રશંસા નથી ગમતી, મને કોઈ અહંકાર નથી' એમ કેમ માની લેવાય ?

ભૂખ્યો માણસ ભોજન મળવા છતાં સ્પષ્ટ ના પાડે, પેટ ખાલી હોવા છતાં મીઠાઈ વાપરવાની ના પાડે... તો મનાય કે એને મીઠાઈ પ્રત્યે અનાસક્તિ છે. બાકી પુષ્કળ મીઠાઈ ખાધા બાદ ના પાડવામાં શું ધાડ મારી ?

એમ હજી કોઈ મારી પ્રશંસા શરુ જ કરે અને હું એને અટકાવી દઉં કે 'તમારે મારી હાજરીમાં મારી પ્રશંસા નહિ કરવી. એ મને ઈષ્ટ નથી.' અથવા તો મારી પ્રશંસા શરૂ થાય કે તરત એ સ્થાન છોડીને ચાલ્યો જાઉં, તો મારી નિરહંકારિતા હજી કહી શકાય.

પણ પ્રશંસાના બધા જ શબ્દો સાંભળવા, પેટ ભરી લેવું અને પછી

'દેવગુરુપસાય !' કરવું, એમાં ઉંડે ઉંડે મારામાં તો મને ગરબડ હોવાનો પાકો અહેસાસ હવે થાય છે.

બીજી વાત એ કે પેટ ભરાઈ ગયા બાદ એ માણસ વધારાનું ભોજન જાતે બીજાને આપે, અપાવડાવે... એ કંઈ મોટી વાત નથી. પોતાને બિલકુલ મળ્યું ન હોય કે ઓછું મળ્યું હોય છતાં માણસ બીજાને આપે, અપાવડાવે... તો એ ખરો દાનવીર કહેવાય.

એમ મને વિશ્વશ્રેષ્ઠનું બિરુદ મળી જાય, પ્રશંસાથી મારું પેટ ફાટી જવા જેટલું ભરાઈ જાય, અને એ પછી હું બોલું કે 'બીજાનો રાગ પણ સારો છે. મારાથી ય ચડિયાતા ઘણા છે...' એ પરપ્રશંસા કંઈ મોટી વાત નથી. પણ મારા રાગની બિલકુલ પ્રશંસા ન થાય અથવા તો સાવ જ ઓછી થાય, ત્યારે પણ હું મુક્તકંઠે, હૈયાના ભાવ સાથે બીજાના રાગની ભરપૂર પ્રશંસા કરી શકું, કોઈ પ્રશંસા કરતું હોય તો હસતા હૈયે, હસતા મોઢે, હસતી આંખે સાંભળી શકું... તો હું ખરો નિરહંકારી ગણાઉં...

પણ આવું મારે છે ? ના, ના, ના જ.

ઓ ભગવંત ! પરમેશ્વર ! તારણહાર ! નાથ !

ખૂબ ખૂબ ખૂબ ઉપકાર તારો માનું છું કે ભલે મારામાં અહંકાર છે. પણ 'હું અહંકાર વિનાનો છું.' એવી મારી ભ્રમણા ભાંગી નાંખવામાં તેં મને સહાય કરી છે. મારી નમ્રતામાં છુપાયેલા મારા અહંકારના દર્શન કરવાની અતીન્દ્રિય આંખો તેં મને આપી છે. મિથ્યા કલ્પનાઓના આકાશમાં ઉડતા મને વાસ્તવિક્તાની ધરતી પર તેં જ હેમખેમ ઉતાર્યો છે.

જો મારા ગળાના રાગ અંગેની આ સમજણ સાચી છે, મારી જૂની સમજણ ખોટી છે. તો એ જ રીતે વૈયાવચ્ચ - સ્વાધ્યાય - શાસન પ્રભાવના - લેખન - સંયમ - બ્રહ્મચર્યાદિ અંગેની પણ મારી જૂની સમજણ ઝાંઝવાના જળ જેવી તો નહિ હોય ને ?

મારે આજે એ બધું વિચારી જ લેવું છે. મારી જાતનું ચોક્ખું દર્શન કરી જ લેવું છે. પ્રભુએ જો મને અતીન્દ્રિય આંખો આપી જ દીધી છે, તો આજે મારે એનો સદુપયોગ કરી જ લેવો છે.

પજુસણમાં ગુરુજીના કહેવાથી અન્યસંઘમાં પ્રવચન કરવા ગયો. સાથે એક સાધુ ગુરુજીએ આપેલા પણ એ પ્રવચનાદિ કરે એવા ન હતા. બધું મેં એકલે હાથે સંભાળ્યું. આઠ દિવસના સતત પ્રવચનોથી લોકો ખુશ થયા. મારી ભરપેટ અનુમોદના કરી. મને બીજા ચોમાસા માટે વિનંતિ કરી. મારા ગુરુજી પાસે જઈ ખૂબ કરગર્યા... આખો સંઘ

ગાંડોઘેલો થઈ ગયો... મેં તો બધું ગુરુની કૃપા પર જ ઢોળેલું.

પણ

ઓળીમાં એક બીજા સાધુ મારી સાથે આવ્યા, ગુરુજીના કહેવાથી અમારે અડધા-અડધા વ્યાખ્યાનો કરવાના હતા. મારી કસોટી હવે થઈ. એ બીજા મહાત્માના વ્યાખ્યાનો પણ સારા થયા. લોકો એમના પણ વખાણ કરવા લાગ્યા. એમની પાસે બેસવા લાગ્યા, એમના વ્યાખ્યાનમાં રસિક બનવા લાગ્યા... આ બધું મને ન ગમ્યું. મારા વ્યાખ્યાનો પણ સારા થતા હોવા છતાં એ સાધુ મને પ્રતિસ્પર્ધી લાગ્યા. એમના માટે સંઘ સારું બોલે, ગુરુજી પાસે જઈ એમની પણ પ્રશંસા કરે એ મને ઈષ્ટ ન હતું.

શ્રાવકો તો પોતાની રુચિ પ્રમાણે બંને બાજુ બોલનારા મળવાના. કેટલાક શ્રાવકો મને કહેતા કે 'સાહેબ ! એમના વ્યાખ્યાનમાં મજા નથી આવતી, આપના વ્યાખ્યાનમાં મસ્તી આવે છે. એમના પ્રવચન શરુ થાય એટલે ઉંઘ જ આવવા લાગે છે...' અને મને એ નિંદાશ્રવણમાં રસ પડતો. હું બોલતો કે 'એ હજી નવા છે. એટલે વ્યાખ્યાનની આવડત ન હોય એ સ્વાભાવિક છે... બાકી તો મારા કરતા ય વધારે સક્ષમ છે...' પણ મારા મનમાં તો એમની આ અલ્પશક્તિનો આનંદ જ થયેલો ને ?

કેટલાક શ્રાવકો મને કહેવા આવ્યા કે 'સાહેબજી ! આ નાના સાધુના વ્યાખ્યાન ખૂબ જ તાત્ત્વિક હોય છે. અમને ખૂબ મજા પડે છે. એ રાત્રે પણ વ્યાખ્યાન આપે, તો અમને મજા પડે. અમે એમને વિનંતિ કરી. પણ એ વિનયી છે, એ આપની રજા લેવાનું કહે છે. બસ, આપ રજા આપો...' મારા પેટમાં દીવેલ રેડાયું. સૂડી વચ્ચે સોપારી જેવી મારી હાલત થઈ. 'હા પાડવી, એમના બમણા પ્રવચનો થવા દેવા... એ ય મને કેમ ગમે ? તો ના પાડીને શ્રાવકોની નજરમાં નીચા ઉતરવાનું પણ કેમ પરવડે ?

અંતે મેં કેવી ચાલબાજી કરી. 'જુઓ, અત્યારે એ ભણે છે, એમને માત્ર અડધો કલાક પ્રેક્ટીસ કરવા માટે જ વ્યાખ્યાન આપ્યું છે. આપણે એમને તૈયાર થવા દેવા જોઈએ. તો જ એ ભવિષ્યમાં મહાન પ્રભાવક બને. તમારે કાચી કેરીનું કચૂંબર કરવું છે ? કે પાકી કેરીનો રસ કાઢવો છે ?' અને મેં વ્યાખ્યાન ઉડાવ્યું. પણ મારી આ પ્રવૃત્તિમાં ઉંડે ઉંડે તો અહંકાર જ હતો ને ? માટે જ તો મારા કરતા એ સાધુ આગળ વધ્યો. એટલે મારો અહંકાર ઘવાયો અને એટલે જ એના વિકાસને રૂંધવાના પ્રયત્નો મેં કર્યા. મારા પુણ્યોદયે (!) હું સફળ પણ થયો.

એવા તો કેટલા બધા પ્રસંગો !

ગુરુ જ્યારે મારા વ્યાખ્યાનની બધા આગળ પ્રશંસા કરે, ત્યારે હું 'આપની કૃપા છે, મારું કશું નથી' એમ બોલતો. પણ ગુરુ જ્યારે બીજા વ્યાખ્યાનકારની ખૂબ પ્રશંસા કરતા, ત્યારે મને એ ક્યાં ગમતું હતું ? મને એમ જ વિચારો આવતા ને ? કે 'ગુરુ ખોટે ખોટી પ્રશંસા કરે છે. કોઈએ ખોટી રીતે ગુરુને એમની વ્યાખ્યાનની વાતો મોટી કરીને કીધી લાગે છે...'

ક્યારેક તો મારા આત્માના મિથ્યાસંતોષ માટે હું એમ વિચારતો ને ? કે 'એ તો એ સાધુને ખોટું ન લાગે, માટે ગુરુએ મશ્કા મારવા પડે છે. બાકી ગુરુ પણ જાણે છે કે એના વ્યાખ્યાનમાં કેટલો દમ છે !'

મને વ્યાખ્યાન કરવા મળતું, એટલે હું રાજી રાજી થતો. પણ એમાં જ્યારે બીજા સાધુને અડધું વ્યાખ્યાન આપવું પડતું, ત્યારે મને બિલકુલ ન ગમતું. કેમકે મારા અહંકારના પોષણમાંથી અડધો ભાગ ઓછો થવાથી મારું અહંકારનું પેટ ખાલી રહી જતું હતું.

મારા વ્યાખ્યાન વખતે કેટલાક શ્રાવકો અને શ્રાવિકાઓ નોટમાં મારા વાક્યો ઉતારતા જોઈને મને આનંદ થતો. 'મારા વાક્યો કેટલા કિંમતી છે.' એમ મને લાગતું. પણ જે દિવસે ખબર પડી કે 'એ ગૃહસ્થો તો અત્યાર સુધીમાં આવા સો-બસો વ્યાખ્યાનકારોના વાક્યો પોતાની નોટમાં ટપકાવી ચૂક્યા છે. એમનો આ સ્વભાવ જ બની ગયો છે.' ત્યારે મારા વાક્યો બીજા સો-બસોની સાથે સમાન થઈ જતા મારો આનંદ કેવો ઓસરી ગયો હતો ! એમાં વળી મેં તે નોટો જોવા લીધી, એમાં જૂના પ્રવચનકારોના ઢગલાબંધ વાક્યો અને મારા પ્રવચનના ઓછા વાક્યો ટપકાયેલા દેખાયા, એ પણ મને દઝાડનારું બનેલું ને ? શું મારા વાક્યો એટલા અફલાતૂન નથી ?

મારા પ્રવચનમાં ક્યારેક લાગણીશીલ બનીને હું બોલતો, એ સાંભળી સભા રડતી... એ જોઈ મને પણ રડવું આવતું. 'શાસન જયવંતુ છે, કેટલા હળુકર્મી આત્માઓ આ શાસનમાં છે. કેવા રડી પડે છે !' વગેરે વિચારો આવતા. મને ત્યારે એમ લાગેલું કે આ મારો શાસનરાગ છે - ધર્મરાગ છે. માટે જ તો ધર્મને પામતા લોકોને જોઈને મને આનંદ થાય છે ને ? સેંકડો અટ્ઠાઈ-અટ્ઠમો થાય, હજારો આંબિલો-એકાસણાઓ થાય, સેંકડો ઉપધાનો થાય... આ બધું જોઈ મને હર્ષ ઉભરાઈ આવે એ મારો ધર્મરાગ જ છે ને ?

પણ જો ખરેખર મારામાં ધર્મરાગ જ હોત, તો જયારે મારા નાના-મોટા ગુરુભાઈઓના પ્રવચનોમાં પણ લોકો ખૂબ-ખૂબ રડ્યા, રીતસર ડુસકાના અવાજ સંભળાયા... એ બધી મને ખબર પડી, ત્યારે મને કેમ આનંદ ન થયો ? મારા સહવર્તીઓના પ્રવચનો દ્વારા મારી અપેક્ષા કરતા દોઢો તપ થયો, દોઢા ઉપધાન થયા, દોઢા આંબિલાદિ થયા... એ વખતે કેમ મારું મન-મોઢું કરમાઈ ગયા ? જો મને ખરેખર ધર્મરાગ હોત, તો તો એ બીજા સાધુઓ દ્વારા જે ધર્મ ફેલાયો, એમાં મને દોઢો આનંદ થવો જ જોઈએ. પણ મને એવો આનંદ નથી થયો, એ તો હું ખુદ જાણું જ છું. તો શું પેલો ધર્મરાગ બોગસ ! પેલો ધર્મરાગ હકીકતમાં અહંકારના પોષણ નામના ચહેરા ઉપરનો મહોરો હતો ? કે જેથી પાછળ રહેલો ચહેરો મને ન દેખાયો ?

પેલા ચોમાસામાં કેવી ભૂલ મેં કરેલી ? મારાથી એક કિ.મી. દૂર બીજા સંઘમાં બીજા કોઈ પ્રવચનકાર હતા. એમના પ્રવચનોમાં બે-ત્રણ હજાર માણસ ભેગું થતું. હોલ નાનો પડતો, બીજી બાજુ મારા પ્રવચનમાં ૪૦૦-૫૦૦ માણસ હતું. હોલ મોટો પડતો. મારા સંઘમાંથી પણ કેટલાય ગૃહસ્થો એક કિ.મી. દૂર ત્યાં પ્રવચન સાંભળવા જતા. એ પછી મને મળવા આવનારા એ શ્રાવકો મુક્તકંઠે એ બીજા સાધુના પ્રવચનની અનુમોદના કરતા. ભોળા લોકો સમજતા ન હતા કે 'તેઓ મને અજાણપણે ઉશ્કેરી રહ્યા છે.' અને એક દિવસ મારા પ્રવચનમાં મેં એ પ્રવચનકારની આડકતરી રીતે કેવી નિંદા કરી !

"સાધુઓએ મોક્ષમાર્ગની દેશના આપવાની છે. લોકોને હસાવવા-રડાવવા એ લોકરંજન સાધુ માટે ઉચિત નથી. એવા લોકરંજન તો અજૈન સંન્યાસીઓ ઘણા કરે છે. પણ શાસનનું કમભાગ્ય છે કે શાસનના જ સાધુઓ લોકૈષણામાં તણાઈ જઈને લોકોને ખુશ કરવા માટે મોક્ષમાર્ગની દેશના છોડી જોક્સો-વાર્તાઓ વગેરે પર ઉતરી ગયા છે. પણ એ બધું બરાબર નથી. સંખ્યાની પરવા કર્યા વિના મોક્ષમાર્ગની જ દેશના આપવી જોઈએ. આ બાબતમાં હું એકદમ કટ્ટર છું, બે માણસ આવશે, તો ચાલશે પણ શાસ્ત્રીયદેશના છોડવાની મારી તૈયારી નથી. અમે જિનાજ્ઞાને વફાદાર છીએ, આ મૂર્ખા લોકોને નહિ....' વગેરે વગેરે બોલેલો, સાંભળનારાઓ સમજી ગયેલા કે આ બધું પેલા એક કિ.મી. દૂર રહેલા વ્યાખ્યાનકારનો વિરોધ કરવા રૂપે જ બોલાયું છે. પણ એ બધા શું બોલે ?

પણ શું મારી આ વાત સાચી હતી ? હું ય શાસ્ત્રો ભણ્યો છું. લોકોને આકર્ષવા માટે આક્ષેપણી કથા કરવાનું શાસ્ત્રોમાં કહ્યું જ છે, એ હું જાણું જ છું ને ? તો પેલા

વ્યાખ્યાનકારે શું ખોટું કર્યું ? રે ! ઉપમિતિભવપ્રપંચા કથામાં મેં જ વાંચ્યુ છે કે 'શ્રોતાને ધર્મમાં રસ પડતો ન હતો, તો ગુરુએ અર્થ-કામની મીઠી મીઠી વાતો કરીને એને આકર્ષ્યો, અને પછી ધર્મ પમાડ્યો.' તો એ વક્તા પણ એ રીતે કંઈક કરતા હોય તો ખોટું શું ?

વળી હું પોતે પણ બધાને પ્રવચનમાં રસ પડે એ માટેની વાર્તાઓ - મુદ્દાઓ શોધું જ છું ને ? તો મારામાં લોકૈષણા ન કહેવાય ? ખરી હકીકત હવે સ્પષ્ટ સમજાય છે કે મારા વ્યાખ્યાન કરતા એ મુનિના પ્રવચનો ચડ્યા, મારો અહંકાર ઘવાયો, મારા અરમાનો ભાંગી પડ્યા એટલે હું છંછેડાયો, એટલે જ મેં પેલા મુનિની નિંદા કરી.

હા ! હવે તો સ્પષ્ટ ખ્યાલ આવે છે કે મારામાં વ્યાખ્યાનનો અહંકાર કેવો છે ? કેટલો છે ?

તો શું સ્વાધ્યાય બાબતમાં પણ મારી આ જ દશા છે ?

ગુરુએ તપસ્વીના તપની ભરપેટ અનુમોદના કરી, મારા અઘોર સ્વાધ્યાય માટે કશું ન બોલ્યા. ત્યારે મને વિચાર આવેલો ને ? કે 'ગુરુની ગીતાર્થતામાં ખામી છે. ઓળીઓ - માસક્ષમણો એ બાહ્યતપ છે, સ્વાધ્યાય એ અભ્યંતર તપ છે. શાસન તપસ્વીઓ નહિ, સ્વાધ્યાયીઓ ચલાવવાના છે. જો ગુરુ આ રીતે તપનો જ મહિમા ગાશે, તો બધા એ તપસ્વીના જ ચાહક બનશે. આમાં મને તો વાંધો નથી. પણ શાસનનું શું થશે ? મારા જેવા સ્વાધ્યાયીઓએ ખૂણામાં બેસવું પડે એ તો ઠીક. પણ એની સાથે સાચું શાસન પણ ખૂણામાં જ સમાઈ જાય એ કેટલું ભયંકર ! પણ ગુરુને કોણ કહે ? ઠીક ! જેવી ભવિતવ્યતા !'

ખરેખર તો 'હું સ્વાધ્યાયી ! હું બધા કરતા મહાન !' એ મારો અહંકાર જ મને આવા વિચારો કરાવી ગયો.

એક વાર વડીલ મુનિઓએ મને પાસે બેસાડીને કહેલું કે 'તમે અજોડ સ્વાધ્યાયી છો, તમે કેટલાયને ભણાવો છો ! ભવિષ્યમાં પણ તમારા દ્વારા કેટલાય લોકો તૈયાર થશે. તમારા માટે અમને ગૌરવ છે. અમે તો ઘણીવાર તમારી મુક્તકંઠે પ્રશંસા કરીએ છીએ...'

આટલો દૂધપાક મને પીવડાવ્યા પછી મને કડવા લીમડાનો રસ પીવડાવવાનો શરુ કર્યો 'પણ તમારે બે-ત્રણ બાબતોમાં સુધારો કરવાની જરૂર છે. તમે સ્વાધ્યાય માટે માંડલીના કામમાં વેઠ ઉતારો, એ કેમ ચાલે ? ક્યારેક એકના બે કામ કરવા પડે ત્યારે

મોઢું બગાડી દો એ કેમ ચાલે ? વળી આપણા ગ્રુપમાં વડીલો-વૃદ્ધો છે. તમે ભલે સેવા ન કરો. કેમકે તમારો વિષય અલગ છે. પણ કમસેકમ આખા દિવસમાં એકાદ વાર એમના પડિલેહણાદિમાં તો હાજરી આપવી જ જોઈએ ને ? આમાં તમારું જ હિત છે. નહિ તો તમે ગ્રુપમાં પ્રિય નહિ બનો...'

અને દૂધપાકના પાનથી પ્રસન્ન બનેલું મારું મન-મુખ એ વખતે લીમડાના રસના પાનથી કેવું કરમાઈ ગયું હતું, બગડી ગયું હતું. વડીલો સામે જવાબ ન આપ્યો, પણ "મારા સ્વાધ્યાયની આ બધાને ઈર્ષ્યા આવે છે, વડીલોને મારો વિકાસ ખટકે છે, મારી પાસે એમણે સેવા લેવી છે. માટે જ મને આ બધું કહે છે." એવા વિચાર મને આવેલા જ ને ?

સ્વાધ્યાયનો અહંકાર ન હોત તો એમની શિખામણ મને મધ જેવી મીઠી લાગત. પણ મને એ લીમડો લાગ્યો, કડવો ઝેર !

પેલા દિવસે રસ્તામાં સમુદાયનું જ બીજુ ગ્રુપ પહેલીવાર મળેલું. તેઓ પંદર સાધુઓ ! અમે પાંચ ! એ સાધુઓ બોલેલા કે 'તમારા સ્વાધ્યાય વિશે ઘણી ઘણી વાતો સાંભળી છે.' ત્યારે મેં કહેલું કે 'કંઈ નથી, એ તો બધું દેવ-ગુરુની કૃપાથી ચાલે છે.' પણ મારા સહવર્તીએ મારો ગુણાનુવાદ શરુ કરી દીધો. 'અરે ! આ મહાત્માના સ્વાધ્યાયની તો વાત જ ન કરો. રાત્રે ત્રણ વાગે ઉઠીને પાઠ કરે. દિવસમાં બાર કલાક ભણે. ચાલુ વિહારમાં પણ પદાર્થોનું ચિંતન કરે. ભણાવવાની આવડત તો બેજોડ...' અસ્ખલિતધારાએ એ અનુમોદના ચાલેલી. એ વખતે મેં એને કેમ ન અટકાવ્યો ? હું ત્યાંથી ઉભો થઈને જતો કેમ ન રહ્યો ? એની આ વાણી મને મધ જેવી મીઠી કેમ લાગેલી ? એ વખતે મારું મુખ મલકાવા કેમ લાગેલું ? એ મુનિ બે-ચાર મહત્ત્વની બાબતો કહેવાની ભૂલી ગયા, તો મેં આડકતરી રીતે મારી એ વાતો રજુ કરી જ દીધી. એનું શું કારણ ? હું એ વખતે બોલેલો કે 'દેવ-ગુરુની કૃપાથી હવે સ્તવનો - સજ્ઝાયો બનાવવામાં પણ ખૂબ પકડ આવી ગઈ છે. સંસ્કૃત શ્લોકો પણ બની જાય છે. ભવિષ્યમાં સંસ્કૃત ગ્રન્થો લખવાની ભાવના છે. આ તો ગુરુવર્યોએ મને વ્યવસ્થા કરી આપી, એટલે મારા ૪૫ આગમો વંચાઈ ગયા. બાકી ન વંચાત... ઉપકાર બધો જ એ ગુરુવર્યોનો છે.' ગુરુવર્યોના ઉપકારને યાદ કરવાના બહાના હેઠળ મેં મારી શક્તિઓ, સ્વાધ્યાય કેવો હોંશિયારીપૂર્વક દર્શાવી દીધેલો !

"તમારે છેદ ગ્રન્થો વંચાઈ ગયા ?" સામેથી સાધુઓએ પ્રશ્ન કર્યો, અને મને

ગર્ભિતરીતે મારી પ્રશંસા કરવાનો ફરી અવસર મળી ગયો. "આમ તો નાના પર્યાયમાં એ ગ્રન્થો વાંચવા ન મળે. પણ કોણ જાણે ? મારા ગુરુવર્યોને મારામાં કોઈક પાત્રતા દેખાઈ હશે, એટલે તેઓએ સામેથી મને છેદગ્રન્થો વાંચવાની છૂટ આપી. એટલું જ નહિ, જાતે જ વાંચવાની પણ છૂટ આપી. મારો ભાગ્યોદય કે હું ગુરુવર્યોનો વિશ્વાસ જીતી શક્યો. એ પછી તો એક-બે વાર છેદ ભણાવી પણ દીધા. એમાં એટલા બધા નવા નવા ચિંતનો પ્રાપ્ત થયા, કે ન પૂછો વાત ! બધું લખી રાખ્યું છે."

શ્રોતા મુનિઓ બિચારા ભોળાભટ્ટજી હોવાથી મારા તરફ ભારે અહોભાવની લાગણી ધરાવવા લાગ્યા, શું ખબર પડે એમને ? કે માનકષાયે મારા પર કેવી કપટજાળ બિછાવીને મને એમાં ફસાવી દીધો છે. આ તો આજે આત્મસંપ્રેક્ષણ કરું છું, ત્યારે ભાન થાય છે કે એ મારી કપટવૃત્તિ પાછળ ઘોરાતિઘોર અહંકાર જ પડેલો હતો.

એ જ વખતે સામેના ગ્રુપના વિદ્વાન મુનિએ જિજ્ઞાસાથી કેટલાક પ્રશ્નો પૂછેલા. હું ગુંચવાઈ ગયેલો, જવાબો સ્પષ્ટરૂપે મારી પાસે ન હતા. પણ હવે જો જવાબ ન આપી શકું, તો મારી વિદ્વાન તરીકેની છાપનું શું થાય ? અને મેં આડા-અવળા જવાબો આપી છટકવાનો પ્રયત્ન કરેલો, પણ પેલો વિદ્વાન સાધુ ધાર્યા કરતા વધુ ચતુર નીકળ્યો, એણે સાચા ભાવથી સાચા પ્રશ્નો ચાલુ રાખ્યા. મારા જવાબો કોઈને પણ સંતોષદાયક લાગતા ન હતા. થોડીવારની ચર્ચા બાદ મને ખ્યાલ આવી ગયો કે "આમાં મારી હાર નિશ્ચિત છે..." છતાં એ સ્વીકારી લેવાને બદલે "આનો મને ખ્યાલ નથી." એ સરળતા, નમ્રતા દાખવવાને બદલે મેં જવાબ દીધો "જુઓ ! આ વિષય ઘણો ઉંડો છે. આમ ઉપરછલ્લી વાતોથી એના ખુલાસા આપવા અઘરા છે. તમે રીતસર મારી પાસે ભણો તો ક્રમશઃ બધી શંકા દૂર થાય. બાકી અદ્ધરતાલ પ્રશ્નોત્તરીમાં ક્રમ ન જળવાય તો સંતોષ કેમ થાય ?" અને મેં એ રીતે એમને બોલતા બંધ કર્યા.

કેવો ભયંકર અહંકાર મારો ! ખોટો હું, છતાં મેં એમને સાબિત કર્યા અજ્ઞાની તરીકે ! અલબત્ત એ બધા મારી આ ચાલાકી સમજી જ ગયા હશે, પણ રાજાને કોણ કહે કે "તારું મોઢું ગંધાય છે." એના જેવી દશા ઉભી થઈ હતી.

જ્યારે પણ કોઈ મોટા પ્રસિદ્ધ વિદ્વાનો મળે, ત્યારે હું એમને જુદા જુદા ગ્રન્થોના અનેક પ્રશ્નો પૂછું છું. ગુંચવાડાવાળા અને જલ્દી ઉકેલ ન મળે એવા એ પ્રશ્નો પુછવા પાછળ મારો આશય અત્યાર સુધી તો હું એમ જ માનતો હતો કે 'મારી શંકા દૂર કરવાનો હતો.' પણ મને આજે એમ લાગે છે કે એ પ્રશ્નોનો જવાબ વિદ્વાનોને પણ આપવો ભારે પડે. તેઓ મુંઝાય, મેં આપેલા જોરદાર પાઠો જોઈ આશ્ચર્ય પામે, મારી

વિદ્વાન તરીકેની ઘેરી છાપ એમના પર પડે... એવી જ કોઈક મલિનવૃત્તિઓ મારા મનમાં હતી. માટે જ તો જ્યારે તેઓ બોલતા કે 'તમે તો ઘણું ઉંડુ ચિંતન કર્યું છે.' ત્યારે મને કેવો આનંદ આવતો. એ વાત મારા ગુરુને હું કહેતો. રે ! એ વિદ્વાનો ગુરુ આગળ મારી ભરપેટ પ્રશંસા કરે, એવી અપેક્ષા મને રહેતી. અને એવું થતું તો હું ગાંડોઘેલો બની જતો.

પણ જ્યારે કોઈક વિદ્વાનોએ મારા પ્રશ્નોના જડબાતોડ જવાબ પળવારમાં આપી દીધા, મારી કેટલીક સમજણમાં ભૂલો દેખાડી, શેરના માથે સવાશેર જેવા મને મળ્યા... ત્યારે હું કેવો ઝંખવાણો પડી ગયેલો ? જો મને જ્ઞાનપિપાસા હોત, તો મારી શંકાઓના સ્પષ્ટ સમાધાન મળી જવાથી મને આનંદ જ થાત, પણ મને તો ખેદ થયેલો, મારું મોઢું નિસ્તેજ બની ગયેલું... આનો અર્થ શું સમજવો ? મને મારા પ્રશ્નોના ઉત્તરો મેળવવામાં રસ ન હતો, પણ ભલભલા વિદ્વાનો પણ મારા પ્રશ્નોના ઉત્તર ન આપી શકે... એવું જોવામાં મને રસ હતો, જ્યારે એ ન બન્યું, ત્યારે મારો જીવ બેચેન બની ગયો. કેમકે મારો અહંકાર તૂટી-ફૂટી જતો હતો. અને એ પછી જ્યારે એ વિદ્વાનોએ મારા ગુરુ આગળ મારી ફરિયાદ કરી કે 'તમારા શિષ્યનો બોધ કાચો છે, એમના પ્રશ્નો પરથી જ અંદાજ આવી જાય છે કે તે હજી શાસ્ત્રીય વ્યવસ્થાઓને, પદ્ધતિઓને, રહસ્યને સમજ્યા જ નથી. એમણે ઘણો પુરુષાર્થ કરવો જરૂરી છે...' ત્યારે એ શબ્દો સાંભળીને હું કેવો દુઃખી દુઃખી થઈ ગયેલો. મને ધરતીમાં દટાઈ જવાનું મન થયેલું. કોઈપણ સાથે વાતચીત કરવાના મારા હોંશ ઉડી ગયેલા... પાંચ-સાત દિવસે એની અસર ઓછી થતા માંડ માંડ સ્વસ્થ થયો હતો.

હવે ખ્યાલ આવે છે કે મારા સ્વાધ્યાયની - વિદ્વત્તાની બેજોડ પ્રશંસા સાંભળ્યા બાદ મારા મોઢામાંથી નીકળેલા 'દેવગુરુ પસાય !' શબ્દો કેટલા વાહિયાત, શક્તિહીન, સંમૂર્ચ્છિમવચનતુલ્ય હતા.

આ જ રીતે 'મેં તપ માટે પણ કેટલી બધી ડંફાશ હાંકી. મારા સ્વજનોને ખબર ન હતી કે હું ૯૮મી ઓળી કરી રહ્યો છું. મારે એમને જણાવવાની ઈચ્છા હતી જ, પણ એ ઈચ્છા એવી ઉંડી હતી કે હું જ એને સમજી શકતો ન હતો. એક દિવસ સ્વજનો મળવા આવ્યા અને મને પૂછયું કે 'આપની તબિયત તો સારી રહે છે ને ?' અને એ તકનો લાભ લઈ મેં મારી તપયાત્રાનું વર્ણન કરી જ દીધું. 'તમે એમ નહિ માનતા કે સંસારમાં જ શરીર સારું રહે, સંયમજીવનમાં બગડી જાય. સંયમનો પ્રભાવ અપરંપાર છે. આજે પંદર વર્ષ થઈ ગયા મને દીક્ષા લીધાને ! એમાંથી તેર વર્ષ તો મેં આંબિલ

કર્યા છે. એ પણ આંબિલખાતાની ગોચરી લીધા વિના ! છતાં શરીર એટલું બધું સારું રહે છે કે ના પૂછો વાત ! આજે તમને પણ ખબર ન પડે કે મને આ તપ ચાલે છે. મારે મારા તપને જાહેર કરવાનો ન હોય, પણ તમને સંયમની તાકાતમાં શ્રદ્ધા બેસે, માટે આ કહું છું. બાકી તો મારા કરતા ય વધુ ઘોર તપસ્વીઓ છે જ, હું મહાન નથી. પણ મને આવો ઘોરાતિઘોર તપ કરવામાં સહાય કરનાર શાસન મહાન છે...'

સ્વજનો આશ્ચર્ય પામ્યા, અહોભાવથી મારી સામે જોતા રહ્યા, તેમની આંખમાંથી હર્ષાશ્રુ સરી પડ્યા. 'અમારા મહારાજ કેવા તપસ્વી ! છતાં કેવા નિઃસ્પૃહી ! પંદરવર્ષે આજે આપણને આ વાત જણાવી. આ તો અમારા કુળના દીપક બન્યા...'

અને આ આખા ય પ્રસંગથી મને પરમસંતોષ (!) અનુભવાયો. પણ મારે હજી આંચકો ખાવાનો બાકી હતો. બન્યું એવું કે સ્વજનો મારા ગુરુજીને વંદન કરવા ગયા, હું પણ સાથે ગયો. વાસક્ષેપાદિ થયા બાદ મારા સ્વજનોએ ફરિયાદ કરી કે 'સાહેબજી ! અમારા મહારાજને ૯૮ ઓળી થવા આવી, અને અમને ખબર પણ ન આપી. એ તો ન કહે પણ આપે તો કહેવું જોઈએ ને ? આમાં તો શરીર કેવું ખલાસ થઈ જાય એમનું !' અને મારા ગુરુજી બોલ્યા કે 'અમે તપ ખાનગી જ રાખીએ છીએ, વળી આમાં શરીર ઘસાતું જાય છે, એ વાત ખોટી છે. તમારા આ મુનિવર વર્ષે બે મહિના પારણા કરે છે...' ત્યાં જ અમારા ગ્રુપના એક ઘોર તપસ્વી ત્યાં આવી પહોંચ્યા, તરત ગુરુજી બોલ્યા કે 'આ તમારા મહારાજની તપશ્ચર્યા તો કંઈ નથી, ખરી તપશ્ચર્યા તો આ મહાત્માની છે. અત્યારે ૧૭૧ મી ઓળી ચાલે છે. અને છેલ્લી ૭૧ ઓળી સળંગ કરી છે. પારણું નહિ, એકપણ નહિ. શરુઆતની ૧૦૦ ઓળી પણ માત્ર સાડા ચૌદ વર્ષમાં પૂરી કરી છે. એ કોઈપણ ઓળીના પારણા ૫-૭ દિવસ કરતા વધારે નથી કર્યા. એમાંય તમામ મીઠાઈ-ફરસાણ તો બંધ જ ! માત્ર દૂધ-ઘી થોડાક લે... બોલો, આટલો તપ આ સાધુ કરે છે. છતાં અમે એમના ઘરે પણ નથી જણાવ્યું...'

મારા સ્વજનો ચૂપ થઈ ગયા, પણ એ કરતાય મને હાડોહાડ લાગી આવ્યું. કેમકે મારા કરતા ય ઘોર તપસ્વીને જોઈને સ્વજનો મને 'અદ્વિતીય તપસ્વી' ન જ માને ને ? વળી ગુરુના મનમાં પણ મારા કરતા એ તપસ્વીનું સ્થાન વિશેષ જ છે, એ સાબિત થતું હતું. જો કે આશ્ચર્ય તો એ છે કે ખુદ મેં જ મારા સ્વજનોને કહ્યું હતું કે 'મારા કરતા તો ઘણો ઘોર તપ કરનારા ઘણા છે.' પણ છતાં જ્યારે નજરોનજર એ ઘોર તપસ્વી સામે આવ્યા, ત્યારે હું ઝંખવાણો પડી ગયો. મારી મહાનતા ઢંકાઈ જવાથી શોકગ્રસ્ત બની ગયો.

તો શું મારી ૯૮ ઓળીની ઘોર સાધના મોક્ષ માટે ન હતી ? 'હું તપસ્વી' એવા મિથ્યાભિમાનમાં રાચવા માટે હતી ? લોકોમાં 'તપસ્વી' તરીકેની પ્રશંસા મેળવવા માટે હતી ?

તો શું આંબિલ ખાતામાં ઘણા વહોરાવનારા હોય, ત્યારે ઢોકળા-ઢોસા-ખીચીયાદિની સ્પષ્ટ ના પાડીને, એમની વિનંતિને ઠુકરાવીને માત્ર રોટલી-દાળ વહોરવાની મારી પ્રવૃત્તિ પણ લોકોમાં મારી 'વૈરાગી' તરીકેની ખ્યાતિ જન્માવવા માટે હતી ? એ વખતે એ વહોરાવનારાઓને આંજી દેવાનો ઉંડો ઉંડો ભાવ શું મારા મનમાં ન હતો ? જો કે હું ખરેખર આંબિલમાં ફરસાણો નથી વાપરતો, પણ છતાં વહોરાવનારાઓ સમક્ષ એ ન વહોરવાની પ્રવૃત્તિમાં અહંકારભાવ ભળે છે, એ તો હકીકતને ? મારા વિચારોમાં એટલી મલિનતા તો આવી જ જાય છે, એ તો હકીકત ને ? માટે જ તો જ્યારે શ્રાવકોએ મને કહ્યું કે "ફલાણા મહારાજ તો આંબિલખાતાની રોટલી-દાળ પણ નથી લેતા. કેમકે એ દોષિત થાય છે.' ત્યારે એ મહારાજ મારા કરતા વધુ વૈરાગી સ્થાપિત થવાથી મને એ વાત ગમી ન હતી ને ? 'આંબિલખાતામાંથી રોટલી-દાળ લેવામાં કોઈ દોષ નથી...' એવો મેં મારો બચાવ કરેલો ખરો ને ?

આવું જ વૈયાવચ્ચક્ષેત્રે પણ નથી બન્યું ?

ઘરડાઓની ખૂબ સેવા કરું છું એ વાત સાચી. પણ એનાથી મળેલા યશને હું ક્યાં પચાવી શક્યો છું ? પેલા દિવસે સાંજના સમયે એક સાધુ વિહાર કરીને આવી પહોંચ્યા, મેં તરત એમના માટે ગોચરી લાવી આપી, એમની ભક્તિ કરી... વાપર્યા બાદ એ સાધુ મારી પાસે આવ્યા, સ્વાધ્યાય કરતા મને કહ્યું કે 'આપનો ભક્તિગુણ ઘણો સારો છે. હું આવ્યો ને ઝટપટ તમે ગોચરી પૂછી, લાવી ભણવા બેસી ગયા...' એ હજી પોતાની વાત પૂરી કરે ત્યાં તો આ પ્રશંસાથી તોરમાં આવી ગયેલા મેં અહંકારનું પ્રદર્શન શરુ કરી દીધું હતું ને ? કે 'સાધુજીવનમાં મહાત્માની ભક્તિનો લાભ ક્યારે મળવાનો ? હું તો આ બાબતમાં એકદમ સજાગ છું. પહેલા સાધુભક્તિ ! પછી બધી વાત ! એ માટે ગમે એટલા ઘસાઈ જવું પડે તો પણ ચિંતા નહિ. એટલે આ તો મારો સ્વભાવ જ છે, મેં કઈ ધાડ નથી મારી...'

મારું પ્રવચન અટકતું જ ન હતું, ત્યારે છેવટે પેલા મુનિએ વચ્ચે જ મને કેવી સ્પષ્ટ સૂચના કરી કે 'પણ, મહાત્મન ! મારે તો તમને એક વાત કરવાની છે. તમારો ભક્તિગુણ ચોક્કસ સાચો છે. પણ એમાં વિવેકની જરૂર છે. તમને એ ખ્યાલ હોવો જોઈએ કે મારા જેવા કોઈપણ સાધુઓ જો સાંજે પણ વાપરતા હોય, તો એનું કારણ

કોઈ ને કોઈ માંદગી જ હોય છે. હવે આવા માંદા મહાત્માઓ માટે જ્યારે પણ ગોચરી લાવવાની હોય, બીજું કોઈ વાપરનાર ન હોય, સાંજનો સમય હોય... એ વખતે જો માપસર લાવવાને બદલે વધારે વહોરી લાવો તો મારા જેવા તો ઘણા હેરાન થાય. માંદગી વધે, ઘટે નહિ. મેં જેટલું પયસ મંગાવેલું. એનાથી બમણું આપ લઈ આવ્યા... હું તમારો દોષ નથી કાઢતો, પણ તમે વિવેકી બનશો, તો જ તમારી ભક્તિ ખીલી ઉઠશે. ખોટું લાગ્યું હોય તો ક્ષમા કરશો...'

ત્યારે હું કેવો ગમગીન બની ગયેલો ? એ સૂચના કરનાર મુનિ મને ઉપકારી લાગવાને બદલે નિંદક-દોષદૃષ્ટા જ લાગેલા ને ? એમના માટે મારા મનમાં અરુચિ ઉત્પન્ન થયેલી ને ? એટલા જ માટે ને કે 'હું સાધુવૈયાવચ્ચી છું.' એવા મારા અભિમાનની ઈમારતને એ મહાત્માના શબ્દો રૂપી બોમ્બે જમીનદોસ્ત કરી નાંખી હતી, એમાં હું કચડાઈ ગયો હતો.

**'જાવું મારે પૂર્વમાં, ને પશ્ચિમનો છે પંથ'** એ કડી મારા જીવનમાં લાગુ નથી પડતી ને ? મારે જાવું છે મોક્ષમાં, છતાં વૈયાવચ્ચાદિ બધું કરું છું, યશ-કીર્તિ-પ્રતિષ્ઠા-પ્રશંસાદિ માટે... ભલે સ્પષ્ટ નહિ, પણ ઉંડે ઉંડે એ બધાની લાલસા મારામાં પડેલી છે, એવું મને ચોકખું દેખાય છે.

**'ભોગો તણી ભૂખ પુષ્ટ કરવા નાથ ! તુજને હું ભજું'** એ પંક્તિ પણ મારા જીવનમાં લાગુ પડતી લાગે છે. આ વૈયાવચ્ચાદિ એ એક પ્રકારની પ્રભુભક્તિ તો છે જ. પણ એ ભક્તિ હું મારા ભોગોની = યશાદિની ભૂખને પુષ્ટ કરવા માટે જ કરી રહ્યો હોઉં... એવું મને લાગે છે.

માટે જ તો અઠવાડિયા પહેલા જ પેલા વૃદ્ધ સાધુના દીકરા વગેરે એમને મળવા આવેલા, અને એમની સાથેની વાતચીતમાં એ વૃદ્ધ સાધુએ મારા માટે ફરિયાદ કરેલી કે, 'આ મહાત્મા અમને સાચવે છે ખરા, છતાં વિશેષ કાળજી નથી કરતા. પણ હવે એમને કેટલું કહીએ ? એ આટલું સાચવે છે, એ ઘણું છે...' એ શબ્દો હું સાંભળી ગયેલો અને હું કેવો ગુસ્સે ભરાયેલો. એમના દીકરાઓ મારી પાસે વંદન માટે આવ્યા, ત્યારે એમના પિતામુનિ માટેની કેટલી ફરિયાદો કરી બેઠેલો ! એમના ગયા બાદ પેલા વૃદ્ધમુનિને મેં કેવા ધધડાવી નાંખેલા કે 'તમારા માટે હું આટલો ભોગ આપું છું. અને બદલામાં તમે મને અપયશ જ આપો છો ! મારી નિંદા કરો છો ! તમારામાં કૃતજ્ઞતા પણ નથી. મારા સિવાય જો કોઈ બીજો હોત, તો તમને રખડતા મૂકીને ચાલ્યો જાત...'

પેલા વૃદ્ધમુનિએ મારી ક્ષમા માંગી, છતાં આજ સુધી મારા મનનો એમના તરફનો અરુચિભાવ ક્યાં ઓછો થયો છે ?

આ બધું અહંકારના કારણે જ થયું ને ? મારી વૈયાવચ્ચના બદલામાં મારે એમની પાસે પ્રશંસા જોઈતી હતી ને ? માટે જ તો જ્યારે એમણે મારી નિંદા કરી, ત્યારે મારો ક્રોધ ભભૂકી ઉઠ્યો ને ? બાકી જો વૈયાવચ્ચના બદલામાં મને કર્મનાશની જ ઈચ્છા હોત, તો એ તો મને મળી જ ગયો હતો. એ વૃદ્ધ મારી નિંદા કરે, તો ય એટલા માત્રથી મને મળેલું ફળ થોડું જ ભાગી જવાનું હતું ?

હવે રહી વાત મારી પ્રભુભક્તિની ! ચોક્કસ એ વાત સાચી કે મને પ્રભુભક્તિમાં ઘણીવાર આંસુ પડે છે. કોઈ હોય કે ન હોય પણ મારા દોષો બદલ, પ્રભુના ગુણો બદલ હું ઘણીવાર રડ્યો છું. મને એવું સંવેદન પણ થાય છે. પણ આ મારા આત્મામાં પ્રગટેલા પ્રભુભક્તિના ગુણને હું પચાવી ક્યાં શક્યો છું ? મને તો એ અહંકારનાશક ગુણનો જ અહંકાર આવી ગયો છે. અને મારા જીવનના તે તે નાના પ્રસંગો પરથી પણ આજે મને એ વાત બરાબર સમજાય છે.

હું લગભગ રોજ પોણો એક કલાક દેરાસરમાં પ્રભુભક્તિ રોજ કરું છું. એકવાર મારા ગુરુજી પાસે બધા ભેગા બેઠેલા અને વાતવાતમાં એ વાત નીકળી કે આપણા વૃંદમાં પ્રભુભક્તો કોણ કોણ છે ? ગુરુજી ત્રણ-ચાર સાધુઓના નામ બોલ્યા, એ વખતે મારા મનમાં એ ઈચ્છા પ્રગટેલી જ કે 'ગુરુજી મારું નામ પણ બોલે.' પણ એમાં મારું નામ ન આવતા મને ખેદ થયેલો. ત્યાં જ એક સાધુએ મારી સિફારીશ કરી કે 'આ મુનિ રોજ પ્રભુભક્તિ કરે છે, પોણોથી એક કલાક !' એ શબ્દો સાંભળતા જ મને આશા બંધાઈ કે ગુરુજી કદાચ મારું નામ ભૂલી ગયા હશે. તો હવે યાદ આવવાથી મને પ્રભુભક્તમાં ગણશે. પણ મારી આશા રેશમના તાંતણા માફક તરત જ તૂટી ગઈ. 'એ ભલે પોણો-એક કલાક દેરાસરમાં બેસે, પણ હું જેવી પ્રભુભક્તિ માનું છું. એવી એનામાં મને દેખાતી નથી.' ગુરુજીના એ શબ્દોએ મને આઘાત લગાડ્યો હતો. એનો અર્થ સ્પષ્ટ જ છે કે 'મને મારી પ્રભુભક્તિનો અહંકાર જન્મી ચૂક્યો હતો.' માટે જ એ અહંકારને ખાવાનું ન મળતા હું દુઃખી દુઃખી થઈ ગયો હતો. ગુરુજી પ્રત્યે પણ મને અસદ્ભાવ જાગી ગયો હતો.

પેલા દિવસે કેવું બનેલું ! સંઘના માનનીય શ્રાવકે આવીને મને કહેલું કે 'આપના ગ્રુપના ફલાણા સાધુને હું રોજ સવારે બે કલાક સુધી ભગવાન સામે બેઠેલા જોઉં છું.

એ જે સ્તવનો-ગીતો મધુર સ્વરે લલકારે છે. જે હાથ-મુખના હાવભાવ કરે છે... હું તો ભગવાનને બદલે એમને જોવામાં તલ્લીન બની જાઉં છું...'

એ સાધુની પ્રભુભક્ત તરીકેની આવી પ્રશંસા બહુમાન્ય શ્રાવકના મોઢે સાંભળીને એ વાતને પુષ્ટ કરવાને બદલે મેં એને તોડી નાંખી હતી. 'જુઓ શ્રાવકભાઈ ! ચોક્કસ એ રોજ બે કલાક દેરાસરમાં બેસે છે, મધુરસ્વરે ગીતો ગાય છે, હાવભાવ કરે છે... પણ આ બધી શરીરની ક્રિયાઓ છે. એક વાત બરાબર સમજી રાખો કે પ્રભુભક્તિ એ મનનો-આત્માનો ગુણ છે. મોઢાનો કે શરીરનો નહિ. પૂજનો ભણાવવા આવનારા સંગીતકારો ત્રણ-ચાર કલાક ગીતો ગાય જ છે, હાવભાવ કરે છે... છતાં એ પ્રભુભક્ત કહેવાય ખરા ? ભગવાનને જોઈ આંખમાંથી અશ્રુધારા જો ન પડે, 'ભગવાન મારું સર્વસ્વ છે. એમના વિના હું અનાથ છું.' એવી સંવેદના જો ન પ્રગટે, પ્રભુવિરહનું સ્મરણ થતા જ રૂંવાડે રૂંવાડે અકથ્ય વેદના જો ન અનુભવાય તો માત્ર બે કલાકના ગીતો પરથી કે મોઢાના હાવભાવ ઉપરથી કોઈને પ્રભુભક્ત માની ન લેવાય. પીક્ચરમાં એક્ટરો માતાપિતાના ભક્ત હોવાની એક્ટીંગ કેટલી જોરદાર કરે છે ! પણ સુપરહીટ જનારા એ પીકચરોના એક્ટરો માટે બધા સમજે છે કે 'એમની એક્ટીંગના આધારે એમને રામ માની લેવાની ભૂલ ન કરાય. આ તો એક્ટીંગ છે, નાટક છે.'

અલબત્ત આપણા આ મહાત્મામાં તો પ્રભુભક્તિ પણ હશે જ, એ કંઈ દંભ-કપટ કરે છે, એવું નથી કહેવું. પણ તમારા જેવા પીઢ શ્રાવકો ભક્તિનું સાચું સ્વરૂપ સમજે એ માટે આ વાત કરી છે. પ્રભુ સામે ચાર શું, ચાલીસ કે ચારસો કલાક મોટે મોટેથી રાગડા તાણો, તો ય સમ્યક્ત્વ ન મળે એવું બને. અને ક્યારેક માત્ર એકાદ મિનિટના પ્રભુદર્શનમાં છેક વિરતિ સુધીના પરિણામો પ્રગટી જાય, એવું બને..."

મારી આ વાત ૧૦૦% સાચી હતી, પણ એ બોલવા પાછળ મારા ભાવો ૧૦૦% ખોટા હતા, એનું શું ? એ મહાત્મા પ્રભુભક્ત તરીકે વખણાય અને મારા માટે કોઈ પ્રભુભક્ત નામ ન પાડે તે મને ન ગમ્યું, માટે જ આ નિંદા કરી ને મેં ?

રે ! ઘણીવાર દેરાસરમાં મને ભક્તિ કરતી વખતે એવા વિચાર પણ આવી જાય છે ને ? કે આ વખતે શ્રાવકો મને જૂએ, તો સારું. પેલા ટ્રસ્ટીઓ મને જૂએ તો સારું. મારા આંખનાં આંસુ જોઈ તેઓને સહજ રીતે મારા તરફ સદ્ભાવ થવાનો જ, મારા તરફ આકર્ષણ થવાનું જ. એમ આ જ સમયે મારા ગુરુજી દર્શન કરવા આવે, પાછળથી મને ભક્તિ કરતો જૂએ, તો એમનો મારા પ્રત્યેનો આખો ભાવ જ બદલાઈ જાય. તેઓ મને પ્રભુભક્ત માનવા લાગે... પેલા યુવાનો મને જૂએ તો સારું. તેમાંથી ય ફલાણો



નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય
આત્મ સંપ્રેક્ષણ

યુવાન દીક્ષા લે એવો છે, એ જો મને આ રીતે ધ્રુસકે ધ્રુસકે પ્રભુ સામે રડતો જૂએ, તો મને ગુરુપદે સ્થાપી દે...

હાય ! સાચી ભક્તિથી સાચા આંસુ તો પ્રગટ્યા, પણ એ પછી આ કેવા ચક્કરમાં ફસાઈ ગયો હું ! શેખચલ્લીના વિચારોની હારમાળા સર્જી નાંખી મેં તો ! શું આ પવિત્ર આંસુઓની આટલી જ કિંમત છે કે એનાથી ટ્રસ્ટીઓ, ગુરુજી, મુમુક્ષુઓ મારા તરફ સદ્ભાવવાળા બને !

હું રત્નોનો વેપારી છું કે ભરવાડ ! અમૂલ્ય રત્નો સમાન આંસુઓની-પ્રભુભક્તિની કિંમત મારા મનમાં તો માત્ર કાંકરા જેટલી ય ન રહી. પ્રભુભક્તિ વખતે હું પરમાત્માને તો જોતો જ, પણ એ વખતે 'કોઈ મને જૂએ છે કે નહિ' એ જોવા આજુ બાજુના લોકો તરફ પણ જોતો. એમાં જો કોઈ મને જ જોઈ રહ્યું હોય તો મને એ ખૂબ ગમી જતું. પણ કોઈને મારા તરફ લક્ષ્ય ન હોય તો મારો ઉત્સાહ મંદ પડી જતો.

આ બધું શું સૂચવે છે ?

જે સાધુઓ પાંચેક મિનિટમાં જ દર્શન કરીને આવી જતા, પ્રભુભક્તિમાં ભીંજાતા નહિ... એમના પ્રત્યે મને અસદ્ભાવ પણ થતો હતો. 'ભગવાનના નામે ચરી ખાવાના ધંધા આ લોકો કરે છે. જ્યાં પ્રભુભક્તિ નથી, ત્યાં સાધુતા ટકે જ શી રીતે ? આ સાધુઓને તો હું સાધુ જ નથી માનતો. જેમને પ્રભુના દર્શન કરવામાં, પ્રભુને મળવામાં આનંદ, ઉલ્લાસ ન હોય, એમને મળવામાં કે એમના મોઢા-જોવામાં મને તો સખત ત્રાસ થાય છે...' આવા વિચારો-ઉચ્ચારો મેં કરેલા.

શું આ મારા માટે ઉચિત છે ? ચોક્કસ માની લઈએ કે એ સાધુઓ પ્રભુભક્તિ વિનાના છે, એ પણ માની લઈએ કે એમનામાં સાધુતા નથી... પણ એટલે શું એમને ધિક્કારવાનો, એમને તિરસ્કારવાનો અધિકાર મને મળી જાય ખરો ? મારે તો કરુણા ભાવવાની હોય ને ? રસ્તામાં ભૂખ્યા કણસતા ભિખારીઓને જોઈને. કતલખાનામાં કપાતા પશુઓને વિચારીને, નારકીના જીવોની અસહ્ય વેદનાઓ સાંભળીને જો મને એ જીવો પ્રત્યે માત્ર ને માત્ર કરુણા ભાવના જ પ્રગટે છે, તો આ ભક્તિહીન સાધુઓ પ્રત્યે પણ માત્ર ને માત્ર કરુણાભાવના જ ભાવવી જોઈએ મારે ! પણ કદીપણ એ ભક્તિહીન સાધુઓ માટે મારી આંખમાં આંસુ ટપક્યા નથી. આ કેવું ? એક ભવ દુઃખ પામનારા તિર્યંચાદિને જોઈને મને આંસુ પડે, પણ ભવોભવ ભયંકર દુઃખો પામવાની તૈયારી કરી રહેલા આત્માઓ માટે મને થોડું પણ રડવું ન આવે ? આ શું મારી સાધુતા કહેવાય ? જો પેલા સાધુઓ ભક્તિ વિનાના હોવાથી સાધુ ન કહેવાતા હોય તો હું

જીવો પ્રત્યેની કરુણા વિનાનો હોવાથી શી રીતે સાધુ કહેવાઉં ?

મેં હંમેશા ગરીબોને, તિર્યંચોને સુખી કરવાના પ્રયત્નો કર્યા છે, 'એ ગરીબો નકામા છે. એમના પૂર્વભવના પાપે તેઓ ગરીબ બન્યા છે. એમાં આપણે શું ?...' આવું કદી બોલ્યો નથી. એમની નિંદા કે એમના પર તિરસ્કાર કદી કર્યો નથી. તો પછી આ ભક્તિહીન સાધુ વગેરે તરફ પણ મારો ભાવ કેવો હોવો જોઈએ ? લાગણીથી એમને બચાવવાના પ્રયત્નો મેં કર્યા છે જ ક્યાં ? માત્ર ગાળો ભાંડવાના જ કામ કર્યા છે. હાય ! પ્રભુભક્તિ નામની મીઠાઈ મેં એટલી બધી વધારે ખાઈ લીધી છે કે એ મને પચી નથી. અને એટલે જ અજીર્ણ થયું છે મારા આત્માને ! એટલે જ જેમ અજીર્ણવાળાને અત્યંત દુર્ગંધી અપાનવાયુ છૂટે, અનેક રોગો થાય... એમ મને પણ આ નિંદા-તિરસ્કાર-ધિક્કાર વગેરે રોગો ઉત્પન્ન થયા છે. મારા મોઢામાંથી અપશબ્દો રૂપી દુર્ગંધીવાયુ નીકળે છે.

કેવું આશ્ચર્ય ! પ્રભુભક્તિ અનેક દોષો પેદા કરે, એ આનું નામ ! અને આ વાત લગીરે ખોટી નથી. મેં વૈરાગ્યકલ્પલતાનો શ્લોક ગોખેલો છે કે -

**यः साधुवादी कृतकर्मशुद्धिरागाढबुद्धिश्च सुभावितात्मा !**

**न सोऽपि हि प्राप्तसमाधिनिष्ठः पराभवन्नन्यजनं स्वबुद्धया ॥**

આ શ્લોક પ્રમાણે તો જે સુંદર વક્તા હોય, સાધુક્રિયાઓ શુદ્ધતમ આચરતો હોય, આગાઢબુદ્ધિવાળો હોય અને મહત્ત્વની વાત એ કે જેનો આત્મા બાર ભાવના - પ્રભુભક્તિ વગેરેથી ભાવિત થયેલો હોય... તો પણ જો એ આત્મા બીજા જીવોને પોતાની બુદ્ધિના બળે હલકા પાડે, તિરસ્કારે, ધિક્કારે, નિંદે તો એ સાધુ સમાધિમાં લીન ન કહેવાય.

આ શ્લોક ચોકખું કહી દે છે કે બાર ભાવનાઓ, પ્રભુભક્તિ વગેરે હોય તો પણ જો પ્રગટેલા અહંકારથી પરનિંદાદિ દોષો ચાલુ જ હોય તો એ જીવ સમાધિસ્થ ન કહેવાય.

એટલે મારામાં ખરેખર ભક્તિ છે, આંસુ છે, સંવેદના છે... એ બધું જ સાચું. પણ મારામાં સમાધિ = ઉપશમભાવ, શાંતચિત્ત નથી. કેમકે અહંકારથી મારો આતમ ખદબદે છે.

એ જ ગ્રન્થમાં પેલો શ્લોક પણ કેવો મઝાનો છે !

**'ज्ञानी तपस्वी परमक्रियावान् सम्यक्त्ववानप्युपशान्तिहीनः ।**

**प्राप्नोति तं नैव गुणं कदापि समाधिशाली लभते शमी यम् ।'**

હું જ્ઞાની છું, તપસ્વી છું, ચારિત્રની સુંદરતમ ક્રિયાઓ આચરું છું, પ્રભુભક્તિ વગેરે ગુણોના કારણે સમ્યક્ત્વી પણ છું. પણ અહંકારથી ભરેલો હોવાથી અન્ય હીન જીવો પ્રત્યે તિરસ્કાર-ધિક્કારવાળો છું, ઉપશમભાવરહિત છું. માટે જ મને એવો લાભ તો નહિ જ થાય, જેવો લાભ સમાધિમાન-શમવાન જીવને થાય.

એટલે જ પ્રભુભક્તિ માત્રથી, આંસુ માત્રથી સંતોષ માની લેવાની મૂર્ખતા કરવા જેવી નથી. પરમાત્મભક્તને પરમાત્મભક્તિનો અહંકાર જાગે, તો એ જીવમૈત્રી-જીવકરુણાદિ ગુણોને ગુમાવી દે અને જીવશત્રુતા-જીવધિક્કારાદિ દોષોનો ભોગ બને... એ વાત મારામાં મને અક્ષરશઃ અનુભવાય છે.

બસ, અહંકાર અંગે હવે માત્ર બે જ વસ્તુમાં મારે ચિંતન-આત્મસંપ્રેક્ષણ કરવાનું બાકી છે. બ્રહ્મચર્યમાં અને લેખનકળામાં ! હવે આટલું બધું આત્મસંપ્રેક્ષણ કર્યા પછી તો આંતરદોષો પકડી પાડવા મારે માટે સરળ થઈ ગયા છે.

સ્ત્રીઓ સાથે એકલા વાતો કરનારા સાધુઓને જોઈ મને આવેશ આવ્યો છે, મેં એમને ધિક્કાર્યા છે, તિરસ્કાર્યા છે, નિંદ્યા છે. તેઓ ખોટા હતા એ વાત સાચી, પણ એમની સાથેનું મારું આ વર્તન પણ સાચું તો ન જ હતું.

એમના દોષ જોઈને એમની ભાવિ દુર્ગતિઓ બદલ મને આંખોમાં આંસુ પડ્યા ખરા ? ના.

ખાનગીમાં વાત્સલ્યભાવે એમને સમજાવીને દોષમુક્ત કરવાનો પ્રયત્ન કર્યો ખરો ? ના.

ભલે કડક શબ્દો બોલવા પડે, પણ અંદરખાને મને બિલકુલ દ્વેષ ન હતો, લાગણી હતી એવું બન્યું ખરું ? ના.

તો આ બધું પ્રગટેલા બ્રહ્મચર્યગુણનું અજીર્ણ જ નથી શું ?

ગુરુએ એક એવા તપસ્વીની પ્રશંસા કરી કે જેને સ્ત્રીપરિચયની કુટેવ હતી, એક એવા પ્રભાવકની પ્રશંસા કરી કે જેને દૃષ્ટિરાગ દોષની કુટેવ હતી... એ દરેક વખતે મારી પ્રશંસા ન થઈ, ત્યારે મને એ વિચાર આવેલો કે 'ગુરુને મારી બ્રહ્મચર્યની કટ્ટરતા દેખાતી જ નથી, મારી શુદ્ધિ દેખાતી જ નથી. આ બધાના માત્ર બાહ્ય અનુષ્ઠાનો જ દેખાય છે...' આ વિચારનો અર્થ એવો ખરો જ ને ? કે મને ઉંડે ઉંડે મારા બ્રહ્મચર્યની પ્રશંસા સાંભળવામાં રસ છે.

વળી કોઈપણ સંઘમાં, કે મળવા આવેલા શ્રાવકો સામે હું મારા વખાણ કરી બેઠો

છું કે 'અમને અમારા ગુરુવર્યોના સંસ્કાર એટલા ઉત્તમ મળ્યા છે કે 'અમે બ્રહ્મચર્યની બાબતમાં એકદમ કટ્ટર છીએ. સૂર્યાસ્ત બાદ બહેનોનો પ્રવેશ બંધ - દિવસ દરમ્યાન પણ એકલા બહેનોનો પ્રવેશ બંધ - એકલા બહેનો સાથે વાતચીત બંધ...' આ બધી વાત સાચી જ છે. ખરેખર મારા ગુરુવર્યોનો મારા પર આ અકલ્પ્ય ઉપકાર છે. પણ આ બધું બોલવા પાછળ મારી અપેક્ષા તો એ હતી ને કે 'શ્રોતાઓ મને સંયમી-બ્રહ્મચારી માને, વિશુદ્ધ માને...'

એટલે જ જ્યારે કોઈકે એમ કહ્યું કે 'સાહેબજી ! સ્વામીનારાયણ સંપ્રદાયમાં તો આપના કરતા પણ વધુ કટ્ટરતા છે. ત્યાં તો દિવસે પણ સાધુ સગીબા-બહેનને મળે નહિ, સામું જૂએ નહિ.' એ વખતે મેં કેવો જવાબ દીધેલો "જૂઓ ભાઈ ! ડુંગરો દૂરથી રળીયામણાં ભલે લાગે, બાકી નજીકમાં જાઓ. તમે માત્ર બહારથી વાતો સાંભળી છે, અંગત સંપર્કમાં નથી. બાકી અંદરની ઘણી વાતોની તમને ખબર પડે ને ? તો તમે એમનું મોઢું પણ ન જૂઓ..." આક્રોશમાં એ શબ્દો તો બોલ્યો, પણ મારી જાતને જ પૂછું કે હું પણ ક્યાં એમની અંદરની વાતો જાણું છું. માંડ બે-ત્રણ પ્રસંગો મેં સાંભળેલા છે. પણ એવા તો પ્રસંગો મેં જૈન સંસ્થામાં પણ ક્યાં નથી સાંભળ્યા ? તો અમે બધા સરખા જ થઈ ગયા ને ? કદાચ આ આચાર બાબતમાં તેઓ અમારા કરતા વધારે આગળ પણ હશે.

એ જ રીતે જ્યારે કોઈકે એમ કહ્યું કે 'અમુક ગચ્છમાં તો સ્ત્રીપરિચયાદિ તો નથી જ, પણ કાયમ બધાને આંબિલ ચાલે, વર્ષમાં એકાદ-બે મહિના પારણા કરે તો પણ એ તમામ પારણામાં મીઠાઈ-તળેલું-દૂધ ન લે. માત્ર રોટલી-શાક-દાળ-ભાત...' ત્યારે પણ મને એ ગમ્યું ન હતું. મારા કરતા બીજો કોઈ સાધુ વધુ બ્રહ્મચારી ગણાય, વધુ વખણાય ? એ મને ખૂંચ્યું જ છે.

હું લેખક બન્યો, ઘણા પુસ્તકો લખ્યા. દરેક પુસ્તકોમાં શરુઆતમાં છપાવ્યું કે 'તમારો અભિપ્રાય મોકલવો.' એ પછી વાચકોના જે જે લેખિત અભિપ્રાયો આવતા, એમાં મોટા ભાગે ભરપૂર પ્રશંસાના શબ્દો જ ભરેલા આવતા. પણ એ પત્રો હું વારંવાર વાંચતો. મારા માટે વપરાયેલા વિશેષણો ધ્યાનથી વાંચતો. 'પરમતારક - તરણતારણહાર - પરમગુરુદેવ - લેખક શિરોમણી....' વગેરે વગેરે વિશેષણો દસ દસ વાર વાંચવા છતાં મને એ વિશેષણો દર વખતે નવા જેવા જ લાગતા.

એ પત્રો મેં ભેગા કરી રાખ્યા, એ પરઠવ્યા નહિ, એની ફાઈલ બનાવી દીધી. કેટલાય લોકોને એ પત્રો વંચાવ્યા. આ બધું જ ચોકખે ચોકખું અહંકારનું જ પ્રતીક છે ને ?

એ પત્રોની હારમાળામાં વચ્ચે વચ્ચે ક્યારેક મારા પુસ્તકોમાં ભૂલો દર્શાવતા, ક્યારેક મીઠી ટકોર કરતા, ક્યારેક તીખી-કડવી ટકોર કરતા પત્રો પણ આવ્યા. એ પત્રો વાંચતા મારા મનને સખત આઘાત લાગેલો. એ દરેક દિવસે મારી ઉંઘ હરામ થઈ ગઈ હતી.

એ પત્રો મેં તરત ફાડી નાંખેલા, શા માટે ? એટલા માટે કે એમાં મારી ભૂલો દેખાડાઈ હતી ? એ પત્રો મેં કોઈને ય વંચાવ્યા ન હતા, શા માટે ? એટલા માટે કે એ વાંચીને દરેકને મારા પુસ્તકો અંગેની પ્રામાણિક્તામાં સંદેહ થવાનો હતો ?

અરે ! ડોક્ટર જ્યારે રોગોની દવા લખીને આપે, ત્યારે હું એ કાગળ સાચવી રાખું છું. જેથી 'મારે કઈ દવા, ક્યારે લેવાની છે... એનો મને ખ્યાલ રહે' તો મારા લખાણમાં ભૂલો એ મારો રોગ જ છે. એને દૂર કરવાના સૂચનો કરતા પત્રો એ ડોક્ટરે લખી આપેલા કાગળ જેવા છે. ખરેખર તો મારે એ જ સાચવી રાખવા જોઈએ, જેથી રોગ દૂર કરવાના કામમાં એનો વારંવાર ઉપયોગ કરી શકાય. પણ એને બદલે મેં તરત જ એ પત્રો ફાડી નાંખેલા. કારણ ? એ જ ને કે મારે માત્ર ને માત્ર પ્રશંસા જ જોઈતી હતી. સૂચનો - ભૂલોનું દર્શન વગેરે નહિ.

લેખક બન્યો ન હતો ત્યાં સુધી હું બીજાના પુસ્તકો આત્મહિત માટે વાંચતો. લેખક બન્યા બાદ હવે મોટા ભાગે તો બીજાના પુસ્તકો વાંચતો જ નથી. જો વાંચુ તો પણ એ આત્મહિત માટે નહિ, પરંતુ આત્મઘાત માટે જ થાય છે.

'આ પુસ્તકો કરતા તો મારું લખાણ વધારે સારું.' એમ વિચારી ક્યારેક મિથ્યાસુખમાં રાચું.

તો ક્યારેક બીજા પુસ્તકો ખરેખર અફલાતૂન હોય, એની સામે મારા પુસ્તકો અને એનું લખાણ મને તુચ્છ ભાસે, ત્યારે મારો ઉત્સાહ તૂટી જાય છે, પ્રસન્નતા નંદવાઈ જાય છે.

ક્યારેક વળી એ બીજા પુસ્તકોમાંથી ભૂલો કાઢીને બીજાને બતાવું 'આ લોકોને લખતા આવડતું નથી. શું કરવા પુસ્તકો છપાવતા હશે. નકામી ઈજ્જત બગાડે છે...' એમ વિચારું-બોલું,

ક્યારેક જો કોઈક પુસ્તકના લેખકે પોતાના પુસ્તકમાં મારો કે મારા પુસ્તકાદિનો ઉલ્લેખ કરેલો હોય તો એ પુસ્તક હું મારું સમજીને વાંચુ છું. એ લેખક માટે મને લાગણી થાય છે.

ક્યારેક કોઈક લેખકે પોતાના પુસ્તકમાં મારી કે મારા પુસ્તકોની ટીકા કરી હોય તો મને એ પુસ્તક, એ લેખક માટે ભયંકર અરુચિ થઈ જાય છે.

એક પત્ર આવેલો મારા ઉપર, પ્રતિષ્ઠિત વિદ્વાન મહાત્માનો ! એમણે મને લખેલું કે "તમારું લખેલું પુસ્તક જોવામાં આવ્યું. કરુણાભાવથી તમને સૂચન કરું છું કે આવી ઢગલાબંધ ભૂલોવાળી પુસ્તિકા છાપવાનું વહેલી તકે બંધ કરી દો. તમારા લખાણના ઠેકાણા નથી, કલમમાં તાકાત નથી. ગીતાર્થતાનો ભારે અભાવ દેખાય છે. તમારા પુસ્તકો શાસનને માટે કુહાડી સમાન બની રહેશે..."

એ પત્ર વાંચતા મારો આઘાત આસમાનને આંબેલો, પ્રતિષ્ઠિત વિદ્વાનનો પ્રતિકાર કરવાની મારી શક્તિ ન હતી, તો એમના શબ્દો વાંચ્યા બાદ લેખક તરીકેની મારી મિથ્યા ભ્રમણાઓ ખતમ થવાથી પ્રસન્ન રહેવાની પણ મારી શક્તિ ન હતી. સાત સાત દિવસ સુધી મારું આર્તધ્યાન ઘટ્યું ન હતું. પછી વળી નવા પત્રો પ્રશંસાના આવ્યા, ગુરુએ મારી પ્રશંસા કરી, સહવર્તીઓએ પેલા જલદ પત્ર લખનારા વિદ્વાનના દોષો ગાયા... ત્યારે મને માંડ માંડ ટાઢક વળી.

આશ્ચર્ય એવું કે કોઈપણ સાધુ-સાધ્વી શાસ્ત્રો વાંચતા દેખાય એમાં મને જેટલો આનંદ થાય એના કરતા પણ મારા પુસ્તકો વાંચતો દેખાય એમાં મને વધુ આનંદ થાય, ઘણો વધુ હર્ષ થાય. એનો અર્થ એ કે મને શાસ્ત્રકાર મહાપુરુષો અને એમની રચનાઓ કરતા હું અને મારા પુસ્તકો વધુ મહાન લાગે છે. આ કેટલો ભયંકર અહંકાર ગણાય ! એ મારા પુસ્તકો વાંચનારાને હું અવશ્ય મળું, પત્રાદિ દ્વારા પણ એમનો સંપર્ક કરું. 'કેમ ? પુસ્તક કેવું લાગ્યું ? કંઈ ભૂલ હોય તો કહેજો...' એમ અવશ્ય કહું અને જો તેઓ ઘણી પ્રશંસા કરે તો 'દેવગુરુ પસાય' પણ અવશ્ય બોલું. પણ હવે તો હું ય સમજી ગયો છું કે એ 'દેવગુરુ પસાય' તો કમ્પ્યુટરમાં ફીટ કરી દેવાયેલા શબ્દો જેવા હતા. જેવી કોઈ સ્વીચ દબાવે કે તરત કમ્પ્યુટર એ શબ્દો પ્રગટ કરી દે. એમાં કમ્પ્યુટરને કોઈ ભાવ ન હોય. મારા શબ્દો બસ એવા ભાવવિહીન જ હતા.

બીજા લેખકોની પ્રશંસા ન ગમવી, એમની નિંદા ગમવી, બીજા લેખકોના પુસ્તકો હજારોની સંખ્યામાં બહાર પડે તો ન ગમવું, એ પુસ્તકો ન વેંચાય અને પસ્તીમાં પડેલા મળે તો આનંદ થવો, એ પુસ્તકો Super Flop જાય તેવી ઊંડે ઊંડે તમન્ના થવી, અને એ તમન્ના સફળ થાય તો મસ્તી ઉત્પન્ન થવી, ભૂલેચૂકે પણ મારા મોઢે અન્ય લેખકો માટે સારા શબ્દો ન બોલવા, મારા જ પુસ્તકોનો પ્રચાર કરવો, બીજાના પુસ્તકો સારા હોય તો પણ એનો પ્રચાર ન કરવો, એ પુસ્તક વાંચવા અંગે કોઈ સલાહ માંગે

તો તરત એ પુસ્તકની ના પાડી આડકતરી રીતે મારું લખેલું પુસ્તક વાંચવાની ભલામણ કરવી... આ મારા લેખનકળાના અહંકારે ઉત્પન્ન કરેલા ખૂબ વ્હાલા-પ્યારા સંતાનો બની ગયા છે.

બસ, મને તમામ વિષયોમાં મારા આત્મામાં દેખાઈ ગયો છે, અહંકાર !

ભાંગી ગઈ છે મારી ભ્રમણાઓ કે હું નિરહંકારી છું.

જો ઉદયરત્ન મહારાજ પોતાના જીવન માટે એમ બોલતા હોય કે **'હું તો મનથી ન મૂકું માન, તું તો માનરહિત ભગવાન'** તો મારી હાલત શું ? એ મહાપુરુષની આગળ હું મારી જાતને નિરહંકારી કહેવાની હિંમત કરું એ ય મારો અહંકાર જ છે.

પ્રભો ! ખૂબ ખૂબ ખૂબ મિચ્છા મિ દુક્કડં માંગુ છું હું મારી આ મલિનવૃત્તિઓ બદલ ! તું મને ક્ષમા આપજે. મારા પર કરુણા કરજે, મારા જેવા દુષ્ટને પણ નિભાવી લેજે. મને સાચો નિરહંકારી સાધુ બનાવજે.

આ નમ્રતા-તપ-વૈયાવચ્ચ-સ્વાધ્યાય-પ્રભુભક્તિ વગેરે વગેરે બધા ગુણો જાણે કે મને કહે છે કે 'અમે બધા તમારું રક્ષણ ચોક્કસ કરશું, તમને દુર્ગતિમાં નહિ જવા દઈએ, પણ એ માટે એક જ શરત છે કે અમને રક્ષણ મળવું જોઈએ. જો અમે જ અહંકારના સકંજામાં ફસાયેલા હશું તો અમે તમારું રક્ષણ નહિ કરી શકીએ.'

એ ગુણોની વાત તો સાચી જ છે ને ? આ ભારત દેશનું રક્ષણ કરવાની જવાબદારી વડાપ્રધાનની છે. પણ જો એમનું જ રક્ષણ બરાબર ન થાય, Body Guard રાખવામાં ન આવે, તો અરક્ષિત વડાપ્રધાન પોતે જ મુશ્કેલીમાં મુકાય, એ શી રીતે રાષ્ટ્રનું રક્ષણ કરે ? જો Body Guard માણસો એમનું બરાબર રક્ષણ કરે તો જ તેઓ રાષ્ટ્રનું રક્ષણ કરી શકે.

એમ આ ગુણો મારા આત્મા રૂપી રાષ્ટ્રના વડાપ્રધાન જેવા છે. તેઓ મારા આત્માની દુર્ગતિ વગેરેથી રક્ષા કરનારા છે. પણ જો એ ગુણોને સંરક્ષણ ન મળે, અહંકાર દોષ એ ગુણોને પછાડે - પરેશાન કરે, તો એ ગુણો મારું રક્ષણ કેમ કરશે ?

મહોપાધ્યાયજી મહારાજે આ ગુણ-અહંકારને ખતમ કરવા માટે કેટલી સુંદર ૮ ગાથાઓ આપી છે. લાવ, આજે હું એનું ચિંતન કરું.

**गुणैर्यदि न पूर्णोऽसि कृतमात्मप्रशंसया ।**
**गुणैरेवासि पूर्णश्चेत्कृतमात्मप्रशंसया ।**

ઓ આત્મન્ ! શું તું તમામે તમામ ગુણોથી પૂર્ણ બની ચૂક્યો છે ? એકપણ ગુણ

તારે હવે મેળવવાનો બાકી નથી ને ? તો પછી તું સ્વપ્રશંસા કરવાનું છોડી જ દે ને ? તું આત્મપ્રશંસા કરીને શું મેળવવા માંગે છે ? કેમ કે તારે કશું મેળવવાનું બાકી જ નથી. બધા ગુણો તારામાં આવી જ ગયા છે. તો આ સ્વપ્રશંસા કરીને નાહકનો પરિશ્રમ શા માટે કરે છે ? તારે મોક્ષ જોઈએ છે, એ માટે તારે ગુણોની જ જરૂર છે, અને એ તો તેં બધા મેળવી જ લીધા છે ને ?

જો તુ એમ કહેતો હોય કે ના, ના. 'હજી મારે ઘણા ગુણો મેળવવાના બાકી છે. હું સાધુ બન્યો, પણ યથાખ્યાત ચારિત્ર મેળવવાનું મારે બાકી છે, હજી ક્રિયાઓમાં સતત ઉપયોગભાવ કેળવવાનો બાકી છે, હજી સંયોજના વિના સાદી ગોચરી વાપરવાની સિદ્ધિ મેળવવાની બાકી છે, હજી વિહારના બે-ત્રણ કલાક સતત ઈર્યાસમિતિનો ઉપયોગ રાખતા શીખવાનું બાકી છે. હજી ૪૨માંનો નાનામાં નાનો દોષ પણ મને લાગી ન જાય, એવી નિર્દોષ ગોચરીચર્યા અપ્રમત્તભાવે કરતા થવાનું બાકી છે, હજી ઊંઘમાં પણ પડખું ફેરવતી વખતે શરીર અને સંથારો ઓઘાથી પુંજવો એ સ્વભાવ બનાવી દેવાનું બાકી છે, હજી પ્રત્યેક જીવો પ્રત્યે, મારું અહિત કરનારાઓ પ્રત્યે પણ મૈત્રી અને કરુણાનો ધોધ વહાવવાનું બાકી છે, હજી સ્ત્રીના ભયંકર ઉપદ્રવો વચ્ચે પણ લેશ પણ વિકાર ન જાગે એવું બ્રહ્મચર્ય મેળવવાનું બાકી છે...'

તો ભલા માણસ ! તને તારી સ્વપ્રશંસા કરતા શરમ નથી આવતી ? મૂકી દે ડંફાસ મારવાની ! શત્રુના લાખો સૈનિકોમાંથી એકાદ-બેને મારી નાંખીને કોઈ સૈનિક નાચવા લાગે ને બોલવા મંડે કે 'હું મહાન ! મેં શત્રુઓને મારી નાંખ્યા... જીત મારા હાથમાં છે.' તો એના જેવો મુરખ કોણ ? હજી તો લાખો બાકી છે, પરાજયનો મહાભય માથે જ છે. શી રીતે સ્વપ્રશંસામાં ખૂંપી જવાય ? વન-ડે મેચમાં પ્રતિપક્ષીને જીતવા માટે ૫૦ ઓવરમાં ૩૫૦ રન કરવાના હોય અને પ્રથમ બોલમાં દોડીને બે રન લેનારો બેટસમેન હર્ષ ધારણ કરીને કુદવા માંડે કે 'જુઓ, હું કેવો મહાન ! મેં બે રન લીધા. હું મારી ટીમને જીતાડી દઈશ.' તો એ હાસ્યાસ્પદ જ લાગે ને ? એમ જયારે તારે મોક્ષમાર્ગમાં ઘણી ઘણી ઘણી મંઝિલ કાપવાની બાકી છે, ઘણી ઘણી ઘણી સિદ્ધિઓ મેળવવાની બાકી છે... ત્યારે નાનકડી સિદ્ધિઓના વખાણ કરવા બેસી જવું એ લેશ પણ શોભતું નથી. ચૂપ રહે અને આરાધના કરતો જા.

**श्रेयोद्रुमस्य मूलानि स्वोत्कर्षाम्भःप्रवाहतः ।**

**पुण्यानि प्रकटीकुर्वन्फलं किं समवाप्स्यसि ॥**

તેં ઘોર તપ કર્યો - ૯૮ ઓળી કરી, સરસ !

તેં ૪૫ આગમો વાંચી લીધા, વંચાવી લીધા, સરસ !

તેં પ્રવચનો દ્વારા હજારોને સાચા શ્રાવક બનાવ્યા, સરસ !

તેં પુસ્તકો દ્વારા લાખોને બચાવ્યા, સુધાર્યા, ઉગાર્યા, સરસ !

તેં પ્રભુભક્તિમાં કરોડો અશ્રુબિંદુઓ પાડ્યા, સરસ !

તેં બ્રહ્મચર્યની ગુપ્તિઓ નિષ્કલંકપણે ભરયૌવનમાં પણ પાળી, સરસ !

તેં તારા મધુર રાગથી સેંકડો લોકોને સ્તુતિ-સ્તવનના રસિક બનાવી દીધા, સરસ !

તેં તારા ૧૫ વર્ષના સંયમમાં ઘણું-ઘણું-ઘણું-ઘણું સુકૃત કર્યું, સરસ ! સરસ ! સરસ !

આ બધા સુકૃતોની તાકાત અજબગજબની છે. એ તને પ્રચંડપુણ્ય બંધાવી આપશે, એનાથી સ્વર્ગલોકમાં સારા સ્થાને જન્મ ! એ પછી મનુષ્યગતિમાં સારા શ્રીમંતકુળમાં રૂપવાન-સશક્ત શરીર સાથે જન્મ ! ત્યાં દેવ-ગુરુ-ધર્મની પ્રાપ્તિ ! વિશિષ્ટ આરાધના... પરંપરાએ મોક્ષ !

ટુંકમાં સુખે સુખે મોક્ષમાં પહોંચાડવાની તાકાત આ તારા સુકૃતોની છે.

તારા સુકૃતો છે મૂળ ! પુણ્યકર્મ—સ્વર્ગલોક—સુકુળ... એ બધું ક્રમશઃ અંકુરા-થડ-ડાળી-ફળ રૂપ છે.

પણ તને ખબર છે કે મૂળીયા ક્યાં હોય ? એ તો જમીનમાં હોય, એ દેખાય નહિ. એના ફળો દેખાય. મૂળીયા જમીનમાં છે ને, માટે જ એ આખા ય વૃક્ષને ઉગાડી શકે છે, ટકાવી શકે છે. પણ જો એ મૂળ કોઈપણ રીતે જમીનમાંથી ઉખડી જાય, બહાર આવી જાય, દેખાવા માંડે તો ખલાસ ! એ હવે વૃક્ષને ઉગાડી નહિ શકે. ગમે એટલા સોહામણા મૂળ પણ હવે નકામા બની રહે.

ઓ મુગ્ધ ! તું આવું મૂર્ખતા ભરેલું કામ જ કરે છે ને ? તું તારા આ સુકૃતોને તારા મોઢે જ ગાતો ફરે છે, બધાને કહેતો ફરે છે, સ્વપ્રશંસા વિના તું રહી શકતો જ નથી. તારી વિદ્વત્તા-તપ-વૈયાવચ્ચાદિનો દેખાડો કરવાનો તારો ઉમંગ તું શમાવી શકતો જ નથી.

પણ આ સ્વોત્કર્ષ એ ધસમસતો એવો તો જલપ્રવાહ છે કે જે તારા એ બધા સુકૃતોને આત્મભૂમિમાંથી ઉખેડીને બહાર ફેંકી દે છે. હા ! એ સોહામણા સુકૃતોને બધા

જોશે, તું પણ જોશે, એનો ક્ષણિક આનંદ માણશે... પણ હવે આ સુકૃતો તને સદ્ગતિ આપશે ? ના. તને સારો માનવભવ આપશે ? ના, તને ફરી ધર્મારાધના આપશે ? ના.

અરે, પાગલ ! શું મેળવ્યું તેં આ ગાંડપણ કરીને ? આલોકની ગણ્યા ગાંઠ્યા લોકોની તુચ્છ પ્રશંસા મેળવવા ખાતર તેં તારા કિંમતી સુકૃતોને ઉઘાડા કરી નાંખ્યા ? શું મળવાનું તને આમ કરવાથી ?

તને ખબર તો છે કે વેપારીઓ અણમોલ રત્નો તિજોરીમાં છુપાડીને રાખે, એ કોઈને દેખાડે નહિ, જાહેરમાં મૂકે નહિ. અવસરે એ રત્નો મોટા કામમાં આવે. પણ જો કોઈક વેપારી લોકોની પ્રશંસા મેળવવા માટે રત્નો જાહેરમાં મૂકે, તો એને પ્રશંસા મળશે ખરી, પણ મોટું નુકસાન એ થશે કે રત્નો ચોરાઈ જતા વાર નહિ લાગે.

એમ આત્મન ! તારા સુકૃતોને આત્મતિજોરીમાં છુપાડી દે. કોઈને ય દેખાડીશ નહિ. જો દેખાડશે, તો એ ચોરાઈ જશે, અર્થાત્ એનું ફળ તારે ગુમાવવું પડશે.

**आलम्बिता हिताय स्युः, परैः स्वगुणरश्मयः ।**
**अहो स्वयंगृहीतास्तु पातयन्ति भवोदधौ ॥**

બે માણસો હોડી ઉંધી વળી જવાથી ભરસમુદ્રમાં ડુબી રહ્યા હતા. ત્યાં મોટું વહાણ આવ્યું. વહાણના માણસોએ ડુબતા માણસોને બચાવવા માટે જાડા-મોટા દોરડા પાણીમાં નાંખ્યા. બંને માણસોએ દોરડું પકડી લીધું. દોરડાના આધારે વહાણ પર ચડી ગયા, બચી ગયા.

જગતમાં આવું બને છે, પણ આધ્યાત્મિકક્ષેત્રમાં એક જબરું આશ્ચર્ય સર્જાય છે. તે એ છે કે ડુબનારો એક માણસ જેમ જેમ દોરડું પકડતો જાય, તેમ તેમ એ વધુ ને વધુ ડુબતો જાય. બાકી બધા માણસો એ જ દોરડાને પકડીને ઉપર ચડતા જાય, બચી જાય.

કંઈ સમજાયું તને આનું રહસ્ય ! ન સમજાયું ? તો સાંભળ !

તારી પાસે પ્રવચનશક્તિ-વૈયાવચ્ચશક્તિ-બ્રહ્મચર્યશક્તિ-નિર્મળસંયમ-ઘોરતપ-અદ્ભુત-સ્વાધ્યાય-અધ્યાપન-લેખન-શુદ્ધ આલોચનાદાન... વગેરે વગેરે ઢગલાબંધ ગુણો છે, ગુણો એટલે દોરડું ! આ દોરડું જો બીજાઓ પકડે, અર્થાત્ બીજાઓ તારા આ ગુણોના વખાણ કરે, પ્રશંસા કરે તો તેઓ ગુણાનુરાગી બન્યા કહેવાય. તેના પ્રતાપે તેઓ શુદ્ધિ પામી વહેલા મોક્ષે જાય.

પણ એ જ દોરડું જો તું પકડીશ, તું જ તારા ગુણો ગાઈશ-ગવડાવીશ-ગાનારાને અનુમોદીશ, 'હું વૈયાવચ્ચી ! તપસ્વી ! સ્વાધ્યાયી ! સર્વગુણસંપન્ન !' એમ ફુલાતો જઈશ. તો તું તરવાને બદલે વધુ ને વધુ સંસારમાં ડુબતો જઈશ.

કારણ ? કારણ એ જ કે તું જ તારી પ્રશંસા કરે - કરાવે, તો એ અહંકારદોષ કહેવાય. એ નીચગોત્રાદિ પાપકર્મો બંધાવે. એનાથી સંસાર વધે તો એમાં કોઈ જ આશ્ચર્ય નથી.

આ અહંકારનો નાશ કરવા કોઈ ઉપાય ખરો ? હા !

મહોપાધ્યાયજી એ ઉપાય દર્શાવે છે કે

**उच्चत्वदृष्टिदोषोत्थस्वोत्कर्षज्वरशान्तिकम् !**

**पूर्वपुरुषसिंहेभ्यो भृशं नीचत्वभावनम् ॥**

'હું બીજા બધા તપસ્વીઓ કરતા સારો તપસ્વી છું.'

'હું બીજા બધા સ્વાધ્યાયીઓ કરતા સારો સ્વાધ્યાયી છું.'

'હું બીજા બધા પ્રભાવક પ્રવચનકારો કરતા, બીજા બધા વૈયાવચ્ચીઓ કરતા, બીજા બધા સંયમીઓ કરતા વધુ સારો પ્રવચનકાર, વધુ સારો વૈયાવચ્ચી, વધુ સારો સંયમી છું.'

આ મારી જાતમાં હું જે ઉંચાઈના દર્શન કરું છું, એ એક મોટો દોષ છે. એનાથી જ મારા આત્મામાં અહંકાર નામનો તાવ ઉત્પન્ન થયો છે. જેમ શરીરમાં કંઈ પણ ખરાબી હોય, દોષ હોય, તો એના વિકાર રૂપે તાવ વગેરે માંદગી આવે. એમ મારામાં આ જે મારી ઉંચાઈના દર્શન કરવાનો, દોષ પડેલો છે, એના જ કારણે અહંકારરૂપી તાવ ઉત્પન્ન થયો છે.

એ તાવનો નાશ કરવા માટેનો ઉપાય એ જ કે એને ઉત્પન્ન કરનાર દોષને તગેડી મૂકવો. દોષ દૂર થશે, એટલે આપોઆપ જ તાવ દૂર થઈ જ જશે.

ઉચ્ચત્વદષ્ટિ એ દોષ છે, એને કાઢવા માટેનું રામબાણ ઔષધ છે, નીચત્વભાવના !

મારા ગુણો અમુકની અપેક્ષાએ ઉંચા છે. માટે મને એ દર્શનથી અહંકાર જાગે છે. પણ મારા એ જ ગુણો કેટલાય મહાત્માઓના ગુણોની અપેક્ષાએ તો સાવ નીચા જ છે. એ જો વિચારું, તો મારો બધો અહંકાર ઓગળી જાય.

કબુલ છે કે નવકારશી-એકાસણા-બેસણાદિ કરનારા કરતા ૯૮મી ઓળી કરનારો

હું મહાન છું. ૯૭ ઓળી સુધીના તમામ તપસ્વીઓ કરતા પણ હું ઉંચો છું. પણ વર્તમાનમાં જૈનશાસનમાં ૧૦૦ ઉપર ઓળી કરી ચૂકેલાઓ ૩૦૦ જેટલા મહાત્મા છે. એ બધાથી હું સાવ નીચો છું. ભૂતકાળમાં તો ૧૦ હજારથી પણ વધારે ઉપવાસો કરનારા છટ્ઠાસંઘયણવાળા પણ થઈ ગયા છે... તો મારા તપની કિંમત કેટલી ?

કબુલ છે કે મેં ૪૫ આગમોનો અભ્યાસ કર્યો છે, પણ મેં એ આગમો ગોખ્યા નથી. જ્યારે બે-ચાર મહાત્માઓ તો આજે પણ એવા છે કે જેમણે ૪૫ આગમો ગોખ્યા છે. વળી મેં તો આગમો વાંચ્યા જ છે, કેટલાક મહાત્માઓએ તો એના ઉપર અદ્ભુત ચિંતન કરીને મોટા મોટા પુસ્તકો લખ્યા છે. કેટલાક વળી આગમના મહત્ત્વના પદાર્થોનું સંકલન કરતા સંસ્કૃત ગ્રન્થો રચી રહ્યા છે. મારી પાસે આગમ ભણનારા માંડ પાંચ દસ જણ જ છે, જ્યારે ફલાણા મહાત્માએ તો અત્યાર સુધીમાં ૫૦ થી ૧૦૦ મહાત્માઓને ભણાવી દીધા.

બસ આ જ રીતે બધી બાબતમાં મારે સમજી લેવું છે.

આમાં પૂર્વના મહાપુરુષો કરતા નીચતાની ભાવના કરવાનું જણાવેલું છે. એનું કારણ એ લાગે છે કે પૂર્વના મહાપુરુષોની તો દરેક ક્ષેત્રમાં સોગણી - હજારગણી - લાખગણી સિદ્ધિ જોવા મળવાની, અને એટલે એ ડુંગરને જોતા જ મારા જેવાનું પોતાની ગુણ-ટેકરીનું અભિમાન કકડભૂસ થઈ જાય છે.

પણ (૧) પૂર્વના મહાપુરુષો નજર સામે નથી,

(૨) તે બધા તો વિશિષ્ટ સંઘયણવાળા હતા, માટે આ બધું કરી શકે,

(૩) તેમને નિમિત્તો ઘણા સારા મળતા હતા, માટે તેઓ આવું કરી શકે... આવા આવા વિચારોના કારણે જો મને પૂર્વના મહાપુરુષોની મહાનતાનું ચિંતન અહંકારનાશ માટે ઉપયોગી ન બને, તો પણ વર્તમાનમાં પણ મારા કરતા ઘણા સારા મહાત્માઓ દરેકે દરેક વિષયમાં છે જ, ભલે એમના ગુણો ડુંગર જેટલા નહિ હોય, પણ એ મારી ગુણટેકરીને ઝાંખી પાડી દે એટલા ટેકરા જેટલા તો ખરા જ. એ મારી નજર સમક્ષ હોવાથી, તેઓ લગભગ મારા જેવા જ સંઘયણવાળા હોવાથી તથા અમને બધાને નિમિત્તો લગભગ સરખા મળેલા હોવાથી એમને જોઈને મારો અહંકાર ઓગળવાનો એ પાકી વાત !

**શરીરરુપલાવણ્યગ્રામારામધનાદિભિઃ ।**

**उत्कर्षः परपर्यायैः चिदानन्दघनस्य कः ॥**

મારો આત્મા જ્ઞાનાનંદમય છે. પુદ્‌ગલો સાથે મારે કોઈ સંબંધ નથી. છતાં 'મારું શરીર કેટલું મજબુત - કદ્યાગરું - નીરોગી છે.' એમ વિચારીને મને શરીરનો અહંકાર જાગે છે. 'મારું રૂપ અદ્‌ભુત છે. સફેદ ચામડી, સપ્રમાણ ઉંચાઈ, પાતળું છતાં માંસલ શરીર...' આ બધું વિચારીને - જોઈને મને મદ જાગે છે. એમ એ શરીરનું લાવણ્ય, મને જ ગુરુ તરીકે માનતા તે તે ગામ-નગરો-સંઘો, મારા તાબામાં રહેલા તીર્થોના મનોહર બગીચાઓ, મને ભક્તો તરફથી મળતા કરોડો રૂપિયા... આ બધાનો નશો મને ચડે છે.

અરે ! આ તો બધા પુદ્‌ગલના પર્યાયો છે. શું લાગે વળગે મારે એની સાથે ? મારે તો રત્નત્રયી સાથે જ નિસ્બત ! આ પુદ્‌ગલપર્યાયો ક્યાં કોઈના શાશ્વત ટક્યા છે, કે મારા ટકે ? એનું અભિમાન કરવાનો મતલબ શો ?

**शुद्धाः प्रत्यात्मसाम्येन पर्यायाः परिभाविताः ।**

**अशुद्धाश्चापकृष्टत्वान्नोत्कर्षाय महामुनेः ॥**

આ જગતના જીવોમાં બે પર્યાયો જોવા મળે છે. આત્માના શુદ્ધપર્યાયો અને પુદ્‌ગલો સંબંધી અશુદ્ધ પર્યાયો ! મારામાં પણ આ બંને પ્રકારના પર્યાયો છે.

મને એમાંથી શેનો અહંકાર જાગે છે ?

સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર આ રત્નત્રયી આત્માનો શુદ્ધપર્યાય છે. એની સામે ૨૫-૫૦ શિષ્યોનું ગુરુપદ - આદેય નામકર્માદિના કારણે પ્રવચનોમાં હજારો લોકોનું આગમન - ચારેબાજુ મારા માટે મીઠીમીઠી સુવાસ - હાજર જવાબીપણું - બુદ્ધિની અત્યંત તીક્ષ્ણતા - શરીર તપથી ઓગળી જવું... આ બધા તો પુદ્‌ગલથી ઉત્પન્ન થયેલા અશુદ્ધ પર્યાયો છે.

શું મને મારામાં પ્રગટી ગયેલી રત્નત્રયીનું અભિમાન છે ? અર્થાત્ મારી પવિત્ર પરિણતિનું અભિમાન છે ? 'બીજાઓમાં ચારિત્રપરિણતિ નિર્મળ નથી, મારી પરિણતિ મહાન છે, બીજાઓમાં સમ્યક્ત્વ નબળું છે, મારામાં સબળું છે. બીજાઓમાં સુવિવેકની ખામી છે, મારામાં સંપૂર્ણતા છે...' આવા બધા અહંકાર જો મને સતાવતા હોય તો મારા માટે એ બિલકુલ યોગ્ય નથી. કેમકે એ શુદ્ધપર્યાયો તો દરેકે દરેકમાં સરખા જ છે, સમાન જ છે. ફરક માત્ર એટલો જ છે કે મારા શુદ્ધપર્યાયો અમુકઅંશમાં પ્રગટી ચૂકેલો છે, તેઓના શુદ્ધપર્યાયો હજી ઢંકાયેલા છે. પણ એમાં કંઈ મારે ગર્વ કરવા જેવો છે જ નહિ.

જેમ છોકરાને જન્મ આપી ચૂકેલી મા પણ મા કહેવાય છે, તો ગર્ભવતી સ્ત્રી પણ

મા જ કહેવાય છે. એને છોકરો જન્મ્યો નથી, પણ એનાથી કંઈ ઝાઝો ફરક નથી પડતો. આજ-કાલમાં એનો જન્મ થવાનો જ છે.

કોઈક વેપારી પોતાના કરોડો રૂપિયાના રત્નોને તિજોરીમાંથી બહાર કાઢીને જોતો હોય - દેખાડતો હોય તો બીજા વેપારીના રત્નો એની તિજોરીમાં જ પડેલા હોય. પણ બંને કરોડોપતિ જ કહેવાય છે. જેના રત્નો તિજોરીમાં ઢંકાયેલા છે. એ કંઈ ભિખારી નથી કહેવાતો. પહેલો વેપારી એવું અભિમાન કરતો જ નથી કે 'હું વધુ શ્રીમંત ! જુઓ મારા રત્નો ! પેલો વેપારી ભિખારી !'

એમ મારા શુદ્ધપર્યાયોનો જન્મ થઈ ગયો છે, તો બીજાના શુદ્ધપર્યાયો ગર્ભમાં છે. મારા શુદ્ધપર્યાયો પ્રગટ થયેલા છે, તો બીજાના શુદ્ધ પર્યાયો તિજોરીમાં છે. પણ છે તો બધાના સરખા જ. એટલે શુદ્ધ પર્યાયોની દૃષ્ટિએ હું કોઈનાથી પણ મહાન છું જ નહિ, તો મારે એનો અહંકાર કેમ કરાય ?

હા ! જે અશુદ્ધપર્યાયો છે, એમાં ચોક્કસ હું બીજા કરતા આગળ છું.

મારા ૧૫ શિષ્યો છે, મારા વડીલ સાધુઓ શિષ્ય વિનાના કે એકાદ-બે શિષ્યવાળા છે. મારી પ્રવચનશક્તિ જગમશહૂર છે. બીજા સાધુઓના વ્યાખ્યાનમાં માણસ જ થતું નથી. મારું રૂપ-મારી પ્રભાવક્તા લોકોને આંજી દેનારી છે. બીજાઓ સ્વયં લોકોથી અંજાઈ-ડઘાઈ જનારા છે. હું વિધવિધભાષામાં સેંકડો પુસ્તકો લખી ચૂક્યો છું, બીજાઓ તો વાંચી શકવામાં ય અસમર્થ છે. હું ૯૮ ઓળી કરી ચૂક્યો છું, બીજાઓને તો ૯૮ આંબિલના ય ફાંફાં છે...

આવી આવી તો ઢગલાબંધ બાબતો મારી પાસે છે.

પણ એક જ મિનિટ !

આ અશુદ્ધપર્યાયોની કિંમત કેટલી ! પેલા અનંતકાળ માટે અનંતસુખ દેનારા શુદ્ધપર્યાયોની સામે આ અશુદ્ધપર્યાયો તો સાવ સાવ તુચ્છ જ છે ને ?

ક્યાં કોહીનૂર રત્ન ! ક્યાં ગંગાકિનારે લોકોના પગતળે છુંદાતો કાંકરો !

ક્યાં સ્વર્ગની અપ્સરા ઉર્વશી ! ક્યાં હાથ-પગ-નાક-કાન વિનાની ૧૦૦ વર્ષની ડોસલી !

ક્યાં વનરાજસિંહ ! ક્યાં બેં બેં કરતું બકરું !

આ બધાની ઉપમા કરનારો ય મૂર્ખાઓના સરદારની સાથે ઉપમેય બની જાય. તો ક્યાં એ પરમપવિત્ર - શાશ્વતસુખદાયક શુદ્ધપર્યાયો - રત્નત્રયી !

કયાં આ મલિન - નશ્વર - સંસારવર્ધનમાં સમર્થ અશુદ્ધપર્યાયો !

આવી તુચ્છ વસ્તુનો અહંકાર થાય જ શી રીતે ?

કયો વેપારી એવો અહંકાર કરતો દેખાયો છે કે 'હું વિશ્વનો મહાન માણસ છું. કેમકે મારી પાસે નદી કાંઠે ખુંદાતો કાંકરો છે.'

કયો ડોસો એવો અહંકાર કરતો દેખાયો છે કે 'હું સૌથી ભાગ્યશાળી પુરુષ છું. કે જેની પાસે આ હાથ-પગ-કાન-નાક વિનાની ૧૦૦ વર્ષની ડોસલી પત્નીરૂપે બિરાજમાન છે.'

કયો શિકારી એવો અહંકાર કરતો દેખાયો છે કે 'હવે આપણે ગભરાવાની જરૂર નથી. મારી પાસે બકરું છે. જંગલમાં એ સિંહનો સામનો કરશે. આપણને રક્ષણ પૂરું પાડશે.'

તો પૌદ્ગલિક પર્યાયોની તુચ્છતા - નશ્વરતા - મલિનતા જાણ્યા બાદ એનો અહંકાર થઈ જ ન શકે.

**क्षोमं गच्छन्समुद्रोऽपि स्वोत्कर्षपवनेरितः ।**

**गुणौघान् बुद्बुदीकृत्य विनाशयसि किं मुधा ॥**

પાતાળકળશોમાં પ્રગટેલો વાયુ જયારે ઊંચો-નીચો થાય, ત્યારે એની ઉપર રહેલું સમુદ્રનું પાણી પણ ઉછાળા મારે, પરિણામે એ પાણીમાંથી નાના નાના અબજો અબજો ટીપાઓ આકાશમાં - ધરતી પર છુટા-છવાયા વેરાય, પરપોટા રૂપ બને... અને એ રીતે એ અબજો ટીપાઓ નાશ પામે.

મારા આત્મામાં જયારે સ્વોત્કર્ષ - સ્વાભિમાન રૂપી વાયુ પ્રગટે છે, ત્યારે એનાથી આત્મગુણો રૂપી પાણી બહાર પ્રગટવા માંડે છે, એમાંના કેટલાય ગુણો આ જ રીતે પરપોટા જેવા બની બનીને નાશ પામવા માંડે છે. શું આ રીતે મારે મારા ગુણોને ખતમ કરી નાંખવા યોગ્ય છે ?

**निरपेक्षानवच्छिन्नानन्तचिन्मात्रवृत्तयः ।**

**योगिनो गलितोत्कर्षापकर्षानल्प-कल्पनाः ॥**

મુનિઓ તો માત્ર આત્મપરિણતિમાં, આત્માનંદમાં મસ્ત હોય. એ અનંત આત્માનંદને કોઈ પણ પરપદાર્થની અપેક્ષા જ નથી, એ અનંત આત્માનંદ શાશ્વત છે. કોઈ એને છેદી શકતું નથી.

સંસારી જીવોને હલકા-નાના જીવોને જોઈને પોતાનામાં જે ઉત્કર્ષની હજારો

કલ્પનાઓ થાય છે, એમાંની એકપણ કલ્પના આ યોગીઓને થતી નથી.

તો એ જ સંસારીજીવો મોટા-મહાન જીવોને જોઈને પોતાનામાં જે અપકર્ષની હજારો કલ્પનાઓ કરે છે, જાતમાં દીનતા અનુભવે છે, લઘુતાગ્રન્થિનો ભોગ બને છે, માટે જ Depression જેવા માનસિકરોગોમાં અટવાય છે એમાંની એક નાનકડી કલ્પના પણ આ યોગીઓને સતાવતી નથી.

એમની વિચારધારા એકદમ સ્પષ્ટ છે.

તમામ જીવોમાં રત્નત્રયી એક સરખી છે, એનું અભિમાન મારે હોય જ નહિ. બધા સરખા છીએ. પૌદ્‌ગલિક પર્યાયો મારા છે જ નહિ, તો પારકી વસ્તુનો અહંકાર મારે હોય જ નહિ.

કમાલ કરી છે મહોપાધ્યાયજીએ ૮ ગાથાના ગાગરમાં સાગરનો અવતાર કરીને ! મારા જેવા કેટલાય અહંકારીઓના મગજમાં ભરાઈ ગયેલી રાઈ કાઢી નાંખવાનું કામ આ મહાત્માએ કર્યું છે. હવે તો મારે આ અષ્ટકનું ચિંતન વારંવાર કરવું છે. ઉત્પન્ન થતા અહંકારને શાંત કરવા માટે આ ચિંતન પરમ ઔષધ બની રહેશે.

હા ! એ સિવાય પણ મારે ઘણા વ્યવહારુ ઉપાયો અજમાવવા છે.

→ હું મારા ગુણોની - મારા કાર્યોની - મારી શક્તિની પ્રશંસા કદી નહિ કરું, જાહેરાત કદી નહિ કરું.

→ હું બીજાના ગુણોની - કાર્યોની - શક્તિની પ્રશંસા અવશ્ય કરીશ, જાહેરાત અવશ્ય કરીશ.

→ મારા ગુણોની - કાર્યોની - શક્તિની પ્રશંસા કોઈ કરે, તો હું એ સાંભળીશ નહિ, એ સ્થાન તરત છોડી દઈશ. મારી પ્રશંસા કરનારા કોઈપણ પત્રો આવે, હું એ વાંચીશ નહિ. વંચાઈ જાય તો ય તરત જ ફાડી નાંખીશ. એક કરતા વધારે વાર તો નહિ જ વાંચું. અને બીજાને વંચાવીશ નહિ.

→ મારા નામ આગળ તપસ્વીરત્ન-પ્રવચનપ્રભાવક - લેખક શિરોમણી... વગેરે વગેરે કોઈપણ વિશેષણો હું નહિ લખાવું. (શ્રાવકો એની મેળે લખી નાંખે, મને ખબર ન હોય એ જુદી વાત !)

→ હું બીજાના ગુણોમાં - કાર્યોમાં - શક્તિમાં ત્રુટિઓ દેખવાનું, એ બધાને દેખાડવાનું, એનો પ્રચાર કરવાનું હલકટ કૃત્ય નહિ આચરું.

→ હું મારા ગુણોનું - કાર્યોનું - શક્તિનું સ્મરણ - ચિંતન નહિ કરું. કેમકે એ

મને નશો કરાવનાર બને છે.

→ જે જે બાબતોમાં મારી વિશિષ્ટતા મને દેખાય છે, તે તે બાબતોની વધુ જોરદાર વિશિષ્ટતા ધરાવનારા પૂર્વના મહાપુરુષોને અને વર્તમાનના મહાત્માઓને હું રોજ ભાવપૂર્વક બે હાથ જોડી - મસ્તક નમાવીને વંદન કરીશ.

આ છે અહંકારનાશ માટેના સર્વોત્તમ ઉપાયો !

મારા પ્રભુ ! તમે મને મારી આ સાધનામાં સહાયક બનજો.

# ૮. દોષ નં. ૭ – મજાક-મશ્કરી

<u>(૭) મજાક-મશ્કરી :</u> આમ તો આ મજાક-મશ્કરી સારી લાગે. કેમકે એમાં બધા હસે, ગમગીનીનું વાતાવરણ ન રહે. બધાને પરસ્પર લાગણીભાવ વધે... એટલે મને ઘણીવાર એમ લાગતું કે 'આ કંઈ ખોટું નથી.'

પણ શાસ્ત્રો વાંચ્યા અને જીવનમાં પણ મેં કેટલાક પ્રસંગો અનુભવ્યા, એ પછી તો ચોક્કસ લાગે છે કે સંસારમાં અને મુગ્ધજીવોમાં મજાક-મશ્કરી ભલે આનંદદાયક વસ્તુ ગણાતી હોય, પણ એ આધ્યાત્મિક ક્ષેત્રે ભયંકર નુકસાન કરનારી વસ્તુ છે, એ આલોકમાં પણ ક્યારેક મોટા અનર્થો ખડા કરી દે તેવી વસ્તુ છે. મારા દ્વારા થયેલી મજાક-મશ્કરી કોઈકના ભાવપ્રાણનો નાશ કરી દેનારી વસ્તુ પણ બની શકે છે. હું જો આ વાત નહિ સમજું તો મારે ઘણા અપાયો ભોગવવાનો વખત આવશે.

એકવાર ગુરુજી પાસે અમે બધા સાધુઓ અલકમલકની વાતો કરતા હતા, ત્યારે ગુરૂજીએ કહેલું કે "આપણે જૈન સાધુઓ વિદેશમાં જઈ ન શકીએ; એટલે ત્યાં જૈનધર્મનો પ્રચાર થતો નથી. એટલે જ જૈનેતરો ત્યાં ફાવી જાય છે. આપણા શ્રાવકો જો આ વિષયમાં તૈયાર થાય તો જ કંઈક કામ થાય."

અને એ વખતે મેં એક સાધુની મશ્કરી કરી કે 'ગુરુજી ! આપણો આ સાધુ આમ પણ માંદો છે. વિહારમાં તકલીફ પડે છે, નવકારશી કરવી પડે છે, એને આપણે યતિ બનાવી દઈએ. બ્રહ્મચર્ય પાળે અને વિમાન-ગાડીમાં બેસીને ધર્મનો પ્રચાર કરે...'

હું તો મસ્તીમાં આ શબ્દો બોલી ગયો. પણ એનો આઘાત પેલા સાધુને કેટલો બધો લાગ્યો એની ખબર તો મને દસ દિવસ બાદ ત્યારે પડી કે જ્યારે એ સાધુ મારી પાસે આવીને મને કહેવા લાગ્યા કે 'છેલ્લા દસ દિવસથી મને તમારા પ્રત્યે ખૂબ અસદ્ભાવ થયો છે. તમે મને યતિ બનાવી દેવાની વાત કરી. એનાથી મને ઘણો જ આઘાત લાગ્યો. મારું શરીર નબળું છે. એટલે મારે નવકારશી કરવી પડે છે, વિહારમાં મુશ્કેલી પડે છે. પણ એટલે હું શું અસંયમી બની ગયો ? મને પણ સંયમ ગમે છે. કુરગડુ ત્રણવાર ખાવા છતાં ય કૈવલ્ય પામ્યા છે. બધાની વચ્ચે તમે મને ભૂતકાળના શિથિલ યતિ તરીકે જાહેર કરીને મારું ઘોર અપમાન કર્યું છે. આ જ કારણે દસ દિવસથી મારું મન ખૂબ પીડિત છે. આજે ક્ષમા માંગીને હું આ દોષથી છુટવા આવ્યો છું...'

અરેરેરે ! મારી નાનકડી મશ્કરી એક મહાત્માને દસ દસ દિવસ સુધી પીડા આપે. એને આર્તધ્યાન કરાવે એ કેટલો મોટો દોષ ! આ તો સારું થયું કે બીજું કંઈ ન બન્યું ? પણ જો એ જ દસ દિવસ દરમ્યાન એમને આયુષ્યનો બંધ પડે તો ? કષાયભાવના કારણે દુર્ગતિ જ થાય ને ? કોઈ સાધુ તો વળી આવા વખતે દીક્ષા છોડી દે કે આપઘાત પણ કરી લે...

દોષ એ મહાત્માનો બિલકુલ નથી, પણ મારો છે. પ્રભુએ આવી મજાક કરવાની ચોકખીચટ ના પાડી છે, પણ મેં આજ્ઞા તોડી ત્યારે જ આવું બન્યું ને ?

એક સંઘમાં એક શ્રાવક રોજ સાંજે પ્રતિક્રમણ કરવા આવતા હતા. પણ વચ્ચે ત્રણેક દિવસ એ ન દેખાયા અને ચોથા દિવસે એમનો અવાજ સંભળાયો કે 'સામાયિક લેવાનો આદેશ આપશોજી' અને મેં વળી મજાક કરી કે 'કેમ ? શ્રાવકજી ! જીવો છો ને ? ત્રણ દિવસ દેખાયા નહિ ?'

સામેથી કોઈ જવાબ ન મળ્યો. મેં આદેશ આપી દીધો... પ્રતિક્રમણ પૂર્ણ થયા બાદ એ શ્રાવક મારી પાસે આવ્યા. બધાની વચ્ચે લાલચોળ થઈને કેવું બોલ્યા હતા એ વખતે ! "આજે હું તમારા ગુરુજીને પત્ર લખવાનો છું. તમને બોલવાનું ભાન નથી, એ એમને કહેવાનો છું. હું ત્રણ દિવસ કારણસર ન આવ્યો. એટલે તમે મને મરેલો માની લીધો ? કે જેથી તમે પૂછો છો કે 'જીવો છો ને ?' આ પ્રશ્નનો અર્થ શું ? શું હું મરી ગયો હતો ?..."

ત્યારે મને ભાન થયું કે મારા મજાકના શબ્દોએ આખું પ્રતિક્રમણ એમને ક્રોધની આગમાં ભભૂકતા રાખ્યા હતા. મેં ખૂબ માફી માંગી માંડ માંડ શાંત પાડ્યા.

એકવાર હું કાપ કાઢવા માટે કસમયે પાણી લેવા ગયો, કોઈ માણસ વહોરાવનાર હાજર ન હતો. મેં ચાર-પાંચ મિનિટ તપાસ કરીને એક શ્રાવકને બોલાવીને પાણી વહોર્યું, ઉપર બે ઘડા મૂકી આવી બીજા બે ઘડા વહોરવા નીચે ઉતરતો હતો, ત્યાં મિત્ર મુનિને જોઈને મશ્કરીમાં હું બોલ્યો કે 'ચાલોને, મને પાણી વહોરાવવા આવો ને ? નીચે કોઈ વહોરાવનાર નથી.'

એમનું મોઢું ચડી ગયું, જવાબ આપ્યો નહિ. પાછળથી મને સમાચાર મળ્યા કે એ મુનિએ બધાને કહ્યું કે 'હું કંઈ નોકર છું ? હું કંઈ સંસારી છું ? કે મને પાણી વહોરાવવાનું કહે છે. એ મને સાધુ નથી માનતા, સંસારી માને છે, માટે જ એવું કહે ને ?'

મારા જીવનમાં આવા તો કેટકેટલા પ્રસંગો બન્યા છે ! આના નુકસાનો પણ કેટલા બધા થાય છે ?

→ મજાક-મશ્કરીથી બીજા મહાવ્રતનો ભંગ થાય છે. એ ભીષ્મપ્રતિજ્ઞાને કુહાડીનો ઘા લાગે છે.

→ મજાક-મશ્કરી કરનારાઓને કાંદર્પિક કક્ષાના સાધુઓ કહ્યા છે. આવા સાધુઓ એકાદભવ કાંદર્પિકદેવોમાં જન્મ પામી, એ પછી આ મજાક-મશ્કરીના પાપે ઘણો લાંબો સંસાર ભટકે એવી શક્યતાઓ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર વગેરેમાં સ્પષ્ટ દેખાડેલી છે.

→ મજાક-મશ્કરી કરનારો સ્વયં હસે બીજાઓને હસાવે, બીજાઓને પણ આ જોઈ મજાક-મશ્કરી કરવાનું મન થાય, પછી તો વારંવાર ઘણા સાધુઓ નાના-મોટા પ્રસંગોમાં મજાક-મશ્કરી કર્યા જ કરે. સ્વાધ્યાયનો ઘાત થાય, સમય બગડે...

→ મજાક-મશ્કરી કરવી - હસવું એ પણ એક વિકાર છે. આવી મુખમુદ્રાવાળા સાધુને જોઈને કોઈ સ્ત્રીને વિકાર જાગે તો નવાઈ નહિ. અને તો પછી પતનના બીજ વવાતા જાય તો પણ નવાઈ નહિ. જેમ પુરુષોને ગંભીર સ્ત્રીને બદલે હસતી સ્ત્રીને જોઈને વધુ આકર્ષણ જાગે, એવું જ સ્ત્રીઓને પુરુષ માટે છે. એટલે જ સાધુએ ગંભીર રહેવું જોઈએ. એના મુખની ઉદાસીનતા-ગંભીરતા જોઈ કોઈ સ્ત્રીને એના તરફ આકર્ષણ ન થાય. એટલે જ પતનના કોઈપણ નિમિત્તો ઉભા ન થાય.

→ શ્રી સ્થાનાંગસૂત્રકાર વગેરે મહાપુરુષો સ્પષ્ટ લખે છે કે સ્વાધ્યાય-ધ્યાન-વૈયાવચ્ચ વગેરે શુભયોગોમાં લીન બનવાના લીધે જે શુભભાવોની ધારા પ્રગટી હોય - જે અંતર્મુખતા પ્રગટી હોય - જે આત્મમસ્તી પ્રગટી હોય... એને અટકાવવાનું - તોડવાનું - નેસ્તનાબુદ કરવાનું કામ કરે છે હાસ્ય-મજાક-મશ્કરી ! જે ભાવધારા કેવલજ્ઞાન આપવાની તાકાત ધરાવે, એને તોડીને અનંતસંસારની શક્યતા ઉભી કરનારા આ દોષને સહી કેમ લેવાય ? ઉપેક્ષી કેમ શકાય ?

→ આ ઠઠ્ઠા-મશ્કરીમાંથી જ ક્યારેક મોટા વૈરભાવો જન્મ પામતા હોય છે. દ્રૌપદી હસતા હસતા જ બોલીને કે **'अंधे का पुत्र अंधा'** અને કરોડો માનવોનો સર્વનાશ વેરતું મહાભારતનું યુદ્ધ પ્રગટ થયું. ગુણસેન રાજકુમારે નાનપણમાં મજાકના મૂડમાં જ બ્રાહ્મણપુત્ર અગ્નિશર્માને ઘણો સતાવ્યો, અને એ ઝેરીબીજના ફળ કેવા ઉગ્યા, ભવોભવ સુધી કેવો વૈરાનુબંધ ચાલ્યો... એ બધા જાણે જ છે. જેને હું મારો

પરમમિત્ર માનતો હોઉં, એની જ જો હું ઘણાની વચ્ચે મજાક કરું - મશ્કરી કરું... તો કદાચ એને એવો ઘા લાગી જાય કે એ કાયમ માટે મારો કટ્ટર શત્રુ બનીને રહે. આમ મિત્રતાને મારી નાંખવાનું કામ આ ઠઠ્ઠા-મશ્કરી કરે છે.

→ ઘણા બધાની વચમાં કોઈ મારી મશ્કરી કરે, મારા ઉપર બધા હસે, હું ભોંઠો પડી જાઉં... તો શું એ મને ગમે છે ! મને અપમાન લાગે છે ને ? મને પારાવાર દુઃખ થાય છે ને ? તો સીધું ગણિત એટલું જ છે કે જે મજાક-મશ્કરી કોઈ મારી કરે, તો મને નથી ગમતું, તો એ જ મજાક-મશ્કરી હું કોઈનું કરું તો એ તેને પણ નહિ ગમે, એને અપમાન લાગશે, કદાચ એ નાનો હશે. શક્તિહીન હશે તો ભલે સામો પ્રતિકાર નહિ કરે, પણ અંદર તો અત્યંત દુઃખી બનશે જ. એક સાધુ તરીકે હું જો પૃથ્વી વગેરે સ્થાવરજીવોને પીડા નથી આપતો, તો મહાવ્રતધારી મહાત્માને પીડા આપવી એ કોઈપણ રીતે યોગ્ય નથી, નથી ને નથી જ.

→ મજાક-મશ્કરી કરનારો ઘણું જૂઠ બોલે... એટલે જ એના વચનોની આદેયતા ન રહે. જેઓ ગંભીર હોય, ક્યારેક બોલતા હોય, અલ્પ બોલતા હોય... એમના વચનો અત્યંત આદરણીય બને. એ જે બોલે, એને બીજાઓ ધ્યાનથી સાંભળે, સ્વીકારે. એટલે હું આ હસાહસીમાં પડીને મારી જ કિંમત ઘટાડું છું. મારી જાતને જોકર બનાવું છું. એ ક્ષણિક આનંદ ભલે આપે, તે વખતે બધા ભલે હસે... પણ મારી આદેયતા - મારી આદરણીયતા - મારી ઉપયોગિતામાં ધરખમ ઘટાડો થાય છે. એ મારે બિલકુલ ભૂલવું ન જોઈએ.

મને મારા જીવનમાં સાક્ષાત અનુભવાય છે કે મારામાં આ ઠઠ્ઠા-મશ્કરી મજાક-હાસ્યના સંસ્કારો એટલા બધા વધી ગયા છે કે નાના-મોટા દરેક પ્રસંગમાં માનસિક-વાચિક-કાયિક નાની-મોટી મજાક સતત કર્યા કરું છું.

દીક્ષા-વડી દીક્ષાના પ્રસંગમાં જયારે નૂતન દીક્ષિત પર ચોખા-વાસક્ષેપ નાંખવાના આવે, ત્યારે આગળ બેઠેલા કે આજુબાજુમાં બેઠેલા મુનિઓ પર પણ વાસક્ષેપ નાંખું, એમને વાસક્ષેપથી રંગી દઉં... આ રીતે હોળી રમવી એ પણ એક મજાક છે ને ?

મોટા પ્રસંગોમાં પાછળ બેઠો બેઠો આગળના સાધુઓના કપડાઓમાં ગાંઠ લગાવું એ પણ એક મશ્કરી જ છે ને ?

કોઈક સાધુને જાતે જ પડિલેહણ કરવાની બાધા હોય, એ મને ખબર હોય, એ

નમોऽस्तु तस्मै जिनशासनाय

મહાત્માને જરૂર ન હોય છતાં ખાનગીમાં જઈ એમના વસ્ત્રોનું પડિલેહણ કરું, એ સાધુ બુમ પાડે એટલે ભાગી જાઉં... આ પણ એક મજાક-હાસ્ય જ છે ને ?

કાપ કાઢતા કાઢતા કોઈના પર પાણી ઢોળવું - કોઈના પર છાંટા ઉછાળવા... આ બધું પણ મજાક જ છે ને ?

ગાથાઓ ગોખતી વખતે ક્યારેક જાણી જોઈને મોટા અવાજે બોલવું, ચિત્ર-વિચિત્ર અવાજો કરવા, ગમે તેવા રાગમાં બોલવું, .... આ પણ એક મજાક જ છે ને ?

તે તે સાધુઓની વ્યાખ્યાનશૈલિની એક્ટીંગ કરવી, તે તે વ્યક્તિની ચાલવાની-બોલવાની-ખાવાની પદ્ધતિની એક્ટીંગ કરવી, આ રીતે બધાને હસાવવા... એ પણ એક મજાક જ છે ને ?

જોક્સ કહેવા, વાતે વાતે દ્વિ-અર્થી શબ્દો બોલવા એટલે કે સામેવાળો પૂછે કંઈ અને હું શબ્દ-છળ કરીને જવાબ આપું કંઈ... એ પણ એક મજાક જ છે ને ?

પ્રતિક્રમણાદિમાં સાધુને ધક્કો મારવો, ચોક-પેન વગેરેથી પીઠ પાછળ લખાણ કરવું... આ બધું પણ મજાક જ છે ને ?

એમાં ય દ્વિ-અર્થી શબ્દો બોલવા રૂપ એટલે કે શબ્દછળ કરવા રૂપ મજાક તો હું કેટલી બધી કરું છું.

+ કોઈ પૂછે 'તમારી તબિયત કેમ છે ?' અને હું જવાબ આપું કે 'એ તો એ તબિયતને જ પૂછો ને ? કે એ કેવી છે ? મને શું કામ પૂછો છો ?'

+ ગોચરી માંડલીમાં સાધુ પૂછે કે 'પયસ આવ્યું છે ? આવ્યું હોય તો આપો ને ?' અને હું પાણીનો ઘડો એમની પાસે મૂકી દઉં 'લો, આ પયસ !' પેલા કહે કે 'દૂધ છે કે નહિ ?' અને હું કહું કે 'તમે પયસ માંગ્યું છે, આ પયસ જ છે ને ? સંસ્કૃતમાં આ પયસ જ કહેવાય.

+ હું કોઈનું પડિલેહણ કરવા જાઉં અને એ કહે કે 'મારે પડિલેહણ કરાવવાની બાધા છે.' એટલે હું કહું કે 'તમારે પડિલેહણ કરાવવાની બાધા છે ને ? પણ તમે ક્યાં પડિલેહણ કરાવો છો ? હું સામેથી જ કરી જાઉં છું. એટલે તમારી બાધા તૂટતી નથી.'

+ ગોચરીમાંડલીમાં હું કોઈને મીષ્ટ વપરાવવા જાઉં અને એ કહે કે 'મારે પાંચ દ્રવ્યની બાધા છે, અને મારે પાંચ દ્રવ્ય થઈ ગયા છે.' એ વખતે હું બોલું કે 'તમે તો કાયમ એક દ્રવ્ય જ વાપરો છો. તમારે પાંચ દ્રવ્ય થયા જ નથી. રોટલી-શાક-દાળ-

आत्म संप्रेक्षण

ભાત-દૂધ આ બધું જ પુદ્ગલ નામનું એક જ દ્રવ્ય છે. તમે પુદ્ગલ સિવાય ક્યાં કંઈ વાપરો છો. આ મીષ્ટ પણ પુદ્ગલ જ છે, એટલે તમને ચાલશે.'

+ કોઈ સાધુ કહે કે 'મારી જગ્યાએથી દવાનું ઝોળીયું આપશો.' અને હું બધી દવા એમની જગ્યાએ ખાલી કરીને એકલું ઝોળીયું એ સાધુને આપું. એ સાધુ મારી સામે જૂએ, અને હું હસતા હસતા કહું કે 'તમે તો દવાનું ઝોળીયું જ મંગાવ્યું છે ને ? એ તમને આપ્યું. તમે દવા ક્યાં મંગાવી છે ! એટલે જ દવા તમારી જગ્યાએ મૂકી આવ્યો ?'

+ કોઈ પૂછે કે 'મારે માંડલીનું શું કામ કરવાનું છે ?' અને હું કહું કે 'બસ ! બપોરે ગોચરી વાપરવાની, પછી ઊંઘી જવાનું, તરસ લાગે ત્યારે પાણી વાપરવાનું, રાત્રે પ્રતિક્રમણ કરવાનું, પછી ઊંઘી જવાનું. બોલો, ફાવશે ને ? ન ફાવે તો કહેજો, બીજાને સોંપી દેશું. કામ કરનારા ઘણા છે.'

+ કોઈ પૂછે 'તમને દીક્ષા લીધાને કેટલા વર્ષ થયા ?' અને હું કહું 'સંસાર છોડ્યાને જેટલા વર્ષ થયા એટલા.'

+ કોઈ પૂછે 'તમે દર્શન કરી આવ્યા ?' હું કહું 'હા'. એ પૂછે કે 'તો બોલો. ભગવાનને માથે મુગટ હતો કે નહિ ? ભગવાનને આંગી ચઢાવેલી હતી કે નહિ ? તમે ધ્યાનથી દર્શન કર્યા છે કે બેધ્યાન બનીને ? એની મારે પરીક્ષા કરવી છે.'

અને હું જવાબ દઉં કે 'હું પ્રભુના મુખ પર જ એટલો બધો એકાગ્ર બની ગયેલો કે માથે મુગટ કે શરીરે ખોખું જોવાની મને ફુરસદ જ ન હતી. વળી હું ભગવાનના દર્શન કરવા જાઉં છું, મુગટના નહિ.'

+ કોઈ પૂછે 'તમે બપોરે આરામ કરો છો ?' અને હું જવાબ દઉં કે 'હું બપોરે કે રાતે ઉંઘતો જ નથી.' 'શું વાત કરો છો ? રાત્રે પણ નહિ.' 'ના. મિથ્યાત્વ એ જ નિદ્રા છે. હું તો સમકિતી છું, સાધુ છું. એટલે હું ક્યારેય મિથ્યાત્વરૂપી નિદ્રામાં પોઢતો નથી. બાકી દ્રવ્ય નિદ્રા તો બપોરે કલાક અને રાત્રે ૭ કલાક હોય છે.'

+ મેં એક સાધુને કહ્યું કે 'તમને ચાર-પાંચ સાધુઓ મળવા આવેલા.' પેલા સાધુએ પૂછ્યું કે 'કોણ હતા ? કયા સમુદાયના ? ક્યાંથી આવેલા ?' મેં કહ્યું કે 'સંસાર સમુદાયના હતા. અમદાવાદથી તમને અહીં મુંબઈ મળવા આવેલા.'

મારો કટાક્ષ એ સમજી ગયા 'એ તો પાંચ ગૃહસ્થો આવેલા. એ જ ને ? તમે જૂઠ કેમ બોલો છો કે સાધુઓ મળવા આવેલા ?'

મેં કહ્યું 'જે સહન કરે તે સાધુ ! બિચારા એ પાંચે ગૃહસ્થો સંસારમાં કેટલું સહન કરે છે. ગઈરાતે ગાડીમાં કેટલું બધું સહન કરતા જ આવ્યા છે. માટે એ સાધુ કહેવાય.'

આવા આવા તો દ્વિ-અર્થી શબ્દો, શબ્દછળ કોણ જાંણે મેં કેટલા બધા કર્યા હશે ? સેંકડો ? હજારો ? કદાચ લાખો તો નહિ હોય ને ?

પણ આ નાનામાં નાનો દોષ પણ મારા સંયમમાં અતિચાર લગાડે છે. મારા આત્માની પવિત્રતામાં નાનું કલંક ઉત્પન્ન કરે છે.

બસ, હવે મારે ગંભીર બનવું છે.

ન ચેનચાળા ! ન દ્વિ-અર્થી શબ્દો ! ન મજાક ! ન મશ્કરી ! ન જોક્સ !

એક સાચા સાધુને શોભે એવી ગંભીર મુખમુદ્રાના ધારક મારે સદા માટે બનવું છે.

મારે નીચેના નિયમો બરાબર પાળવા છે.

(૧) 'કોઈ હસે' એવા વચનો મારે બોલવા નહિ, એવા હાવભાવ મારે દેખાડવા નહિ, એવી એક્ટીંગ મારે કરવી નહિ.

(૨) જોક્સ કહેવા નહિ.

(૩) જ્યાં ઠઠ્ઠાં-મશ્કરી થતી હોય એ સ્થાને મારે જવું નહિ, ત્યાં શરુ થાય તો સ્થાન મારે છોડી દેવું.

(૪) મારે રોજ વિચારવું કે 'સાધુ પોતાના દોષો બદલ, એનાથી બંધાતા કર્મો બદલ, એનાથી ઉત્પન્ન થનારી દુર્ગતિઓ બદલ સતત ચિંતિત હોય, એટલે જ ગંભીર હોય. એના મોઢા પર ખડખડ હાસ્ય કદી ન શોભે. એ તો જગતના જીવોના દુઃખો વિચારીને કરુણાર્ત બનેલો હોય. એની આંખોમાં સ્વદોષોના પશ્ચાત્તાપના આંસુ, જીવોની કરુણાના આંસુ, જિનશાસનરાગના આંસુ ચોક્કસ શોભે, પણ બત્રીશી દેખાડતું હાસ્ય ન શોભે...'

જો આ નિયમો પાળીશ, તો મારી ગંભીરતા-આદેયતા-વચનસિદ્ધિ-યશ વધશે, મારી આંતરિક ગુણસમૃદ્ધિ પણ વધશે.

હું બનું પ્રભુવીરનો સાચો અણગાર !

હું બનું જિનશાસનનો સાચો શણગાર !

હું બનું જીવોનો સાચો તારણહાર !

# ૯. દોષ નં. ૮ – સ્વદોષ બચાવ

(૮) સ્વદોષ-બચાવ : મને મોક્ષની ઈચ્છા નથી એવું તો નથી. ચારિત્ર ગમતું નથી એવું તો નથી. પણ છતાં એવી વિચિત્રતા મારામાં છે કે હું મારા દોષોનો એકરાર જલ્દી કરી શકતો નથી. એ દોષો મારા પકડાઈ ન જાય, એ માટેના પ્રયત્નો કરતો રહું છું. ભૂલથી જો દોષો પકડાઈ જાય તો પછી એમાં મારો બચાવ જેટલો વધુ થઈ શકે એટલો વધુ કરવાનો પ્રયત્ન કરું છું. એ માટે થોડાક જૂઠ, થોડીક માયા પણ સેવી બેસું છું.

હું મારા દોષ છુપાવું છું કે એનો બચાવ કરું છું, એની પાછળના કારણો એ છે કે ક્યાંક મને યશ-કીર્તિ વગેરે ઘટી જવાનો ભય રહે છે, ક્યાંક ગુરુ વગેરેનો ઠપકો મળવાનો ભય રહે છે. ક્યાંક મોટા પ્રાયશ્ચિત્ત મળવાનો ભય રહે છે... અને ક્યાંક તો એવો કોઈ ભય હોય કે ન હોય પણ બસ એક સંસ્કાર જ પડી ગયા છે કે મારી જાત ખરાબ દેખાવી ન જોઈએ.

એકવાર ગુરુજીએ મને કહ્યું કે અહીંથી દોઢ કિ.મી. દૂરના સંઘમાં પજુસણ કરાવવા જવાનું છે. પણ તું અત્યારે ત્યાં જઈ આવ. ચોમાસા પહેલા ક્ષેત્ર જોઈ લેવું સારું અને મુહપત્તીનું પડિલેહણાદિ વિધિ કરીને એમની પાસે યાચના કરવાની કે 'અમે પજુસણમાં આવશું ત્યારે તમારા પાટ-પાટલાદિનો વપરાશ કરશું.'

ગુરુજીના કહેવા પ્રમાણે બધી વિધિ કરીને પાછો તો આવ્યો, પણ પેલી યાચના કરવાની રહી ગયેલી, ગુરુજીએ મને પૂછયું કે 'જઈ આવ્યો ! પાટ-પાટલા વાપરવાની રજા માંગી લીધી ?'

એ વખતે મને ભાન થયું કે 'ના, એ રજા તો મેં માંગી જ ન હતી.' પણ હવે જો હું ના પાડું તો ગુરુજી મને ઠપકો આપશે. કદાચ પાછો મોકલશે. આટલું નાનું કામ હું બરાબર ન કરી શક્યો, એટલે એમનો મારા પરથી વિશ્વાસ ઉઠી જશે... અને એટલે મેં મારો દોષ છુપાવી દીધો કે 'હાજી ! બધું પતાવીને આવ્યો છું.'

દીક્ષા બાદ એકાદ વર્ષને આંતરે મારા સંસારી મિત્રો મને મળવા આવેલા, મને એક વર્ષની વાતો સાંભળવાનો અને કહેવાનો ઉત્સાહ પણ ખૂબ હતો. મૈત્રી હોવાથી અંગત લાગતી પણ ઘણી હતી. પણ દીક્ષાજીવનમાં આ રીતે મિત્રો સાથે લાંબો સમય વાતો કરવી એ ગુરુને કેમ ગમે ? ગચ્છના સાધુઓને પણ કેમ ગમે ?

છતાં હું મારી લાગણીને રોકી ન શક્યો. ઉપાશ્રયમાં કોઈક એકાંતસ્થાને મિત્રો સાથે વાતો કરવા બેઠો. ગુરુજીના પડિલેહણમાં પણ ન ગયો, ગુરુજીની વાચનામાં પણ ન ગયો. મારી ગેરહાજરીની નોંધ થઈ, છેક સાંજે વંદન વખતે મને ગુરુજીએ પૂછયું કે 'કેમ આજે પડિલેહણ-વાચનામાં હાજર ન હતો ?' એ વખતે મેં મારી ભૂલ છુપાવી. જૂઠ બોલ્યો 'જી ! તબિયત થોડીક સારી ન હતી. એટલે...?'

ગુરુજી ચતુર હતા એમણે શાંત છતાં સ્પષ્ટ અવાજે પૂછયું કે 'તારા મિત્રો મળવા આવેલા, તેમને મળ્યો કે ?'

'હાજી !' મેં જવાબ દીધો.

'કેટલા કલાક એમની સાથે બેઠો ?' ગુરુજીએ પૂછ્યું,

હું ખરેખર ત્રણેક કલાક મિત્રો સાથે બેઠેલો. પણ એ કહી દઉં તો મારી છાપ કેવી પડે ? ગુરુજી મને ઠપકો આપે, એટલે જ હું ખચકાતી જીભે બોલ્યો 'અડધો કલાક જેટલું બેઠેલો.'

ગુરુજી મારી વાત સાંભળી માર્મિક રીતે હસ્યા, હું ઝંખવાણો પડી ગયો. 'શું વાતો કરી ?' નવો પ્રશ્ન પૂછ્યો. ફરી મેં અર્ધસત્ય ઉચ્ચાર્યું 'ધર્મની વાતો કરી, મેં ઉપદેશ આપ્યો...'

છેવટે ગુરુજીએ મને કેવી મજાની શિખામણ આપેલી કે 'જો ! દોષ સેવવો એના કરતા સેવાયેલા દોષને છુપાવવો એ વધુ ભયંકર છે. તું ત્રણેક કલાક મિત્રો સાથે બેઠો છે, એ મને ખબર છે. ધર્મ સિવાય પણ ઘણી બધી સંસારની વાતો પણ થઈ છે, એ મને ખબર છે અને અત્યારે તું તારા દોષને છુપાવવાનો પ્રયત્ન કરે છે, એ પણ મને ખબર છે. આવું ન કરવું. આ તો ઠીક છે કે આ ભયંકર દોષ નથી. પણ આ રીતે જો સ્વપાપોને છુપાવવાના, સ્વબચાવ કરવાના સંસ્કાર પડી જશે, તો આવતી કાલે મોટા દોષો પણ સેવાઈ જશે, એ પણ તું છુપાવશે, અને એનો અંજામ શું આવશે એ તને ખબર છે ?'

ગોચરી વહોરવામાં મારો હાથ છૂટો ! મંગાવ્યા કરતા વધારે જ ગોચરી મારા હાથે આવે. ગણવાની કાળજી પણ ન કરું. ઘણીવાર મારા માટે આ ફરિયાદ થયેલી, પણ મારો સ્વભાવ ન સુધર્યો. પણ એકવાર તો માંડલીમાં કુલ આવેલી ગોચરીમાંથી અડધો-અડધ ગોચરી વધી પડી. એમાં મીષ્ટ વગેરે પણ ઘણું જ વધ્યું. ગુરુજી અને વ્યવસ્થાપક અકળાઈ ગયા. જાહેરમાં પ્રશ્ન પૂછ્યો કે 'ગોચરી કોણ લાવે છે ?'

અમે પાંચેક સાધુઓએ આંગળી ઉંચી કરી. 'તમે બધા ગણીને લાવ્યા છો ?' ગુરુજીએ પ્રશ્ન પૂછયો, અને વારાફરતી બધાએ 'હા' પાડી. હું ગણ્યા વિના લાવેલો. છતાં જો સાચી વાત કરું તો... અને મેં જવાબ દીધો 'હા જી ! ગણીને લાવેલો...' પણ મારા સ્વભાવથી પરિચિત એક મહાત્માએ ત્યારે જ ગુરુજીને ફરિયાદ કરી કે 'એ દર વખતે વધારે લાવે છે, એમનો હાથ ભારે છે...'

અને મેં મારો જોરદાર બચાવ કર્યો કે 'ગુરુજી ! ગોચરી વધવાના ત્રણ કારણો છે.

(A) અમે મંગાવ્યા કરતા વધારે લાવીએ,

(B) અથવા વ્યવસ્થાપક નોંધાવેલી કુલ ગોચરી કરતા વધારે મંગાવે કે પછી ગોચરી જ બરાબર ન નોંધે

(C) અથવા ગોચરી વાપરનારા નોંધાવ્યા પ્રમાણે ગોચરી ન લે - ઓછી લે... એટલે આમાં માત્ર લાવનારનો દોષ નથી...'

અંતે ગુરુજીએ વાત ટુંકાવી દીધી.

'કેમ આજે બેસણું કર્યું ? આજે તો ચૌદશ છે. ચૌદશે તો આંબિલ કરવું જોઈએ. એને બદલે બેસણું ? અને એમાં ય આ સવારે જ ચકાર-મીષ્ટ મંગાવ્યા ? આવું કેમ ચાલે ?' હિતેચ્છુઓએ એક ચૌદશે મને ઠપકો આપેલો, પણ બચાવ કરવા હું તૈયાર જ હતો. 'મારું માથું દુઃખે છે અને શરીરમાં અશક્તિ લાગે છે, એટલે ચકાર અને મીષ્ટ મંગાવ્યા છે...'

હું ન કહી શક્યો કે 'સવારની જાહેર નવકારશી જોઈ મન લલચાઈ ગયું, અને એટલે જ મેં બેસણું કર્યુ છે. માથાનો દુઃખાવો - અશક્તિ તો મેં ઉભા કરેલા છે. એ કારણો છે ખરા, પણ એ માટે બેસણું કરવું પડે એવું તો નથી જ.'

કોઈએ મને કહ્યું કે 'સાહેબ ! આપનો અવાજ ધીમો છે, બધાને વ્યાખ્યાનમાં સંભળાતું નથી. આપનું ગળું ખુલ્લું નથી.'

અને મેં તરત બચાવ કર્યો કે 'હું તો ૫૦૦૦ માણસને સંભળાવી શકું એટલો સમર્થ છું. પણ હું સભા પ્રમાણે અવાજ કાઢું છું. મને એમ કે આ નાની સભામાં નાનો અવાજ પહોંચી જશે. પણ જો ન પહોંચતો હોય તો આવતીકાલથી અવાજ મોટો કાઢીશ.'

બીજા દિવસે વ્યાખ્યાન બાદ ફરી એ જ ફરિયાદ આવી, થોડોક જ સુધારો થયેલો

જાણવા મળ્યો. અને મેં નવું બચાવ-શસ્ત્ર છોડ્યું 'આ હોલ ઘણો મોટો અને ઉંચો છે, એટલે શબ્દો ફેલાઈ જાય છે, માટે અવાજ નથી પહોંચતો. હોલ નાનો-નીચો હોય તો વાંધો ન આવે.'

ત્રીજા દિવસે નાના-નીચા હોલમાં વ્યાખ્યાન ગોઠવ્યું, પણ ફરી પાછી એ જ ફરિયાદ ! માત્ર થોડીક મંદ ફરિયાદ ! બચાવ માટે ત્રીજું શસ્ત્ર મેં કાઢ્યું કે 'આ હોલની નજીકમાં જ રસ્તા ઉપર વાહનોની-લોકોની અવરજવર છે, એટલે પાછળ બેઠેલાઓને અવાજ નથી સંભળાતો...'

ચોથા દિવસે વહેલું વ્યાખ્યાન ગોઠવ્યું, જેથી વાહનોનો અવાજ ન નડે. પણ નવકારશી પૂર્વે ગોઠવાયેલા એ વ્યાખ્યાનમાં પણ છેલ્લે અવાજ સ્પષ્ટ ન સંભળાતો હોવાની ફરિયાદ ઉભી જ રહી. અને મારો બચાવપક્ષ પણ ઉભો જ રહ્યો કે 'ભાઈ ! આ તો આટલો અવાજ પણ પહોંચ્યો, એ આશ્ચર્ય છે. બાકી નવકારશી વાપર્યા વિના તો મારાથી બોલી જ નથી શકાતું. આ તો ભગવાનનો પ્રભાવ અને તમારા બધાનો પુણ્યોદય...' એટલે વગર વાપર્યે આટલું બોલી શક્યો...'

ખરી હકીકત એટલી જ છે કે મારો અવાજ ખરેખર ધીમો છે. હું ગમે એટલુ મોટેથી બોલું તો પણ ૬૦૦-૭૦૦ માણસથી વધારે માણસો સુધી મારો અવાજ નથી પહોંચતો. પણ આ સાવ સીધો સાદો મારો શારીરિક દોષ સ્વીકારી લેવાને બદલે મેં બહાનાઓ જ કાઢ્યા. વળી આ કંઈ મારું પાપ ન હતું, છતાં આ મારો સ્વભાવ જ છે કે 'હું ખોટો પડું-નીચો દેખાઉં - ભૂલ કરનારો દેખાઉં... એ મારાથી સહન ન થાય. (આમ જોવા જઈએ તો આ અહંકારનો જ એક અંશ છે...)

ગુરુજીએ મને પૂછ્યું કે 'આજે ગાથા કાચી કેમ છે ? રોજ તો એકદમ પાકી હોય છે...' અને મેં બચાવ કર્યો કે 'ગુરુજી ! આ આજુબાજુ બધા બોલબોલ કરે છે, એના કારણે ગાથામાં ભૂલ પડે છે. શાંતિ હોય તો ભૂલ ન પડે...'

પણ મારી ભૂલ મેં ન કબુલી કે 'હા ! આજે ગાથા ગોખવા મોડો બેઠેલો. એટલે ઓછો સમય મળવાથી મેં ઉતાવળે - ઉતાવળે ગાથા ગોખી છે, અને એટલે જ બરાબર પાકી નથી કરી...'

માંડલીમાંથી ફરિયાદ આવી કે 'પાણી બરાબર ઠરતું નથી. કોણ પાણી લાવે છે ? વેઠ ઉતારવામાં આવે એ ન ચાલે.' અને એ ફરિયાદને આધારે વ્યવસ્થાપકે પાણી લાવનાર મને ટકોર કરી કે 'આવું કેમ ચાલે ?'

તરત મેં બચાવ કર્યો કે 'પવન ઓછો હોય છે, એટલે પાણી ઠરતું નથી. વળી પરાતો પણ ઓછી છે. એટલે પાણી ઠરતું નથી. એમાં હું શું કરું ?'

પણ ખરેખર તો કામ પતાવવા માટે હું જલ્દી જલ્દી પાણી ગળી લેતો હતો, લાંબો સમય ઠરવા દેતો ન હતો. એક-બે ઘડા જો અલ્પ ગરમ પાણીના મળ્યા હોય, તો 'ઘડામાં પડ્યું પડ્યું આ પાણી ઠરી જશે.' એમ વિચારીને ઘડામાં જ મૂકી રાખતો. પણ એ ઠારતો-ગાળતો નહિ... આ બધા મારા દોષો મેં પ્રગટ ન કર્યા અને ઓછો પવન-ઓછી પરાતો અને છેલ્લે ઘડા રીઢા થઈ ગયા હોવાનું બહાનું આગળ કરી મારી જાતને શુદ્ધ દેખાડવા પ્રયત્ન કર્યો.

'બહાર એક કિ.મી. પર સ્થંડિલ જવાની જગ્યા મળે જ છે, તો તમે કેમ વાડામાં જાઓ છો. એમાં તો દોષ લાગે.' એક વડીલે મને કહ્યું અને મેં બચાવ કર્યો કે 'હું વાડામાં નથી જતો, પ્યાલામાં જઈ બહાર પરઠવી આવું છું.' તરત વડીલે કહ્યું કે 'ભલે તમે પ્યાલો પરઠવી દેતા હશો, પણ જ્યારે સીધી જ જગ્યા મળતી હોય, ત્યારે પ્યાલાનો ઉપયોગ શા માટે કરવો ? આ તો સુખશીલતા છે. નજીકમાં ગમે ત્યાં પરઠવી દેવાય, દૂર જવું ન પડે એ માટે આવું કરો એ બિલકુલ બરાબર નથી...'

મારા પર સુખશીલતાનો - પ્રમાદનો - નિષ્ઠુરતાનો આરોપ આવતો હતો, હું શી રીતે મારી ભૂલ સ્વીકારું ?, મારી બુદ્ધિ રૂપી ભાથામાંથી એક નવું બચાવશસ્ત્ર કાઢી મુખ રૂપી ધનુષ્ય પર ચડાવી મેં એ બાણ છોડી મૂક્યું કે 'મને એક કિ.મી. જવામાં કોઈ વાંધો નથી. પણ મને જ્યારે સ્થંડિલની શંકા થાય છે ત્યારે ઉતાવળ થઈ જાય છે. હું એક કિ.મી. પહોંચી જ ન શકું. વળી મને એ જગ્યામાં બરાબર ફાવતું નથી. 'ભૂલથી પણ કોઈ આવી ચડશે તો ?' એવા ભયના કારણે મારી પેટશુદ્ધિ બરાબર નથી થતી. માટે જ હું પ્યાલાનો ઉપયોગ કરું છું.'

હું વહેલી સવારે મારું પડિલેહણ કરીને વડીલોના વસ્ત્રોનું પડિલેહણ કરવા નીચે ઉતર્યો, પણ વડીલોએ મને ટોક્યો કે 'હજી તો અંધારુ છે, આટલું વહેલું પડિલેહણ કેમ કરો છો ? થોડોક પ્રકાશ થવા દો. પછી કરજો...' ત્યારે હું અંધારામાં પડિલેહણ કરનારો અસંયમી સાબિત થઈ રહ્યો હતો, એટલે મેં બચાવ કર્યો કે 'અમારે ઉપરના માળે તો બહારની ગેલેરીમાં પ્રકાશ વહેલો થઈ જાય છે, એટલે જ મેં પડિલેહણ કરી લીધું. આ નીચેના હોલમાં પ્રકાશ મોડો થાય છે... બાકી મેં મારું પડિલેહણ તો પ્રકાશમાં જ કર્યું છે.'

'કેમ મહાત્મન ! વરસાદના છાંટા તો ચાલુ હતા, છતાં તમે દેરાસરે કેમ ગયા ?' દેરાસરથી પાછા ફરેલા મને વડીલોએ સૂચના કરી, અને મેં તરત બચાવ કરી જ લીધો કે 'ના, ના ! છાંટા આવતા ન હતા. મને તો સંપૂર્ણ વરસાદ બંધ લાગ્યો એટલે જ દર્શન કરવા ગયેલો...'

હકીકત સ્પષ્ટ હતી કે જીવદયાના મારા પરિણામ નબળા ! એટલે જ રોજની આવશ્યક વિધિઓ ધડાધડ પતાવી દેવાની મને કુટેવ છે. એમાં જીવહિંસા થાય તો પણ મને સદ્બુદ્ધિ જાગતી નથી. પછી જ્યારે કોઈ ઠપકો આપે, ત્યારે બીજી-ત્રીજી વાતો લાવીને નિર્દોષ છુટવાનો પ્રયત્ન કરું.

એકવાર મેં હોંશમાં ને હોંશમાં અટ્ઠમનું પચ્ચક્ખાણ લઈ લીધું. પણ પહેલા જ દિવસે સાંજે તો એવો અશક્ત થઈ ગયો કે બેસી રહેવાના પણ મારામાં હોંશ ન રહ્યા. મારી આ હાલત જોઈને કેટલાક સાધુઓએ તરત મને પૃચ્છા કરી કે "ઉપવાસ સારો નથી થયો લાગતો, તમારું શરીર નબળું છે. તો શા માટે ખોટા ઉછાળા મારો છો..."

હું નબળો છું અને હું ખોટે ખોટો ચડી જનારો છું, એવું મારા સ્વભાવમાં રહેલું દુષણ હું સ્વીકારવા તૈયાર ન હતો. મેં બચાવ કરી જ દીધો કે 'આમ તો મારું શરીર સારું છે. અઠ્ઠાઈ કરું ને, તો પણ મને વાંધો ન આવે. પણ ગઈકાલે અત્તરવારણું બરાબર ન થયું. એમાં વળી રાત્રે બે-ત્રણ વાર સ્થંડિલ જવું પડ્યું, એટલે આજે અશક્તિ વધારે લાગે છે. બાકી તો મારું શરીર જોરદાર છે. હું કોઈના ચડાવવાથી ચડી જાઉં એવો નથી.'

એકવાર મેં સ્વામીવાત્સલ્યની મનભાવતી મીઠાઈઓ આસક્તિથી પ્રેરાઈને વધારે વાપરી, એનું ફળ મને મળ્યું જ. ઝાડા થવા લાગ્યા, અજીર્ણ થઈ ગયું. સહવર્તીઓએ તરત કહ્યું કે 'તમે ગઈકાલે મીષ્ટ વધારે વાપર્યું ને, એટલે આ હાલત થઈ. પ્રમાણસર વાપર્યું હોત તો વાંધો ન આવત.'

પણ આ શબ્દો દ્વારા તો હું 'ખાઉધરો-આસક્ત' સાબિત થાઉં ને ? એ મારાથી કેમ સહન થાય ? વળી ભવિષ્યમાં મને ફરી આ રીતે મીષ્ટ વાપરવા ન મળે. આ બધા મને અટકાવે... એટલે મેં મારી ભૂલો ઢાંકવા માટે કાળો કપડો ઓઢી લીધો કે 'મીષ્ટ તો આના કરતા દોઢું વાપરું ને, તો પણ મને પચી જાય છે. પણ ગઈકાલે પૂરીઓ કાચી હતી, મોગરદાળ પણ એકદમ કાચી હતી. વળી માંડલીમાં બંને વસ્તુ વધેલી, એટલે મંગાવ્યા ઉપરાંત ખપાવવા પણ લેવી પડી. ખપાવવાની ના કેમ પડાય ?

નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય

જો પહેલેથી ખબર હોત કે આ બંને વસ્તુ વધવાની છે. તો હું મીષ્ટ લેત જ નહિ. મારે કંઈ મીષ્ટ લેવું જ પડે એવી આસક્તિ નથી. પણ ખરેખર તો આ કાચી પૂરી અને કાચી દાળ પચી નહિ, એના કારણે આ ઝાડા થઈ ગયા છે.'

એકવાર એક વિદ્વાન આચાર્ય મને મળ્યા. 'કેટલો દીક્ષાપર્યાય થયો ?' એમણે મને પૂછ્યું. 'પંદર વર્ષ' મેં જવાબ દીધો. 'કેટલું ભણ્યા ? અત્યારે શું વાંચો છો ?' એમણે પ્રશ્ન કર્યો અને મારો સંતાપ વધી ગયો. મેં સાચી વાત જણાવી કે 'બે બુક હમણા જ પૂરી થઈ. ગૌતમપૃચ્છા વાંચું છું.'

એ આચાર્ય આઘાત પામ્યા 'બસ ? માત્ર બે બુક જ થઈ છે ? પંદર વર્ષના પર્યાયમાં આટલો જ અભ્યાસ ? જવા દો એ વાત ! ચાર પ્રકરણ-કર્મગ્રન્થ વગેરે થઈ ગયા ? કુલ કેટલી ગાથા મોઢે આવડે છે ?' તેઓશ્રીએ મને પૂછ્યું. મેં ઉદાસ ચહેરે અને નમેલા મસ્તકે ધીમા સ્વરે જવાબ દીધો કે 'જીવવિચાર-નવતત્ત્વ થયું છે, બીજું બધું બાકી છે. દસવૈકાલિકના ચાર અધ્યયન પાકા છે. પાંચમું ગોખેલું પણ કાચું છે... એ સિવાય વૈરાગ્યશતકાદિ ગોખેલું છે ખરું, પણ હાલ ઉપસ્થિત નથી.'

આચાર્યશ્રીએ લાગણીસભર ભાષામાં મને ટકોર કરી કે 'મહાત્મન ! આ તો બહું ખોટું કહેવાય. તમારો ક્ષયોપશમ તીવ્ર ભલે ન હોય, પણ મંદ પણ નથી. તમારા જેવા ક્ષયોપશમવાળા મારા શિષ્યો તો પાંચ-સાત વર્ષમાં કેટલો બધો અભ્યાસ કરી ચૂક્યા છે. કમ્મપયડિ સુધીનો બધો અભ્યાસ તેઓને થઈ ગયો છે. બે બુક-ન્યાય-આગમો-પ્રકરણો... તમે એમને પૂછશો તો ખબર પડશે કે તેઓ શું ભણ્યા છે ? મને તો ભારે આશ્ચર્ય થાય છે, તમારો આ અનભ્યાસ સાંભળીને !'

દીક્ષા બાદ પ્રમાદ-ભક્તો-ભોજન-નિંદ્રા... આ બધામાં સમય વેડફી નાંખશો તો પરભવ તો બગડશે જ, પણ આ ભવ પણ બગડવાનો જ...'

એ આચાર્ય મને પ્રમાદી - વાતોડીયો - ઉંઘણશી માની રહ્યા હતા, એ બધા મારા દુષણો ઢાંકવા હું કેવું ઘોર પાપ કરી બેઠો. મેં મારા અપરાધો સ્વીકારવાને બદલે મારા પરમતારક ગુરુ ઉપર જ ખોટા આરોપો કરી દીધા...

'આચાર્યશ્રી ! મારે આપને આ વાત કરવાની જ હતી. હું આપની સલાહ જ લેવા આવ્યો છું. હકીકત એ છે કે અમારા ગ્રુપમાં સ્વાધ્યાયની કોઈ વ્યવસ્થા જ નથી. અમારા ગુરુજીએ દીક્ષા બાદ મને ભણાવવા માટે કોઈ વિશેષ પ્રયત્નો નથી કર્યા. બસ, દર વર્ષે મારે બીજા સાથે ચોમાસુ જવું પડે, મારી કોઈ કાળજી લેતું નથી, મારા

આત્મ સંપ્રેક્ષણ

સ્વાધ્યાય માટે કોઈ ધ્યાન રાખતું નથી. મારે આમથી તેમ રખડ્યા કરવું પડે છે. હવે આપ જ કહો કે મારે શું કરવું ? ગુરુ અને ગુરુભાઈઓ જ જો મારી સરિયામ ઉપેક્ષા કરે, તો હું શી રીતે ભણી શકું ?'

એ વખતે તો મેં મારા ગુરુજી પર જ બધો દોષ ઢોળી દીધો. પણ આજે મારી જાત નિહાળતા મને લાગે છે કે એ માત્ર મારો બચાવ હતો. કારણ કે શરુઆતના વર્ષોમાં ગુરુજીએ મને અભ્યાસ માટે વારંવાર પ્રેરણા કરેલી જ, ખુદ એ પોતે મને પાઠ આપતાં હતા. પણ મેં જ ભણવામાં ઓછો રસ દાખવ્યો. હું આડા-અવળા પુસ્તકો વાંચતો, સાધુઓ સાથે વાતો કરવા બેસી જતો, બપોરે અને રાત્રે વહેલો ઉંઘી જતો... છેલ્લે થાકીને મારા ગુરુજીએ મારા માટે સ્વાધ્યાયની અપેક્ષા ત્યાગી દીધી. સ્વાભાવિક છે કે હું ભણતો ન હોઉં, તો સંઘાટક તરીકે મને મોકલે, એ રીતે શાસનના કાર્યો સાચવે એમાં એમનો શું દોષ ?

મારા કરતા નાના સાધુઓ પણ આજે મારા કરતા દસ-વીસ ગણું ભણી ચૂક્યા છે. જો મારા ગ્રુપમાં અભ્યાસની વ્યવસ્થા જ ન હોત, તો તેઓ શી રીતે ભણત ? વળી મને ગાથાઓ ગોખતા કોણ રોકી શકતું હતું ? જો મેં રોજની એક ગાથા ગોખી હોત, તો પણ આજે ૫૦૦૦ જેટલી ગાથાઓ મને કંઠસ્થ હોત... પણ મને તો ૫૦૦ ગાથા પણ કંઠસ્થ નથી.

મારો વિકથા-નિંદ્રા-પ્રમાદ-વાતોચીતો-હસાહસી-બહિર્મુખતાદિનો સ્વભાવ ઢાંકી દેવા માટે મેં ગુર્વાદિ પૂજ્યોને હલકા ચીતરવાનું કેવું ઘોર પાપ બાંધ્યું ?

તમે કાજો બરાબર કાઢજો. ગોચરી માંડલીમાં ગઈકાલે દાણા રહી ગયેલા, કીડીઓ થઈ ગયેલી...' વ્યવસ્થાપકે મને ફરિયાદ કરી અને તરત મેં કહ્યું કે 'હું તો બરાબર કાજો કાઢું છું. પણ સાધુઓ ગોચરી વાપર્યા બાદ પોતાનું આસન જોરથી ખંખેરે છે, એટલે આસન પરના દાણા દૂર સુધી ઉડે છે. હું તો વાપરવાની જગ્યાએ કાજો કાઢું છું. એટલે દૂર પડેલા દાણા રહી જાય છે...'

ખરેખર તો મારો દોષ સ્પષ્ટ હતો કે જો મને ખબર જ હતી કે આ રીતે દાણા દૂર સુધી ઉડે છે, તો મારે થોડોક દૂર સુધી કાજો લેવો જ જોઈએ ને ? અથવા તો સાધુઓને આસન ધીમેથી ખંખેરવા કહેવું જોઈએ ને ? પણ એ કર્યું નહિ અને છતાં મારી ભૂલ ન હોવાનો બચાવ ચાલુ રાખ્યો.

એકવાર લુણા માટે ફરિયાદ આવી કે 'તમે માંડલીમાં લુણું લાવતા નથી, બીજાનું

વાપરો છો, એ ન ચાલે.' અને તરત મેં કહ્યું 'મારું લુણું કોઈને કોઈ લઈ જાય છે, પછી હું શું કરું ?'

૧૫ વર્ષના મારા ઈતિહાસમાં જો આવા નાના-મોટા પ્રસંગો યાદ કરું તો મને લાગે છે કે હજારો પ્રસંગો મારા જીવનમાં બન્યા હશે. પણ એ દરેક પ્રસંગમાં 'મારી ભૂલ થઈ ગઈ. આપે મને ચેતવ્યો, એ સારું કર્યું. મારામાં પ્રમાદ-આળસ-ઉપેક્ષા-નિષ્ઠુરતા છે... આપનો ખૂબ ઉપકાર...' એ શબ્દો ખરા હૃદયથી રડતી આંખે મારે બોલવા જરૂરી હતા, મારી ભૂલ હતી જ, જે મારે સ્વીકારવાની હતી. પણ દર વખતે મેં મારી બુદ્ધિનો ઉપયોગ કરી ગમે તે રીતે મારો બચાવ કર્યો, મારો દોષ નબળો કે નહિવત્ સાબિત કરવા પ્રયત્ન કર્યો.

એ વાત સાચી કે એ દરેક પ્રસંગમાં હું ૧૦૦% ગુન્હેગાર ન હતો. પણ એ વાત પણ એટલી જ સાચી કે એકેય પ્રસંગમાં હું ૧૦૦% નિર્દોષ પણ ન હતો. ક્યાંક ૧૦%, ક્યારેક ૨૫%, ક્યારેક ૮૦% પણ મારી ભૂલ તો હતી જ. પણ એટલી ભૂલની ક્ષમા માંગવાનો, સુધારો કરવાનો વિચાર મને ન આવ્યો.

આના નુકસાનો મારે જ ભોગવવા પડ્યા છે.

→ જો દોષો સ્વીકાર્યા હોત, ખરા મનથી ક્ષમા માંગી હોત, સુધરવાના પ્રયત્નો કર્યા હોત તો શરુઆતમાં જ એ ભૂલો દૂર થઈ જાત. મારો સ્વભાવ સોના જેવો બની જાત. પણ બચાવો જ કરતો રહ્યો એટલે એ ભૂલોના સંસ્કારો વધતા જ ગયા, ગાઢ બનતા ગયા... અને જેમ જૂનો રોગ સાત ધાતુમાં પ્રસરી ગયા બાદ પ્રાયઃ મોત સુધી પણ દેહ ન ત્યાગે, એમ હવે આ ભૂલો-સંસ્કારો આખી જીંદગી મારામાં ઘર કરી જશે.

→ ભલે સાધુઓ મારી સામે વધુ દલીલ ન કરે, પણ હું જો એમ માનતો હોઉં કે 'મેં મારો કરેલો બચાવ એમને સાચો લાગ્યો છે.' તો એ મારી મુર્ખતા છે. મુનિઓ ચતુર છે, બધું સમજી જ જાય છે. તેઓ મને ખોટો સાબિત કરી શકે છે, પણ તેઓ ખાનદાન છે, બીજાને દુઃખી કરવા નથી ચાહતા, એટલે જ તેઓ મૌન રહે છે.

પણ આ રીતે મારી છાપ કેટલી ખરાબ પડે ! ભવિષ્યમાં કોઈ મારી સાથે રહેવા તૈયાર ન થાય. મારા માટે એક અપયશ ચારેબાજુ ફેલાય કે 'આ સાધુ ભારે જીદ્દી છે. કદી પોતાની ભૂલ સ્વીકારશે નહિ. તમે એને એકાદ ભૂલ પણ દેખાડશો તો સામે એ દસ દલીલો કરીને જ રહેશે.'

→ રોગી જો ડોક્ટર આગળ પણ પોતાના રોગો પ્રગટ ન કરે. ડોક્ટર સામેથી

રોગ દર્શાવે, છતાં 'ના, ના ! મને તો આ રોગ છે જ નહિ.' એમ જીદ પકડે તો બહુ જ સ્પષ્ટ વાત છે કે પરોપકારી ડોક્ટર પણ એ દર્દીની ઉપેક્ષા કરશે. આ રીતે એ રોગની દવા નહિ થવાથી રોગ વકરશે, છેવટે મોત આવશે.

એમ હું ગુરુ પાસે પણ મારી ભૂલો ન સ્વીકારું, એ મને સામેથી ભૂલો દર્શાવે છતાં હું જીદ પકડી રાખું કે 'મારી ભૂલ છે જ નહિ' તો મારા પરમોપકારી ગુરુ પણ મારી ઉપેક્ષા કરશે. અને મારા એ દોષો વકરશે, છેવટે મને છટ્ઠીના ધાવણ યાદ કરાવનારી દુર્ગતિઓ બક્ષી દેશે.

ઉપદેશમાલામાં કેટલી બધી મસ્ત વાત કરી છે કે **पडिवज्जिऊण दोसे...!** મૃગાવતીએ પોતાના અપરાધનો સ્વીકાર કર્યો. બચાવ કરવા માટે ઘણા તર્કો હોવા છતાં ગુરુણી સામે બચાવ ન કર્યો, પગે પડીને ભૂલની ક્ષમા માંગી, તો એ જ વખતે મૃગાવતીને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

મોક્ષપ્રાપ્તિ માટેનો આ કેટલો સુંદર-સરળ ઉપાય ! **સ્વદોષોનો હૃદયથી સ્વીકાર !**

આખાં વિશ્વમાં આના જેવા સર્વોત્તમ શબ્દો કદાચ એકે ય નહિ હોય કે 'હા ! મારી ભૂલ થઈ ગઈ.. મારો દોષ છે, મેં ખોટું કર્યું... હું માફી-ક્ષમા માંગું છું.'

મારે હવે આવા બનવું છે. દરેક પ્રસંગમાં મારો જે ૧%, ૨%.... ૮૦% જેટલો દોષ હોય. એ મારે સ્વીકારવો જ છે. મારી નિર્દોષતાના ૯૯%, ૯૮%... ૨૦% ને મારે આગળ નથી કરવા, કેમકે એ બચાવ કરવાનો સ્વભાવ મારા ૧-૨-૮૦% દોષ બાબતમાં પણ બચાવ કરતો કરી દે, એવી સંભાવના પાકી છે.

ભગવંત ! ભાવના તો છે મૃગાવતી બનવાની ! પણ મારો જીવડો છે પાછો વાંકો ! એ કંઈ મારી ભાવનાને સીધેસીધી પાર ઉતરવા નહિ દે, એટલે તારે મારા સહાયક બનવું પડશે, તો જ આ મહાયુદ્ધમાં હું વિજય મેળવી શકીશ.

સહાય કરશો ને ? મારા માલિક !

# ૧૦. દોષ નં. ૯ – અપેક્ષા

<u>(૯) અપેક્ષા :</u> મેં દીક્ષા શેના માટે લીધી છે ? એનો જવાબ મન તો આપે છે કે 'મોક્ષ માટે !' હું સવાર-સાંજ પ્રતિક્રમણ શેના માટે કરું છું ? મોક્ષ માટે ! હું ખૂબ ભણું છું શા માટે ? મોક્ષ માંટે ! હું ગુરુજીની ખૂબ વૈયાવચ્ચ-ભક્તિ કરું છું શા માટે ? મોક્ષ માટે !

સંયમજીવનના સેંકડો-હજારો યોગો હું આરાધું છું, શા માટે ? એનો જવાબ મને મન તરફથી એક જ મળે છે કે 'મોક્ષ માટે !'

પણ આ મહાકપટી-લુચ્ચા-બદમાશ મારા મન ઉપર મને હવે ભરોસો નથી. એ મન મારું હોવા છતાં મારું નથી. મારા શત્રુઓનું જાસુસીકામ આ મન કરે છે. મને બધી ખબર છે, છતાં હું એને મારી શકતો નથી, એને ભગાડી શકતો નથી... ખેર ! તોય એક વાત તો નક્કી છે કે મને મન પર વિશ્વાસ નથી, લગીરે વિશ્વાસ નથી.

મન મને કહે છે કે 'હું નિઃસ્પૃહ છું, નિરપેક્ષ છું, નિરાશંસ છું... મને કોઈ પાસે કશી જ અપેક્ષા નથી. મને માત્ર ને માત્ર મારી આત્મવિશુદ્ધિનો જ ખપ છે. એ સિવાય કશાયનો નહિ.' પણ મારે આ વાત માનતા પહેલા મારી જાતે આ બધી જ તપાસ કરવી છે કે 'શું હું ખરેખર એવો છું ખરો ? કે જેવો મારું મન મને કહે છે ?'

એકવાર એક વડીલ મુનિના મુમુક્ષુઓ આગળ મેં એ જ વડીલના દોષો ગાયા. એનાથી ગભરાઈ ગયેલા મુમુક્ષુઓ ઘરે જતા રહ્યા. વડીલમુનિને મારા પર અસદ્ભાવ થયો અને એ તો સ્વાભાવિક જ છે.

બીજી બાંજુ પાછળથી મને પશ્ચાત્તાપ થયો, 'મેં વડીલની નિંદા કરીને ઘોર પાપ બાંધ્યું છે, પેલા મુમુક્ષુઓના ભાવોને મેં હણી નાંખ્યા, અરેરે ! કેટલું ઘોર ચારિત્રમોહ બાંધ્યુ મેં ! કમસેકમ એની ક્ષમાપના તો માંગુ...' એમ વિચારી જાપ કરવા બેઠેલા વડીલ પાસે જઈ પગમાં માથું મૂકી મેં ક્ષમા માંગી, મારો અપરાધ સ્વીકારી લીધો. એ વખતે મને એમ લાગ્યું કે 'મારો આત્મા મોક્ષૈકલક્ષી છે, માટે જ તો ભૂલ થતાની સાથે બેશરમ બનીને માફી માંગવા માટે મારો આત્મા તૈયાર થઈ ગયો.

પણ વડીલે મને ક્ષમા ન આપી, ઉલ્ટું મને ઠપકો આપ્યો કે, 'તમારી ક્ષમાનો કોઈ અર્થ નથી, તમે અનેકવાર આવા પાપો કરી ચૂક્યા છો અને હજી કરો છો. શું કિંમત આવા નાટકની !'

અને મારો ક્રોધ ભભૂકી ઉઠ્યો. ત્યાં તો કંઈ ન બોલ્યો, પણ બીજા સાધુ પાસે જઈ વળી વડીલની નિંદા કરી કે 'એ કેટલા ભારેકર્મી છે ! હું માફી માંગુ છું, તો ક્ષમા આપવાને બદલે મારા પર ગુસ્સો કરે છે. શું કરવાના આવા વડીલોને...'

આજે આ પ્રસંગ યાદ કરું છું તો એમ લાગે છે કે ક્ષમા માંગવા પાછળ મારી ઉંડે ઉંડે કોઈક અપેક્ષા હતી 'વડીલ મને ક્ષમા આપે, મારી નિખાલસતા માટે બે સારા શબ્દો બોલે, 'એ જ અપેક્ષા હતી ને ? એટલે જ જ્યારે એ અપેક્ષા પૂરી ન થઈ કે તરત જ ક્રોધ જાગી જ ગયો.

જો મને માત્ર આત્મશુદ્ધિની જ ઝંખના હોત તો એ તો ક્ષમા માંગવાથી મને મળી જ ગઈ હતી. વડીલ મને ક્ષમા આપે કે ન આપે એનાથી મારી શુદ્ધિને કોઈ ફરક પડતો નથી જ. અગ્નિશર્માએ ગુણસેનને અને કોણિકે શ્રેણિકને ક્ષમા નથી આપી, તો પણ ગુણસેનાદિની શુદ્ધિ અટકી નથી. એટલે આત્મશુદ્ધિની મારી અપેક્ષા તો પૂરી થઈ જ ગઈ હતી, છતાં મને ગુસ્સો આવ્યો, એનો સ્પષ્ટ અર્થ આ જ ને ? કે મારા મનમાં વડીલ પાસેથી ક્ષમાદાનની બે મીઠા શબ્દોની અપેક્ષા હતી.

ગુરુજી એક ગ્લાનસાધુની સેવા કરવાનું મને સોંપી ગયા, એક મહિના સુધી મેં જોરદાર સેવા કરી. હું એમ જ માનતો હતો કે 'મેં સેવા કરવામાં કશી કમી રાખી નથી.'

મહિના બાદ ગુરુજી આવ્યા. ગ્લાનસાધુને મળ્યા બાદ મને બોલાવીને ટકોર કરી કે 'જો, ગ્લાનની સેવા કરવાની હોય, ત્યારે સ્વાધ્યાય-શ્રાવકપરિચય-વ્યાખ્યાનાદિ બધું ગૌણ કરવું પડે. ગ્લાન સાધુએ મારી આગળ ફરિયાદ કરી છે કે ઘણી બધી બાબતોમાં એ તારી ઉપેક્ષાથી હેરાન થયા છે...'

હું તો ચોંક્યો. આ શબ્દો મારે સાંભળવા પડશે એ તો મેં સ્વપ્નમાં પણ વિચારેલું નહિ. મેં ગુરુજીને રોકડું કહી દીધું કે 'આ એક મહિનો મેં તન તોડીને સેવા કરી છે. કોઈ કમી રાખી નથી. એનો આજે મને આ બદલો મળે છે ? મારી કદર કરવાની વાત તો દૂર રહી, એને બદલે મારી હલકાઈ ચીતરવામાં આવે છે ? મેં શું શું કર્યું છે એ આપ સાંભળો...' કહીને મેં મારી વૈયાવચ્ચનું વર્ણન કર્યું. ગુરુજીએ પેલા ગ્લાનસાધુને બોલાવ્યા અને ગુરુજીની સામે જ મેં એમના પર બધો ઉભરો ઠાલવી દીધો. 'મહાત્મન ! તમે આવા કૃતઘ્ની બનશો એવું મેં ધાર્યું ન હતું. મેં તમારા પર કેટલો ઉપકાર કર્યો, તમે બદલા રૂપે મને અપયશ-નિંદા જ આપી ? કબુલ છે કે મારી

ભૂલો થઈ હશે, પણ તમને એ ભૂલો જ દેખાણી ? મેં કરેલી સેવા માટે એકાદ વાક્ય પણ સારું બોલવાનું તમને ન સૂઝ્યું ?'

મેં ગ્લાનસાધુને તો ચૂપ કરી દીધા, પણ આજે એ પ્રસંગનો ભાવાર્થ વિચારું તો એમ લાગે છે કે 'એ વૈયાવચ્ચ કરવા પાછળ ઉંડે ઉંડે પણ મને એવી અપેક્ષા હતી કે 'ગ્લાનસાધુ મારી પ્રશંસા કરશે, મારો ઉપકાર માનશે, ગુરુ આગળ મારા માટે બે સારા શબ્દો બોલશે. એનાથી મને 'વૈયાવચ્ચી' તરીકેનો યશ મળશે...' અને એટલે જ તો જ્યારે મારી અપેક્ષા ઉંધી થતી દેખાઈ-અનુભવાઈ, ત્યારે મારો આક્રોશ આસમાનને આંબવા લાગ્યો ને ?

બાકી એ વાત તો સ્પષ્ટ જ હતી કે મેં જેટલી વૈયાવચ્ચ કરી છે, એનું નિર્જરારૂપી ફળ તો મને ત્યારે ને ત્યારે મળી જ ગયું છે. જિનશાસનમાં તો રોકડીયો વેપાર જ ચાલે છે. જ્યારે ધર્મ કરો, ત્યારે જ પુણ્યકર્મ + નિર્જરા નામનું ધન મળી જાય, ભલે પછી એનો ઉપયોગ પરભવોમાં થાય. એટલે મને જો માત્ર નિર્જરા જ જોઈતી હોત, તો એ મળી જ ગયેલી. પછી ગ્લાનસાધુ મારી નિંદા કરે કે ન કરે, મને યશ આપે કે અપયશ આપે, મારો ઉપકાર માને કે ન માને... એનાથી શું ફરક પડવાનો ? પણ મને તો એનાથી જ મોટો ફરક લાગ્યો, એનો અર્થ એ જ કે મને વૈયાવચ્ચ પાછળ ઉંડે ઉંડે બીજી બધી અપેક્ષાઓ પણ હતી તો ખરી જ.

મારી ૯૫મી ઓળીનું પારણું થયું અને પારણાના દિવસો ચાલતા હતા. પણ માંડલીમાં મીષ્ટાદિ વિશેષવસ્તુઓ અલ્પપ્રમાણમાં આવતી હતી. ગુર્વાદિને માટે અને ગ્લાન સાધુઓ માટે એ વસ્તુઓ વપરાઈ જતી, મારા ભાગે અલ્પ મીષ્ટ આવતું... ત્યારે મને કેવા વિચારો આવેલા ?

→ ગુરુજીને મારી કંઈ પડી જ નથી, મારે ૯૫મી ઓળીના પારણા ચાલે છે. તો પણ ગુરુને એમ નથી થતું કે 'લાવ, આ તપસ્વીને વપરાવું.' એના બદલે પોતે સારી વસ્તુઓ વાપરે, પણ એકેય વાર એ એમ નથી બોલ્યા કે 'આ તપસ્વીને વપરાવો, પારણા ચાલે છે...'

ગુરુને મારા તપની કોઈ કિંમત જ નથી. ક્યારેય મારા તપ માટે બે મીઠા શબ્દો બોલ્યા છે ખરા ? ઉલ્ટું પારણાના દિવસે પણ કેવા કડવા શબ્દો ઉચ્ચારેલા કે 'જો જે. પારણામાં ભાન ભૂલતો નહિ, વિવેક રાખજે. ઘણા તપસ્વીઓ પારણામાં દાટ વાળી નાંખે છે.'

શું ગુરુની ફરજ નથી કે શિષ્યના તપની અનુમોદના કરવી, એને બદલે હિતશિક્ષા આપવાના બહાને મારું અવમૂલ્યન જ કર્યું ને ? શું હું ખાઉધરો છું ? કે મને આવી શિખામણ આપવી પડે. ←

'મારા પારણા ન સચવાયા, મને સારી વસ્તુઓ વપરાવવામાં ન આવી, પારણામાં કોઈએ મારી કાળજી લીધી નહિ, મારી ૯૫મી ઓળીની કોઈએ પોતાની મન નોટમાં નોંધ ન કરી...' એ બધું મને કેટલું બધું આઘાત પમાડી ગયેલું. ગુરુ પ્રત્યે-સહવર્તીઓ પ્રત્યે કેટલા બધા ખોટા વિચારો જન્માવી ગયેલું, માટે જ તો બીજા ગ્રુપના સાધુઓ આગળ હું કેવી નિંદા કરી બેઠેલો કે 'અમારા ગ્રુપમાં ભાઈચારો બિલકુલ નથી. ગુરુ અને સહવર્તીઓ બધા સ્વાર્થી છે. કોઈને કોઈની પડી જ નથી.'

શું મેં પારણામાં સારી વસ્તુઓ વાપરવા તપ કરેલો ? 'બધા મને વપરાવવાનો આગ્રહ કરે.' એવું સન્માન મેળવવા કરેલો ? જાહેરમાં ગુરુ મારા માટે ઉચ્ચતમ શબ્દો બોલે એ માટે કરેલો ? ગુરુ મને અનાસક્ત તરીકેનો મુકુટ પહેરાવે એ માટે કરેલો ? હા ! હા ! માટે જ તો આ બધી અપેક્ષા નંદવાતા, હું નંદવાઈ ગયો ને ? બાકી મારો તપ મને નિર્જરા-કામવિકારશમનાદિ અનેક લાભો તો કરાવી જ ચૂક્યો હતો.

ખરેખર નિઃસ્પૃહતાના સોહામણા મહોરા નીચે છુપાયેલો અપેક્ષાઓના ઝુંડથી ખરડાયેલો બિભત્સ ચહેરો કેટલો બધો ભયાવહ છે ! પારણા વખતના ગુરુના એ હિતશિક્ષાના શબ્દો મારે તો અમૃત માનવાના હતા, પારણાના દૂધમાં સાકર સમાન માનવાના હતા, પણ મને એ શબ્દો લીમડાના રસ જેવા લાગ્યા. 'પારણામાં મારી વિશેષ કાળજી ન થઈ.' એ તો મારે અનાસક્તિની અપૂર્વ સાધવાનો અવસર માનવાનો હતો, પણ મને એ મારી ઘોર ઉપેક્ષા, ઘોર અપમાન સમાન અવસર લાગ્યો.

કઈ રીતે હું મારા મનની વાત માની શકું કે 'હું નિઃસ્પૃહ છું.'

મારા પરિચયમાં આવેલા એક યુવાનને મેં ખૂબ ભણાવ્યો, ઘણી હિતશિક્ષાઓ આપી, મહાનાસ્તિક એને પ્રતિક્રમણ-એકાસણા-પૌષધાદિ અનેકાનેક ધર્મોમાં એકદમ દઢ બનાવી દીધો. ધીરે ધીરે એને દીક્ષાના ભાવ થયા, એ મુમુક્ષુ તરીકે પણ મારી પાસે રહ્યો, મેં એને સંયમજીવનની તમામ પ્રકારની તાલિમ આપી. પાંચ મહાવ્રતોનું સૂક્ષ્મ સ્વરૂપ સમજાવ્યું. પૌષધમાં લાંબો સમય રાખી અષ્ટપ્રવચનમાતાનું જીવન જીવતો કરી દીધો. દસ શ્રમણધર્મો અને દસ સામાચારીના ય પાઠો શીખવાડ્યા. મન મૂકીને, સમય અને શ્રમને ગણકાર્યા વિના હું મુમુક્ષુ ઉપર ઉપકારવર્ષા કરતો જ રહ્યો. ત્યાં

સુધી મને કદી મારા આત્મામાં ડોકીયું કરવાનો વિચાર પણ ન આવ્યો.

પણ, એક દિવસ ગુરુએ મને બોલાવ્યો, કહ્યું કે 'પેલો મુમુક્ષુ આજે મને મળી ગયો, દીક્ષા લેવા તૈયાર થઈ ગયો છે. ઘરે માતા-પિતાએ પણ હા પાડી દીધી છે. તેં એને તૈયાર કર્યો છે, એટલે એ તારો ઉપકાર ખૂબ માને છે. પણ એ ગુરુ તરીકે બીજા જ સાધુનું નામ સૂચવે છે. એ તારો શિષ્ય થવા માંગતો નથી. બોલ ! શું કરવું ? બળજબરી કરીને તારો શિષ્ય કરું એમાં મજા નહિ. તું હા પાડે તો એને એની ઈચ્છા પ્રમાણે ગુરુ બનાવી આપું...'

મને લાગ્યું કે મારા પગ નીચેથી ધરતી સરકી રહી છે... મારા હૈયાના ટુકડે ટુકડા થઈ રહ્યા છે, મારા મસ્તકના ચૂરેચૂરા થઈ રહ્યા છે... તદ્દન અણધાર્યો - અકલ્પ્યો આ પ્રસંગ મને હચમચાવી ગયો. 'આપને જેમ યોગ્ય લાગે તેમ કરો, મારી સંમતિ છે' એમ બોલીને મારા સ્થાને જતો રહ્યો, પણ મનમાં કેવું ધમાસાણ યુદ્ધ ચાલ્યું.

→ 'એને મારામાં શું ખામી દેખાઈ ? કે એ મને ગુરુ બનાવવા તૈયાર નથી. મેં એને કદી ખખડાવ્યો નથી, ભોગ આપવામાં બાકી રાખ્યું નથી. એના આત્મામાં સંયમરાગથી માંડીને અનેક ગુણો ઉગાડનારો માળી હું છું. એ ફૂલ કેમ આ માળીને તિરસ્કારે છે ? ←

મને લાગે છે કે કોઈએ મારા વિરુદ્ધ એને ભરમાવ્યો હશે. મારા સહવર્તીઓએ એને મારા દોષો દેખાડ્યા હશે. હા ! એ બધામાં મારા ગુરુ પણ સામેલ હોય તો નવાઈ નહિ. કેમકે એ મુમુક્ષુ જેનો શિષ્ય થવાનું કહે છે, એ સાધુ ગુરુનો લાડલો છે. હું ગુરુને એટલો બધો વહાલો નથી. ગુરુ પોતાના લાડલા માટે આવો પક્ષપાત કરે, મુમુક્ષુને મારા વિરુદ્ધ ચડાવે એવું પણ બન્યું હોય. એવું જ બન્યું હશે. બાકી એ વિના મારી તરફ ઢળી ગયેલો મુમુક્ષુ આમ અચાનક નિર્ણય કેમ બદલે ?

મને ગુરુ તરફ, એ સાધુ તરફ ભારે અસદ્ભાવ થયો. એકવાર તો ગચ્છ છોડી દેવાનું મન થઈ ગયું. પણ જાઉં ક્યાં ? કોણ મારી સાથે આવે ?

મેં એ મુમુક્ષુને મારી પાસે બોલાવ્યો 'તને મારામાં શું ખામી દેખાઈ ? કેમ તેં મને ગુરુ તરીકે સ્વીકારવાનો ઈન્કાર કર્યો ? તને કોઈએ ચડાવ્યો તો નથી ને ? સાચું બોલ. શું કહ્યું ગુરુએ તને ?' મારા શબ્દોમાં થોડોક આવેશ - ભરપૂર વેદના - દુઃખિયારા તરીકેની પ્રતીતિ કરાવતી લાગણી ભળી ગઈ હતી.

મુમુક્ષુએ મને કહ્યું 'મને કોઈએ ચડાવ્યો નથી. પણ આટલા વખત હું રહ્યો,

એમાં મને આપના કરતા પણ એ મહાત્મા વધુ સારા લાગ્યા. આપનામાં મને કોઈ ખામી નથી દેખાઈ, પણ એ મહાત્મામાં મને વધુ ઉંચાઈ દેખાઈ છે. આપ મારા ઉપકારી છો અને રહેવાના છો. ભવિષ્યમાં એ ઉપકાર હું સદા યાદ રાખીશ. પરંતુ...'

એ રાત્રે હું રડેલો, આંખોમાંથી વહેતી અશ્રુધારાએ હિમાલયમાંથી વહેતો ગંગાપ્રવાહ યાદ કરાવી દીધો. સૂર્યની ગરમીથી બરફ પીગળે, અને પાણી બનીને પર્વત પરથી નીચે ઉતરવા લાગે, એમ સંતાપ-આઘાતની ગરમીથી મારું હૈયું પીગળી રહ્યું હતું, એના ફળ રૂપે આંસુઓ વહી રહ્યા હતા.

અંતે મેં મુમુક્ષુ ગુમાવ્યો, મારી નજર સામે એ બીજાનો શિષ્ય થઈ ગયો.

પણ આજે પણ મને યાદ છે કે મુમુક્ષુએ જે દિવસથી બીજા સાધુને ગુરુ તરીકે નક્કી કર્યા, એ દિવસથી મેં એની કાળજી કરવાનું છોડી દીધું, એને હિતશિક્ષા આપવાનું, એનામાં ગુણો ઉગાડવાનું કામ તરછોડી દીધું. એની સાથે વાત કરવાનું પણ લગભગ છોડી દીધું.

શું આ બધું મેં યોગ્ય કરેલું ? અત્યાર સુધી એને ભણાવ્યો - તાલીમ આપી એની પાછળ, શું ઉંડે ઉંડે એ અપેક્ષા હતી જ ને કે 'એ મારો શિષ્ય થાય...' અને માટે જ જ્યારે એ અપેક્ષા ભાંગી, ત્યારે હું પણ ભાંગી પડ્યો ને ? જો મેં માત્ર પરોપકાર કરવા માટે જ અને એના દ્વારા આત્મ-કલ્યાણ માટે જ તાલીમ આપી હોત, તો એ મુમુક્ષુ ભલેને ગમે તેનો શિષ્ય થાય, મને શું ફરક પડે ? એક આત્માને જ્ઞાન-સંયમ આપવા દ્વારા મેં એના ઉપર ઉપકાર કર્યો છે, એ રીતે મેં મારા આત્મા પર પણ ઉપકાર કર્યો છે. બસ, જો આત્મવિશુદ્ધિની જ લાલસા મને હોત, તો એ મારી પૂરી થઈ જ ગઈ હતી.

પણ જ્યાં સુધી 'એ મુમુક્ષુ મારો શિષ્ય થવાનો છે' એવી ધારણા હતી ત્યાં સુધી એના ઉપર ઉપકારોની હેલી વરસાવી. અને જેવી ખબર પડી કે 'એ મારો શિષ્ય થવાનો નથી' ત્યારથી હું બારવર્ષીય દુષ્કાળના આકાશ જેવો બની ગયો, જેમાંથી ઉપકારોની હેલી તો શું ? પણ ઉપકારનું એક ટીપું પણ એ મુમુક્ષુ પર ન વરસે.

એકદમ સ્પષ્ટ વાત છે કે હું તે વખતે લાલચુ હતો, સસ્પૃહ હતો, અપેક્ષાવાન હતો. બિચારા એ મુમુક્ષુનો શું વાંક ! એને પોતાના ગુરુ નક્કી કરવાનો હક છે. એને માટે આખી જીંદગીનો પ્રશ્ન છે. પોતાની જીંદગી માટેનો નિર્ણય એ લઈ જ શકે છે. મારી શેહ-શરમમાં આવીને એ પોતાની જીંદગી હોડમાં મૂકે એ તો યોગ્ય નથી જ. શાસ્ત્રોએ ગુરુ માટે બાર વર્ષ ૭૦૦ યોજન સુધી તપાસ કરવાનું ફરમાન કર્યું છે...

તો એણે પણ મારી પરીક્ષા કરી, હું બરાબર ન લાગ્યો, તો એણે બીજા ગુરુને સ્વીકાર્યા... એમાં એનો અપરાધ શું ? કોઈ જ નહિ.

રે ! કદાચ ગુરુ વગેરેએ એને મારી વિરુદ્ધમાં વાતો કરી હોય તોય શું ? મારું પુણ્ય ઓછું હોય તો જ ગુર્વાદિને મારા માટે ઉંધુ બોલવાના વિચાર આવે ને ? એમાં એમનો કોઈ જ દોષ નથી. પણ આ બધા પરથી એટલું તારણ તો નીકળે જ છે કે મનની વાત ધરાર ખોટી છે કે 'હું નિઃસ્પૃહ છું - નિરપેક્ષ છું - આત્મૈકલક્ષી છું - મોક્ષૈકલક્ષી છું.' આ બધા જ એ મારા મનના ટાઢા પહોરના ગપ્પા છે.

આવી તો અપેક્ષાઓ ઉંડે ઉંડે મારામાં કેટલી બધી ધરબાયેલી પડી હશે.

અપેક્ષા હતી કે 'ગુરુ મને વ્યાખ્યાનકાર બનાવે, મને સ્વતંત્ર ચોમાસું આપે, મને સારું મોટું ક્ષેત્ર આપે, સાથે સારા સંઘાટક સાધુ આપે...' આ અપેક્ષા હતી, માટે જ જ્યારે શરુઆતના વર્ષોમાં બીજાને વ્યાખ્યાન કરાવતા, મને વ્યાખ્યાન કરવા ન દેતા એ મને ન ગમેલું ને ? માટે જ મને સ્વતંત્ર ચોમાસું આપવાને બદલે પોતાની સાથે રાખતા એ ન ગમેલું ને ? માટે જ જ્યારે સ્વતંત્ર ચોમાસું આપ્યું ત્યારે પણ બીજાઓને મોટા ક્ષેત્રો આપ્યા અને મને નાનું ક્ષેત્ર આપ્યું એ ન ગમેલું ને ? માટે જ બીજાઓને યુવાન-સક્ષમ-સારાસ્વભાવવાળા ઘણા સંઘાટકો આપ્યા, પણ મને ઘરડા-ગ્લાન-સાચવવા પડે તેવા એક-બે સંઘાટક જ આપ્યા એ મને ન ગમેલું ને ?

અપેક્ષા હતી કે 'મારા વ્યાખ્યાનમાં ગૃહસ્થો સમયસર આવવા જોઈએ.' માટે જ એમને મોડા આવતા જોઈને મેં જાહેરમાં ખખડાવી નાંખેલા ને ? બીજા દિવસેથી મોડા વ્યાખ્યાનમાં ન આવવાનો આદેશ ગુસ્સા સાથે કરી દીધેલો ને ?

અપેક્ષા હતી કે 'મારા વ્યાખ્યાનમાં હોલ ભરાઈ જવો જોઈએ' માટે જ જ્યારે ૨૫% હોલ પણ માંડ ભરાયો, ત્યારે વ્યાખ્યાનમાં મેં સંઘ પર બળાપો કાઢેલો ને કે 'તમારા સંઘમાં કોઈને ધર્મનો રસ જ નથી. આવા ક્ષેત્રમાં તો એક દિવસ પણ ન રહેવાય...'

અપેક્ષા હતી કે 'નાના સાધુઓ મારું પ્રતિલેખનાદિ કરવા રોજ આવે', માટે જ તો જ્યારે તેઓ પ્રતિલેખનાદિ માટે આવતા ન હતા. મારે બધું કરવું પડતું હતું એ વખતે મેં એ નાનાઓ માટે અપશબ્દો વાપરેલાને કે 'આ બધા ઉદ્ધત છે - અવિનયી છે. વડીલોની આમન્યા સાચવતા નથી. એ બધા ગમે એટલું ભણે કે સંયમ પાળે, પણ એ બધું વિનય-વૈયાવચ્ચ વિના નકામું છે.'

અપેક્ષા હતી કે મારા માતા-પિતા-ભાઈ-બહેન-મિત્રો વગેરે મને વર્ષમાં બેવાર

તો મળવા આવે જ. એટલે જ જ્યારે તેઓ દોઢ-બે વર્ષે પણ મળવા ન આવ્યા, ત્યારે પત્ર લખ્યા વિના, એમાં ન મળવા આપવાનો ઠપકો આપ્યા વિના અને જલ્દી મળવાનો આદેશ આપ્યા વિના હું રહી ન શક્યો. ખુદ મારા જન્મશહેરમાં હું પહોંચ્યો, છતાં ઘણા બધા મિત્રો મને દિવસો સુધી મળવા ન આવ્યા, એ હું સહી ન શક્યો અને માટે જ જ્યારે પંદર-વીસ દિવસે મળવા આવ્યા ત્યારે 'પધારો, પધારો મોંઘેરા મહેમાન !' એમ કટાક્ષભાષા વાપર્યા વિના હું રહી ન શક્યો.

અપેક્ષા હતી કે ગુરુજીને મારા પર એટલો બધો વિશ્વાસ હોય કે એ બધી ખાનગી વાત પણ મને કરે... માટે જ તો જ્યારે ગુરુજીએ મને અમુક મીટીંગોમાં આવવાની ના પાડી, હું ભૂલથી પહોંચી ગયો તો મને બહાર મોકલી દીધો... એ વખતે મને ગુરુજી પર અસદ્ભાવ થયેલો. 'હવે તો ગુરુજી કોઈપણ કામ માટે મને કહે - પૂછે તો પણ મારે કરવું નથી, જવાબ આપવો નથી.' એવો રીસામણાનો સ્વભાવ મને જાગી ગયેલો.

અપેક્ષા હતી કે આ સંઘમાં સુખી-શ્રીમંત-ભક્તિવાળા ઘરો હોવાથી ગોચરીમાં અનુકૂળ વસ્તુઓ મળશે જ... માટે જ તો જ્યારે ૮-૧૦ ઘરે ફરવા છતાં સાદી ગોચરી જ મળી, ત્યારે ખેદ ઉત્પન્ન થયેલો, ઉપાશ્રયે આવીને બોલેલો કે 'અહીં કશા ભક્તિભાવ નથી, આ ક્ષેત્ર સાવ લુખ્ખું છે. બધા શ્રીમંત ખરા, પણ બહારથી જ. અંદરથી બધા ભિખારી છે...'

અપેક્ષા હતી કે 'ગામેગામ મારું સામૈયુ નીકળે, એમાં ય ચાતુર્માસપ્રવેશ વખતે અભૂતપૂર્વ સામૈયું નીકળે.' માટે જ તો જે જે ગામોમાં સામૈયું ન થયું, શ્રાવકો લેવા ન આવ્યા, તે તે ગામોમાં વ્યાખ્યાન વખતે શ્રાવકોને કટુવચનો સંભળાવી દીધા. ચાતુર્માસપ્રવેશ વખતે વિશિષ્ટ બેંડ આવેલું ન હોવાથી હું રિસાઈ ગયો હતો.

અપેક્ષા હતી કે 'સંઘમાં શ્રીમંતશ્રાવકો મેં શરુ કરાવેલા મોટા તપમાં ઉદારતાથી ભાગ લેશે. તપસ્વીઓને મોટી પ્રભાવનાઓ થશે...' માટે જ તો જ્યારે ઘણી પ્રેરણા કરવા છતાં પણ મારા ધાર્યા પ્રમાણેનું ફંડ ન થયું, ત્યારે ચાલુ વ્યાખ્યાને વ્યક્તિગત રીતે એક એક શ્રાવકને ચોક્કસ રકમ લખાવવા માટેની પ્રેરણા કરેલી, કેટલાકોએ મારી શરમના કારણે એ રકમ લખાવી, તો કેટલાકોએ જાહેરમાં મારા વચનને ઉત્થાપ્યું, એ વખતે એ પૈસા નહિ લખાવનારાઓ 'કંજુસ-જડ-ભોગી' વગેરે રૂપે મને લાગેલા.

અપેક્ષા હતી કે 'હું એક કલાક ગોચરી ફરીને લાવ્યો છું. તો મારા માટે તો બધી ગોચરી કાઢી જ રાખશે. મને અનુકૂળ વસ્તુઓ આપશે...' માટે જ તો જ્યારે કપડા

સુકવીને માંડલીમાં આવ્યો અને જોયું કે 'બધાને ગોચરી વહેંચાઈ ગયેલી, મારા માટે થોડીક ગોચરી કાઢેલી, બાકીની મારે વધઘટમાં મંગાવવાની હતી, અને એમાં ય અનુકૂળ વસ્તુ તો કાઢી જ ન હતી.' ત્યારે મનમાં ગુસ્સો આવી ગયેલો. બધા સ્વાર્થી લાગેલા. 'મારે કશું મંગાવવાનું નથી' એમ રીસ ચડાવીને કહી દીધેલું. જયારે બધાએ કહ્યું કે 'મંગાવી લો ને ? ગોચરી તો ઓછી છે' ત્યારે મનનો આવેશ શબ્દમાં વ્યક્ત કરી જ દીધો કે 'એક તો એક કલાક ગોચરી માટે ફરવાનું, અને એ પછી પણ પાછા વધઘટની રાહ જોતા બેસી રહેવાનું ! આ કંઈ વ્યવસ્થા છે !'

જો શાંત વિચારે વિચારું છું તો એમ લાગે છે કે હું જે કંઈપણ ધર્મ કરું છું, એમાં મોક્ષની - કર્મક્ષયની ઈચ્છા તો હશે કે કેમ ? એ ભગવાન જાણે. પણ આવી બીજી જાત જાતની ઈચ્છાઓ - અપેક્ષાઓ તો ઉંડે ઉંડે - ન દેખાય - ન પરખાય એ રીતે ધરબાયેલી જ પડી છે. આ તો આજે આત્મસંપ્રેક્ષણ રૂપી મશીનથી આત્માના પેટાણમાં દૃષ્ટિ કરું છું, ત્યારે બધું સમજાય છે.

હું દુઃખી છું, મને આવેશ આવે છે, મને બીજાઓ પ્રત્યે તિરસ્કાર પ્રગટે છે... આ બધાની પાછળ મુખ્ય કારણ એક જ છે. 'હું અપેક્ષાવાળો છું, કોઈ ને કોઈ સ્પૃહાવાળો છું.'

પ્રતિક્રમણ-સ્વાધ્યાયાદિ પવિત્રતમ અનુષ્ઠાનોના સર્વોત્તમં ફળો અનુભવાતા નથી, એની પાછળ કદાચ આ કારણ પણ હોઈ શકે કે એ બધા જ અનુષ્ઠાનો કોઈને કોઈ મલિન અપેક્ષાઓથી મેલા થયેલા છે, માટે જ નબળા પડેલા છે. ભલે હું બહાર મોટા અવાજે બોલતો હોઉં કે 'મારે મોક્ષ સિવાય કશાની અપેક્ષા નથી. હું જે કંઈપણ ધર્મ કરું છું, માત્ર ને માત્ર મોક્ષ માટે જ કરું છું...' પણ મારામાં જાત જાતની કેટલી બધી અપેક્ષાઓ પડી છે, એ તો મારો આત્મા જ જાણે છે. ખોટો જસ ખાટવાનો ખરેખર કોઈ જ અર્થ નથી.

મહોપાધ્યાયજીએ નિઃસ્પૃહતાષ્ટકમાં કેટલી સુંદર મઝાની વાતો કરી છે. એ અષ્ટકથી પણ જો હું મારા આત્માને ભાવિત કરું ને, તો મારું કલ્યાણ થઈ જાય.

**स्वभावलाभात्किमपि प्राप्तव्यं नावशिष्यते ।**

**इत्यात्मैश्वर्यसंपन्नो निःस्पृहो जायते मुनिः ॥**

'આત્મશુદ્ધિ સિવાય મારે કશું જ મેળવવાનું બાકી નથી.' આવી આત્મસમૃદ્ધિવાળો મુનિ નિઃસ્પૃહ બની જાય છે.

આત્મસંપ્રેક્ષણ

**संयोजितकरैः के के प्रार्थ्यन्ते न स्पृहावहैः ।**

**अमात्रज्ञानमात्रस्य निःस्पृहस्य तृणं जगत् ॥**

બિચારા જાત જાતની અપેક્ષા રાખનારાઓ તો દીન બનીને હાથ જોડી જોડીને કેટલાયની પાસે ભીખ માંગનારા બની જાય છે.

ધન્યવાદ છે એ જ્ઞાની મહાત્માઓને ! કે જેઓ સાચી સમજણને આત્મામાં ઉતારીને નિઃસ્પૃહ બન્યા છે. એમને તો કોઈ આખું વિશ્વ ભેટમાં આપે ને ! તો ય તેઓ એને ઘાસના તણખલાથી વિશેષ કશું જ માનતા નથી.

**छिन्दन्ति ज्ञानदात्रेण स्पृहां विषलतां बुधाः ।**

**मुखशोषं च मूर्छां च दैन्यं यच्छति यत्फलम् ॥**

કોઈપણ પ્રકારની અપેક્ષા એ ઝેરી વેલડી છે. જે સ્પૃહાવાળો બને, તે પોતાની અપેક્ષા પૂરી કરવા માટે સેંકડો લોકો પાસે ભીખ માંગી માંગીને મોઢું સુકવી દેશે. પોતાની અપેક્ષા પ્રમાણે કંઈક મળતું દેખાશે, તો એમાં ગાઢ આસક્ત બની જશે, બિચારાના મોઢા પર ભીખ માંગતી વખતે દીનતાના સ્પષ્ટ દર્શન થશે.

જ્ઞાની પુરુષો જ્ઞાનરૂપી, દાંતરડાથી જ આ વિષવેલને કાપી નાંખે છે.

**निष्काशनीया विदुषा स्पृहा चितगृहाद् बहिः ।**

**अनात्मरतिचाण्डाली-सङ्गमङ्गीकरोति या ॥**

સજ્જન-કુળવાન પુરુષો પોતાની પત્ની જો કોઈ નીચ કુળની સ્ત્રી સાથે વધુ પરિચય કરે તો ગુસ્સે થઈને, પરવા કર્યા વિના પત્નીને ઘરમાંથી કાઢી મૂકે.

આ સ્પૃહા નામની આત્માની પત્ની પણ કુસંગે ચડે છે. એ કાયમ માટે અનાત્મરતિ નામની ચાંડાલીનો સંપર્ક કરે છે. અર્થાત્ જેને સ્પૃહા હોય એને આત્મામાં નહિ, પણ પરપદાર્થોમાં જ રતિ હોય છે, ... આવી કુસંગકારિણી સ્પૃહા પત્નીને તો આત્માર્થીએ મનરૂપી ઘરમાંથી બહાર કાઢી મૂકવી જોઈએ.

**स्पृहावन्तो विलोक्यन्ते लघवस्तृणतूलवत् ।**

**महाश्चर्यं तथाप्येते मज्जन्ति भववारिधौ ॥**

આ એક મોટું આશ્ચર્ય છે કે સ્પૃહાવાળા જીવો આમ તો ઘાસ અને રૂની જેમ એકદમ લઘુ દેખાય છે. છતાં તેઓ સંસાર સમુદ્રમાં ડુબે છે.

**गौरवं पौरवन्द्यत्वात्प्रतिष्ठत्वं प्रतिष्ठया ।**

**ख्यातिं जातिगुणात्स्वस्य प्रादुष्कुर्यान्न निःस्पृहः ॥**

'નગરના હજારો લોકો મને વંદન કરે છે, મારા ભક્ત છે... માટે હું મહાન છું.' આવો તો વિચાર નિઃસ્પૃહ આત્માને સ્વપ્નમાં પણ ન પ્રગટે.

'ચારે બાજુ મારા પ્રતિષ્ઠા-યશ-કીર્તિ ફેલાયેલ છે, હું એક પ્રતિષ્ઠિત માણસ છું.' આવો વિચાર નિઃસ્પૃહને સ્વપ્નમાં પણ ન પ્રગટે.

'મારી જાતિ ઉંચી ! હું મહાન !' એવી પોતાની પ્રસિદ્ધ કરવાની ધૃષ્ઠતા ને મૂર્ખતા નિઃસ્પૃહ ન કરે.

**भू शय्या भैक्षमशनं जीर्णं वासो वनं गृहम् ।**

**तथाऽपि निःस्पृहस्याहो चक्रिणोऽप्यधिकं सुखम् ॥**

નિઃસ્પૃહ મહાત્માઓ પાસે ઉંઘવા માટે પથારી નથી, છે માત્ર ધરતી ! ખાવા માટે રસોડા નથી, છે માત્ર ઘેર ઘેર ફરીને - ભિક્ષા રૂપે લાવેલું લૂખું-સૂકું અન્ન ! પહેરવા માટે નવા નકોર - રંગબેરંગી વસ્ત્રો નથી ! છે માત્ર જૂના - ફાટવાની તૈયારીવાળા - મેલા - શ્વેત વસ્ત્રો ! રહેવા માટે બંગલો ફલેટ નથી, છે માત્ર જંગલ ! જંગલના ઝાડોની નીચેની ધરતી !

છતાં આશ્ચર્ય છે કે તેઓ ચક્રવર્તી કરતા પણ સુખી છે.

**परस्पृहा महादुःखं निःस्पृहत्वं महासुखम् ।**

**एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥**

દુઃખની સાવ ટુંકી - ટચ - સીધી-સાદી - સ્પષ્ટ વ્યાખ્યા એટલી જ છે કે પરસ્પૃહા એ જ દુઃખ !

સુખની સાવ ટુંકી - ટચ - સીધી-સાદી - સ્પષ્ટ વ્યાખ્યા એટલી જ છે કે નિઃસ્પૃહત્વ એજ સુખ !

બસ

મારે હવે માત્ર નિઃસ્પૃહ દેખાવું નથી. નિઃસ્પૃહ બનવું છે. તમામ અનુષ્ઠાનોમાંથી સ્પૃહા રૂપી કાંટાને ખેંચી કાઢવો છે. જ્યાં સુધી અનુષ્ઠાનો રૂપી પગમાં સ્પૃહારૂપી કાંટો ખૂંચેલો રહેશે, ત્યાં સુધી મોક્ષ માર્ગે જીવે લંગડાતા પગે, ધીમે ધીમે ચાલવું પડશે.

પણ જેવો એ કાંટો અનુષ્ઠાન રૂપી પગમાંથી ખેંચાઈ ગયો કે જીવ તરત એ અનુષ્ઠાન રૂપી પગના સહારે મોક્ષમાર્ગમાં માત્ર ચાલશે નહિ, દોડશે ય ખરો.

નિઃસ્પૃહતા કેળવવાની આ સાધનામાં પ્રભો ! તમે ઉત્તરસાધક બનજો હોં !

## ૧૧. દોષ નં. ૧૦ – જીદ



<u>(૧૦) જીદ :</u> કોઈ ગમે એટલું સમજાવે તો પણ જે વસ્તુ પકડાઈ ગઈ છે, એ કોઈપણ હિસાબે ન છોડવી, એનું નામ જીદ ! ગુરુ જેવા ગુરુ પણ મારી સામે મેદાનમાં ઉતરે તો પણ હું મારા મનના વિચારોને વાળું નહિ, મારું પણ નહિ. કદાચ ગુરુના બળ સામે મનના વિચારોને તત્કાળ મારી નાંખુ તો ય એને સાચા માર્ગે તો વાળું જ નહિ, એનું નામ જીદ !

આ દોષ મારામાં છે ખરો ?

સંસારીપણામાં તો મારા બા-બાપુજી મારા માટે ઘણીવાર એવું બોલતા સાંભળેલા કે 'આ છોકરો ભારે જીદ્દી છે. એ કોઈનું માને નહિ. કોઈને ગાંઠે નહિ, એના મનમાં એને જે ગમે તે જ કરે. કોણ જાણે એનું ભવિષ્ય શું હશે ?'

મને દીક્ષાના ભાવ થયા, ગુરુની સંમતિ મળ્યા બાદ મેં ઘરે ધમાલ શરુ કરી. ઘરેથી બધા હા તો પાડતા જ હતા, પણ ચાર મહિના મોડું કરવા માંગતા હતા. હું જીદે ચડ્યો.

"મારે કોઈપણ હિસાબે મહાસુદ પૂનમના દિવસે દીક્ષા લેવી જ છે. ગુરુજીએ મુહૂર્ત કાઢી આપ્યું છે." હું એક દિવસ પણ વિલંબ નહિ કરું. મારી જીદ સામે સ્વજનો ઝૂક્યા. પણ એ વખતે મારી આ જીદ લોકોમાં અને ખાસ કરીને સાધુઓમાં વૈરાગ્યના નામથી વખણાઈ. બધા મને કહેતા કે 'તારો વૈરાગ્ય જબરો છે, એક દિવસ પણ વિલંબ ન થવા દેવા માટે તેં ભારે જહેમત ઉઠાવી...'

ખરેખર શું મને વિરતિનો અગાધ પ્રેમ જાગી ગયેલો અને એટલે એક દિવસ પણ વિલંબ કરવો મારા માટે અસહ્ય બનેલો ? કે પછી મારા મનમાં મહાસુદ પુનમના દિવસે દીક્ષા લઈ જ લેવાનો વિચાર મારા સ્વભાવ મુજબ જીદનું સ્વરૂપ ધારણ કરી બેઠેલો કે જેના લીધે જ એ જીદને વશ બનીને મેં સ્વજનો સાથે બાથ ભીડી ? એનો નિર્ણય આજે પણ હું કરી શકતો નથી. દીક્ષાની ઉતાવળ પાછળ મારો વૈરાગ્યગુણ પ્રેરક હતો ? કે મારો જીદ્દી સ્વભાવ પ્રેરક હતો ? એ તો ભગવાન જાણે. પણ એ પછીના પંદર વર્ષોમાં મેં જે અનુભવો મારા જીવનમાં કરેલા છે, એનાથી ચોક્કસ એમ લાગે છે કે હું ખરેખર જીદ્દી છું, હઠી છું, અપ્રજ્ઞાપનીય છું. પ્રશસ્તના નામે ખરેખર તો મેં મારો જીદ્દી સ્વભાવ જ પોષ્યો છે.

ગુરુજીએ મને કહેલું કે 'મારી ઉંમર મોટી થઈ ગઈ છે, તું મારો પ્રશિષ્ય બન, શિષ્ય નહિ. તો તારા જુવાન ગુરુ તને બરાબર સાચવશે.'

પણ ગુરુજીની ઢગલાબંધ સમજણ પછી પણ મેં મારી જીદ ન છોડી 'હું આપને જ મારા ગુરુ બનાવીશ, જે થવું હોય તે થાય.' મારા સદ્ભાગ્યે (!) ગુરુજી સિવાય બધાએ મારી આ જીદને 'ગુરુ-પ્રેમ' તરીકે બિરદાવી.

દીક્ષાના બીજા જ દિવસે મેં ઓળી શરુ કરવાની રજા માંગી. ગુરુએ ના પાડી. 'જોગ થઈ જવા દે, પછી વાત !' પણ દિવસમાં બે-ચાર વાર ગુરુજી પાસે જઈને મેં જુદી જુદી રીતે રજા માંગ્યા જ કરી. છેલ્લે ગુરુજીએ મને અનિચ્છાએ રજા આપી. મારી જીદ સફળ થઈ. પણ અહીં પણ મારી જીદ લોકોમાં તો 'તપનો રાગ' શબ્દથી ભારે પ્રસિદ્ધિ પામી.

ગુરુજીએ મને કહેલું કે 'રાત્રે દસ વાગ્યા બાદ સ્વાધ્યાયાદિ ન કરવા. સંથારો કરી દેવો, શરીરને આરામ આપવો, નહિ તો લાંબુ નહિ ખેંચાય...'

પણ મેં એ વાત અવગણીને મારો સ્વાધ્યાય ચાલુ જ રાખ્યો. એક-બે વાર તો ગુરુજી મને રાત્રે ૧૧ વાગે સ્વાધ્યાય કરતા જોઈ ગયા. મને ઠપકો આપ્યો, 'તું મારી વાત કેમ નથી માનતો ? ગુર્વાજ્ઞા વિનાનો તારો બધો સ્વાધ્યાય નિષ્ફળ જશે. તું સુધર, જીદ્દી ન બન.'

પણ સાંભળે અને આચરે એ બીજા, હું નહિ. મેં જવાબ તો ન આપ્યો, પણ મારી પ્રવૃત્તિ પણ ન છોડી. મને એવું પણ ન લાગ્યું કે 'હું ગુર્વાજ્ઞાભંગ કરું છું.'

મને તો એમ જ લાગ્યું કે 'હું ક્યાં પાપ કરું છું. હું તો સ્વાધ્યાય માટે જ આ કામ કરું છું ને !' અને ખરેખર બધા મારા આ સ્વાધ્યાયને ભરપેટ અનુમોદતા હતા. એટલે જ મારી જીદ ઘટવાને બદલે વધી પડી. મને એ મારો સ્વાધ્યાયરાગ નામનો ગુણ દેખાયો.

દીક્ષાના ચોથા વર્ષે ચોમાસામાં ગુરુજીએ મને કહ્યું કે 'તું આ વખતે પજુસણમાં વ્યાખ્યાન કરવા જઈશ ? મારી ઈચ્છા છે, પુસ્તકો તૈયાર છે...' પણ એ કુંભાર જેવા ગુરુની સામે ગધેડા જેવા મેં દોઢડહાપણ કર્યું. 'ગુરુજી ! મારે બહિર્મુખ નથી બનવું. વ્યાખ્યાન એ બાહ્ય પ્રવૃત્તિ છે. એટલે જ હું એ કરવાનો નથી.' ગુરુજીએ મને બે-ચાર વાર સમજાવ્યો. પણ મેં વાત ન સ્વીકારી. અહીં પણ મારી જીદ સફળ થઈ. છતાં હું તો યશ જ પામ્યો. બધાએ મારી અંતર્મુખતાને વખાણી. ખરેખર તો મારી વાત સાચી

હોય તો ય ગુરુજીને સ્પષ્ટ ના કહેવાનો મને કોઈ અધિકાર નથી. હું ખાનગીમાં એમને વિનંતિ કરી શકત... પણ જીદ્દી સ્વભાવે મારી પાસે ઉદ્ધતાઈ ભરેલું વર્તન કરાવી જ દીધું. વળી મારી સમજણ પણ શાસ્ત્રવિરુદ્ધ ! જો વ્યાખ્યાન એ બહિર્મુખતા જ ગણાય, તો તીર્થંકરોથી માંડીને મારા ગુરુજી સુધીના બધાને બહિર્મુખ માનવા પડે, કેમકે બધા વ્યાખ્યાનકાર છે.

'ગુર્વાજ્ઞા ન માનવી એ બહિર્મુખતા છે.' એ સીધી-સાદી વાત મને ત્યારે ન સમજાણી, પણ 'વ્યાખ્યાન બહિર્મુખતા છે' એ તદ્દન અસત્ય વાત મારા મનમાં ઘર કરી ગઈ.

ગુરુજીની વૈયાવચ્ચ બાબતમાં પણ હું જીદ્દી બન્યો. ગુરુ ના કહે તો પણ એમના બધા કપડા લઈને કાપ કાઢી નાંખતો એ મને ઠપકો પણ આપતા કે 'આ બરાબર નથી. એમ ગમે ત્યારે કાપ ન કઢાય, જ્યારે મને યોગ્ય લાગશે, ત્યારે હું કહીશ.'

પણ એ સાંભળવા મારા કાન કે એ સાંભળીને અટકવા મારા હાથ-પગ તૈયાર જ ક્યાં હતા ? હું ગુરુજીની વાતને હસી કાઢતો. ગુરુજી દુઃખ પામતા, પણ મને તો એમ જ લાગતું કે 'હું વૈયાવચ્ચ કરું છું. ભક્તિ કરું છું. મારો ગુરુપ્રેમ અવ્વલકોટિનો છે. આ રીતે જીદ કરીને ગુરુની રજા વિના પણ ગુરુના વસ્ત્રોનો કાપ કાઢવો એ ભક્તિ જ છે, ગુણ જ છે.'

અને મુગ્ધ લોકો મારી સમજણને પ્રોત્સાહિત કરવા તૈયાર જ હતા.

આમ દીક્ષાજીવનમાં ઘણી બધી વાર મારો જીદ્દી સ્વભાવ તગડો ને તગડો બનતો જ ગયો. મારું દુર્ભાગ્ય એટલું કે એ જીદનો બાહ્ય દેખાવ ખૂબ સરસ - સારો - પ્રશસ્ત હતો, એટલે જ મને મારો આ દોષ કદી પકડાયો નહિ, મુગ્ધ લોકો પણ એ દોષને ગુણ સમજી પ્રશંસી જ રહ્યા એટલે એ દોષ આત્માના પેટાળમાં ખૂબ ખૂબ ખૂબ ઉંડો ઉતરી ગયો.

પણ આ અવિધિ હતી, શાસ્ત્રાજ્ઞાભંગ હતો... અને એનો પરચો મળ્યા વિના રહે ખરો ?

મારી પ્રશસ્ત ગણાતી જીદ ધીમે ધીમે અપ્રશસ્તરૂપે પણ પરિણમવા લાગી.

એકવાર ગુરુજીએ મને કહ્યું કે 'તું આ વખતે ફલાણા સાધુ સાથે ચોમાસું જઈશ ? તને મોકલ્યા વિના ચાલે તેમ નથી...'

મારે એ સાધુ સાથે જવું ન હતું, કેમકે એમાં લાંબો વિહાર કરવો પડે એમ હતો

અને મારા પણ કેટલાક સ્વાર્થ ઘવાતા હતા.

મેં કહ્યું કે 'મને એમની સાથે નહિ ફાવે.' ગુરુજીએ નહિ ફાવવાનું કારણ પૂછ્યું. મેં સ્વભાવદોષ વગેરે જણાવ્યા. ગુરુજીએ એ અંગે પણ બધા સમાધાન આપ્યા. પણ મારે તો કોઈપણ હિસાબે જવું ન હતું, 'એ સાધુ સાથે મારે રહેવું નથી.' એ જીદ મારા મનમાં પાકી થઈ ગઈ હતી. અને ગુરુજીની વાતને મેં ઠુકરાવી દીધી. વડીલોએ પણ મને ઘણો સમજાવ્યો; પણ મને મારો વિચાર જ સાચો લાગ્યો.

પહેલીવાર એવું બન્યું કે મારી આ જીદ વખણાઈ નહિ, પણ વખોડાઈ. બધાએ મને સ્પષ્ટ કહ્યું કે, 'તમે આ બરાબર નથી કરતા,' પણ ચોલમજીઠના રંગ જેવી જીદ હવે આ આત્મારૂપી કાપડ પરથી ઉખડે એ શક્ય ન હતું.

મને ન્યાયના ગ્રન્થો ભણવાની ઈચ્છા થયેલી. પણ ગુરુજીએ અને વડીલોએ એ વખતે મને ના પાડી કે 'અત્યારે પ્રકરણો - આગમો વાંચો, અવસરે ન્યાય કરાવશું. અત્યારે તમારું કામ નહિ.' પણ મારા મનમાં જીદ હતી અને એટલે જ બધાની ઉપરવટ થઈને મેં ન્યાય શરુ કર્યો. મને અઘરો પડ્યો, કાચો થયો, છતાં મેં ગમે તે રીતે કાચો કાચો પણ ન્યાયનો અભ્યાસ કરેલો.

૮૫મી ઓળી વખતે ૩૫ આંબિલ બાબત હું ઝેરી મેલેરિયામાં પટકાયેલો, ગરમ-ગરમ દવાઓની સાથે જો દૂધ ન જાય તો વળી મોટા નુકસાનો થાય એ શક્યતા જાણીને બધાએ મને ઘણો સમજાવ્યો, ગુરુજીએ તો આદેશ પણ કરી દીધો કે 'તારે પારણું કરવાનું છે.' પણ મેં ઓળી ચાલુ રાખેલી. પરિણામે રોગમાં સુધારો જલ્દી ન થયો, હોસ્પીટલમાં ઘણા દિવસો રોકાવું પડેલું, વિરાધનાઓ ખૂબ વધી ગયેલી. આટલી બધી વિરાધનાઓ કરીને પણ ઓળી ચાલુ રાખવાની મારી આ જીદ જોઈને બધાને ખૂબ દુઃખ થયેલું, બધા અંદર અંદર વાતો કરતા હતા કે 'આ ભારે જીદ્દી છે. ભગવાન પણ આને સમજાવી ન શકે...'

મારું અધઃપતન વધવા લાગેલું. હું રોજ સૂર્યાસ્ત બાદ દેરાસર જતો. ગુરુજીએ કહ્યું કે 'આપણે વહેલા દેરાસર જઈ આવવાનું, અને એમાં ય તું સૂર્યાસ્ત બાદ અડધો-અડધો કલાક ભક્તિ કરે, એ સારું ન લાગે. દેરાસરમાં દીવા થઈ જાય, એની ઉજઈની વિરાધના લાગે, તું છેક અંધારું થયા બાદ ઉપાશ્રયમાં પાછો આવે... આ બધું બિલકુલ યોગ્ય નથી.'

પણ મેં જીદ પકડી 'મને દીવાના પ્રકાશમાં જોરદાર ભાવ જાગે છે. આત્માને

અનેરો આનંદ મળે છે. હું આ છોડી શકું એમ નથી.' અને મેં મારી પ્રભુભક્તિ (!) ચાલુ જ રાખેલી.

મને જપ કરવાનો શોખ હતો, એક બેઠકે રોજ બે-અઢિ કલાક જપ કરું. મારા ગુરુજીએ મને ઘણીવાર સમજાવ્યો કે 'તારી ઉંમર નાની છે, તું તો સારામાં સારું ભણી શકે એમ છે. શરુઆતના વર્ષોમાં તો સ્વાધ્યાય અગત્યનો છે. એક બાંધી નવકારવાળી ચોક્કસ ગણવાની, પણ બીજો બધો જપ અત્યારે ન કરાય.'

પણ મેં કહ્યું કે 'મને આમાં અપૂર્વ ભાવો જાગે છે. આવો જપ હું ન છોડી શકું. બીજુ બધું છોડી દઉં, પણ જપ નહિ.'

મારા સ્વભાવને જાણી ચૂકેલા ગુરુજીએ વાત છોડી દીધી. પણ એકવાર ફરી ગુરુજીએ પ્રેરણા કરી કે 'તું જપ કરે એની ના નહિ, પણ એ બે કલાક દરમ્યાન અચાનક કોઈ કામ આવી પડે તો પણ તું ઉભો ન થાય, એ ન ચાલે. ગઈકાલે જ ૧૦ મહેમાન સાધુઓ આવેલા, તું એમને આવકારવા પણ ઉભો ન થયો, વ્યવસ્થાપકે તને કહ્યું કે 'મહેમાનો માટે ગોચરી લાવવાની છે, તમને ફાવશે ?' તો તેં મુંગા મુંગા જ ના પાડી દીધી કે 'મારે જપ ચાલુ છે, બે કલાક હું ઉભો થતો નથી' જો, આ બધું બરાબર નથી. ઔચિત્યસેવન અતિ મહત્ત્વનું છે. જપ-સ્વાધ્યાયાદિ બધું જ બીજા નંબરે છે. સાધુઓને આવકારવા ઉભા ન થવું... આ બધું ન ચાલે...'

પણ આ બધું જ મને ઉંધુ પડ્યું. 'તમને બધાને મારા જપ પ્રત્યે દ્વેષ છે. એટલે તમે એક યા બીજી રીતે મને હેરાન કરો છો. મારી જપની નિષ્ઠાને, બે કલાક સુધીની અખંડ પલાઠીને પ્રશંસવાને બદલે કાયમ મને ટોક્યા કરો છો. વ્યવસ્થાપક પણ મારો જપ તોડાવવા માટે જ મને હાથે કરીને કામ સોંપે છે. બીજા ઘણા સાધુ હતા, તેઓને ગોચરી લાવવાનું કહી શકાત, છતાં મને જ શા માટે પકડે છે ?'

અને 'તારી વાત બરાબર છે. અમારી ભૂલ થઈ ગઈ' કહીને ગુરુજી ચૂપ થઈ ગયા. આજે ભાન આવે છે કે મારો આક્રોશ, મારી જીદ જોઈને હોંશિયાર ગુરુજીએ આખી વાત વાળી લીધી.

એકવાર મારા સંસારીપણે સગામાં થતાં બે-ત્રણ સાધ્વીજીઓ મને વંદન કરવા આવ્યા, સાથે બે મુમુક્ષુ બહેનો પણ હતા. સાધ્વીજીઓને શાસ્ત્રીય બાબતોમાં અને બહેનોને દીક્ષા લેવા બાબતમાં અમુક પ્રશ્નો હતા, તેઓ અડધો કલાક મારી પાસે બેઠા. મારી વાતો સાંભળી એમને ખૂબ રસ પડ્યો. તેઓ બીજા દિવસે પણ પાછા

મળવા આવ્યા, અડધો કલાક પ્રશ્નોત્તરી ચાલી... આવું ત્રણ દિવસ ચાલ્યું. ચોથા દિવસે ગુરુજીએ મને બોલાવ્યો. 'જો, તું છેલ્લા ત્રણ દિવસથી સાધ્વીજીઓ અને મુમુક્ષુ બહેનો સાથે વાતો કરે છે, એ વ્યવહાર સારો નથી લાગતો. તું પવિત્ર છે. તું જાહેરમાં જ બેસે છે. તું એમના પ્રશ્નોના સમાધાન આપે છે... એ બધું સાચું. પણ આ બધું આપણા સમુદાયમાં ચાલતું નથી. નવા સાધુઓ જૂએ, તો એમનામાં સંસ્કારો ખોટા પડે. ઠીક છે, એક-બે દિવસ આવે એ હજી સમજ્યા...'

પણ જીદ મારો સ્વભાવ ! 'ક્ષમા કરજો, ગુરુજી ! પણ આપની આ નીતિ મને યોગ્ય નથી લાગતી. સાધ્વીજીઓના પ્રશ્નોના સમાધાન ન આપીએ, તો તેઓ મુંઝાયા જ કરવાના. મુમુક્ષુ બહેનોને માર્ગદર્શન ન આપીએ તો એમના દીક્ષાના ભાવ પડી પણ જાય; તેઓ સંસાર માંડી બેસે, આ બધાનું પાપ કોના માથે લાગે ? હું કંઈ એ બધાને સામેથી બોલાવતો નથી, તેઓ જ જિજ્ઞાસાથી મળવા આવે છે. આપને જરાપણ શંકા હોય તો આપ જ મારી બાજુમાં બેસજો... આપ જ ઉત્તરો આપજો...'

મેં સાધ્વી પરિચય - બહેનોનો પરિચય ન ત્યાગ્યો. લગભગ દસ દિવસ સુધી આ પ્રવૃત્તિ ચાલુ રહી. મારા ગુરુજી ખૂબ વ્યથિત હતા, પણ છતાં મારી જીદ સામે એ લાચાર હતા.

મારી પાસે બે યુવાનો દીક્ષા લેવા માટે તૈયાર થયા.. ઉંડે ઉંડે મને પણ શિષ્યો કરી લેવાની વૃત્તિ જાગી તો હતી જ. મેં ગુરુજીને પૂછયું કે 'એ બેને તાલીમ આપવા સાથે રાખું.' ગુરુજીએ કહ્યું કે 'એ દીક્ષા લે, એ તો સારી વાત છે ! પણ હજી તારો પર્યાય ઘણો નાનો છે. તું ભણી-ગણીને તૈયાર થઈ જા, પછી તું શિષ્યો કરીશ, તો વધુ સારું પડશે. અત્યારે તારા માથે આ બોજો આવશે, તો તું ભણી નહિ શકે. છતાં તને ઠીક લાગે તેમ !'

મારા જીદ્દી સ્વભાવને જાણી ગયેલા ગુરુજીએ મને કોઈપણ બાબતમાં દબાણ કરવાનું છોડી જ દીધેલું, છતાં એમના શબ્દોમાં અનિચ્છા સ્પષ્ટ દેખાતી હતી. પણ એ અનિચ્છા અવગણીને પણ મેં મુમુક્ષુઓને સાથે રાખ્યા. મારો પર્યાય એ વખતે છ વર્ષનો હતો.

વીસેક દિવસ બાદ બીજા સાધુઓએ મને ટકોર કરી કે 'આ મુમુક્ષુઓ સુપાત્ર નથી લાગતા, એમનામાં વૈરાગ્યનો અંશ પણ દેખાતો નથી. તેઓ નવકારશી કરે છે, અને શ્રાવકોના ઘરે ત્રણે ય ટાઈમ ભરપૂર વાપરે છે. એટલું જ નહિ, ત્યાં ટી.વી.

જોવા બેસી જાય છે. બપોરે બે-ત્રણ કલાક શ્રાવકોના ઘરે પસાર કરી દે છે. ક્યારેક તો ઘરોમાં જ સોફા પર ઉંઘી જાય છે. આખા દિવસમાં ત્રણેક સામાયિક પણ કરતા નથી... આવા મુમુક્ષુઓને રાખવામાં મજા નથી.'

પણ હું ય જીદે ચડ્યો. 'હજી નવા છે, ધીમે ધીમે ઘડાશે...' એમ કહીને એ બંનેને મારી પાસે જ રાખ્યા. છેવટે એકવાર ગૃહસ્થના ઘરે કંઈક ગરબડ કરી બેઠા. ગૃહસ્થે આવીને મને ધમકાવ્યો, 'મહારાજ ! આ મુમુક્ષુઓ નથી, ચોરી-ચપાટી કરનારા લેભાગુ યુવાનો છે. આને કાઢી મૂકો. નહિ તો તમારું નામ બદનામ થશે...' ત્યારે નાછુટકે મેં એ બેને રવાના કર્યા. પણ ગુરુજીની કે સાધુઓની સામે તો મેં જીદ છોડી નહિ જ.

મારી ઈચ્છા હતી કે 'ચોમાસામાં શ્રેણીતપ કરાવવો.' મેં ચાતુર્માસ પ્રવેશના પહેલા દિવસે જ જાહેરાત કરી. ગમે તે કારણ હોય પણ તપસ્વીના નામ ઘણા ઓછા આવ્યા. માત્ર ૩૮ !

શ્રીસંઘે કહ્યું કે 'સાહેબ ! આપ બીજો કોઈ તપ કરાવો. આ તપ અઘરો અને મોટો હોવાથી વધુ સંખ્યા નહિ થાય. અને માત્ર ૩૮ માટે બેસણાદિ કરાવવા એ મોંઘુ પણ પડે.'

પણ મેં ટ્રસ્ટીઓને કહી દીધું કે 'ના, તપ આ જ કરાવવાનો. સંખ્યા ઓછી થાય કે વધારે એની ચિંતા ન કરો. અને મોંઘુ પડે તો ય શું વાંધો ? પૈસા સારા કામમાં જ વપરાય છે ને ?'

ટ્રસ્ટીઓએ મને ઘણી ના પાડી, એક ટ્રસ્ટી તો ગુસ્સે પણ થઈ ગયા, 'મહારાજ ! આ તમારી કેવી જીદ ! સાધુને આવી જીદ શોભે...' પણ બીજા ટ્રસ્ટીઓએ એમને શાંત પાડ્યા અને છેવટે એમણે નમતું જોખ્યું, ૩૮ જણાએ શ્રેણીતપ શરુ કર્યો, એમાં ૯ જણાએ વચ્ચે જ પડતો મૂક્યો. ૨૯ જણનો શ્રેણીતપ પૂરો થયો.

પજુસણ પૂર્વે મેં ઉપધાનની જાહેરાત કરી. પણ કોઈ દાતા તૈયાર ન થયા. મેં ટ્રસ્ટીઓને બોલાવીને કહ્યું કે 'ઉપધાન તો કરાવવાના જ છે, એનો ખર્ચો કોણ કરશે ?' એકે ય ટ્રસ્ટી તૈયાર ન થયા. મને હાડોહાડ લાગી આવ્યું. 'જુઓ, જો ઉપધાન કરાવવાની તમે વ્યવસ્થા નહિ કરો, તો હું સંવત્સરીનું પ્રતિક્રમણ નહિ કરાવું...' મેં ધમકી આપી. ટ્રસ્ટીઓને બિલકુલ ન ગમ્યું. પણ શું કરે ? છેવટે બધાએ ભેગા મળીને ઉપધાન માટે ખર્ચો કરવાનો નિર્ણય કર્યો. પણ તેઓ મારાથી ખૂબ જ નારાજ થઈ ગયા.

ઉપધાનની ૯૦ માળ થઈ. ચડાવાની રકમ મેં મારા કહેવા પ્રમાણે ૮-૧૦ જગ્યાએ આપી દેવાનું જણાવ્યું. ટ્રસ્ટીઓએ અન્ય સ્થાને વાપરવાની ઈચ્છા દર્શાવી. તેઓ પૈસા તો ખર્ચી જ નાંખવાના હતા, પણ 'એ મારા કહેલા સ્થાને ન ખર્ચે, એ ન ચાલે' એ જીદ મેં પકડી. પણ હવે ટ્રસ્ટીઓને મારી ગરજ ન હતી. એમણે મને દાદ ન આપી.

મારી જીદ પ્રમાણે તેઓ ન વર્ત્યા, એટલે મને ચડ્યો ગુસ્સો ! ચાતુર્માસના અંતિમદિને પરિવર્તન વખતે વ્યાખ્યાનમાં હું કેવો ગુસ્સે થઈ ગયેલો. 'આ ટ્રસ્ટીઓ અમારા બાપ બની જાય છે. તેઓ પોતાનું ધાર્યું કરે છે. ભવિષ્યમાં આ સંઘમાં હું કદી ચોમાસું ન કરું...' વગેરે વગેરે કેવા અપશબ્દો બોલેલો.

બસ, એ પછી તો એકેય ટ્રસ્ટી મને મળવા પણ ન આવ્યા, મારા વિહાર વખતે પણ બધા જ ગેરહાજર રહ્યા.

વાતે વાતે મારો જીદનો સ્વભાવ આવા સંકલેશો જન્માવતો રહ્યો.

'દિવાળીના વેકેશનમાં બાળકોની શિબિર તો ગોઠવવી જ પડશે. એમને જોરદાર પ્રભાવના આપવી જ પડશે.'

'રવિવારની શિબિરમાં જમણવાર રાખવો જ પડશે. અને બધાને વ્યવસ્થિત ભોજન કરાવવું જ પડશે.'

'દરેકે દરેક ટ્રસ્ટીએ કમસેકમ દિવસમાં એકવાર તો મને વંદન કરવા આવવું જ પડશે.'

'અમે સાત વાગે પ્રતિક્રમણ ચાલુ કરી દેશું, કોઈની રાહ નથી જોવાના. અહીંના શ્રાવકોને ન ફાવે તો તેઓ જૂદું કરી લે, અમે એમના માટે સાડાસાતનો સમય કરવા નથી.'

'ચોમાસા દરમ્યાન મારા ભક્તો-મહેમાનો બહારગામથી આવે, તો એમને જમવાની વ્યવસ્થા શું ? એમને માટે ચાર મહિનાનું મહેમાનો માટેનું રસોડું ખોલવું જ પડશે. અમે ક્યાં વારંવાર બધાને ગૃહસ્થોના ઘરે મોકલીએ ? તથા એ બધાને રહેવા માટે એકાદ ખાલી ફલેટ પણ રાખવો પડશે...'

'તમારે બધાએ વહેલો વિહાર કરવો હોય તો કરજો. હું તો મોડો જ વિહાર કરવાનો. ભલેને ગમે એટલો મોટો વિહાર હોય, અંધારામાં વિહાર થોડો જ કરાય. તમે બધા જતા રહેશો તો હું છેલ્લે એકલો આવીશ, મને કોઈનો ભય નથી.'

શરુઆતમાં પ્રશસ્ત ગણાયેલી જીદ એટલી હદ સુધી અપ્રશસ્ત બની કે એમાં મેં મારું ગુરુપારતન્ત્ર્ય ગુમાવી દીધું, ચારિત્રમાં ઢગલાબંધ અતિચારો સેવી બેઠો.

અષ્ટકપ્રકરણમાં મેં વાંચ્યું છે કે 'સાચી ભાવશુદ્ધિ તો એ જ કહેવાય કે જેમાં ગીતાર્થોનું માર્ગદર્શન, ગીતાર્થોની સલાહ-સૂચના ખૂબ ગમે.'

મને તો મારા ગુરુની એકેય સલાહ ગમતી નથી. દરેક સલાહમાં મારી બુદ્ધિના આધારે કુતર્કો ઉભા કરું છું, અને છેલ્લે મારું ધાર્યું કરું છું. મારી જાતને નિર્દોષ માનું છું. પણ અષ્ટકપ્રકરણ પ્રમાણે તો સ્પષ્ટ લાગે છે કે મારી પાસે ભાવશુદ્ધિ નથી. ત્યાં ચોક્ખું લખ્યું છે કે **न पुनः स्वाग्रहात्मिका** પોતાની માન્યતાને પકડી રાખવા રૂપી ભાવશુદ્ધિ એ સાચી ભાવશુદ્ધિ જ નથી.

'હું એકલો જ સાચો, બાકી બધા ખોટા ! વર્ષોનો અનુભવ ધરાવનારા શાસ્ત્રજ્ઞાતા મારા ગુરુ ય ખોટા, મારા વડીલો પણ ખોટા, મારા સહવર્તીઓ પણ ખોટા, ટ્રસ્ટીઓ-શ્રાવકો ય ખોટા ! સાચો માત્ર ને માત્ર હું !' આ કંઈ વ્યાજબી તો ન જ ગણાય ને ?

મેં મારા આ જીદ્દી સ્વભાવને કારણે મારા જ પગ પર કુહાડો માર્યો છે. કેમકે મેં મને સાચી સલાહ આપનારા સન્મિત્રો ગુમાવ્યા છે. નથી તો ગુરુ મને કંઈપણ કહેતા કે નથી તો વડીલો-સહવર્તીઓ-શ્રાવકો મને કશું કહેતા ! સાચી શીખ નહિ મળવાથી મારા દ્વારા ઢગલાબંધ ખોટા નિર્ણયો લેવાવાના, ઢગલાબંધ ભૂલો થવાની... છતાં બધા ઉદાસીન બની જોયા કરશે. કેમકે બધા એક જ વાત વિચારશે, 'આ જીદ્દી છે, એને પરેશાન કરવામાં મજા નથી. એને કશુંક કહેવામાં ય મજા નથી.'

સો વાતની એક વાત ! મારે હવે જીદ છોડી દેવી છે, મારે પ્રજ્ઞાપનીય બનવું છે.

હું આજે જ ગુરુ પાસે જાઉં, મારા તમામ અપરાધોની ક્ષમા માંગુ, અને એમની પાસે જ પ્રતિજ્ઞા લઉં કે 'હવે પછી આપનું વચન-આપની ઈચ્છા એ જ મારું જીવન બની રહેશે. મારે જે સહન કરવું પડે, તે કરીશ. અલબત્ત હું મારી મુંઝવણો રજુ કરીશ, પણ નિર્ણય તો આપે જ આપવાનો...'

ગુરુ કહે કે 'બીજે માળથી નીચે કુદકો લગાવ.' તો હું કુદકો મારી દઈશ, ભલે મારા હાડકા ભાંગે...'

ગુરુ કહે કે 'અઠ્ઠાઈના પચ્ચકખાણ કર.' તો હું આઠ દિવસના ઉપવાસ કરીશ,

ભલે અશક્તિના કારણે મારે હેરાન થવું પડે...

ગુરુ કહે કે 'ત્રણે ટાઈમ ત્રણ-ત્રણ જુમ્મા જેટલું વાપર' તો હું વાપરીશ, ભલે ને એના કારણે મને ઝાડા છૂટી જાય...' ગુરુ કહે કે 'આજે બાર કલાક ઉંઘી જા.' તો હું ઉંઘી જઈશ, ભલે ને પછી ઉંઘ ન આવવાના કારણે પડ્યા રહેવું પડે અને કંટાળો અનુભવવો પડે...

મારે મારા ગીતાર્થ-સંવિગ્ન ગુરુમાં દઢ વિશ્વાસ મૂકવાનો છે કે એ જે કંઈપણ કહેશે, એ મારા હિત માટે જ કરશે. એ જે કંઈપણ કરશે, એ મારા હિત માટે જ કરશે. મારે એ વાત સ્વીકારી જ લેવાની.

હા ! ગુરુ કંઈ ચોવીસ કલાક તો મારા પર ધ્યાન ન આપી શકે, એમને તો મારા જેવા કેટલાયને સાચવવાના હોય. તો હું ગુરુ ઉપરાંત આ વૃંદના ભણેલા-ગણેલા, સંયમી બે વડીલ મહાત્માઓને પણ મારા માથે સ્વીકારું છું. એ બે પણ જે કહે એ મારે કરવાનું. ભલે મને એ ગમે કે ન ગમે. હા ! એ બંને જૂદી જૂદી સલાહ આપે, તો છેલ્લે ગુરુને પૂછી લઈશ. પણ એ બંને એકમતવાળા બને. તો મારે એમની વાત સ્વીકારવાની જ.

આ ઉપરાંત બીજા સાધુઓ કે શ્રાવકો મને કંઈપણ સૂચન કરે, તો એ પણ મારે સાંભળવું. એ માટે મારે નક્કી કરેલા બે વડીલોની અને છેલ્લે ગુરુજીની સલાહ લઈ લેવી કે 'મને અન્ય સાધુઓ કે શ્રાવકો ઉપર મુજબ સૂચના કરે છે, તો મારે શું કરવું ?' પછી એ બે વડીલો કે ગુરુ જે કહે એ મારે અપનાવી લેવું.

મારા માટે એ શ્રેષ્ઠતમ સાધના બની રહેશે. તપ કરવો, સ્વાધ્યાય કરવો, વૈયાવચ્ચ કરવું એ બધા કરતા ય મનને ગુરુચરણે વોસિરાવી દેવું. મનની માન્યતાઓનું ગુરુચરણે સમર્પણ કરી દેવું... એ ઘણું ઘણું ઘણું અઘરું છે.

પણ એ અતિ-અતિ-અતિ અઘરી સાધના પણ હું કરીશ.

મારા પ્યારા પરમેશ્વર ! મારી સાધનાની સફળતાનો એક માત્ર આધાર માત્ર ને માત્ર તું છે, હવે મારી જીદને સળગાવી નાંખવાનું આ અઘોર કૃત્ય કરવામાં તું સદૈવ સહાયક બનજે.

# ૧૨. દોષ નં. ૧૧ – કદાગ્રહ





(૧૧) કદાગ્રહ : આમ જોવા જઉં તો કદાગ્રહ અને જીદ બંને એક જ દોષ મને લાગે છે. છતાં એમાં અતિ મહત્ત્વનો સૂક્ષ્મ ભેદ એ પાડી શકાય કે કદાગ્રહ શાસ્ત્રીયપદાર્થો અંગે હોય, જીદ રોજીંદા વ્યવહારમાં હોય. રોજીંદા વ્યવહારની જીદ કરતા શાસ્ત્રીય પદાર્થો અંગેનો કદાગ્રહ એ અતિભયંકર દોષ છે, કેમ કે એ સીધી મિથ્યાત્વની જ ભેટ આપે છે.

આજે મારે એ વિચારવું છે કે પાંચ મહાવ્રતોના ભંગ કરતા પણ વધુ ભયાનક તરીકે લેખાતો આ દોષ મારામાં તો નથી ને ? એક જ પળમાં જિનશાસનની બહાર ધકેલી દેતો, નિહ્નવ બનાવી દેતો આ દોષ મારામાં તો નથી ને ?' શાસ્ત્રબહુમાન-શાસ્ત્રરાગ-શાસ્ત્રશ્રદ્ધા-શાસ્ત્રનિષ્ઠા વગેરે વગેરે મજાના લેબલોની વચ્ચે મારામાં જાણે-અજાણે કદાગ્રહ દોષ તો ફાલ્યો-ફુલ્યો નથી ને ? **तत्कारी तद्द्वेषी च स्यात्...** એ યોગબિન્દુની ગાથા મારામાં તો સાચી નથી પડતી ને ? કે જેમાં એમ દર્શાવ્યું છે કે 'શાસ્ત્ર પ્રમાણે પ્રવૃત્તિ કરનારાઓ કેટલાક તો હકીકતમાં શાસ્ત્રના શત્રુ જ બની રહે છે...' અધ્યાત્મ સારમાં કહ્યા પ્રમાણે મારો શાસ્ત્રબોધ - શાસ્ત્રચુસ્તતા (!) મને સંસારવર્ધક તો બનતી નથી ને ? આ રહ્યો એ શ્લોક !

**'धनिनां पुत्रदारादि यथा संसारवृद्धये ।**
**तथा पाण्डित्यदृप्तानां शास्त्रमध्यात्मवर्जितम् ॥'**

કદાગ્રહના સ્વરૂપ અનેક પ્રકારના હોઈ શકે છે.

+ આપણા જૈનશાસ્ત્રોમાં લખેલું હોય એ જ સાચું. બીજાના શાસ્ત્રોમાં લખેલું હોય તે ખોટું જ હોય.

+ જૈનોમાં પણ શ્વેતાંબરશાસ્ત્રોમાં લખેલું જ સાચું. બીજા શાસ્ત્રોમાં લખેલું હોય તે ખોટું જ હોય.

+ શ્વેતાંબરોમાં પણ અમારો ગચ્છ જે અર્થો કરે છે, અમારો ગચ્છ જે પદાર્થો માને છે, એ જ સાચા... બીજા ગચ્છો જે અર્થો કરે છે, જે પદાર્થો માને છે... એ ખોટા ! એમને કંઈ આવડતું જ નથી...

+ મારા ગુરુ જે અર્થ બતાવે એ જ સાચો. બીજાઓ જે અર્થ બતાવે એ ખોટો.

+ હું ભણેલો છું, મારી પાસે શાસ્ત્રોનો સૂક્ષ્મબોધ છે. મેં પુષ્કળ ચિંતન કરેલું

છે. સેંકડોવાર અધરી-અધરી પંક્તિઓના અર્થો મેં બેસાડ્યા છે અને વિદ્વાનોને પણ આશ્ચર્યચકિત કરી દીધા છે. દરેક પંક્તિના અક્ષરે-અક્ષરનો સચોટ અર્થ કરવાની કોઈક આગવી સૂઝ મારામાં છે, અને એ માટે હું આખા ય શ્રમણ સમુદાયમાં પ્રખ્યાત બની ચૂક્યો છું. એટલે હું જે ચિંતન કરું, હું જે અર્થ કરું એ જ સાચો હોય. બીજાઓ તો પાણીમાં છબછબિયા જ કરી જાણે છે. પણ શાસ્ત્રસમુદ્રના પેટાળમાં જઈને મહામહેનતે રહસ્યરત્નો લાવવાનું કામ તો માત્ર મને જ ફાવે છે. એટલે મારા ચિંતન-મારા પદાર્થો સો ટચના સોના જેવા જ હોય.

મારામાં આવા અનેક જાતના કદાગ્રહો હતા અને એ ધીરે ધીરે ઓગળતા પણ ગયેલા. એક વાત તો સ્પષ્ટ જ છે કે હું જૈનકુળમાં જન્મેલો એટલે નાનપણથી મને સતત એ જ સાંભળવા મળતું કે 'આપણા ભગવાન જ સાચા-મહાન ! આપણા શાસ્ત્રો જ સાચા !' સતત આવું સાંભળવાના કારણે મારા મનમાં એક વાત એકદમ દૃઢ થઈ ગયેલી કે 'અજૈનોના શાસ્ત્રોની તમામે તમામ વાતો ખોટી !'

જૈનદર્શન ૧૦૦% સત્ય છે, એ વાત સાચી હોવા છતાં એના આધારે બીજાઓ ઉપર જે ધિક્કારની, તિરસ્કારની લાગણી પેદા થઈ એ તો ખોટી જ હતી. પણ આ વાત તે વખતે હું સમજી શક્યો ન હતો. એટલે જ જૈનેતરોની કોઈપણ સારી બાબત આવે તો પણ હું સ્પષ્ટ બોલતો કે 'એ બધા તો મિથ્યાત્વી છે, એમની પ્રશંસા આપણે ન કરાય. એમના તો ધર્મકાર્યો પણ અધર્મકાર્યો જ ગણાય...'

મીરાંની કૃષ્ણભક્તિની વાતો સાંભળતો, ત્યારે બોલતો કે 'આ રીતે ભરબજારમાં ગીતો ગાવા, એ કંઈ ભક્તિ કહેવાય ! આ તો નર્યો અવિવેક છે. ભક્તિ તો જૈનશાસનની ! જેમાં ભરપૂર વિધિ અને વિવેક ભળેલા છે...'

કોઈ ભગવદ્ગીતાના શ્લોકોના બેહદ વખાણ કરતું ત્યારે હું બોલતો કે 'એ કપટી કૃષ્ણે બનાવેલા શ્લોકોની શું કિંમત ! ચંડાલના ઘરનું પાણી ગમે એટલું મીઠું હોય, કુળવાન માણસોથી એ પાણી ન પીવાય. એમ ભલે ને ગીતામાં સારામાં સારા શ્લોકો હોય, પણ છેવટે તો એ એક કપટી-રાજકારણી-મિથ્યાત્વી કૃષ્ણે કે તેના અનુયાયીઓએ બનાવેલા શ્લોકો જ ને ? આપણે એની પ્રશંસા ન કરાય. આપણા ગ્રન્થોમાં હજારો-લાખો શ્લોકો છે જ, એની પ્રશંસા જ આપણે કેમ ન કરીએ ?

કુંભમેળામાં કરોડો હિંદુઓ ભેગા થાય એ મને મશ્કરીપાત્ર લાગતું, અજૈનોના ગંગાસ્નાનાદિ કાર્યોની હું ભરપેટ મજાક કરતો, અજૈન સંન્યાસીઓ લાખો હિન્દુઓને

ભેગા કરીને પ્રભુભક્તિ કરાવતા, સજ્જન બનવાની વાતો કરતા... એ બધું મને વાહિયાત લાગતું.

હું મારા અભિમાનમાં હતો, સમજણની ખામીનો મને અંદાજ ન હતો. પણ મારું પરમ સદ્ભાગ્ય કે એક દિવસ મારી આંખ ઉઘડી.

મેં અધ્યાત્મસાર નામનો ગ્રન્થ જોયો, એમાં ભગવદ્ગીતાના જ કુલ ૪૦ શ્લોકો સાક્ષીપાઠ તરીકે લેવામાં આવેલા મેં જોયા. મને ભારે આશ્ચર્ય થયું. મહોપાધ્યાયજી જેવા મહાત્મા પણ ભગવદ્ગીતાના સુંદર શ્લોકોને સન્માન આપે છે, તો હું એ બધાને ગાળો કેમ ભાંડી શકું ?

ષોડશક પ્રકરણમાં દૃષ્ટિસંમોહ દોષનું સ્વરૂપ જોયું. ત્યાં પણ મને મારી ભૂલ પકડાણી. જૈનદર્શન પાંચ મહાવ્રત કહે છે, જૈનેતરો એ જ વસ્તુને યમ કહે છે. હવે આ તો માત્ર નામનો જ ભેદ છે, પદાર્થ તો એક જ છે. છતાં 'યમ ખોટા અને મહાવ્રત સાચા' એમ માત્ર જડતા પકડીને બોલવું તે દૃષ્ટિસંમોહ છે. હવે હું તો લગભગ આવું જ કરું છું ને ? જૈનેતરોની ઘણી બધી વાતો જૈનદર્શનને મળતી હોવા છતાં હું તો 'આ જૈનેતર બાબત છે, માટે ખોટી' એમ કહીને એને ધુત્કારી કાઢતો હતો. મને ભાન થયું કે હું દૃષ્ટિસંમોહનો ભોગ બનેલો છું.

બત્રીશ-બત્રીશીમાં જ્યારે મેં વાંચ્યુ કે 'જૈનેતર શાસ્ત્રોમાં પણ જે સુંદર પદાર્થો છે. એ બધા જૈનદર્શનમાંથી જ પ્રગટેલા છે, એટલે જ એ પદાર્થો ખરેખર તો દ્વાદશાંગીના જ પદાર્થો કહેવાય. આ હકીકત હોવાથી જો જૈનેતરશાસ્ત્રોના એ યોગ્ય પદાર્થોને ખોટા કહેવામાં આવે, તો એ દ્વાદશાંગીની જ આશાતના ગણાય.'

મારી ઘણી બધી ભ્રમણાઓ ભાંગી ગઈ, મને પેલો શ્લોક યાદ આવી ગયો કે

**'पक्षपातो न मे वीरे न च द्वेषः कपिलादिषु ।**

**युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥'**

સૂરિપુરંદરશ્રી કેટલી વિશાળદૃષ્ટિ ધરાવે છે ! એ કહે છે કે 'મને વીરપ્રભુમાં કોઈ પક્ષપાત નથી, કે કપિલાદિ જૈનેતરો પર દ્વેષ નથી. હું તો જેનું વચન સાચું જણાય, એનો સ્વીકાર કરું છું.

આ બધા કરતા ય જ્યારે મેં યોગના ગ્રન્થો વાંચ્યા, અનુભવીઓ પાસે એનો નિચોડ મેળવ્યો, ત્યારે તો હું ખરેખર અતિ-અતિ આશ્ચર્ય પામ્યો. યોગની આઠ દૃષ્ટિઓમાંથી પ્રથમ ચારદૃષ્ટિ તો મિથ્યાત્વગુણસ્થાનકની જ છે, અને છતાં એમાં ઘણો


नमोऽस्तु तस्मै जिनशासनाय आत्म संप्रेक्षण

બધો સાચો આત્મવિકાસ દર્શાવાયો છે. એ દૃષ્ટિઓમાં રહેલા મિથ્યાત્વી જીવોને માર્ગાનુસારી ગણવામાં આવ્યા છે, રે ! હદ તો એ થઈ કે સૂરિપુરંદરશ્રીએ ગૌતમબુદ્ધ અને સાંખ્યમતપ્રવર્તક કપિલ વગેરેને સર્વજ્ઞ તરીકે સ્વીકારી લીધા, એમને અસર્વજ્ઞ સાબિત કરનારી દલીલોના સમાધાનો આપ્યા. તેઓની નિંદાને જીભ કપાઈ જવા કરતાંય ભયંકર ખરાબ દર્શાવી. તેઓના ઋષિમુનિ 'કાલાતીત'ને મહાત્મા શબ્દથી નવાજ્યા, મહર્ષિ પતંજલિને મોક્ષમાર્ગાનુસારી પ્રજ્ઞાના માલિક દર્શાવ્યા...

મારો કદાગ્રહનો હિમાલય યોગગ્રન્થોની કાળઝાળ ગરમીમાં ઓગળીને સાફ થઈ ગયો. ઈતરદર્શનો પ્રત્યે આગ વરસાવતી મારી આંખોમાં હવે અમૃતનાં સિંચન થયા, ઈતરદર્શનો પ્રત્યે માધ્યસ્થ્યભાવ પ્રગટ થયો. 'જે સારું તે મારું' એવી ઉદાત્તભાવના મારા આત્મામાં ઘુંટાવા લાગી. 'જે પારકું તે ખરાબ' એ ભાવના ઘસાવા લાગી.

અત્યાર સુધી અજૈનોની કોઈપણ બાબતમાં દોષો કાઢવાની, દોષો જોવાની જ ટેવ પડી ગયેલી, પણ આ ગ્રન્થોના અભ્યાસ બાદ **असारात्सारमुद्धरेत्** એ ન્યાય સહજ રીતે મારા આત્મામાં વણાઈ ગયો. અજૈનોની ખરાબ બાબતોમાં પણ જે સારું હતું, એ જોવાની કુનેહ મને પ્રાપ્ત થઈ. એનાથી મને જૈનદર્શન પ્રત્યેનો અહોભાવ કુદકે ને ભુસકે વધતો જ ગયો. જૈનદર્શનની ઉદારતા-ગુણગ્રાહિતા પ્રત્યે મને ભારે-અતિભારે આદર પ્રગટ થયો.

જો કે હજી મારે કદાગ્રહનો ઘણો લાંબો પંથ ઓળંગવાનો બાકી હતો.

જેમ બે ભાઈઓ પરસ્પર જેટલું ઝઘડે, એના કરતા દૂરના સાથે ઓછું ઝઘડે. નજીકનાઓ સાથેનો ઝઘડો ભારે - અતિભારે હોય. એમ અજૈનો તો મારાથી ઘણા દૂર હતા, પણ હું શ્વેતાંબર, અને એટલે જ દિગંબરો અજૈનો કરતા ઘણા નજીકના લાગે. એમાં ય દિગંબરમતની ઉત્પત્તિ-તેઓએ તીર્થો પચાવી પાડ્યા - સ્ત્રીમુક્તિનિષેધ વગેરે વગેરે ઉત્સૂત્રો દિગંબરોએ ફેલાવ્યા... એ બધું મેં નાનપણથી જ સાંભળેલું. એટલે જ હું શ્વેતાંબર હોવાથી તેઓ પ્રત્યે ઉંડે ઉંડે અજંપો થઈ જ ગયેલો. ચોક્કસ દિગંબરો ખોટા જ છે, પણ દિગંબરોની તમામે તમામ બાબતો ખોટી જ હોય... એવો મારો દ્વેષભાવ - વ્યક્તિદ્વેષ પણ ક્યાં સાચો હતો ? મારો બોધ કંઈ જોરદાર ન હતો. પણ 'મને દિગંબરો ખોટા લાગતા હતા' એ એટલા માટે કે હું શ્વેતાંબરકુળમાં જન્મેલો, જો હું દિગંબરકુળમાં જન્મ્યો હોત તો મને શ્વેતાંબરો જ ખોટા લાગત ને ? એટલે મારો

સત્યનો પક્ષપાત માત્ર કુળરાગથી પ્રેરાયેલો હતો ને ? એમાં સાચી સમજણ તો ભળી ન હતી ને ?

પણ કમ્મપયડિના ક્ષેત્રમાં દિગંબરોની ઉંડાઈ જોઈ, શ્વેતાંબર પક્ષના કર્મગ્રન્થોની જેમ દિગંબરીયગ્રન્થોમાં પણ ઉંડાણ જોવા મળ્યું, કેટલાક જટિલ પ્રશ્નોના સમાધાન દિગંબર ગ્રન્થોના આધારે પ્રાપ્ત થયા... ત્યારથી એ ક્ષેત્રમાં પણ મારો કદાગ્રહ માંદો પડ્યો. કર્મગ્રન્થ ભણતી વખતે અમુક પ્રશ્નો ઉભા થયેલા, એનું તત્કાળ સમાધાન ન મળેલું. મને કેટલાક વિદ્વાનોએ સૂચન કરેલું કે 'તમે દિગંબરના અમુક ગ્રન્થો વાંચો...' પણ એ વખતે મેં સ્પષ્ટ ના પાડેલી કે 'એમના ગ્રન્થમાં કશું ન હોય...' પણ જ્યારે અમુક બાબતોમાં એમના ગ્રન્થોમાંથી સારા સમાધાનો મળ્યા, ત્યારે મને થયેલું કે 'ના, મારે જડાગ્રહી ન બનવું જોઈએ. મારે તત્ત્વગ્રાહી બનવું જોઈએ. તો જ મને સાચા પદાર્થો પ્રાપ્ત થાય. એ વાત ચોક્કસ કે શ્વેતાંબર પરંપરામાં તમામ પદાર્થો ૧૦૦ ટચના સોના જેવા છે. પરંતુ વચ્ચે વચ્ચે જે ધરતીકંપાદિ મોટા આક્રમણો આવ્યા, એના કારણે આપણા ઘણા શાસ્ત્રો ખતમ થઈ ગયા. એમાંની કોઈક બાબતો જો દિગંબર ગ્રન્થોમાં સચવાઈ ગઈ હોય તો એ મેળવવામાં શું વાંધો ?

આ બે કરતા વધુ ખરાબ કદાગ્રહ હતો ગચ્છીયમાન્યતાનો ! પણ આ બધી સમજણ બાદ મારે એ કદાગ્રહ છોડી દેવો છે. જેમ મારો ગચ્છ એ ગચ્છ છે, એમ બીજો ગચ્છ પણ ગચ્છ જ છે. જેમ મારા ગુરુજનો સુવિહિત છે. શાસ્ત્રજ્ઞાતા છે... એમ બીજા ગચ્છના વડીલો પણ શાસ્ત્રજ્ઞાતા હોઈ જ શકે છે.

વળી જ્યારે પણ કોઈક પદાર્થ અંગે વિવાદ ઉત્પન્ન થાય તો એનો નિર્ણય લેવા માટે બંને પક્ષની બધી વાતો સાંભળવી જોઈએ, વિચારવી જોઈએ. માત્ર એક જ પક્ષની વાત સાંભળીને નિર્ણય કરવામાં આવે, તો તો એ નિર્ણય ખોટો લેવાઈ જવાની શક્યતા પાકી છે.

કોર્ટમાં પણ જ્યારે કેસ ચાલે, ત્યારે જજ બંને પક્ષની બધી વાતો સાંભળ્યા - વિચાર્યા બાદ જ નિર્ણય આપે છે, એકાદપક્ષની વાત સાંભળીને નહિ. કોર્ટનો સિદ્ધાન્ત છે કે 'હજાર દોષીઓ નિર્દોષ છૂટી જાય એ ચાલે, પણ એક નિર્દોષને ખોટી રીતે સજા ન થવી જોઈએ...' અલબત્ત આ લૌકિક કોર્ટ છે, પણ જિનશાસનમાં પણ એની અમુક બાબતો તો લાગુ પડે જ ને ? હું અમુક ગચ્છનો છું, એટલે એ જ ગચ્છની બધી વાત સાચી માનું, બીજાની વાત સાંભળું-વિચારું પણ નહિ. 'મારા ગચ્છને માન્ય

પદાર્થને સાચો સાબિત કરવા આકાશ-પાતાળ એક કરું અને બીજા ગચ્છને માન્ય વાતને ખોટી સાબિત કરવા જાનની બાજી (!) લગાવી દઉં' આ બધું શું સૂચવે છે ? આ મારો તત્ત્વરાગ છે ? કે ગચ્છરાગ ? આનંદઘનજી બોલ્યા છે કે '<u>ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતા. તત્ત્વની વાત કરતા ન લાજે...</u>' એ વચનનો પરમાર્થ શું મારે સમજવાની જરૂર નથી ?

મારી ફરજ એક જ છે કે જે વિવાદાસ્પદ બાબતો છે, એમાં (૧) બંને પક્ષની બધી વાતો ધ્યાનથી વિચારીને તત્ત્વનિર્ણય કરવો. (૨) જ્યાં સુધી એ શક્ય ન બને, ત્યાં સુધી મારે મારા ગચ્છની વાત માનવી ખરી, પણ એમાં 'ઈતર ગચ્છની વાત ખોટી જ છે' એવા વિચાર પર ન આવવું. માત્ર 'હું જ્ઞાની નથી, એટલે હાલ મારા ગુરુ જે કહે, તે પ્રમાણ...' એમ વિચારવું.

ખરી હકીકત તો એ છે કે ઉભયપક્ષની વાત સાંભળ્યા પછી પણ 'સચોટનિર્ણય જ લેવાય, એ નિર્ણય સાચો જ હોય...' એવો એકાંત નથી. કોઈ એકપક્ષને વ્યવસ્થિત રજુઆત કરતા ન આવડે, તો એ હારી પણ જાય. પણ એટલા માત્રથી એ ખોટો જ હોય એવું જરૂરી તો નથી જ. જૂઓને, આપણા જૈનાચાર્ય બૌદ્ધો સામે બે-બે વાર વાદમાં હારેલા, શું આનો અર્થ એ છે ? કે 'જૈનદર્શન ખોટું છે, બૌદ્ધદર્શન સાચું છે ?' એ જ જૈનાચાર્ય ત્રીજીવાર જીતી ગયા... આ બધું જોતા એમ ચોક્કસ લાગે કે ઉભયપક્ષની વાતો સાંભળ્યા પછી નિર્ણય ચોક્કસ લેવો, પણ એમાંય જડ આગ્રહવાળા ન બનવું. સ્યાદ્વાદ ઘણો વિશાળ છે, શક્ય છે કે કોઈક કોઈક અપેક્ષાએ એ ખોટો લાગતો મત પણ સાચો હોઈ શકે છે... પેલા સિદ્ધર્ષિગણિને ૧૭ વાર બૌદ્ધમત સાચો લાગ્યો અને ૧૭ વાર જૈનમત સાચો લાગ્યો તથા એ બંને ય મતો ૧૭-૧૭ વાર ખોટા પણ લાગ્યા.

મારા વામણા જ્ઞાનના આધારે હું એકાંતે એમ કહું કે 'આ બાબતમાં અમે જ સાચા છીએ, બીજા બધા ખોટા છે...' એ મારી મોટી ભૂલ છે.

મને તો પેલી યોગદષ્ટિની પ્રરૂપણા ખરેખર આશ્ચર્ય પમાડે છે. પૂર્વાચાર્ય એમ કહે છે કે 'બૌદ્ધ-કપિલ વગેરે સર્વજ્ઞ હતા...' તરત પ્રશ્ન થયો કે 'જો બધા સર્વજ્ઞ જ હતા, તો બધાની દેશના એકસરખી હોવી જોઈએ, કેમકે બધાનું જ્ઞાન એકસરખું જ છે, તો પ્રરૂપણામાં ભેદ ન પડવો જોઈએ. જ્યારે અહીં તો બધાની પ્રરૂપણા પરસ્પર વિરુદ્ધ છે. માટે એમને સર્વજ્ઞ કેમ મનાય ?'



न मो ऽ स्तु त स्मै जि न शा स ना य
आ त्म सं प्रे क्ष ण

આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીએ પ્રત્યુત્તર આપ્યો કે -

'(૧) એ બધાની દેશના તો એક જ હતી. પણ શ્રોતાઓના આધારે એના અર્થઘટન જૂદા જૂદા થયા. જેમ વરસાદનું પાણી સમાન હોવા છતાં નદી-તળાવ-સમુદ્ર વગેરેને આધારે એ જૂદી જૂદી રૂપે પરિણમે છે, એમ અહીં સમજવું. આમ હકીકતમાં બધાએ એક સરખી જ દેશના આપી છે.

(૨) અથવા તો એમ પણ શક્ય છે કે જેમ ડોક્ટરોનું જ્ઞાન એકસરખું હોવા છતાં દર્દીને આધારે જૂદી જૂદી દવા આપે, એમ અહીં બધા સર્વજ્ઞોનું જ્ઞાન એક સરખું જ હોવા છતાં સામે રહેલા શ્રોતાઓની પાત્રતાને આધારે સર્વજ્ઞોએ જૂદી જૂદી દેશના આપી હોય... આમ દેશના જૂદી જૂદી હોવા છતાં પણ તેઓ સર્વજ્ઞ હોઈ શકે છે.

આ કેટલી બધી આશ્ચર્યજનક બાબત ! આપણે તો બહુ જ સ્પષ્ટ રીતે માનીએ છીએ કે 'ગૌતમબુદ્ધ વગેરે સર્વજ્ઞ નથી જ.' એની સામે સૂરિપુરંદરશ્રી એ તમામને સર્વજ્ઞ સાબિત કરવાના ભરપૂર પ્રયત્નો કરે છે. (આવું કરવા પાછળ એમનો કોઈક આશય ચોક્કસ હશે જ...)

જો ગૌતમબુદ્ધ જેવાને સર્વજ્ઞ સાબિત કરવાની યુક્તિઓ આપવા રૂપ વિશાળતા જૈન-આચાર્યો દર્શાવતા હોય તો એનો ભાવાર્થ તો એ જ ને ? કે ઈતરગચ્છની માન્યતાઓ પાછળ પણ શું યુક્તિઓ હશે ?... કમસેકમ એટલું તો મારા જેવાએ વિચારવું જ જોઈએ. વગર વિચાર્યે ધડ્ દઈને એમને ખોટા જાહેર કરી દેવા એ મારી વધુ પડતી જડતા કહેવાય. "એ બધા ઈતરગચ્છવાળાઓ ઉત્સૂત્રપ્રરૂપકો છે, શાસ્ત્રબોધ વિનાના છે, અધકચરું ભણેલા છે. તદ્દન અજ્ઞાની છે..." વગેરે વગેરે વિચારવું-બોલવું એ શું મારા માટે યોગ્ય ખરું ?

આ ગચ્છીયકદાગ્રહ વગેરે કરતા પણ સૌથી વધુ ભયાનક છે. સ્વચિંતનકદાગ્રહ ! મારા ગચ્છે કે મારા ગુરુએ જે માન્યું એ કરતા પણ મેં જે સ્વયં ચિંતન કરેલું હોય એના પર મારો રાગ સહજરીતે જ વધારે હોય છે. કેમકે ગચ્છ અને ગુરુ પણ છેવટે તો મારી જાત કરતા ઘણા દૂર ગણાય. મારી જાતનો મારી સાથે તો અભેદ છે. એટલે જ મેં જે પદાર્થ દૃઢ કરેલો હોય, એ તો હું લગભગ છોડી જ ન શકું.

મને યાદ છે કે હું એકવાર ૭-૮ મહાત્માઓને પાઠ આપતો હતો. એક પંક્તિનો અર્થ મેં મારી રીતે કર્યો, બીજા બધાએ તો એ અર્થ સ્વીકારી લીધો. પણ એક મુનિએ એમાં એક-બે દોષો દર્શાવ્યા, અને પોતાની રીતે અન્ય અર્થ દર્શાવ્યો. મને પણ એ

વખતે ઉંડે ઉંડે એટલો અનુભવ તો થયો જ કે 'આની વાત સાચી છે...' પણ એ અપ્રગટ અનુભવ પર મારો અહંકારનો ધાબડો એવો તો ગોઠવાઈ ગયો કે એ બિલકુલ પ્રગટ જ ન થાય, અને મેં કુતર્કો કરવાના શરુ કર્યા. એ મુનિએ પણ મારા કુતર્કો સામે સુતર્કો કર્યા. પણ મારી પાસે વિદ્યાગુરુ તરીકેની સત્તા હતી, વડીલ તરીકેનું આધિપત્ય હતું... અંતે મેં એમને ચૂપ કરી દીધા, કદાચ એ મુનિ સ્વયં જ મારો કદાગ્રહ જોઈ ચૂપ થઈ ગયા.

એ પછી શાંતિથી મેં એ પદાર્થ વિચાર્યો તો મને સ્પષ્ટ લાગેલું કે 'મારી જ ભૂલ હતી. એમણે બેસાડેલો અર્થ જ સાચો હતો...' પણ હવે શું કરવું ? મારી ફરજ હતી કે એ બધાની હાજરીમાં મારી ભૂલ સ્વીકારવી. 'મેં કરેલો અર્થ ખોટો હતો.' એ સ્વીકારવું. એ મુનિને સાચો અર્થ કરી આપવા બદલ ધન્યવાદ આપવા...

પણ આ મારી ફરજ હું ન નિભાવી શક્યો. મારી ભૂલ હું બધાની આગળ સ્વીકારવા તૈયાર ન થયો. મારા મનમાં મેં કુતર્ક પણ શોધી લીધો કે 'આ રીતે એકાદવાર પેલા મુનિ સાચા પડે, એટલા માત્રથી એ કંઈ મહાન નથી બની જતા. જો હું મારી ભૂલ સ્વીકારીશ, તો બધા એમ વિચારશે કે 'આપણા વિદ્યાગુરુ પણ ખોટા અર્થો કરે છે ખરા.' અને પછી તો બધી બાબતોમાં મારા માટે શંકા કરશે. મારા તરફની શ્રદ્ધા ગુમાવી બેસશે. બધા સ્વતંત્ર રીતે પોતાની બુદ્ધિ લગાડશે... આમાં એ બધાને ઘણા નુકસાનો થાય. માટે જ મારે જાહેરમાં મારી ભૂલનો સ્વીકાર ન કરાય. એમના ગુરુસમર્પણભાવાદિની રક્ષા માટે મારે માફી ન માંગવી એ જ ઉચિત છે...'

અને મેં માફી ન માંગી. 'બધા ઉંધો અર્થ સમજેલા છે, આના કારણે મોટી અનવસ્થા ચાલશે, ઉત્સૂત્રપ્રરૂપણા મારો અનંતસંસાર વધારી દેશે...' વગેરે વગેરે સાચી સમજણને મેં અંતરમાં જ દાટી દીધી.

આ કેવો દોષ ! જિનવચન સાથે આ કેવા ચેડા ! જિનવચનનો આ કેવો અપલાપ ! આમાં સમ્યક્ત્વ પણ કેમ ટકી શકે ?

મારા લખેલા એક પુસ્તકના ચારેબાજુ વખાણ થયેલા, સેંકડો પત્રો મને પ્રશંસાના મળેલા. પણ એક વિદ્વાને એ જ પુસ્તકની પાંચ-સાત બાબતોમાં ભૂલો દર્શાવી. એના ખુલાસા કરવાનું જણાવ્યું. શરુઆતમાં તો ત્યાં પણ મેં મારી તમામ કુતર્કશક્તિ એ પાંચ-સાત બાબતોને સાચી સ્થાપિત કરવામાં લગાડી દીધી.

છતાં અંતે વિદ્વાનમુનિની સામે મારા તમામ કુતર્કો તૂટી ગયા. હવે વારો આવ્યો

એ ખોટી બાબતોને ખોટી તરીકે સ્વીકારવાનો, જાહેર કરવાનો ! એ મારા માટે ખૂબ કપરું થઈ પડ્યું. જે પુસ્તકની ચારે બાજુ બે મોઢ પ્રશંસા થતી હતી, એ પુસ્તકમાં ભૂલો હોવાનો જાહેરમાં સ્વીકાર કેમ કરવો ? અધૂરામાં પૂરું એ પાંચ-સાત પદાર્થોમાંના જ બે-ત્રણ પદાર્થો એવા હતા કે જે 'અદ્ભુત-અદ્ભુત' તરીકે નવાજાયા હતા. આજે મારે એ 'અદ્ભુત' પદાર્થોને ઉત્સૂત્ર તરીકે સ્વીકારવાના હતા.

ઈચ્છા ન હતી, છટકવું હતું પણ વિદ્વાન વડીલ, ગુરુ વગેરેના આદેશથી મારે એ ભૂલોનો સ્વીકાર કરવો પડ્યો. પણ એમાં ય મેં કેટલી બધી માયા કરી ! એ ક્ષમાપના એકદમ ટુંકમાં કરી, કોઈને વિશેષ સમજ જ ન પડે એ રીતે કરી. જે જાણકાર હોય, જે વિશેષ ધ્યાન આપે એ જ સમજી શકે... એ રીતે એ ક્ષમાપના કરી.

જ્યારે અધ્યાત્મસાર વાંચ્યું, તેનો કદાગ્રહત્યાગ અધિકાર વાંચ્યો, ત્યારે મને લાગ્યું કે મહોપાધ્યાયજી મારા જ મનની વાત કરી રહ્યા છે. એના ૨૨ શ્લોકોમાં મહોપાધ્યાયજીએ કદાગ્રહદોષનું વાસ્તવિક સ્વરૂપ વર્ણવી દીધું છે.

તેઓ લખે છે કે

અંદરખાને જેને પોતાની માન્યતાનો રાગ ભડકે બળતો હોય, તેના મનમાં એ કદાગ્રહની આગની વચ્ચે તત્ત્વનો બોધ થવા રૂપી વેલડી ઉગે જ કેવી રીતે ? માટે જ એ આત્મામાં પ્રશમભાવ રૂપી પુષ્પો ન હોય, એ બીજાનો હિતોપદેશ સાંભળે એ પણ ક્યાં શક્ય છે ?

પેલા નિહ્નવોએ વ્રતો આદર્યા, તપ પણ ઘણો કર્યો, નિર્દોષગોચરી માટે સખત પ્રયત્ન કર્યો છતાં એમને ફળ ન મળ્યું એ એમના મતરાગનો જ પ્રતાપ છે.

કદાગ્રહીઓ પાસે બુદ્ધિ તો છે. સદ્ગુરુ એમને શ્રુતદાન કરનાર છે. છતાં પેલો કદાગ્રહ એ કદાગ્રહીઓનું ગળું પકડી રાખે છે, એમને સમ્યક્શ્રુતનું ભોજન કરવા દેતો નથી.

આ કદાગ્રહીઓને પોતાના જેવા કદાગ્રહીઓની - મૂઢ લોકોની જ સોબત ગમે છે. એમને ગીતાર્થો સાથે પરિચય કરવો બિલકુલ ન ફાવે. કેમકે ત્યાં તો એમનો કદાગ્રહ ચાલી જ ન શકે ને ? ખરેખર કાગડાઓને તો વિષ્ટામાં જ ચાંચ મારવાનું જ ગમે ને ? એમને મીષ્ટાન્ન જમવું ગમતું હશે ? કાગડાનો સ્વભાવ જ એવો છે !

મોટી મુશ્કેલી એ છે કે આ કદાગ્રહીઓ પોતે જે પદાર્થ માનેલો હોય, એને સાચો સાબિત કરવા માટે આકાશ-પાતાળ એક કરી બેસે. બધી યુક્તિઓ, બધા શાસ્ત્રપાઠો

પોતાના પદાર્થને સાચો સાબિત કરવા ખેંચી ખેંચીને જોડવા મંડે છે. હકીકતમાં યુક્તિઓ અને શાસ્ત્રપાઠો જે પદાર્થ દર્શાવતા હોય, એ તરફ એણે શ્રદ્ધા કરવી જોઈએ, એને બદલે તેઓ તો ઉંધું જ કરે છે.

લંગડા-લૂલા રાજકુમારને જો રાજા ન બનાવાય, તો કદાગ્રહીને શ્રુતજ્ઞાન ન જ અપાય.

કદાગ્રહીના તો ગુણો પણ દોષરૂપ બની રહે છે. એમની ચતુરતા કપટને માટે ઉપયોગી બને છે. એમનું શાસ્ત્રજ્ઞાન પાપો આચરવાની છૂટ લેવા માટે ઉપયોગી બને છે. એમની પ્રતિભા-પટુતા બીજાઓને ઠગવા માટે અને એમની દૃઢતા અભિમાન માટે ઉપયોગી બને છે.

વિદ્યા-વિવેક-વિનય-વિશુદ્ધિ-શાસ્ત્રરાગ-ઉદારતા આ બધા જ ગુણો કદાગ્રહથી નાશ પામે છે. જેમ દાવાનળના કણિયાથી ઘાસની ગંજી સળગીને સાફ થઈ જાય, તેમ !

આવી તો અનેક બાબતો તે અધિકારમાં વર્ણવી છે.

મારે આવા કદાગ્રહી બનવું નથી, હું એવા ગચ્છરાગ-સ્વમતરાગ ત્યાગીને તત્ત્વરાગી બનીશ. 'જે સાચું તે મારું' એ વાસ્તવિક્તાને હું આત્મસાત કરીશ.

પ્રભો ! મારી આ સાધનામાં સહાયક બનજે.

## ૧૩. ઉપસંહાર

આ રીતે ૧૪ જેટલા દોષો પર આત્મસંપ્રેક્ષણ કર્યું.

આમાં નીચેની બાબતો ધ્યાનમાં રાખવી.

+ આત્મસંપ્રેક્ષણમાં જે જે પ્રસંગો-ટુચકાઓ લીધા છે, એ 'કોઈકના જીવનમાં બનેલા જ છે' એવું નથી. પણ માનવીના સ્વભાવ પ્રમાણે તે તે દૃષ્ટાન્તો કલ્પના દ્વારા પણ દર્શાવવામાં આવ્યા છે. અર્થાત્ અમુક પ્રસંગો કાલ્પનિક પણ હોઈ શકે છે. હા ! ખરેખર કોઈના જીવનમાં એવા પ્રસંગો બન્યા હોય એવું સંભવિત પણ ખરું.

+ દરેકે દરેક દોષોમાં અનેકાનેક દૃષ્ટાન્તો દર્શાવ્યા છે. આમ તો એક-બે દૃષ્ટાન્તથી પણ પદાર્થ દર્શાવી શકાય. પરંતુ દરેકના જીવનમાં એક સરખા પ્રસંગો બનતા નથી હોતા, એટલે જ દસ-બાર પ્રસંગો દર્શાવાય, તો એમાંથી એક-બે તો એના જીવનમાં લાગુ પડતા સંભવી શકે છે. એટલે જ એના આધારે એ પોતાનો દોષ સ્વીકારી શકે, સમજી શકે. આ માટે જ પ્રત્યેક દોષમાં અનેક પ્રસંગો દર્શાવ્યા છે.

+ ઘણા પ્રસંગોને લીધે લખાણ લાંબુ પણ લાગે. સંક્ષેપરુચિવાળાને રસ ન પણ પડે... છતાં વિસ્તાર રુચિવાળા માટે આ ઉપયોગી બનશે... એમ સમજીને વિસ્તૃત લખાણ કરેલું છે.

+ આ બધું વાંચીને કોઈક વળી એમ સમજી બેસે કે 'સાધુ-સાધ્વીજીઓમાં તો કેટલા બધા દોષો છે... જૂઓને ! આ આત્મસંપ્રેક્ષણના લખાણમાં સેંકડો પ્રકારના દોષો દર્શાવ્યા છે.'

આ સમજણ બરાબર નથી. કેમકે

→ પ્રત્યેક સંયમીમાં આવા સેંકડો પ્રકારના દોષો છે જ નહિ, અમુકમાં અમુક હોય, તે બીજામાં વળી બીજો !

→ જેમ આ દોષો છે, તેમ બીજી બાજુ સેંકડો પ્રકારના ગુણો પણ સંયમીઓમાં છે જ. ૧૦૦ માર્કના પેપરમાં ૨૦ પ્રશ્નોમાં ખોટો જવાબ આવે, તો પણ વિદ્યાર્થી ૮૦% વાળો સારો અભ્યાસુ ગણાય છે. ૨૦ ચોકડી જોઈને કોઈ એ વિદ્યાર્થીને ડફોળ નથી કહેતું. પણ ૮૦ રાઈટ જોઈને એને First Class Pass થયેલો જ ગણે છે.

એમ સંયમીમાં નાના-નાના ૨૫-૫૦ દોષો હોય, તો ય તેની સામે ૨૫૦-૫૦૦ જેટલા ગુણો પણ છે જ. એ ૯૦% ગુણો જોઈને એમને શાબાશી આપવી ઘટે, ૧૦%

દોષો જોઈને ગાળો દેવી બરાબર નથી.

→ સંયમીની ફરજ એ કે પોતાની ૧૦% કે ૨૦% **ભૂલો પણ** દૂર કરવાનો તનતોડ પ્રયત્ન કરે. જ્યારે બીજાઓની ફરજ એ કે **સંયમીઓના આવા** ૧૦,૨૦% દોષોને જોવાને બદલે ૯૦,૮૦% ગુણોને જોઈને પ્રમોદ ધારણ કરવો.

→ એક સારા શિક્ષક હોંશિયાર વિદ્યાર્થીઓને એમની નાની-નાની ભૂલો પકડી-પકડીને બતાડવાના જ. જેથી હોંશિયાર વિદ્યાર્થીઓ એ નાની નાની ભૂલો પણ દૂર કરીને સૌથી વધુ ગુણાંક લાવી શકે. પણ એ વખતે લોકો જો એમ બોલે કે 'આ વિદ્યાર્થીઓ ભોંઠ છે. જૂઓને ! શિક્ષકે એમની કેટલી ભૂલો કાઢી' તો હકીકતમાં એ લોકો જ ભોંઠ છે.

એમ વિષમકાળમાં પણ પ્રત્યેક સંયમી વધુમાં વધુ ગુણવિકાસ કરે, એ માટે ગુરુ તો એને એના નાના-મોટા દોષો શોધી શોધીને બતાવશે જ, પણ એ જોઈને કોઈ વળી એ સંયમીઓને દોષભરપૂર માની બેસે, તો કહેવું પડશે કે એ જીવડો સ્વયં મૂર્ખ છે.

**પ્રશ્ન :** આપે શરુઆતમાં કહેલું કે આ બધું આત્મસંપ્રેક્ષણ કરતા પહેલા ભાવનાશ્રુતનો પાઠ કરવો. અર્થાત્ શાંતસુધારસ-વૈરાગ્યશતક-ઈન્દ્રિયપરાજયશતક-અધ્યાત્મકલ્પદ્રુમ... વગેરે વગેરે શ્રુતોનો પુષ્કળ પાઠ કરવો અને પછી આત્મસંપ્રેક્ષણ કરવું.

પણ આ આત્મસંપ્રેક્ષણ તો એ શાસ્ત્રોના પાઠ વિના પણ થઈ શકશે ને ? એમાં એ સૂત્રપાઠની આવશ્યકતા શું છે ? એ હજી સમજાતું નથી.

ઉત્તર : શ્રી યોગશતકવૃત્તિકારે કહ્યું છે કે '**अपरिपाचितमलस्त्रंसनकल्पं ह्यपाठं श्रवणं**'

(૧) સૂત્રનો પાઠ, (૨) તેના અર્થનું સદ્ગુરુ પાસે શ્રવણ, (૩) આત્મસંપ્રેક્ષણ આ આખો ક્રમ દર્શાવાયો છે. એમાં જો સૂત્રપાઠ કર્યા વિના સીધું જ એના અર્થોનું શ્રવણ કરવામાં આવે તો એ કાચો મળ નીકળી જવા બરાબર છે.

આશય એ છે કે જેમ ખોરાક ખાધા બાદ અમુક ખોરાક લોહી વગેરે રૂપે બને, અને બાકીનો ખોરાક મળ રૂપે બનીને શરીરમાંથી નીકળી જાય. પણ જ્યાં સુધી લોહી વગેરે બન્યું ન હોય ત્યાં સુધી એ મળ કાચો મળ કહેવાય. એ જો નીકળી જાય, તો શરીરમાં શક્તિ ઉત્પન્ન જ ન થાય. એમ જો સૂત્રપાઠ વિના અર્થ શ્રવણ કરવામાં આવે, તો એ ઝાઝો લાભ ન કરે.

સ્પષ્ટ રીતે કહીએ તો અર્થશ્રવણ આત્મસાત કરવા માટે જે ક્ષયોપશમની જરૂર છે. એ ક્ષયોપશમ પ્રગટાવી આપવાનું કામ કરે છે વિધિપૂર્વકનો સૂત્રપાઠ !

હોજરી જો નબળી હોય તો શીરો ખાવા છતાં અશક્તિ દૂર નહિ થાય. કેમકે શીરો પચવાનો જ નથી. ઉલ્ટું કફ-ઝાડા વગેરે રોગો જ થવાના. એટલે સૌપ્રથમ તો હોજરીને તગડી બનાવવી પડે, એ માટે જરૂરી ઔષધો લેવા પડે. એનાથી હોજરી તગડી બને, પછી શીરો ખાઈએ તો એ પચે, શરીરમાં શક્તિ આવે.

એ વાત સાચી છે કે શરીરમાં જે શક્તિ જોઈએ છે, એ શીરાથી જ આવવાની છે, ઔષધથી નહિ. પણ એ વાત પણ એટલી જ સાચી છે કે ઔષધ દ્વારા હોજરીને તગડી બનાવ્યા વિના તો શીરો પચવાનો જ નથી.

એમ આ આત્મામાં વિશિષ્ટગુણોની ઉત્પત્તિ અર્થશ્રવણાદિથી જ પ્રગટ થવાની છે, માત્ર સૂત્રપાઠથી નહિ. એ વાત જેટલી સાચી છે, એટલી જ એ વાત પણ સાચી છે કે સૂત્રપાઠ કર્યા વિના આત્મામાં એવી પાત્રતા જ ઉત્પન્ન નથી થતી કે એ અર્થશ્રવણાદિને પચાવી શકે, એના દ્વારા વિશિષ્ટગુણો ઉત્પન્ન કરી શકે.

એટલે જ સૌપ્રથમ વિધિસર સૂત્રપાઠ કરવા દ્વારા આત્મામાં પાત્રતા કેળવવી, એ પછી એના અર્થો સદ્‌ગુરુ પાસે સાંભળવા, એના દ્વારા વિશિષ્ટગુણોની ઉત્પત્તિ એકદમ સહજ બની જશે.

ફરીથી આ વાત ધ્યાનમાં લો.

આત્મા = શરીર.

આત્માની પાત્રતા = તગડી હોજરી

પાત્રતા લાવનાર સૂત્રપાઠ = નબળી હોજરીને તગડી બનાવનાર ઔષધ

વિશિષ્ટગુણોત્પત્તિ = શરીરમાં વિશિષ્ટ શક્તિ.

સૂત્રપાઠ વિના અર્થશ્રવણ = ઔષધ વિના નબળી હોજરીમાં જ શીરાનું ભોજન...

સૂત્રપાઠનો મહિમા માટે જ ઘણો બધો છે.

(૧) શ્રુતજ્ઞાનમાં ઉદ્દેશો-સમુદ્દેશો-અનુજ્ઞા અને અનુયોગ હોય છે. એમાં ઉદ્દેશાદિ ત્રણમાં તો સૂત્ર ગોખવું - પાકું કરવું વગેરે છે. એ થયા બાદ જ અર્થશ્રવણ રૂપ અનુયોગ કરવામાં આવે છે. ઉદ્દેશાદિ વિના સીધો અનુયોગ કરાતો નથી.

(૨) શાસ્ત્રમાં બાર વર્ષ સુધી મુખ્યત્વે સૂત્રપાઠ કરવાનું કહ્યું છે, એ પછીના બાર

વર્ષ મુખ્યત્વે અર્થ પાઠ કરવાનું કહ્યું છે. એ પણ સૂત્રની મહત્તા દર્શાવે છે.

(૩) ઉપાધ્યાય જેવું વિશિષ્ટપદ માત્ર ને માત્ર સૂત્રપાઠ માટે ફાળવવામાં આવ્યું છે. એમને મુખ્યત્વે આ એક જ કામ સોંપાયું છે 'સૂત્રદાન' ! જો સૂત્રની વિશિષ્ટ કિંમત ન હોત, તો એને માટે ઉપાધ્યાયપદ જેવું મોટું પદ રાખવામાં ન આવત.

(૪) સૂત્ર ન ભણે તેને અને ભણેલું સૂત્ર ભૂલી જાય એને... બંનેને પ્રાયશ્ચિત્ત દર્શાવાયું છે.

(૫) કાલગ્રહણાદિ તમામ વિધિ - યોગોદ્‌વહનવિધિ મુખ્યત્વે સૂત્ર માટે છે.

(૬) અમુક અમુક કાળમાં અમુક સૂત્રો ન ભણી શકાય... વગેરે જે નિરૂપણ છે. એ પણ દેખાડે છે કે સૂત્રની કિંમત ઓછી નથી.

હા ! અર્થશ્રવણ મુખ્ય છે, એની ના નથી. પણ સૂત્રપાઠ પ્રથમ છે, એ પણ ભૂલવું ન જોઈએ.

એવું પણ લાગે છે કે આજે શક્તિ હોવા છતાં આપણે સૂત્રપાઠ કરતા નથી, અને સીધા અર્થો જ વાંચીએ... સાંભળીએ છીએ. માટે જ એ અર્થો બુદ્ધિમાં ઉતરવા છતાં, જીવનમાં ઉતરતા નથી. એ શ્રુતજ્ઞાનમાંથી પરિણતિઓનું પ્રકટીકરણ થતું નથી.

એટલે જ ફરી આ વાત ધ્યાનમાં લો કે

(૧) સૂત્રપાઠ.

(૨) સદ્‌ગુરુ પાસે અર્થશ્રવણ.

(૩) સૂત્ર અને અર્થના આધારે આત્મસંપ્રેક્ષણ.

આ ક્રમમાં ગરબડ ન થવી જોઈએ. એમાં જેટલી ગરબડ, સફળતા એટલી ઓછી ! આ ત્રણેયમાં શાસ્ત્રીયવિધિનું બરાબર પાલન કરવામાં આવે, તો સફળતા એટલી મોટી !

એક વિશાળકદના લખાણરૂપ આ આત્મસંપ્રેક્ષણમાં જિનાજ્ઞાવિપરીત કંઈપણ લખાયું હોય તો મન-વચન-કાયાથી મિચ્છા મિ દુક્કડં માંગું છું.

**नमोऽस्तु तस्मै जिनशासनाय**